# અચલકુમાર

-વિમલકુમાર મોહનલાલ ધામી



# અચલકુમાર

: લેખક :


વિમલકુમાર મોહનલાલ ધામી



: પ્રકાશક :

નવયુગ પુસ્તક ભંડાર

બુકસેલર્સ : : પબ્લિશર્સ

નવા નાકા રોડ

રાજકોટ–૩૬૦ ૦૦૧ : : : [સૌરાષ્ટ્ર]

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧ લે માળે
રાજકોટ-૩૬૦૦૦૧ : [સૌરાષ્ટ્ર]

●

( C ) વિમલકુમાર મોહનલાલ ધામી

●

પ્રથમ આવૃત્તિ
[ ૧૯૯૧ ]

●

કિંમત
રૂા. ૩૯-૦૦

●

: મુદ્રક :
સુનીલ નાનાલાલ શાહ
સર્વોદય મુદ્રણાલય
મુ. સાદરા – ૩૮૨૩૨૦
જિ. અમદાવાદ

રહસ્યભર્યા વિષયોને કલમથી

કંડારીને ગુજરાતી વાચકોમાં

લોકપ્રિયતા હાંસલ કરનારા જાણીતા લેખક

સ્નેહીવર્ય શ્રી કનુભાઈ ભગદેવને

સપ્રેમ

—વિમલ ધામી

# વિમલકુમાર મોહનલાલ ધામી રચિત પુસ્તકો

| | |
|---|---|
| અચલકુમાર | ૩૪–૦૦ |
| ધમ્મિલકુમાર | ૪૧–૦૦ |
| પુણ્યના તેજ | ૪૩–૭૫ |
| શ્રીપાળ મયણાસુંદરી | ૪૧–૦૦ |
| ભરતેશ્વર બાહુબલી | ૪૩–૦૦ |
| કયવન્ના શેઠ | ૩૩–૦૦ |
| વસ્તુપાલ તેજપાલ | ૪૩–૦૦ |
| કર્મબંધન | ૨૪–૦૦ |
| પુણ્યની પરીક્ષા | ૩૨–૦૦ |
| દાનવીર જગડૂશાહ | ૩૬–૦૦ |
| ઝાંઝણ શાહ | ૨૫–૦૦ |
| મદનરેખા | ૨૫–૦૦ |
| બે ડગલાં આગળ | ૨૭–૫૦ |
| અમર બલિદાન | ૨૩–૦૦ |
| અભયકુમાર | ૩૭–૦૦ |
| અમરકુમાર | ૩૦–૦૦ |
| જંબૂકુમાર | ૩૪–૦૦ |
| ધન્ના શાલિભદ્ર | ૩૬–૦૦ |
| વિધિના વર્તુળ | ૪૦–૦૦ |
| ચિત્રસેન પદ્માવતી | ૨૮–૦૦ |
| નેમ રાજુલ | ૩૦–૦૦ |
| સુખની ભ્રમણા | ૨૦–૦૦ |
| રૂપનંદિની | ૯–૦૦ |
| સાર આ સંસારનો | ૧૮–૦૦ |
| સરગમ ( ૭૫ રાગોનો પરિચય ) | ૨૭–૦૦ |
| સૂર અને સ્વર ( ૪૦ સંગીતકારોનાં જીવનચરિત્રો ) | ૨૪–૦૦ |
| સૂર સમાગમ ( ૪૫ સંગીતકારોનાં જીવનચરિત્રો ) | ૨૬–૦૦ |
| સાજ સરગમ ( વિવિધ વાદ્યોના પરિચય ) | ૨૨–૦૦ |

**નવયુગ પુસ્તક ભંડાર** બુકસેલર્સ : પબ્લિશર્સ
નવા નાકા રોડ, ૧ લે માળે, રાજકોટ–૩૬૦ ૦૦૧ (સૌરાષ્ટ્ર)

## બે શબ્દો......

પ્રસ્તુત નવલકથા અચલકુમારના મંગળમય જીવનને આધારિત છે. પરોપકારવૃત્તિને જીવનનું ધ્યેય બનાવીને અચલકુમાર અનેક પરોપકારનાં કાર્યો કરે છે. રાજ્યમાં ચોરીનો ઉપદ્રવ સર્જાય છે ત્યારે અચલકુમાર મેદાને પડીને ચોરને પકડી પાડવામાં કામયાબ નિવડે છે, પરંતુ પકડાયેલા સાધુ રૂપી ચોરને લોકો પ્રાણદંડની સજા કરે છે. સાધુને પ્રાણદંડ થતાં અચલકુમાર પોતાની જાતને દોષિત માને છે અને જીવતા સળગી મરવા માટે તૈયાર થાય છે. ત્યાં એક મુનિવરનો સંસર્ગ થતાં તેના વિચારોમાં, ભાવમાં પરિવર્તન આવે છે જેને પારસમણિનો સ્પર્શ કહી શકાય. અચલકુમાર સંયમનો માર્ગ ધારણ કરીને આત્મશુદ્ધિ, આત્મકલ્યાણની આરાધનામાં મસ્ત બની જાય છે. અચલકુમાર ઘોર તપશ્ચર્યા અને ચારિત્ર્યનું પાલન દઢતાથી કરે છે અને તેમાં તેનું જીવન સફળ થાય છે.

જૈન કથા ભંડારમાં આવાં અનેક મૂલ્યવાન રત્નો પડયાં છે. જે માનવીના જીવતરમાં સંસ્કાર, સદાચાર અને સાદાઈનો પ્રકાશ પાડે છે. જીવન સફળ કરવાના માર્ગો બતાવે છે.

મૂળ આ કથાનું નામ 'કહારયણકોહો' છે. આ કથાના લેખક આચાર્ય–પુરંદર શ્રી દેવભદ્રાચાર્ય છે. આ કથા વાંચવા મળી

ત્યારે જ તેને નવલકથામાં કંડારવાનું મન થઈ ગયું હતું. આજે મારી ભાવના સાકાર રૂપ ધારણ કરે છે તેનો આનંદ છે.

મારી દરેક કથાઓને વાચકોએ પ્રેમભાવે સત્કારી છે. પ્રસ્તુત કથાને પણ આપનો એવો જ પ્રેમ સંપાદન થશે એમાં મને શંકા નથી.

સંવત : ૨૦૪૭ : મકરસંક્રાંતિ
૩૮, કરણપરા, ધામીનિવાસ,
રાજકોટ-૩૬૦૦૦૧

—વિમલકુમાર મો. ધામી

# અચલકુમાર

[ ઐતિહાસિક નવલકથા ]

●

●

માનવીના અંતરમાં જ્યારે પારસમણિનો સ્પર્શ થાય ત્યારે તેનું જીવન ધન્ય બની જાય છે. અચલકુમારના અંતરમાં આત્મશુદ્ધિ ભાવનો સ્પર્શ થતાં તેનું જીવન સફળ બની ગયું તે મર્મને સમજાવતી રસભરી કથા

# : અનુક્રમ :


| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૧. રાજા રામચંદ્ર | ૧ |
| ૨. જળકેલિ ! | ૧૧ |
| ૩. ચોરીનો ઉપદ્રવ | ૧૯ |
| ૪. ચર્ચાસભા | ૨૮ |
| ૫. અચલકુમાર | ૩૬ |
| ૬. આકરી પ્રતિજ્ઞા | ૪૫ |
| ૭. વન્યપ્રદેશમાં... | ૫૨ |
| ૮. કામસેના | ૬૧ |
| ૯. યોગીનો ભેટો | ૭૦ |
| ૧૦. બેઠક બોલાવી | ૭૮ |
| ૧૧. નરપિશાચ | ૮૬ |
| ૧૨. પરોપકારી અચલ | ૯૫ |
| ૧૩. પોતાના ભવનમાં | ૧૦૪ |
| ૧૪. સ્વપ્ન આવ્યું... | ૧૧૩ |
| ૧૫. તપાસ આગળ વધે છે | ૧૨૩ |
| ૧૬. ચોરનો પત્તો મળ્યો | ૧૩૨ |
| ૧૭. મંત્રણાગૃહમાં... | ૧૪૨ |
| ૧૮. મહારાજાને શીરદર્દ | ૧૫૧ |
| ૧૯. અચલનું બહુમાન | ૧૫૮ |
| ૨૦. અચલનો પશ્ચાત્તાપ | ૧૭૨ |
| ૨૧. મુનિરાજની વાણી | ૧૮૩ |
| ૨૨. નિર્વાણપદના સ્વામી | ૧૯૩ |
| ૨૩. ઉપસંહાર | ૨૦૨ |


* * *

## મૃગાવતી


| | |
|---|---|
| ૧. યક્ષનું વરદાન | ૨૦૭ |
| ૨. સંસારત્યાગ | ૨૨૧ |
| ૩. ઉપલબ્ધિ | ૨૩૫ |

## ૧ : : રાજા રામચંદ્ર

શિશિરના આસન પર વસંતઋતુએ પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું. વસંતના આગમને પ્રકૃતિ જીવંત બની ગઈ હતી. એનું સૌંદર્ય ખીલી ઊઠયું હતું. જાણે પ્રકૃતિના અંગેઅંગમાં નવચેતનાનો સંચાર થયો હતો.

વસંતઋતુનું આગમન થાય કે શિશિરની ઠંડીથી ઠુંઠવાઈ ગયેલા વૃક્ષો, લત્તાઓ ચેતનવંતા બનીને નવા પર્ણોરૂપી શણગાર સજે છે. ફૂલછોડો રંગબેરંગી ફૂલોથી લચી પડે છે. આમ્રવૃક્ષોની ઘટાઓમાં મંજરીઓ મ્હોરી ઊઠે છે. વાતાવરણમાં પુષ્પોની સુગંધ છવાઈ જાય છે. વસંતનો વૈભવ મનુષ્યોના મન તથા પશુપક્ષીઓ પર અજબ કામણ કરે છે.

વસતઋતુમાં કોકિલનો ટહુકાર સૌના મન મોહી લે છે. વસંતની સૌમ્ય શોભા અનુપમ અને અજોડ છે.

પ્રાત:કાળનો સમય હતો.

સૂર્યના પ્રોજ્વલ કિરણો ધરતીને સ્પર્શ કરવા થનગની રહ્યાં હતાં. પક્ષીઓ વસંતનું મધુર ગાન ગાઈને વાતાવરણમાં પ્રસન્નતા રેલાવી રહ્યાં હતાં.

નિર્ભયપુર નગરીના નગરજનો પ્રાતઃકાર્યની વિધિ આટોપવામાં મશગુલ થયા હોય તેમ જણાતું હતું.

આ સમયે અનેક ભાવિકો દર્શનાર્થે જતા હતા.

કોઈ જિનાલય તરફ જતું હતું.

કોઈ નટેશ્વરના મંદિર તરફ...

નિર્ભયપુર નગરીમાં આવેલું શ્રી જિનેશ્વર ભગવંતનું જિનાલય કલાત્મક અને ભવ્ય હતું. જિનપ્રાસાદના દ્વારો સુવર્ણયુક્ત હતા. તેને ફરતી અટારી પણ સુવર્ણથી અંકિત હતી. શિખર પરનો સુવર્ણકળશ પ્રભાતના આછા તેજસ્વી કિરણોમાં ચળકાટ મારી રહ્યો હતો. તેમજ શિખર પરનો ધ્વજ મંદ ગતિએ વહેતા સમીરના કારણે થોડી થોડી વારે ફરકી રહ્યો હતો.

નિર્ભયપુર નગરીમાં આવેલું આ ભવ્ય જિનાલય સૌને માટે દર્શનીય હતું. નગરીના અનેક જૈન પરિવારો આ જિનાલયમાં પ્રભુની સેવા-પૂજા અર્થે આવતા અને ભાવભરી ભક્તિ કરતા.

નિર્ભયપુર નગરીમાં નટેશ્વર ભગવાનનું પ્રાચીન મંદિર આવેલું હતું. શૈવધર્મીના અનુયાયીઓ હંમેશાં દર્શનાર્થે જતા હતા.

નગરીની એક તરફ સપ્તભૂમિથી શોભતો રાજ્યપ્રાસાદ આવેલો હતો. રાજભવનની બાંધણી અપૂર્વ, કલાત્મક અને નયનરમ્ય હતી. નગરીમાં લોકો શાંતિ અને આત્મિક આનંદ મેળવી શકે તે હેતુથી અનેક ઉદ્યાનોની રચના કરવામાં આવી હતી. રાજભવનમાં પણ રાજપરિવારના સભ્યો ઋતુચક્ર પ્રમાણે આનંદપ્રમોદ માણી શકે તે આશયથી ઉપવનની રચના કરી હતી. રાજભવનના ઉપવનમાં કૃત્રિમ જળાશયની પણ રચના કરવામાં આવી હતી. ઉપવન નાનાં મોટાં વૃક્ષો અને લત્તાઓથી જીવંત હતું.

નગરીમાં અનેક સુખસમૃદ્ધિ ધરાવતા શ્રેષ્ઠીઓ નિવાસ કરતા હતા. સાર્થવાહો પણ આ નગરીમાં વસવાટ કરતા હતા.

નિર્ભયપુર નગરીની બજારો પણ વ્યવસ્થિત રીતે રચવામાં આવી હતી. બજારોનું આયોજન દીર્ઘદૃષ્ટિ વાપરીને કરવામાં આવ્યું હતું. ઝવેરી બજાર, વસ્ત્રબજાર, અન્નબજાર જેવી નાની મોટી બજારો પરગામથી આવતા પથિકો માટે આકર્ષણ રૂપ હતી. આસપાસના અનેક ગામના વેપારીઓ હટાણું કરવા અત્રે આવતા અને જોઈતી ચીજવસ્તુઓ ખરીદીને જતા રહેતા. પરગામના લોકો નગરીના દર્શન માટે આવતા ત્યારે બે દિવસ રોકાઈ જતાં. દર્શનીય સ્થળો જોઈને આનંદનો ધ્વનિ રેલાવતા. આ નગરીમાં અનેક પાંથશાળાઓ, ગણિકાભવન, નાટયગૃહ પણ હતા. નગરીના લોકો મનોરંજન અર્થે વિવિધ સ્થળે જઈને આનંદ મેળવતા.

આમ નિર્ભયપુર નગરીની સુખ–સમૃદ્ધિ અપાર હતી.

પ્રાતઃકાળનો સમય હોવાથી રાજભવનમાં પણ દાસ–દાસીઓ જાગૃત થઈને વિવિધ કાર્યમાં ગૂંથાઈ ગયા હતા.

નિર્ભયપુર નગરીનો રાજા રામચંદ્ર પ્રજાવત્સલ, ધર્મપરાયણ, આરોગ્યનિષ્ઠ, દયાળુ અને બળવીર હતો. મહારાજા રામચંદ્ર સમગ્ર રાજ્યમાં પ્રજાપ્રિય રાજવી તરીકે પંકાયેલો હતો. મહારાજા રામચંદ્ર પ્રજાના દરેક કાર્યમાં અત્યંત રસ દાખવતા હતા. આથી તો તેણે નગરીમાં અનેક નયનરમ્ય ઉદ્યાનોની રચના કૃત્રિમ જળધારાનું આયોજન તેમજ નગરી કેમ વધુ સુશોભિત અને દર્શનીય બને તે અંગેની વિચારણા કરી હતી. સાથોસાથ તેના હૈયામાં પ્રજાના સુખની પણ ચિંતા હતી. મહારાજા રામચંદ્ર મંત્રીઓની સલાહ અને માર્ગદર્શન મેળવતો. મહારાજા રામચંદ્રે અથાગ પરિશ્રમથી નગરીને શોભનીય બનાવી હતી. નગરીનું રક્ષાતંત્ર એટલું મજબૂત અને સુયોજિત હતું કે ચોરીનો જરા પણ ઉપદ્રવ હતો જ નહિ.

જ્યારે રાજ્યનો રાજા જાગૃત હોય ત્યારે ચોરી, લૂંટફાટનો ભય સંભવી ન શકે.

મહારાજા રામચંદ્ર જાગૃત થઈને સીધા વ્યાયામશાળામાં ગયા. ત્યાં એમણે અર્ધઘટિકા પર્યંત વિવિધ અંગ કસરત કરી. ત્યારબાદ તેઓ પ્રાતઃકાર્યમાં ગુંથાઈ ગયા. તેમણે શૌચ આદિ ક્રિયા પૂર્ણ કરીને સીધા સ્નાનગૃહમાં ગયા.

મહારાજા રામચંદ્રનો સ્નાનગૃહ વિશાળ હતો. સ્નાનગૃહમાં શીતલ અને ઉષ્ણુ જળની વ્યવસ્થા સ્વંય સંચાલિત હતી. મહારાજા રામચંદ્ર સ્નાનગૃહમાં આવ્યા ત્યારે બે સેવકો મહારાજાની પ્રતિક્ષા કરતા ઊભા હતા. મહારાજાને આવતા જોઈને બન્ને સેવકોએ જયનાદ પોકાર્યો, નમન કર્યો.

રાજા રામચંદ્રે કહ્યું : 'જળના પાત્રો ભરાઈ ગયા છે ?'

'જી...મહારાજ...પ્રથમ આપને...'

'હા તેલમર્દન ..' મહારાજા આછું હસ્યા.

બન્ને સેવકોને લઈને મહારાજા સ્નાનાગારમાં આવ્યા.

મહારાજા રામચંદ્ર એક આસન પર બેઠા.

બન્ને સેવકો મહારાજાને તેલમર્દન કરવા લાગ્યા.

મહારાજા રામચંદ્રની કાયા મજબૂત અને ગૌરવર્ણી હતી. મહારાજા રામચંદ્રે તેલમર્દન બાદ સ્નાન કર્યું. ત્યારબાદ અંગલુછણુ વડે અંગ સ્વચ્છ કરીને નવા વસ્ત્રો પરિધાન કર્યા.

મહારાજા રામચંદ્ર વિશ્રામ ખંડમાં આવ્યા ત્યારે મહાદેવી શ્રીમતી દેવી સ્વામીની પ્રતિજ્ઞા કરતાં એક આસન પર બિરાજેલા હતા.

સ્વામીને આવતા જોઈને શ્રીમતી દેવી તેના આસન પરથી ઊભા થઈ ગયા અને કહ્યું : 'સ્વામી, આજ હું પણ આપની સાથે રાજસભામાં આવું છું. બંગદેશનો કલાકાર સુનંદ આવેલ છે તેનું બંસરીવાદન સાંભળવું છે.'

મહારાજા રામચંદ્ર આછું હસ્યા અને બોલ્યા : 'પ્રિયે, તને

સંગીત અત્યંત પ્રિય છે એ વાત મારાથી ક્યાં અજાણ્યુ છે? રાજસભામાં આર્ય સુનંદનું બંસરીવાદન અપૂર્વ હશે એમાં કોઈ શંકા નથી ચાલો . આપણે માર્ગમાં વાતો કરીશું.'

રાણી શ્રીમતી તેના સ્થાનેથી ઊભી થઈ અને મહારાજા રામચંદ્રની સાથે ચાલવા લાગી.

મહારાજા રામચંદ્ર અને રાણી શ્રીમતી રાજભવનની બહાર આવ્યાં. રાજભવનની બહાર રથ તૈયાર ઊભો હતો. બન્ને રથમાં બિરાજમાન થયા પછી રથ રાજસભા તરફ જવા માટે ગતિમાન થયો. રાજમાર્ગ પરથી રથ પસાર થઈને થોડી વારે રાજસભાના મુખ્યદ્વારે પહોંચ્યો.

મહારાજ રામચંદ્ર અને રાણી શ્રીમતી રાજસભાખંડમાં પ્રવેશે તે પહેલાં છડીદારે મહારાજાના આગમનસૂચક છડી પોકારી સભાખંડમાં બિરાજેલા સભાજનો સચેત થયા.

મહારાજા તથા મહાદેવી સભાખંડમાં જેવા પ્રવેશ્યા કે સભાજનો પોતપોતાની બેઠક પરથી ઊભા થઈ ગયા.

મહારાજા રામચંદ્ર અને રાણી શ્રીમતીની પાછળ મહાપ્રતિહાર પણ હતા.

અને મહારાજા તથા મહાદેવીએ રાજસભામાં પ્રવેશ કર્યો.

સર્વ સભાજનોએ જયજયકાર ગજવી મૂક્યો.

સર્વ સભાજનોના મુખ પર મહારાજાના તથા મહાદેવીના આગમનથી આનંદ, હર્ષની લાગણી સ્પષ્ટપણે વરતાતી હતી.

નિર્ભયપુર નરેશ મહારાજા રામચંદ્ર અને મહાદેવી શ્રીમતી ધીમે પગલે રાજસિંહાસન તરફ જઈ રહ્યાં હતાં. મહારાજા તથા મહાદેવી સર્વ લોકોનું અભિવાદન ઝીલતાં સિંહાસન પર આવીને બેઠક ગ્રહણ કરી.

મહારાજા રામચંદ્રનું રાજસિંહાસન અમૂલ્ય રત્નોથી અંકિત

હતું. આખું સિંહાસન સુવર્ણથી યુક્ત હતું. સિંહાસનના હાથા પર સુંદર નકશીકામ કરવામાં આવ્યું હતું. હાથાના આગળના ભાગે સિંહની મુખાકૃતિ સુંદર રીતે કંડારવામાં આવી હતી. ભવ્ય સિંહાસનની બાજુમાં રાજ્યના મહામંત્રીશ્વરનું આસન હતું. રાજપુરોહિતનું આસન પણ ત્યાં જ હતું. ન્યાયાચાર્યોના આસનો પણ આગલી હરોળમાં હતા. જ્યારે મંત્રીઓની એક ટુકડી એક તરફ બિરાજી હતી અને તે રાજસભામાં ચાલતી કાર્યવાહીમાં પૂર્ણ રસ લેતી હતી.

નગરશેઠ તથા નગરીના અન્ય મુખ્ય આગેવાનોના આસનો સભાખંડમાં અગ્રસ્થાને હતા.

પ્રજાજનો રાજસભાની કાર્યવાહી બરાબર રીતે નિહાળી શકે, સાંભળી શકે તે માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

રાજપરિવારની સ્ત્રીઓ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. નગરીની સ્ત્રીઓ પણ રાજસભાના મુખ્ય અને મહત્ત્વના પ્રસંગે હાજર રહેતી.

રાજસભામાં દરેક આસનો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલાં હતાં.

પરગામથી અનેક લોકો નિર્ભયપુર નરેશની રાજસભા જોવા માટે આવતા, પરગામથી આવેલા લોકો માટે પણ અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનો ઉપયોગ પરગામના લોકો કરી શકતા હતા.

નિર્ભયપુર રાજ્યના નરેશે રત્નજડિત સુવર્ણયુક્ત સુંદર નકશીકામ વાળો રાજમુગટ ધારણ કર્યો હતો.

મહારાજા રામચંદ્રે ધારણ કરેલા શુભ્ર વસ્ત્રો રાજસભામાં અલગ તરી આવતા હતા. બન્ને હાથમાં બાજુબંધ અપૂર્વ રીતે શોભી રહ્યાં હતાં. કંઠમાં મુક્તાની માળા તેમજ અમૂલ્ય રત્નોની માળા શોભામાં વધારો કરી રહી હતી. મહારાજાની બલિષ્ઠ કાયાને કારણે તેમને

પ્રભાવ અકલ્પ્ય હતો.

મહારાજા રામચંદ્ર તથા મહાદેવીએ આસન ગ્રહણ કર્યા પછી દરેક સભાજનોએ પોતપોતાની બેઠક ગ્રહણ કરી લીધી હતી. દરેકના મુખ પર સભાની કાર્યવાહી શરૂ થાય તેવા આતુરી તથા ઉત્સુકતાના ભાવ રમી રહ્યા હતા.

થોડી વારમાં સમગ્ર રાજસભાના ખંડમાં નીરવ શાંતિ પ્રસરી ગઈ.

રાજસભાની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં રાજપુરોહિત તેમના આસન પરથી ઊભા થયા. સ્વસ્થ ચિત્તે અને મધુર સ્વરે સ્વસ્તિ વાચન કર્યું. મહારાજાનું મંગલ વાંચ્છીને આશીર્વાદનાં પુષ્પો મૂક્યાં.

ત્યારબાદ ભાટ—ચારણોએ બીરદાવલી ગાઈ.

રાજસભામાં મહારાજનો જય જયકાર થયો.

આમ રાજસભાની પ્રારંભિક વિધિ પૂર્ણ થઈ.

મહારાજા રામચંદ્રે મહામંત્રી સામે જોયું. મહામંત્રી તરત જ તેમની બેઠક પરથી ઊભા થયા.

મહામંત્રીએ સર્વ સભાજનો પ્રતિ દૃષ્ટિ ફેંકીને બોલ્યા : મહારાજાધિરાજ, મહાદેવી, રાજપુરોહિતજી તથા અત્રે ઉપસ્થિત રહેલાં સર્વ સભાજનો, છેલ્લા કેટલાય વર્ષોથી આ રાજ્યમાં ઉત્પાતનો ભય નથી. અને ભય ન હોવાથી અસજાગતા પણ દાખવવામાં આવતી નથી. આપણા મહારાજા પ્રજાના દરેક કાર્યમાં, પ્રજાના પ્રશ્નોમાં અંગત રસ લઈને રાજ્યનો કારભાર સંભાળે છે. રાજ્યસંચાલનની તમામ વ્યવસ્થાનો દોર તેઓશ્રીના માર્ગદર્શન પર ચાલે છે. પ્રજામાં જરાપણ અસંતોષનો અગ્નિ, અતૃપ્તિની જ્વાળા કે અસુખનો દાવાનળ ન પ્રવર્તે તે માટે ખૂબ કાળજી લેવામાં આવે છે. આપણા રાજ્યની રાજ્યવ્યવસ્થા પણ એટલી મજબૂત અને શ્રેષ્ઠ છે કે જેથી ચોરી, લૂંટફાટ કે અત્યાચારના બનાવો જવલ્લે જ બને છે અને એવા બનાવોની

પૂર્ણ તપાસ કર્યા પછી તેના ગુનેગારને આકરી સજા પણ કરવામાં આવે છે. આપણી નગરીમાં અનેક શ્રેષ્ઠીઓ વસવાટ કરે છે. સાર્થ-વાહોના નિવાસથી આપણે ત્યાં વેપારના વિકાસમાં અકલ્પ્ય વધારો થયો છે. રાજાજી આ માટે દરેક નાના મોટા વેપારીઓને ભરપુર પ્રોત્સાહન આપતા રહે છે. મહારાજાની સૂચના અનુસાર કોઈ પણ પ્રજાજન દુ:ખી હોય તો નિ:સંકોચ રાજ્યકોષમાં આવીને દાન લઈ જઈ શકે છે. પરંતુ દાન પર આશાની મીટ બાંધીને રહેવું ન જોઈએ. કારણ કે મહેનત વગરનું ધન કેટલો સમય ચાલે ? પુરુષાર્થ તો દરેક જીવે કરવો જોઈએ. નાના પ્રાણીઓ પણ ખોરાકની શોધ માટે પુરુષાર્થ કરતા રહે છે. પુરુષાર્થ વગરનું જીવન વ્યર્થ છે. આજની સભામાં કોઈને કશી ફરિયાદ હોય તો વિના સંકોચે રજૂ કરી શકે છે. આ કાર્યવાહી બાદ બંગદેશના કલાકાર આર્ય સુનંદનું બંસરીવાદન રજૂ થશે.

આટલું કહીને મહામંત્રી મૌન બનીને ઊભા રહ્યા.

કોઈને કશી ફરિયાદ હતી જ નહિ. રાજસભામાંથી કોઈ ઊભું ન થયું.

જ્યાં સુદઢ, વ્યવસ્થિત અને ન્યાયી રાજતંત્રની રચના હોય ત્યાં ફરિયાદનો અવકાશ શી રીતે સંભવી શકે ? જો કોઈને નાના-મોટા પ્રશ્નો રહેતા તે તો ઘરમેળે જ પતાવી લેતા હતા. છતાંય કોઈ વિકટ પ્રશ્ન ઊભો થતો ત્યારે લોકો મહારાજ પાસે આવીને સમાધાન કરી લેતા. નગરીના વિવિધ મહાજનો પણ પૂર્ણ રસ દાખવીને પ્રશ્નોનું નિરાકરણ કરી આપતા. આથી ફરિયાદ રાજસભાના દ્વાર સુધી જવલ્લે જ પહોંચતી.

થોડી વાર સુધી મહામંત્રીએ પ્રતીક્ષા કરી. પણ કોઈ ફરિયાદ લઈને આગળ ન આવ્યું.

મહામંત્રીએ કહ્યું : 'સભાજનો, હવે આપણે સૌ બંગદેશના

ઉચ્ચકોટિના બંસરીવાદક આર્ય સુનંદનું બંસરીવાદન માણીશું.'

એમ જ થયું.

આર્ય સુનંદ બંસરી લઈને રાજસભાના મધ્યભાગમાં આવ્યો. ત્યાં મંચ જેવી વ્યવસ્થા તાત્કાલિક કરી લેવામાં આવી હતી. નગરીનો શ્રેષ્ઠ મૃદંગવાદક આનંદ બંસરીવાદકને સંગત કરવાનો હતો.

આર્ય સુનંદે મંચ પર બેઠક ગ્રહણ કરી.

બાજુમાં મૃદંગવાદક મૃદંગ લઈને બેસી ગયો.

સભાજનોએ કલાકારનું અભિવાદન કર્યું.

ત્યાર પછી તરત જ આર્ય સુનંદે મધુર સ્વરે કહ્યું : 'મહારાજા, મહાદેવી, મહામંત્રીશ્વર, રાજપુરોહિતજી તથા ઉપસ્થિત સભાજનો, આજે આ નગરીમાં મને બંસરીવાદન કરવાની પ્રથમવાર તક મળી છે. જેને હું મારા અહોભાગ્ય માનું છું. આજ હું આપ સૌની સમક્ષ રાગ 'ગોપાલ' રજૂ કરીશ. આ રાગની રચના પ્રાચીન છે. સાંભળવો ખૂબ ગમે તેવો છે. તેના સ્વરો માદક છે.'

આટલું કહીને આર્ય સુનંદે બંસરી હાથમાં લીધી અને રાગ ગોપાલની સુરાવલિ વહેવડાવી.

રાગ ગોપાલ..

મધુર રાગ...

આર્ય સુનંદે ગોપાલ રાગનો આલાપ બજાવવો શરૂ કર્યો. આલાપના સ્વરોમાં રાગની છબી રજૂ થાય છે. રાગનું ચલન જાણવા મળે છે. રાગનું રૂપ રજૂ થાય છે.

રાગ ગોપાલનો સુમધુર આલાપ ..

સભાજનો ગોપાલ રાગના આલાપ માત્રથી ઝૂમી ઊઠયા. આર્ય સુનંદ આલાપમાં ક્યારેક એવા ભાવવાહી સ્વરો રેલાવી દેતો કે શ્રોતાઓ હર્ષ વ્યક્ત કરી ઊઠતા હતા.

રાગ ગોપાલથી સભાખંડનું વાતાવરણ બંધાઈ ગયું.

સમગ્ર રાજસભાખંડમાં રાગ ગોપાલનું સામ્રાજ્ય જાણે છવાઈ ગયું ન હોય તેમ લાગવા માંડયું.

આર્ય સુનંદ તો રાગ ગોપાલના મીઠા મધુરા સ્વરોમાં ખોવાઈ ગયો હતો.

જ્યારે કલાકાર રાગની મસ્તીમાં ખોવાઈ જાય ત્યારે વાદ્ય કે કંઠય દ્વારા અંતરની વાણી પ્રગટી ઊઠે છે.

લગભગ અર્ધઘટિકા પર્યંત રાગ ગોપાલનો આલાપ ચાલ્યો.

ત્યારબાદ આર્ય સુનંદે રાગ ગોપાલમાં મધ્યલયની એક રચના રજૂ કરી.

શ્રોતાઓ આનંદ વ્યક્ત કરવા લાગ્યા.

લગભગ અર્ધ ઘટિકા પર્યંત મધ્યલયની રચના રજૂ થઈ, ત્યાર પછી સુનંદે દ્રુતલયમાં એક રચના રજૂ કરી.

થોડી વાર સુધી દ્રુતલયમાં બંસરી બજાવીને આર્ય સુનંદે બંસરીવાદન પૂરું કર્યું.

સર્વ સભાજનો હર્ષનો ચિત્કાર કરવા લાગ્યા.

આર્ય સુનંદ મહારાજા પાસે આવ્યો અને વંદન કર્યાં. મહારાજાએ ઉપહારમાં અમૂલ્ય હીરાનો હાર તથા અન્ય કીમતી સામગ્રી આપી.

અહીં રાજસભા પૂરી થઈ.

સૌ વિખેરાયા.

મહારાજા રામચંદ્ર, મહાદેવી શ્રીમતી સાથે ભવન પર વિદાય થયા.

દિવસનો ત્રીજો પ્રહર ચાલી રહ્યો હતો...

દિવસના પ્રથમ પ્રહરની અર્ધ ઘટિકા પસાર થઈ હતી. અંશુમાલિએ પોતાનું મુખડું નવપલ્લિત કિરણો વડે ધરતીના સમગ્ર પટ્ટને આવરી લઈને નૂતન આશાનો સંચાર કર્યો. પ્રદિપ્ત પ્રકાશથી વાતાવરણ આનંદમય બન્યું હતું. મુક્ત રીતે વિહરતા પંખીઓનો મીઠો મધુર કલરવ વાતાવરણમાં સંગીતના મીઠા સૂર સામે ભાસતો હતો.

રાજા રામચંદ્ર હંમેશની માફક વહેલા જાગૃત થઈને પ્રાતઃકાળની તમામ ક્રિયાઓ સમાપ્ત કરીને અતિથિખંડમાં બેઠા હતા. આજ રાજસભાનું કાર્ય ન હોવાથી રાજા રામચંદ્રને થોડી નિરાંત હતી. તેઓ ખંડમાં બેઠા બેઠા રાણી શ્રીમતીની પ્રતિજ્ઞા કરી રહ્યાં હતાં.

થોડી વારમાં મહાદેવી શ્રીમતીએ જ્યાં મહારાજા બેઠા હતા ત્યાં પ્રવેશ કર્યો.

મહાદેવીને જોતાં જ રાજાના મુખ પર આનંદ છવાઈ ગયો. મહારાજા બોલ્યા : ' દેવી, અર્ધ ઘટિકાથી તમારી પ્રતિક્ષા કરી રહ્યો છું.'

મહાદેવીએ આછા હાસ્ય સાથે કહ્યું : 'મહારાજ, સ્ત્રીને શણગાર પાછળ જ વધારે સમય વ્યતિત થતો હોય છે...'

'ઓહ...આવ...આસન ગ્રહણ કર ..' મહારાજાએ કહ્યું.

શ્રીમતીએ મહારાજાની બાજુમાં પડેલા એક આસન પર બેઠક ગ્રહણ કરી.

મહાદેવીએ મહારાજા સામે જોઈને કહ્યું : 'સ્વામી. આજ રાજસભાનું કાર્ય નથી!'

'આજે રાજસભા ભરાશે નહિ. મારો વિચાર નગરભ્રમણ કરવા જવાનો છે.' રાજા રામચંદ્રે કહ્યું.

'સ્વામી, મારી એક વિનંતી છે.' શ્રીમતીએ કહ્યું.

'કહે...તારે શું કહેવું છે?'

'સ્વામી, જલક્રિડા અર્થે નગરીના ઉદ્યાનમાં જવાનું રાખીએ તો... !'

'વિચાર સરસ છે પરંતુ એ માટે અગાઉથી તૈયારી રાખવી પડે. જે દિવસે જલક્રિડા અર્થે જવું હોય એના આગલા દિવસે રાજ્યના મંત્રીને જણાવી દેવું. જેથી પૂર્વ તૈયારી થઈ શકે.'

મહાદેવીને સ્વામીની વાત યોગ્ય લાગી.

અને બે દિવસ પછી જ નગરીના ઉદ્યાનમાં જલક્રિડા અર્થે જવાનો કાર્યક્રમ નક્કી થયો.

આગલા દિવસે રાજ્યના એક મંત્રીએ ઉદ્યાન પર સમગ્ર વ્યવસ્થા કરી. પાકશાસ્ત્રીઓ, દાસ-દાસીઓ તથા જરૂરી ચીજવસ્તુઓ પણ મોકલી દેવામાં આવી.

મહાદેવી શ્રીમતી જલક્રિડાનો ભરપૂર આનંદ માણવા માગતી હતી. મહારાજા રામચંદ્ર પાછળથી આવવાના હતા.

અને......

બીજે દિવસે વહેલી સવારે રાજપરિવારની સ્ત્રીઓ, મહાદેવી શ્રીમતી તથા અન્ય દાસીઓ ઉદ્યાન તરફ જવા રવાના થઈ.

હજુ સૂર્યનાં દર્શન પણ નહોતા થયા. ત્યારે બત્રીસ રથનો

વિશાળ કાફલો રાજ્યના નગર ઉદ્યાન તરફ રવાના થયો. સૂર્યોદય પહેલાં સૌ ઉદ્યાન પર પહોંચી ગયા. એક રથમાં શ્રીમતી અને તેની બે સખીઓ માલતી અને ચિત્રા બેઠી હતી. અન્ય બે સખીઓ પાછળ ચાલ્યા આવતા હતા. પરિચારિકાઓનું વિશાળ જુથ હતું. રક્ષકોની ટુકડી હતી. અગાઉથી આવી ગયેલ કેટલાક દાસ દાસીઓ અને પાકશાસ્ત્રીઓ પણ હતા.

નિર્ભયપુર નગરીનું નગરઉદ્યાન સદાય સ્વચ્છ અને સુઘડ હતું. તે જગ્યાએ આજ કિલકિલાટ, આનંદ અને ઉમંગની છોળો ઉડવા લાગી. ઉદ્યાનમાં જાણે એક નાનકડી નગરી વસી ગઈ.

મહાદેવી તથા રાજપરિવારની સ્ત્રી વર્ગે વિવિધરંગી વસ્ત્રો ધારણ કર્યા હતા. આધેડ વય થઈ હોવા છતાં એ બધી સ્ત્રીઓ જાણે યૌવનના ઉંબરે રમતી હોય એવો ઉલ્લાસ અનુભવી રહી હતી. દરેક સ્ત્રીઓએ વિવિધ પ્રકારના સર્વોત્તમ અલંકારો ધારણ કર્યા હતા. કોઈના ઝાંઝર ઝણુઝણુતા, તો કોઈની કટિમેખલાની ઘૂઘરીઓ કોઈ મધુર વાદ્યમાંથી વહેતી થતી સ્વરમંજરી સમો રણકાર કરી લેતી.

યૌવન વયમાં રમતી, યૌવનનો ભાર ખમી ન શકતી અને નવપરિણિત સ્ત્રીઓ તો ભારે ગેલમાં આવી ગઈ હતી. તેઓ નિર્ભય રીતે વિહરી રહી હતી. ઉદ્યાનમાં નવસંચાર જાગૃત થયો. પુષ્પો, વનલત્તાઓ, વૃક્ષો વગેરે આનંદ વ્યક્ત કરવા લાગ્યા. પુષ્પોની સુગંધ હવામાં ભળવાની વાતાવરણ મધુર ભાસી રહ્યું હતું.

શ્રીમતી તેની ચારેય સખીઓ સાથે ઉદ્યાનની શોભા જોઈને ચારે તરફ ઘૂમી રહી હતી. શ્રીમતીના ચહેરા પર પ્રસન્નતા છવાઈ હતી. મહાદેવીના મુખ પરની પ્રસન્નતાથી ચારેય સખીઓ આનંદ-વિભોર બની ઊઠી હતી.

આવા સમયે સરખેસરખી સહિયરો પોતાના વિલાસની વાતો, અંગત વાતો પણ કરી લેતી હોય છે. તેમજ આનંદનો ઉભરો પણ ઠાલવતી હોય છે. ત્યારે કોઈ વિવિધ ખીલેલા પુષ્પોની ખુમારી સાથે, મદમસ્ત સુગંધ સાથે પોતાના યૌવનની ખુમારીને સરખાવતી હોય છે.

પક્ષીઓનો કલરવ ઉદ્યાનમાં પોતાની હાજરી છે તેનો નિર્દેશ કરતા હતા. પંખીઓ મુક્તપણે નિરભ્રમાં વિહરી રહ્યાં હતાં. કોઈ કોઈ પંખી ઉદ્યાનમાં નવતર મહેમાનોને આવેલા જોઈને આનંદ વ્યક્ત કરી રહ્યાં હતાં.

આમેય નિર્ભયપુર નગરીનું ઉદ્યાન વિશાળ હતું. ઉદ્યાનમાં કૃત્રિમ જળાશયની રચના કરવામાં આવી હતી. શ્રીમતી અને તેની સખીઓએ મધ્યાહ્ન પછી જળક્રિડા કરવાની યોજના વિચારી હતી. મધ્યાહ્ન પછી મહારાજા રામચંદ્ર આવવાના હતા અને સંધ્યા પછી રાજભવનમાં પાછા ફરવાનું હતુ.

રાજપરિવારની સ્ત્રીઓ જળાશયને જોઈને આનંદમગ્ન બની ગઈ. તેઓને અત્યારથી જ જળમસ્તી માણવાનું મન થઈ ગયું.

એ જ વખતે ઉદ્યાનમાં વહેલી આવેલી દાસીઓએ દંતધાવન માટે એકત્ર થવાનું જણાવ્યું. પ્રાતઃકાર્ય સૌ પ્રથમ આટોપી લેવાનું ત્યારબાદ શીરામણ કરીને ઉદ્યાનમાં વિહરવાનું જણાવ્યું.

મહાદેવીએ પણ રાજપરિવારની સ્ત્રીઓને એકત્રિત થવા જણાવ્યું ત્યારે સૌ એકઠા થયા. પરિચારિકાઓએ તરત જ સૌની સામે દંતધાવનની સામગ્રી મૂકી. થોડી વારમાં સૌ દંતધાવનમાંથી મુક્ત થયા. ત્યારબાદ સૌ જળ વડે હાથ-પગ, મુખ ધોયા બાદ અંગલૂછણથી લૂછીને સૌ સાથે બેસીને શીરામણ કરવા બેઠાં. શીરામણમાં સુંદર વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. અનેક જાતનાં પકવાનો, મીઠાઈ વગેરેનાં પાત્રો મૂકવામાં આવ્યાં હતાં, પરંતુ કોઈનું મન શીરામણ કરવામાં હતું જ નહિ. સૌ જળ સાથે મસ્તી

કરવા માટે થનગની રહ્યાં હતાં.

રાજપરિવારની એક–બે સ્ત્રીઓએ મહાદેવીને કહ્યું પણ ખરું, 'મહાદેવી, આપનો આગ્રહ છે, તેથી જ શીરામણ કરવા બેઠા છીએ, બાકી અત્યારે જળકેલિનો આનંદ માણવો છે.'

મહાદેવી શ્રીમતીએ પ્રસન્ન સ્વરે કહ્યું : 'પણ જળકેલિનો ખરો આનંદ મધ્યાહ્ન પછી જ આવશે. એ વખતે જળ પણ કંઈ તપ્યું હશે અને આપણે ઉદ્યાનમાં વિહરીને શ્રીમતી પણ થયા હોઈશું. એ સમયે જળમસ્તીનો આનંદ અપૂર્વ હશે...'

ત્યારે કોઈને સામી દલીલ કરી નહિ.

મહાદેવી શ્રીમતી દેવીની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો અને સૌ પ્રાતઃકાર્ય વિધિ પૂર્ણ કરીને શીરામણ લઈને ઉદ્યાનમાં ભ્રમણ અર્થે નીકળી પડ્યા.

ઉદ્યાનમાં શ્રી જિનેશ્વર ભગવંતનું જિનાલય હતું. ત્યાં સૌ આવ્યા. ભવ્ય અને દૈદિપ્યમાન શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાજી જોઈને સૌનાં મસ્તક નમી પડ્યાં. શ્રીમતીએ ભાવભર્યા સ્વરે સ્તુતિ ગાઈ. સ્તવન ગાયું. થોડી વાર સુધી મંદિરમાં રહી સૌ ઉદ્યાનના મુખ્ય માર્ગ તરફ વળ્યા.

ઉદ્યાન ભ્રમણ કરવા રાજપરિવારની પ્રૌઢ સ્ત્રીઓ પણ સામેલ હતી. જળાશય જોઈને હજુ પોતે રૂપવતી છે, યૌવન અવસ્થામાં વિચરી રહી છે. તેવો ખ્યાલ મનમાં પ્રવર્તવા લાગ્યો. આમેય સ્ત્રીઓ-ઓમાં દુષણ ગણો કે ભૂષણ, પરંતુ દરેક સ્ત્રી પોતાને રૂપવતી જ માનતી હોય છે અને દરેક પોતાની માવજત પાછળ મન પરોવતી હોય છે. સમયનો વ્યય કરતી હોય છે. રૂપ એક દિવસે અસ્ત થવાનું છે. રૂપ નાશ પામવાનું છે એ વાત ધ્રુવ સત્ય સમી હોવા છતાં હૃદયમાં આ સત્ય ટકતું નથી, વિસરી જાય છે.

મધ્યાહ્નનો સમય થવા આવ્યો હતો.

સૌ ઉદ્યાનમાં ભ્રમણ કરીને શ્રમિત થયા હતા.

સૌ જળકેલિનો આનંદ માણવા માટે જળાશય તરફ જવા આગળ વધ્યા.

મહારાજા રામચંદ્ર હજુ આવ્યા નહોતા.

જળાશયનો ભાગ કમળના વન વડે અતિ સોહામણો લાગતો હતો.

એક પછી એક સૌ જળાશયમાં પગ મૂકવા લાગ્યા. સૂર્ય મધ્યાહ્ને હોવાથી તેનો તાપ લાગી રહ્યો હતો. જળ પણ થોડું તપતું હતું. આથી શરીરના અંગને પસંદ પડે તેવું જળ હતું. શ્રીમતી પણ સરોવરમાં આવી. તેની સખીઓ પણ સરોવરમાં સાથે જ ઊતરી.

લગભગ એક ઘટિકા પર્યંત સૌએ જળક્રિડાનો ભરપુર આનંદ પ્રાપ્ત કર્યો.

મહાદેવી શ્રીમતી આનંદિત બની ગઈ હતી પણ મહારાજાના કોઈ સમાચાર ન હોવાથી ચિંતિત પણ બની હતી.

સૌ જળકેલિનો આનંદ માણી, વસ્ત્ર પરિવર્તન કરીને ઉદ્યાનમાં આવ્યા.

ત્યાં એક સેવકે સમાચાર આપ્યા કે મહારાજા રામચંદ્ર મહારાજ રાજકાર્યમાં ગુંથાયેલા હોવાથી આવી શકશે નહિ.

મહાદેવી શ્રીમતીનું મન હવે રાજભવન તરફ જવા માટે અધીર બન્યું હતું.

સંધ્યા સમયે મહાદેવીનો રસાલો રાજભવન ભણી પાછો વળ્યો.

જ્યારે મહાદેવી શ્રીમતી રાજભવનમાં આવ્યા ત્યારે મહારાજા રામચંદ્ર આવી ગયા હતા.

શ્રીમતીદેવી સીધાં મહારાજ પાસે આવ્યાં અને સીધો પ્રશ્ન કર્યો : 'સ્વામી, આપ તો કુશળ છો ને ?'

'હા, પ્રિયે, હું આજ તમારા આનંદમાં સહભાગી ન થઈ શક્યો તેનો રંજ છે.'

'આપ ન આવ્યા તેથી મારું મન પણ ઢીલું થઈ ગયું હતું... ચિત્તને ચેન નહોતું પડયું. પણ કોઈ ઉપાધિ આવી પડી નથી ને ?'

'પ્રિયે, એવી કોઈ ઉપાધિ નથી પણ આવતીકાલે રાજસભા ભરાશે ત્યારે જાણ થશે.'

'સ્વામી, આપના નેતૃત્વ હેઠળ પ્રજા સુખી અને સમૃદ્ધ છે. કોઈ ને કોઈ પાંતીનું દુઃખ નથી. પ્રજાના મુખ પર પ્રસન્નતા વરતાય છે બહારના દુશ્મનોનો ભય તો નથી ને ?'

'પ્રિયે, એવો ભય જણાતો નથી. કારણ કે આપણું સૈન્યબળ જબરૂં છે. આથી આજુબાજુના રાજયો આપણી સાથે દુશ્મનાવટ કરે તેવા કોઈ સંજોગો નથી.' મહારાજાએ ગંભીર સ્વરે કહ્યું.

થોડી વાર સુધી મહારાજા અને મહાદેવી વચ્ચે સામાન્ય ચર્ચા થઈ. ત્યાર પછી બન્ને વાળું કરવા માટે ભોજનખંડમાં ગયા.

ભોજનકક્ષામાં આસનો અને ભોજન માટેના પાત્રો ગોઠવાયેલા હતા.

મહારાજા અને મહાદેવીએ આસન ગ્રહણ કર્યું. રાજકુમાર સુમતિચંદ્ર હજુ ભોજનકક્ષમાં આવ્યો નહોતો.

મહારાજાએ મહાદેવીને પૂછયું : 'હજુ રાજકુમાર કેમ દેખાતો નથી ?'

'સ્વામી, હું તો ઉદ્યાનેથી સીધી આપની પાસે જ આવી છું. રાજકુમાર તેના મિત્રો સાથે જ હશે...' મહાદેવીએ કહ્યું.

મહારાજા તથા મહાદેવીએ ભોજન ગ્રહણ કરવું શરૂ કર્યું. સાત્ત્વિક અને આરોગ્યપ્રદ ભોજન હતું.

થોડી વારમાં વાળું કરીને મહારાજા તથા મહાદેવી તેમના આસન પરથી ઊભા થયા. ત્યાં ચોકડીમાં જળના ભરેલા પાત્રો રાખવામાં આવ્યા હતા ત્યાં જઈને બન્નેએ હાથ મુખ સ્વચ્છ કર્યા. ત્યાર

આદં મુખવાસ ગ્રહણુ કર્યો.

મહારાજા રામચંદ્ર અને મહાદેવી શ્રીમતી બન્ને ભોજનખંડની બહાર નીકળીને વિશ્રામ ખંડમાં આવ્યા. મહારાજાએ એક સેવકોને રાજકુમાર સુમતિની તપાસ અર્થે મોકલ્યો.

થોડી વારમાં સેવકે આવીને જણાવ્યું : ' કૃપાળુ, રાજકુમાર તેમના મિત્રો વચ્ચે બેઠા છે અને વાળુ ક્યારનુંય કરી લીધું છે.'

આટલું કહીને મહારાજાને નમન કરીને સેવક વિદાય થયો.

મહારાજાએ શ્રીમતીને પૂછ્યું : ' પ્રિયે, તે જળક્રિડાનો આનંદ તો માણ્યો હશે ને...!'

' સ્વામી, જળક્રિડાનો આનંદ આપના વગર કેમ આવે ? રાજ-પરિવારની સ્ત્રીઓએ ભરપુર આનંદ મેળવ્યો. જળક્રિડાથી આનંદિત બની ગઈ હતી. જાણયે યૌવન પાછું આવી ગયું. હોય તે રીતે વસ્ત્રાભુષણો કરીને આવી હતી. આપ ત્યાં આવ્યા હોત તો મારું વિક્ષુબ્ધ બનેલું મન પ્રફુલિત બનત...ખેર...! અહીં આપના દર્શન માત્રથી મારું અંતર પુલકિત બની ઊઠ્યું છે.'

મહારાજા રામચંદ્ર આછું હસવા લાગ્યા. અને કહ્યું : ' પ્રિયે, મારા પ્રત્યેની તારી લાગણી, સ્નેહ, પ્રેમ અપૂર્વ છે જેનું મન અતિ ગૌરવ છે.'

મહાદેવી આજના ઉદ્યાન ભ્રમણથી શ્રમિત બન્યા હતા. મહારાજા પણ રાજકાર્યની બાબતોથી થાકી ગયા હતા.

બન્ને પોતાના શયનખંડમાં ગયા અને શૈયામાં પડતાંવેંત નિદ્રાદેવીને શરણે થઈ ગયા.

# ૩ : : ચોરીનો ઉપદ્રવ

રાજસભાના ભવ્ય ખંડમાં નગરીના પરગામના અનેક લોકો એકત્રિત થયા હતા. કેટલાક લોકો રાજસભાની કાર્યવાહી નિહાળવા અર્થે આવ્યા હતા. રાજસભાના દ્વારે ઊભેલા છડિદારે મહારાજા રામચંદ્રના આગમનની છડી પોકારી. આજે રાજસભામાં મહારાજાની સાથે મહાદેવી શ્રીમતી તથા રાજકુમાર સુમિત પણ આવેલા હતા. મહારાજાને આવતા જોઈને સર્વ સભાજનો પોતાના સ્થાનેથી ઊભા થઈ ગયા.

મહારાજા રામચંદ્ર તેની પાછળ મહાદેવી અને રાજકુમાર સુમતિચંદ્ર ચાલી રહ્યા હતા અને સ્વસ્થ ચિત્તે પોતાના આસન તરફ આગળ વધ્યા. ત્રણેય પોતપોતાની બેઠક ગ્રહણ કરી ત્યારબાદ સભાજનોએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું.

ચારણવૃંદે યશોગાન ગાયા.

બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યા.

રાજ્યના વયોવૃદ્ધ પુરુષોએ રાજા રામચંદ્રની શુભકામના વ્યક્ત કરી રાજપુરોહિતે સ્વસ્તિવાચન કર્યું.

મહામંત્રી તેમના સ્થાનેથી ઊભા થયા અને ગંભીર સ્વરે રાજસભા તરફ આછો દૃષ્ટિપાત કરીને કહ્યું : મહારાજશ્રી, મહાદેવી તથા રાજકુમારશ્રી તેમજ સર્વ સભાજનો આપણા મહારાજા

રામચંદ્રજી મહારાજ પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં હંમેશા તત્પર હોય છે. પ્રજાકીય કાર્યો કરવામાં ઉત્સુક છે. આપણે પડોશી રાજ્યો સાથે સંબંધ ધરાવીએ છીએ. એ કારણે કોઈ પણ પડોશી રાજ્ય આપણા પર હુમલો કરે તેમ નથી. એનો અર્થ એવો પણ નથી કે આપણે સજાગ ન રહેવું. આપણું સૈન્ય ગમે તે પ્રકારની મુશ્કેલી કે હુમલો આવી પડે તો ખડેપગે તૈયાર છે. આપના કોઈ પણ પ્રશ્નો હોય તો વિના સંકોચે અહીં રજૂ કરો ' આટલું કહીને મહામંત્રી પોતાના સ્થાને બેસી ગયા.

થોડી વાર થઈ...

કોઈ સભાજન ઊભું ન થયું. પ્રશ્ન જ નહોતા જે કોઈ પ્રશ્નો ઉદ્‌ભવતા તે ઘરમેળે જ પતાવી લેતા. ઘરમેળે ન પતે તો મહાજન પાસે જઈને નિકાલ લાવતા, એ કારણે ખૂબ જ ઓછા પ્રશ્નો રાજસભામાં ઉપસ્થિત રહેતા.

મહારાજા રામચંદ્રે સિંહાસન પર બેઠા બેઠા જ કહ્યું : ' મારા પ્રિય પ્રજાજનો, રાજ્યવ્યવસ્થા સંબંધી કોઈ પણ પ્રશ્ન હોય તો રજૂ કરી શકો છો.'

પરંતુ આવા કોઈ પ્રશ્નો હતા જ નહિ.

મહારાજા રામચંદ્રે થોડી વાર સુધી કોઈ આવે છે કે નહિ તે માટે રાહ જોઈ...પણ કોઈ આવ્યું નહિ.

રાજસભામાં ધર્મચર્ચા શરૂ થઈ.

ઉપસ્થિત ધર્માચાર્યોએ ધર્મને લગતા વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ અંગે પોતપોતાના રજૂ કર્યા.

મહારાજા રામચંદ્ર રસપૂર્વક ધર્મચર્ચામાં ભાગ લઈ રહ્યા હતા.

આ ધર્મચર્ચા ચાલી રહી હતી ત્યાં જ મહાજનના પાંચ-છ અગ્રણીઓએ રાજસભામાં પ્રવેશ કર્યો.

મહાજનના અગ્રણીઓને આવેલા જોઈને ધર્મચર્ચા બંધ કરવામાં આવી.

મહારાજાએ મહાજનના આગેવાનોને આવકાર આપ્યો. આગેવાનોએ મહારાજા રામચંદ્રને ભાવથી વંદન કર્યા અને આગળ રહેલા સ્થાને બેસી ગયા.

મહારાજાએ મહાજનના મુખ્ય અગ્રણી ધનેશ્વર શેઠની સામે જોઈને કહ્યું : 'ધનેશ્વર શેઠ, આજ ઘણા દિવસે આપ રાજસભામાં પધાર્યા છો : શું આપનું આરોગ્ય બરાબર નહોતું ?'

'મહારાજ, આપની કૃપાથી આરોગ્ય તો બરાબર છે. સાંસારિક ઉપાધિઓને કારણે ઘણો સમય વ્યતિત થઈ જતો હોય છે. આવા કારણોને કારણે જ રાજસભામાં હાજરી આપી શકાતી નહોતી.'

'શેઠ, અવારનવાર આવતા હો તો સારું રહે ને...!'

'મહારાજ, આપની વાત સાચી છે. અહીં રાજસભામાં હાજરી આપવાનું ઘણું મન થાય પણ એવા સંજોગો ટપકી પડે જેથી અહીં આવવું અશક્ય થઈ પડે છે. આમને આમ દિવસો પસાર થઈ જાય છે.' ધનેશ્વર શેઠે કહ્યું.

'છેલ્લા એક-બે દિવસથી હું આપને યાદ કરી રહ્યો હતો. આજ તમને નિહાળીને આનંદ થયો.'

ધનેશ્વર શેઠે કહ્યું : 'મહારાજ, એ આપની ઉદારતા છે.'

મહારાજાએ તરત જ પૂછ્યું : 'આજ એકાએક કેમ આવવું થયું ? શું કોઈ મુશ્કેલી છે ?'

ધનેશ્વર શેઠે કહ્યું : 'મહારાજ, એક વિકટ પ્રશ્ન ઉત્પન્ન થયો છે અને અમે સૌ એ માટે જ આવ્યા છીએ.'

મહારાજા રામચંદ્રને ગઈ કાલે જ કંઈક અણસાર આવી ગયો હતો પરંતુ પ્રશ્નની પૂરી જાણકારી નહોતી તેથી તેઓ દ્વિધામાં

હતા. આજ પ્રશ્ન સામે આવીને ઊભો હતો.

મહારાજા રામચંદ્ર અધીરાઈ દર્શાવીને પૂછ્યું : 'ધનેશ્વર શેઠ, જે કોઈ પ્રશ્ન હોય તે વિના સંકોચે રજૂ કરો.'

'મહારાજ, આપના રાજ્યસંચાલનમાં પ્રજા સુખી અને સમૃદ્ધ છે. પરંતુ થોડા દિવસોથી ચિંતા ઉપજાવે તેવા સમાચાર જાણવા મળે છે.'

'ચિંતા ઉપજાવે તેવા સમાચાર ? જરા વિગતથી વાત કરો.' મહારાજાએ કહ્યું.

'મહારાજ, છેલ્લા પંદરેક દિવસથી આપણી નગરીમાં ચોરીનો ઉપદ્રવ શરૂ થયો છે. કોઈ અદશ્ય વ્યક્તિએ આ ઉપદ્રવ શરૂ કર્યો હોય તેમ લાગે છે અને રોજેરોજ પ્રજાની ધનસંપત્તિ લૂંટાઈ રહી છે...પ્રજા સંપૂર્ણપણે જાગૃત રહેતી હોવા છતાં ચોરીનો ઉપદ્રવ શાંત પડ્યો જ નથી. રોજ વિવિધ સ્થાનો પરથી કીમતી ચીજ-વસ્તુઓની ચોરી થતી રહે છે.' ધનેશ્વર શેઠે ચોરીના ઉપદ્રવની વાત રાજાને કાને ધરતાં જણાવ્યું.

ધનેશ્વર શેઠની વાત સાંભળીને રાજા આશ્ચર્ય સાથે બોલ્યો : 'શું કહો છો શેઠ ? આપણી નગરીમાં ચોરીનો ઉપદ્રવ ? મારી પ્રજા પંદર દિવસથી આ ઉપદ્રવનો મુંગે મોંએ સામનો કરી રહી છે. મને આ વાતની જાણ પણ નથી ! મારા રાજ્યમાં ચોરીનો ઉપદ્રવ...! ખરેખર નવાઈ પમાડે તેવી વાત છે...!'

ધનેશ્વરે વધારે વિગત આપતાં કહ્યું : 'મહારાજ, ચોરી કોણ કરે છે ? શા માટે કરે છે ? એની કશી ખબર પડતી નથી. પણ દિવસોદિવસ ચોરીનો ઉપદ્રવ પ્રજાને ભારે પરેશાન કરી રહ્યો છે. પ્રજા પણ આ ચોરીના ઉપદ્રવથી ભયભીત બની ઊઠી છે.'

'ધનેશ્વર શેઠ, આ શું સાંભળું છું ? મારા રાજ્યમાં પંદર પંદર દિવસથી ચોરીનો ઉપદ્રવ છે છતાં મને કોઈ સમાચાર નહિ.

ગઈકાલે કંઈક થઈ રહ્યું છે તેનો અણસાર આવ્યો હતો પણ આજે તમારા મોઢે આ વાત સાંભળીને પ્રશ્નની ગંભીરતા સમજાય છે.'

'મહારાજ, આપ સુધી આ સમાચાર ન પહોંચે તેવી ગણતરી રાખી હતી...'

'પરંતુ શા માટે? જરા વિચારો તો ખરા! પંદર પંદર દિવસથી મારા રાજ્યની પ્રજા ભયના ઓળાં હેઠળ જીવતી રહે અને હું અહીં આરામની નિદ્રા માણીને પડયો રહું. ધનેશ્વર શેઠ, મારે મારી પ્રજાને ભયમુક્ત કરવી જોઈએ. પ્રજાનું દુઃખ એ મારું દુઃખ છે. આ વાતની જાણકારી અગાઉથી મળી હોત તો કોઈ વ્યવસ્થા કરી શક્યો હોત ને...!' મહારાજા રામચંદ્ર પ્રજાવત્સલ રાજવી હતા. તેમનાથી ચોરીના ઉપદ્રવની વાત જરા પણ સહન ન થઈ. તેઓ આકુળવ્યાકુળ બની ગયા હતા.

ધનેશ્વર શેઠે કહ્યું : 'મહારાજ, અમને પૂરી ખાત્રી હતી કે આપ જ્યારે નગરીમાં થતી ચોરીના ઉપદ્રવની વાત સાંભળશો ત્યારે વિચલિત બની ઊઠશો. આપનું અંતર આ વાત સાંભળીને વ્યથિત બની જશે. માટે જ અમે મૌન રહ્યા હતા અને અન્ય લોકો પણ મૌન રહ્યા હતા. આપના કાન સુધી આ વાત ન પહોંચવા દેવા પાછળની આ જ ગણતરી હતી.

'પણ ધનેશ્વર શેઠ, આવી મહત્ત્વની વાત તમે મને ન જણાવીને ખોટું કર્યું છે. મારું અંતર હંમેશા પ્રજા કલ્યાણ પાછળ રહેલું છે. પ્રજા કેમ સુખી અને સમૃદ્ધ રહે તેવી ભાવના જ મારા હૈયામાં રમતી હોય છે. પંદર દિવસથી આ ચોરીના ઉપદ્રવનો ત્રાસ નગરીના લોકો સહન કરી રહ્યા છે. આમાં વ્યવસ્થા જોખમાઈ જવાનો ભય પણ ઊભો જ રહે ને...!'

'મહારાજ, આપને અમે એ અંગે પણ જણાવીશું. વ્યવસ્થા તો અમે અમારી શક્તિ મુજબ કરતાં જ રહ્યા છીએ. ચોરને મહાત

કરવા માટે અમારા પ્રયત્નો પણ ચાલુ જ હતા. ચોરને જીવતો પકડી લેવા માટે અમે સૌએ અથાગ પ્રયત્નો કર્યા. જ્યાં જ્યાં શંકા પડી તે તે જગ્યાઓ પર નજર રાખી. ખૂબ જ તકેદારીથી વ્યવસ્થાનું કાર્ય ચાલતું હતું પણ મહારાજ દિલગીરી સાથે જણાવવું પડે છે કે એ અદશ્ય જણાતા ચોરનો કોઈ અણસાર પણ નજરે ન ચઢ્યો...'

'શું તમે પોતે ચોરને પકડવાની વ્યવસ્થા કરી હતી ?' રાજાએ આશ્ચર્ય સાથે પૂછ્યું.

'હા...મહારાજ. મહાજન આ પ્રશ્ને વ્યવસ્થા સંભાળી રહ્યું હતું. પ્રજાને પોતાની કીંમતી ચીજવસ્તુઓ ગુપ્ત સ્થાને રાખવાનું સૂચન કરવામાં આવેલ હતું. પ્રજાએ અમારી વાતનો સુંદર પ્રતીસાદ આપ્યો લોકો પોતાની ચીજવસ્તુઓ ગોઠવવા માંડયા. પણ બીજા દિવસે ગોઠવેલી ચીજવસ્તુઓ ગાયબ થયેલી જ હોય. કોઈને કશી જાણ પણ થતી નથી કે ચોર કઈ રીતે આવે છે અને કઈ રીતે ચોરી કરીને સિફતપૂર્વક ચાલ્યો જાય છે!' ધનેશ્વર શેઠે કહ્યું.

'શું વાત કરો છો ધનેશ્વર શેઠ ?' મહારાજાએ આશ્ચર્ય સાથે કહ્યું.

'હા...મહારાજ, આમને આમ એક-બે દિવસ નહિ પણ પંદર દિવસના વહાણા પસાર થઈ ગયા. અમે ચોરને પકડી પાડવા અથાગ પ્રયત્નો કર્યા પણ સત્ય એ છે કે હજુ અમને ચોરને મ્હાત કરવામાં સફળતા મળી નથી. આથી મહાજને વિચાર્યું કે હવે આ વાત મહારાજના કાને ધરવી જોઈએ, આથી અમે મહાજનના પાંચ આગેવાનો આપની પાસે નગરીમાં થતા ચોરીના ઉપદ્રવની વાત કરવા માટે આવ્યા છીએ.'

'ધનેશ્વર શેઠ, આપે અગાઉ આ વાતની જાણ કરી હોત તો આ પ્રશ્નનો ઉકેલ આણી શકાયો હોત...અને પ્રજા પણ ભયમુક્ત બની શકત.'

'મહારાજ, આપની વાત સાચી છે, પરંતુ આ અદૃશ્ય જણાતા તસ્કરને પકડવો સરળ નથી. અમે એને મ્હાત કરવા માટે એકપણ પ્રયત્નો છોડ્યા નથી. અમારો કોઈ પણ ઉપાય કારગત નીવડ્યો નથી. જાણે એવું લાગે છે કે આ અદૃશ્ય ચોર કોઈ માયાવી હોવો જોઈએ અથવા તો કોઈ સિદ્ધ પુરુષ હોવો જોઈએ અથવા તો તે કોઈ માંત્રિક હોવો જોઈએ. એવું પણ જણાય છે કે તે કોઈ વિદ્યાના સહારે ચોરીનું કાર્ય આસાનીથી પાર પાડી શકે છે. એવી પણ શંકા કરી શકાય કે આ ચોર પાસે અદૃશ્ય થવાનું અંજન પણ હોય. એ અંજન આંખમાં આંજીને અદૃશ્ય થઈને ચોરી કરતો હોય... પરંતુ એટલું ચોક્કસ છે કે આ ચોર કોઈ વિશિષ્ટ શક્તિના જોરે જ ચોરી કરે છે...' ધનેશ્વર શેઠે જણાવ્યું.

ધનેશ્વર શેઠની આ વાતમાં અન્ય ચાર આગેવાનોએ પોતાનો સૂર પૂરાવ્યો.

મહારાજા રામચંદ્રે કહ્યું : 'ધનેશ્વર શેઠ, આપની વાત પરથી જણાય છે કે ચોર ઘણો ચતુર અને કાબેલ છે પણ પ્રજાના હિત માટે ગમે તે રીતે તે ચોરનો પકડવો આવશ્યક છે. તેની ઉપેક્ષા તો સેવાય જ નહિને...!'

'મહારાજ, જ્યારે આરામથી ચોરને પકડવાનું મુશ્કેલ બન્યું એટલે જ અમે આ વાત કરવા અત્રે ઉપસ્થિત થયા છીએ.' ધનેશ્વર શેઠે કહ્યું.

મહારાજ બોલ્યા : 'ધનેશ્વર શેઠ, આપ સૌ અહીં આવીને મને જાણ કરી તે સારું કામ કર્યું છે. હવે આપણે સૌએ આ પ્રશ્નનો ઉકેલ આણવો પડશે. ચોરને ગમે તે રીતે સાણસામાં લેવો પડશે. પ્રજાને ભયના પંજામાંથી મુક્ત કરવી પડશે. ચોરને ઝડપી લેવાનું કાર્ય વિનાવિલંબે હાથ ધરવાનું રહેશે. આ માટે સંપૂર્ણ કાર્યશક્તિને કોડયમાં મૂકવી પડશે.'

રાજસભામાં દરેક સભાજનો શાંતિથી મહારાજા અને ધનેશ્વર શેઠ વચ્ચે થતો સંવાદ સાંભળી રહ્યા હતા. મહારાજાએ કોઈ પણ રીતે ચોરને પકડી પાડવાની વાત કરી ત્યારે સભાજનોએ મહારાજાની વાતને વધાવી લીધી.

આ પ્રસંગે મહામંત્રીએ કહ્યું : 'મહારાજ, આપની વાત સત્ય છે. નગરીમાં ચોરીનો ઉપદ્રવ મચાવીને પ્રજાને રંજાડી રહેલા ચોરને કોઈ પણ હિસાબે પકડવો જોઈએ. મહારાજ, મારી એક વિનંતી છે કે આ અંગે આવતીકાલે ખાસ બેઠક બોલાવવામાં આવે અને ચોરને કઈ રીતે સંકજામાં લેવો તેની ચર્ચા કરવામાં આવે. જો ચતુરાઈથી આગળ વધીશું તો ચોક્કસ ચોર પકડાઈ જશે.'

ધનેશ્વર શેઠે કહ્યું : 'મહારાજ, મહામંત્રીશ્રીની વાત સાચી છે. આવતીકાલે એક બેઠક નક્કી કરીને આ પ્રશ્નની ચર્ચા કરવામાં આવશે તો વિવિધ મંતવ્યો પણ જાણવા મળશે.'

મહારાજા રામચંદ્રે કહ્યું : 'એમ જ થશે. આવતીકાલે ચોરીના ઉપદ્રવ અને ચોર અંગેની મંત્રણા કરવામાં આવશે. આ માટે નગરીના મુખ્ય આગેવાનોને હાજર રહેવાનું ફરમાન આપવામાં આવશે.

મહારાજાએ સેનાપતિની સામે જોઈને કહ્યું : 'સેનાપતિજી, આજની રાત નગરીમાં પહેરો બરાબર ગોઠવી દો અને લોકો સાબદા થઈને રાત પસાર કરે તેની સૂચના આપી દો.'

સેનાપતિએ કહ્યું : 'મહારાજ, આપની સૂચના પ્રમાણે જ થશે...

એમ જ થયું.

રાત પસાર થઈ ગઈ.

સેનાપતિની રક્ષણ વ્યવસ્થા અપૂર્વ હોવા છતાં નગરીના એક શ્રેષ્ઠીને ત્યાં ચોરી થઈ. ચોરે તેના કોઈ પણ સગડ મૂક્યા નહોતા.

સેનાપતિએ તે શ્રેષ્ઠીની હવેલીમાં જઈને ચોર કંઈ ભૂલી ગયો

છે. કોઈ સગડ મૂકી ગયો છે તેની બારીકાઈથી તપાસ કરી પણ તેમાં નિષ્ફળતા મળી.

આજ ચોરને પકડવા માટે ખાસ મંત્રણા રાજસભાના ખંડમાં થવાની હતી. આ પ્રસંગે નગરીના અગ્રગણ્ય નાગરિકો ઉપસ્થિત રહેવાના હતા. દરેક અગ્રગણ્ય નાગરિકોને આજની ખાસ સભામાં ઉપસ્થિત રહેવા માટેના નિયંત્રણો મોકલાઈ ગયા હતા.

સૌના મનમાં એક જ પ્રશ્ન રમતો હતો કે રાજા ચોરીના ઉપદ્રવનો પ્રશ્ન શી રીતે હલ કરશે? શું ચોર પકડાશે? શું થશે વગેરે જાતના વિવિધ પ્રશ્નો અરસપરસ લોકો કરતા હતા.

## ૪ : : ચર્ચાસભા

એ દિવસે રાજસભાની કાર્યવાહી સમાપ્ત કરીને બીજે દિવસે નગરીના અગ્રણીઓને ખાસ મંત્રણા વખતે હાજર રહેવાની સૂચના અપાઈ ગઈ હતી.

આ તરફ મહારાજા, મહાદેવી તથા રાજકુમાર સુમતિ રાજભવન પર આવ્યા. ત્રણેય સીધા અતિથિખંડમાં આવ્યા.

મહારાજા, મહાદેવી તથા રાજકુમાર સુમતિએ સ્થાન ગ્રહણ કર્યું.

મહાદેવી શ્રીમતીએ ગંભીર સ્વરે જણાવ્યું : 'સ્વામી, ચોરીના ઉપદ્રવની ફરિયાદ પંદર દિવસે જાણવા મળી. એક રીતે તો મહાજને આ વાત ન કરીને અક્ષમ્ય ભૂલ કરી છે.'

મહારાજા બોલ્યા : 'પ્રિયે, ધનેશ્વર શેઠ તથા નગરીના અન્ય આગેવાનોનું સ્પષ્ટ રીતે કહેવું હતું કે જો મહાજનથી આ પ્રશ્નનો ઉકેલ આવી જાય તો રાજાને ચિંતા સોંપવી નથી. મહાજને ભૂલ કરી હોય એવું મને લાગતું નથી. પરંતુ મહાજને રાજાની પણ ફિકર કરી છે.'

'સ્વામી, મહાજનની ભાવના શુદ્ધ હશે એમાં કોઈ શંકાને સ્થાન નથી પરંતુ ચોરીના ઉપદ્રવની ફરિયાદ શરૂઆતમાં થઈ હોત તો કંઈક ઉકેલ શોધી શકાયો હોત...' રાણી શ્રીમતીએ સહજ

સ્વરે કહ્યું.

'પ્રિયે, હવે એવી ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. આપણે એ વાતનો વિચાર કરવાનો છે કે ચોર કેમ હસ્તગત થતો નથી. ચોરને પકડીને પ્રજાને ભયમુક્ત કરવી એ જ વાતનો વિચાર કરવો જોઈએ.'

અત્યાર સુધી શાંત રહેલો રાજકુમાર સુમતિએ કહ્યું: 'પિતાજી, આપની વાત સત્ય છે. આપણે તો ચોરને કઈ રીતે મહાત કરવો તે અંગેનો વિચાર કરવો જોઈએ. મારી તો કોઈ કલ્પનામાં આવતું નથી કે એ ચોર શી રીતે ચોરી કરતો હશે? મહાજનના કહેવા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી પ્રજા સજાગ બનીને ચોરને પકડી પાડવા કટિબદ્ધ બની હતી છતાં ચોર ક્યારે આવે છે અને ક્યારે ચોરી કરીને ચાલ્યો જાય છે તેની કલ્પના થઈ શકતી નથી.'

રાજાએ કહ્યું: 'તારી વાત સાચી છે. ભારે આપત્તિજનક પરિસ્થિતિ છે. આ પ્રશ્નના ઉકેલ માટે શું કરવું એની સૂઝ પડતી નથી.'

મહાદેવીએ કહ્યું: 'આવતી કાલે મંત્રણા ગોઠવી છે એટલે તેમાંથી જ કોઈ ઉકેલ મળી જશે.'

મહારાજા રામચંદ્રે કહ્યું: આજની રાત આપણા મહાસેનાપતિ રક્ષણની વ્યવસ્થા ગોઠવશે. આજે સખ્ત પહેરો નગરીમાં ગોઠવાશે. એક ચકલુંય ન ફરકી શકે એવી મજબૂત રક્ષણ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. મને આશા છે કે સેનાપતિ ચોરને આબાદ રીતે ઝડપી લેશે.'

રાજકુમારે કહ્યું: 'પિતાજી, સેનાપતિથી ચોર ન ઝડપાયો તો?'

'તો પછી આવતી કાલે મંત્રણા તો કરવાની જ છે.' રાજા રામચંદ્રે જણાવ્યું.

ત્રણેય ચોરીના ઉપદ્રવ અંગેની ચર્ચા કરી રહ્યા હતા. થોડી

વાર સુધી આ ચર્ચા ચાલુ રહી પછી ત્રણેય ભોજન અર્થે ભોજન કક્ષમાં ગયા. ભોજનકાર્યથી નિવૃત્ત થઈને વિશ્રામ ખંડમાં આવ્યા.

ત્યાં એક સેવક આવ્યો અને મહારાજાને નમન કરીને કહ્યું : 'મહારાજ, મહામંત્રી આવ્યા છે આપને મળવાની ભાવના સેવે છે.'

'મહામંત્રીને સન્માન સહિત અહીં લઈ આવ...' રાજા રામચંદ્રે પરિચારકને જણાવ્યું.

સેવક મહારાજાને નમન કરીને વિદાય થયો.

થોડી વારમાં મહામંત્રી વિશ્રામ ખંડમાં આવ્યા. મહારાજાને કુશળ પૂછીને એક સ્થાન ગ્રહણ કર્યું.

મહામંત્રીએ મહારાજાની સામે જોઈને કહ્યું : 'મહારાજ, ચોરીના ઉપદ્રવનો પ્રશ્ન ઘણો વિકટ છે,'

'મહામંત્રી, અમે એ ચોરના સંબંધી ચર્ચા કરતા હતા પણ એ ચોરને કોઈ પણ રીતે પકડવો પડશે અને પ્રજાને ભયમુક્ત કરવી પડશે.'

'મહારાજ, મને માહિતી મળી તે મુજબ તે ચોર અદશ્ય રહે છે એને પકડવો આસાન નથી.'

'મહામંત્રીશ્વર, એ હકીકતથી હું વાકેફ છું પણ આપણે નિરાશામાં જ જીવ્યા કરશું તો સરળતા શી રીતે મળે ? ચોર ચોરી કરવા આવે ત્યારે કંઈક તો સગડ મૂકી જાય. આ અંગે બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે તો જ સફળતાને પામી શકીશું.'

'મહારાજ, આપની વાત સત્ય છે. આવતી કાલે મંત્રણામાં આ પ્રશ્ન અંગે વિવિધ નગરજનોના અભિપ્રાય લેશું અને કદાચ તેમાંથી જ કોઈ ઉકેલ મળી આવે...' મહામંત્રીએ જણાવ્યું.

મહામંત્રીએ થોડી વાર સુધી મહારાજા સાથે ચોરીના ઉપદ્રવ, રક્ષણવ્યવસ્થા અંગે ચર્ચા કરી.

બીજે દિવસે રાજસભામાં અગ્રણી નાગરિકોની વચ્ચે મહારાજાએ

ચોરીના ઉપદ્રવને નષ્ટ કરવાની અને ચોરને પકડવાની ચર્ચા શરૂ કરી. આજના આ મહત્ત્વના પ્રસંગે મહારાણી શ્રીમતીદેવી અને રાજકુમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજસભામાં ધીમો ગણગણાટ ચાલુ હતો. ચોર અને ચોરીના ઉપદ્રવ સંબંધીત સર્વ સમાજનો ચર્ચા કરી રહ્યાં હતાં.

મહારાજા રામચંદ્રે મહામંત્રીએ ઉદ્બોધન કરવાનું સૂચન કર્યું.

મહારાજા રામચંદ્રની આજ્ઞા મળતાં મહામંત્રીએ તેમના સ્થાનેથી ઊભા થઈ ને કહ્યું : ' પ્રજાવત્સલ રાજવી મહારાજાધિરાજ રામચંદ્રજી મહારાજ, મહાદેવી શ્રીમતીદેવી, યુવરાજકુમારશ્રી તથા અત્રે ઉપસ્થિત રહેલા. સભાજનો આજની વિશેષ સભામાં ચોર અને ચોરીના ઉપદ્રવની ચર્ચા કરવામાં આવનાર છે. અદૃશ્ય જણાતા ચોરે રાજ્ય પર ભયનું આતંક ફેલાવ્યું છે. પ્રજા ભયના ભાર નીચે જીવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ચોરે ચોરી કરવામાં માઝા મૂકી છે. નગરીના મહાજને ચોરને પકડી પાડવા માટે ખૂબ પરિશ્રમ કર્યો પણ ચોર દર વખતે આબાદ રીતે છટકી જતો હતો. આશ્ચર્યની વાત તો એ છે કે ચોર ચોરી કરી જાય છતાં તેના કોઈ સગડ મૂકતો નથી. આ કારણે ચોરને પકડવો મુશ્કેલ બની જાય. એ વાત સ્વાભાવિક છે. નગરીના મહાજને ચોરને પકડવા માટે પોતાની રીતે પ્રયત્નો કર્યા છે પણ છેવટે નિરાશા સાંપડી ત્યારે જ તેઓ મહારાજાને ચોરીના ઉપદ્રવની વાત કરવા આવ્યા.ચોરીના ઉપદ્રવનો પ્રશ્ન ઘણો ગંભીર છે. આપણા મહારાજા પણ આ વાત સાંભળવાથી ચિંતિત બની ઊઠ્યા છે. પ્રજાના દુઃખને તેઓ પોતાનું દુઃખ સમજે છે. પ્રજાની પીડાને તેઓ પોતાની પીડા સમજે છે. મહારાજ ગઈ કાલે સૂઈ પણ શક્યા નથી. ચોરને શી રીતે પકડવો તે જ પ્રશ્ન તેમના હૈયાને પીડી રહ્યો છે. આજની સભામાં ચોરને કઈ રીતે નાથી શકાય તે અંગેની વિચારણા કરવામાં

આવશે અને દરેકના મંતવ્ય પર ધ્યાન આપવામાં આવશે.'

આટલું કહીને મહામંત્રી તેમના આસન પર બેસી ગયા.

મહારાજાએ મહાસેનાપતિ સામે જોઈને કહ્યું : 'મહાસેનાપતિ ગઈ કાલે આપે નગરીના રક્ષણની વ્યવસ્થાનો ભાર લીધો હતો. હવે તે બારામાં આપની વાત સભાજનોને કહી સંભળાવો.'

મહાસેનાપતિ તેના આસન પરથી ઊભા થયા અને કહ્યું : 'મહારાજાધિરાજ, ગઈ કાલે આપશ્રીની આજ્ઞા અનુસાર નગરીના રક્ષણ માટેની મજબૂત વ્યવસ્થા કરી હતી. રાજમાર્ગો પર, નગરીના દરેક દ્વારો પર રક્ષકોની ટુકડી મૂકવામાં આવી હતી. આખી રાત હું પણ રક્ષણ વ્યવસ્થામાં કોઈ કચાશ રહી જતી નથીને! તે જોવા નીકળી પડચો હતો. આપણા રાજ્ય પર ચોરીનો મહા-ઉપદ્રવ છે તેથી શાંત બેસી રહેવું પાલવે જ નહિ. મેં દરેક રક્ષકોને સજાગ અને સભાન રહેવાની કડક સૂચના આપી હતી. રક્ષકોએ પોતાની જવાબદારી બરાબર નિભાવતા હતા. ટૂંકમાં જણાવું તો ગઈ કાલે ગોઠવેલી વ્યવસ્થા ખૂબ જ ચુસ્ત અને મજબૂત હતી. ચકલુંય ન ફરકી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી...'

થોડી વાર અટકીને મહાસેનાપતિએ કહ્યું : 'મહારાજશ્રી, મને તો એવું લાગે છે કે આવી સાવચેતીના કારણે જ આજે ચોરભાઈએ પોતાનું પરાક્રમ દાખવ્યું નથી. છેલ્લા પંદર દિવસથી તે ચોર ઉજાગરા કરતો રહ્યો છે તેથી ગઈ કાલે વિશ્રામ કર્યો હોવાનું જણાય છે. હું ખાત્રીપૂર્વક જણાવી શકું કે ગઈ કાલની રાત ઉપદ્રવ વિહોણી અને શાંતિથી પસાર થઈ હશે...'

એક સભાજને કહ્યું : 'આવો મજબૂત અને સખ્ત પહેરો હોય તો ચોર ચોરી કરવા શી રીતે આવે? તેની હિંમત પણ કેમ થાય?'

નગરીના એક અગ્રણી શ્રેષ્ઠીએ કહ્યું : ‘ મહાસેનાપતિજી, ગઈકાલ જેવો જ મજબૂત પહેરો હોય તો ચોરીનો ઉપદ્રવ રહેશે જ નહિ.’

મહામંત્રીએ પણ પોતાનું મંતવ્ય આપ્યું : ‘ થોડા દિવસો માટે આ પ્રકારની વ્યવસ્થા કરવી જરૂરી છે.’

ત્યાં તો ધનેશ્વર શેઠે ઊભા થઈને કહ્યું : ‘ મહારાજ, મારે પણ કંઈક કહેવું છે. ’

મહારાજા રામચંદ્રે કહ્યું : ‘ ધનેશ્વર શેઠ, આપ વિનાસંકોચે કહી શકો છો. ’

‘ મહારાજ, સેનાપતિજીના શબ્દોમાં ચોરી ગઈકાલે રાતે થઈ જ નથી તેવો સૂર સાંભળવા મળતો નથી. એ વાત સાચી છે કે ગઈકાલની રક્ષણ વ્યવસ્થા સખ્ત હતી પણ એનો અર્થ એવો નથી કે ચોરી થઈ જ ન હોય. રાત્રી બાદ તપાસ કરાવવામાં આવી છે કે ચોરી થઈ નથી ? આ અંગેની કોઈ કાર્યવાહી થઈ છે ખરી ? ગઈકાલની રાત હેમખેમ પસાર થઈ છે ? આ પ્રશ્નોના જવાબ નથી. ’

મહારાજા રામચંદ્રે ધનેશ્વર શેઠની વાતમાં પોતાનો સૂર પૂરાવતાં કહ્યું : ‘ શેઠજી, તમારી વાત જરૂર વિચારવા જેવી છે. ગઈકાલ રાતનો પહેરો સખ્ત અને મજબૂત હતો એ વાત સાચી છે પરંતુ ચોરી થઈ નથી એની તપાસ કરવી જરૂરી છે. જો ગઈ રાતે ચોરી ન થઈ હોય તો આ રીતે થોડા દિવસો માટે પહેરો ચાલુ જ રાખવો જોઈએ. કદાચ એવું પણ બને કે ચોર આજના સખ્ત પહેરાના કારણે ચોરી કરવા આવ્યો ન હોય કે નીકળ્યો ન હોય. આવો કડક પહેરો થોડા દિવસો માટે ચાલુ રાખી શકીએ પણ પછી શું ? પહેરો અને પ્રજાજનોની સજાગતા કાયમ માટે તો ન જ હોઈ શકે ને! રાજ્ય પર કોઈ દુશ્મન હલ્લો કરવાનો પ્રયત્ન કરે ત્યારે તે પ્રશ્ન મહત્ત્વનો બની જાય અને આ પ્રશ્ન ગૌણ બને. ત્યારે ચોર ફરીને પોતાના કાર્યમાં ગુંથાઈ જાય આ કંઈ ઉકેલ નથી.

સાચો ઉકેલ તો ચોરને પકડવામાં જ છે. ચોર પકડાઈ જાય ત્યારે જ નગરજનોના હૈયામાં ઝળુંબતો ભય નષ્ટ પામે અને પ્રજા શાંતિનો શ્વાસ લઈ શકે.'

ધનેશ્વર શેઠે મહારાજાની વાતને પૂરો ટેકો આપતાં જણાવ્યું : 'મહારાજાની વાત સાથે હું પૂર્ણ સહમત છું.'

મહાસેનાપતિ તેમના સ્થાન પરથી ઊભા થયા અને સભાજનોની સામે એક દૃષ્ટિપાત કરીને કહ્યું : 'સભાજનો, મહારાજશ્રીની વાત સાચી છે. ચોરને હસ્તગત કરવો જરૂરી છે. જો ચોર જ પકડાઈ જાય તો ચોરીનો ભય જ ન રહે. આપણા રાજ્યમાં કોઈ ચોરે આ રીતે ચોરી કરવાની આજ દિવસ સુધી હિંમત કરી નથી. છેલ્લા કેટલાક દિવસોથી ચોરે ચોરી કરીને જે આંતક ફેલાવ્યો છે તે આપણા સૌ માટે પડકારરૂપ છે. ગઈકાલે પહેરાની વ્યવસ્થા સર્વોત્તમ રીતે ગોઠવાયેલી હતી. દરેક માર્ગો પર મજબૂત પહેરો મૂકવામાં આવ્યો હતો. અજાણ્યા માણસની ઝડતી લેવામાં આવે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. પણ મારા ધ્યાન પ્રમાણે ગઈકાલે એવો કોઈ બનાવ બનવા પામ્યો નહોતો છતાંય ગઈ રાતે કોઈ ઘટના બની હોય તો રાજસભામાં આગળ આવીને જણાવવાની તસ્દી લે...'

મહામંત્રીએ પણ કહ્યું : 'સભાજનો, સેનાપતિજીએ જે વાત કરી છે તેના અનુસંધાનમાં કોઈ ઘટના ગઈ રાતે બની છે ?'

સભાજનો અરસપરસ વાતો કરવા લાગ્યા.

રાજસભામાં કોલાહલ થયો.

દરેક એકબીજા સામે જોવા લાગ્યા....

થોડી વાર સુધી વાતાવરણ કોલાહલભર્યું બની ઊઠ્યું. કોઈ ઊઠીને આગળ આવ્યું નહિ.

આથી મહારાજા, મહામંત્રી અને સેનાપતિ પ્રસન્ન બન્યા. સૌને એમ થવા લાગ્યું કે ગઈરાત ચોરીના બનાવ વિના શાંતિથી પસાર થઈ છે.

ત્યાં રાજસભાના મુખ્ય દ્વાર પાસે હાંફતો હાંફતો એક શ્રેષ્ઠી દોડ્યો આવ્યો.

સૌની દૃષ્ટિ તે શ્રેષ્ઠી પર પડી.

શ્રેષ્ઠી સીધો રાજસભાની મધ્યમાં આવીને ઊભો રહ્યો.

મહારાજાએ તે શ્રેષ્ઠીને પૂછ્યું : 'આપ તો સુભદ્ર શેઠ જ ને ?'

'હા, મહારાજ.' સુભદ્ર શેઠે કહ્યું.

'આમ હાંફતા હાંફતા કેમ આવ્યા ? શું કંઈ થયું છે ?' મહારાજાએ પ્રશ્ન કર્યો.

'હા...મહારાજ, આજે ચોર મારે ત્યાં આવ્યો હતો અને ચોરી કરીને પલાયન થઈ ગયો...સારી એવી સંપત્તિ ઉપાડી ગયો...'

સેનાપતિ કહે, 'અરે, સુભદ્રશેઠ, શું વાત કરો છો ? આપને ત્યાં ગઈ રાતે ચોરી થઈ ?'

'હા.. હા... ચોરી થઈ એ કારણે મને અહીં આવવામાં વિલંબ થયો.'

'પણ તમારા ભવનની ચારે તરફ તો રક્ષકો ગોઠવાયેલા હતા ને !'

'સાચી વાત છે. રાતના બે-ત્રણ વાર ભવન બહાર જઈને જોયું તો રક્ષકો તેમની ફરજ નિષ્ઠાથી બજાવી રહ્યા હતા.' સુભદ્ર શેઠે કહ્યું.

સેનાપતિએ સુભદ્ર શેઠની સામે જોઈને કહ્યું : 'શેઠજી, તમને ચોરી થઈ તેની જાણ ક્યારે થઈ?'

'જ્યારે પ્રાતઃકાળ થયો ત્યારે...રક્ષકોની નિષ્ઠાપૂર્વકની ફરજ જોઈને મને સંતોષ થયો. આથી હું નિરાંતે નિદ્રા માણી રહ્યો હતો. મને થયું કે આજની રાત તો સૌ શાંતિથી નિદ્રા માણી શકશે.'

મહારાજાએ સુભદ્ર શેઠને ગઈ રાતે બની ગયેલી ઘટનાનો ચિતાર રાજસભામાં જણાવવા કહ્યું.

સુભદ્ર શેઠે પોતાના ભવનમાં ગઈ રાતે બનેલી ઘટનાની રાજસભાને જાણ કરતાં કહ્યું : 'મહારાજાધિરાજ, જ્યારે મને એવું લાગ્યું કે રાજ્યની રક્ષણ વ્યવસ્થા સખ્ત છે. અને રક્ષકોની નિષ્ઠાભરી ફરજ પણ દાદ માગી લે તેવી છે ત્યારે મેં ઘણા દિવસો પછી નિરાંતની નિદ્રા માણી. પ્રાતઃકાળે હું જાગૃત થઈને સામાયિક કરવા બેઠો. સામાયિક પૂરું કર્યું ત્યાં મારો મોટો પુત્ર મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે ચોર આપણા ભવનમાં આવીને ચોરી કરી ગયો છે. મને ફાળ પડી. તરત જ હું મારા પુત્ર સાથે જ્યાં તિજોરી રાખવામાં આવે છે તે ખંડમાં ગયો અને જોયું તો તિજોરી સાવ ખુલ્લી પડી હતી. અંદરથી તમામ કીમતી ઘરેણા, સુવર્ણના અલંકારો તથા રોકડ રકમ ગાયબ હતી. હું તરત જ તૈયાર થઈને અહીં આવવા માટે નીકળ્યો. રાજસભામાં આવ્યો ત્યારે ચર્ચા ચાલુ જ હતી...'

સુભદ્ર શેઠે ઘટનાની વિગત જણાવી દીધી.

ચર્ચાસભામાં એકત્રિત થયેલા સૌ કોઈ સભાજન મૌન બનીને બેસી રહ્યાં.

દરેકના હૈયામાં એક જ વિચાર રમી રહ્યો હતો. ખરેખર ચોર ખૂબ જ કાબેલ હોવો જોઈએ. મહાસેનાપતિની રક્ષણ

વ્યવસ્થા ભેદીને તે ચોરે પોતાની શક્તિનું પ્રદર્શન કરી દીધું.

મહારાજા, મહાદેવી યુવરાજ સુમતિકુમાર, મહામંત્રી તેમજ મહાસેનાપતિ આશ્ચર્યમાં ગરકાવ બની ગયા.

સુભદ્ર શેઠની વાત જાણીને સેનાપતિ થોડી વાર પૂરતાં તો ક્ષોભ પામી ઊઠયા.

સેનાપતિએ જરા હિંમત કેળવીને સુભદ્ર શેઠને કહ્યું : 'શેઠજી, ચોર તમારા ભવનમાં શી રીતે આવ્યો? દીવાલમાં ગાબડું પાડયું હશેને...!'

સુભદ્ર શેઠે કહ્યું, 'સેનાપતિજી, ભવનને કશું નુકસાન થયું જ નથી. કયાંય ગાબડું પણ પડેલું નથી. તેમજ તેના કોઈ નિશાન પણ નથી. નવાઈની વાત એ છે કે ચોર અમારા ખંડને વટીને તિજોરીવાળા ખંડમાં ગયો છે. કારણકે હું તથા મારા પુત્રો તિજોરીવાળા ખંડની બાજુના ખંડમાં જ સૂતા હતા.'

'ઓહ...ચોરે તિજોરી ખોલવા માટે કુંચીનો ઉપયોગ કર્યો હશે. અથવા તો તિજોરીને તોડવી પડી હશે કે પછી એમને એમ તિજોરી ચોરે ખોલી છે?' સેનાપતિએ બીજો પ્રશ્ન કર્યો.

રાજસભામાં દરેક સભાજનો સેનાપતિ અને સુભદ્ર શેઠ વચ્ચે ચાલી રહેલી વાતચીતને શાંતિથી સાંભળી રહ્યાં હતાં.

સુભદ્ર શેઠે સેનાપતિના પ્રશ્નમાં આશ્ચર્ય વ્યક્ત કરતાં જણાવ્યું: 'સેનાપતિજી, એમાં પણ આશ્ચર્યનો અમને અનુભવ થયો છે. કારણ કે તિજોરીની ચાવી હું અને મારો મોટો પુત્ર બન્ને જણાં જ જાણીએ છીએ. અને એ ચાવી એવા ગુપ્ત સ્થાને મૂકી છે કે કોઈ ને ખ્યાલ જ ન આવે. મારા માનવા મુજબ ચોરે તે ચાવીનો ઉપયોગ કર્યો છે. કારણકે ખંડમાં તિજોરીની બાજુમાં જ એ ચાવી પડી હતી.'

મહાસેનાપતિ વિચારમાં પડી ગયા તેમને થયું કે ચોર ખરેખર

કોઈ માયાવી જ હોવો જોઈએ.

થોડી વાર માટે રાજસભાના દરેક સભ્યો સ્તબ્ધ બની ગયા.

મહામંત્રીએ ગંભીર સ્વરે મહારાજા રામચંદ્ર સામે જોઈ ને કહ્યું : 'મહારાજ, આપણી નગરી પર ઘણી વિકટ સમસ્યા ઉત્પન્ન થઈ છે.'

'મંત્રીશ્વર, તમારી વાત સાચી છે. આજની સભામાં આ સમસ્યાનું નિરાકરણ લાવ્યા વગર છૂટકો નથી. એ માયાવી જણાતાં ચોરને પકડી પાડવો એ જ સમસ્યાનો ઉકેલ છે. છેલ્લા કેટલાય દિવસોથી નગરીના લોકોને પીડા આપી રહેલા પ્રશ્નનો ઉકેલ લાવવો અત્યંત આવશ્યક છે.'

'મહારાજ, ચોરને પકડી પાડવો જરૂરી છે એમાં તો સૌ સહમત છે પણ આ ચોરને કોઈ જોઈ શકતું નથી. જ્યાં સુધી ચોરનું રૂપ જોવા ન મળે ત્યાં સુધી પકડવો શી રીતે ?' મહામંત્રી બોલ્યા.

'ખરેખર ગંભીર સમસ્યા પેદા થઈ છે. સેનાપતિ, તમે શું કહેવા માગો છો ?'

'મહારાજ, છેલ્લા કેટલાય દિવસોથી નગરજનોની નિદ્રામાં હસ્તક્ષેપ કરનાર આ ચોરે પોતાની કલાથી લોકોને પરેશાન કરી મૂકયા છે. આ ચોર કોઈ સામાન્ય તસ્કર નથી પણ કોઈ માયાવી જ વ્યક્તિ હોવાનું સમજાય છે. મહારાજ, ગઈ રાતે તો નગરીની રક્ષણ વ્યવસ્થા એટલી સજ્જડ હતી કે ચકલુંય ફરકી ન શકે. ગમે તેવો ખતરનાક ચોર હોય પણ તે ગઈ રાતની રક્ષણ વ્યવસ્થામાંથી બચી જ ન શકે. મહારાજ, મારી ધારણા મુજબ આ સામાન્ય કોટિનો ચોર નથી પણ એ ચોર પાસે જરૂર એવી કોઈ વિદ્યા હોવી જોઈએ કે જેના દ્વારા તે અદશ્ય રહી શકતો હોવો જોઈએ. આ ચોર અદશ્ય રહીને જ પોતાનું કાર્ય કરે છે તે શંકા વગરની

વાત છે. બાકી દશ્ય વ્યક્તિ માટે ગઈ રાતે ચોરી કરવી તે સંભવિત હતી જ નહિ.'

ધનેશ્વર શેઠે સેનાપતિની વાતમાં પોતાનો સૂર પૂરાવતાં કહ્યું : 'મહારાજ, સેનાપતિની વાત તથ્ય છે. ગઈ રાતે સમગ્ર નગરીમાં રક્ષણની વ્યવસ્થા સજ્જડ હતી. દરેક ભવનો દરેક ચોક, રાજમાર્ગો, નાના માર્ગો, નગરીના દ્વારો વગેરે સ્થળો પર રક્ષકોની ટુકડી સજાગ રહીને પોતાનુ કર્તવ્ય બજાવતી હતી.'

રાજસભામાં ચર્ચાનો દોર ચાલી રહ્યો હતો. સભાજનો રસપૂર્વક ચર્ચાની કાર્યવાહી નિહાળી રહ્યા હતા.

મહારાજાએ મુદ્દાની વાત કરતાં જણાવ્યું : 'સેનાપતિજી, હવે આ પ્રશ્નનો નિવેડો શી રીતે લાવવો જોઈએ ? તે અંગેની ચર્ચા શરૂ કરવી વધારે વ્યાજબી લાગે છે.'

'મહારાજ, આ પ્રશ્ન અંગે આપ જ કંઈક માર્ગદર્શન આપો. હું આપની દરેક આજ્ઞાને આધીન છું. આપ મને જે આજ્ઞા ફરમાવશો તે રીતે કાર્યવાહી કરવામાં આવશે.' સેનાપતિએ વિનમ્ર સ્વરે કહ્યું

સેનાપતિનો ઉત્તર સાંભળીને મહારાજા બોલ્યા : 'ખરેખર આ મુંઝવણ ઊભી કરે તેવો પ્રશ્ન છે.'

સમગ્ર સભા શાંત થઈને રસપ્રદ ચર્ચા સાંભળી રહી હતી. સૌના મનમાં પ્રશ્ન ઊપસી આવ્યો હતો કે શું ચોર કોઈ માયાવી હશે ? શું વ્યંતર હશે ? ચોર કેવો હશે ?

મહારાજા વિચારતંદ્રામાં ગરકાવ બન્યા.

મહાદેવી પણ વિચારોના વમળમાં ગુંચવાઈ ગયા.

મહામંત્રી પણ વિચારોના ઝરુખે ઊભા રહ્યા.

લગભગ અર્ધ ઘટિકા આ રીતે જ પસાર થઈ ગઈ. કોઈની પાસે ચોરને પકડવાનો ઉપાય નહોતો. ચોર દશ્ય હોય તો પકડી

શકાય પણ અદૃશ્ય ચોરને શી રીતે પકડવો ? આ પ્રશ્ન સૌના હૈયે રમતો હતો.

ચોરને પકડવામાં કઈ શક્તિ કામે લગાડવી જોઈએ તેની કોઈને સુઝ પડતી નથી.

મહારાજા રામચંદ્ર તેમના સિંહાસન પરથી ઊભા થયા અને સમગ્ર રાજસભા તરફ દૃષ્ટિપાત કરીને કહેવા લાગ્યા : 'પ્રિય નગરજનો, છેલ્લા કેટલાય દિવસોથી નગરી પર અદૃશ્ય જણાતા તસ્કરે પોતાનું સામ્રાજ્ય બિછાવ્યું છે. તેના સામ્રાજ્યથી પ્રજા પરેશાન છે. હું પોતે પણ આ ઘટનાથી વ્યથિત થયો છું. ગમે તેમ કરીને ચોરને પકડવો પડશે તે નિઃશંક બાબત છે. પ્રજા પર આવી પડેલી અણધારી આપત્તિને નષ્ટ કરવી એ રાજાનું કર્તવ્ય છે. હું કોઈ પણ ભોગે પ્રજાને પીડા આપી રહેલા મહાદુષ્ટ ચોરને પકડીને જ રહીશ. એ ચોર પકડાશે ત્યારે જ મારા હૈયાને શાંતિ મળશે. આજની ચર્ચાસભામાં સુભદ્ર શેઠની વાત પરથી સહેજે સમજી શકાય છે કે ચોરને પકડવો સરળ નથી. પણ અશક્ય નથી. એ ચોરને ગમે તે ભોગે બંધનગ્રસ્ત કરવામાં આવશે. ચોરને પકડવા માટે કોઈ વીર આગળ આવે અને એ દુષ્ટ ચોરનો બરાબર પીછો કરે અને તેની ભાળ મેળવીને જ જંપે. આ કાર્ય સમૂહમાં થઈ શકે પરંતુ એકલવીર આ કાર્ય કરવા મથશે તો ત્વરિત સફળતા મળી શકશે. અત્યારે રાજસભામાં આપના સૌ સમક્ષ પાનબીડું ફેરવવામાં આવશે અને ચોરને પકડવાનો પડકાર કોઈ વીર ઝીલી લેશે તો નગરી પર આવી પડેલી આપત્તિ નષ્ટ થશે. આ રાજસભામાંથી એવો વીર આગળ આવે કે જેનામાં ધગશ હોય, ચોરને પકડવાની હૈયામાં નેમ હોય. પ્રજાને આપત્તિમાંથી મુક્ત કરવાની ભાવના રમતી હોય, હિંમત હોય, રાજકર્તવ્યની ભાવના હોય તે આગળ આવીને પાનબીડું ધારણ કરે અને મારી મનોકામના પૂર્ણ કરે.'

મહારાજાની જુસ્સાભરી વાણીથી સમગ્ર સભાખંડમાં સ્તબ્ધતા છવાઈ ગઈ.

એક પરિચારક એક પાત્રમાં પાનબીડું લઈને ફરવા લાગ્યો.

સૌ પોતપોતાની દૃષ્ટિ નીચે રાખવા લાગ્યા.

પરિચારક પાનબીડું લઈને દરેકની પાસે જતો હતો પણ કોઈ પાનબીડું સ્વીકારવા રાજી નહોતા. સૌ એમ વિચારતા હતા કે સેનાપતિ પણ મૌન છે ત્યારે આપણે શું કરી શકવાના હતા!

મહારાજાએ થોડી વાર રહીને જુસ્સાભર્યા સ્વરે કહ્યું: 'શું મારી નગરીમાં વીરોની અછત છે? આ સભામાં એવો એક પણ વીર પુરુષ નથી કે જે ચોરની ભાળ મેળવીને રાજા સામે લાવીને મૂકે. પ્રજાને અસહ્ય દુઃખના દાવાનળમાંથી બચાવવા માટે કોઈ વીરલો આગળ આવતો નથી...!'

સભામાં સંપૂર્ણ શાંતિ છવાઈ હતી.

મહારાજની વાણી સાંભળીને કોઈ આગળ ન આવ્યું. મહારાજા સભાજનો તરફ જોઈ રહ્યા. સભાજનો નીચું મસ્તક રાખીને શાંતિથી બેઠા હતા.

મહારાજા રામચંદ્રે કહ્યું: 'ચોરના ભયે સૌ શાંત બનીને બેસી રહ્યા છો. જો સભામાંથી કોઈ આગળ નહિ આવે તો હું જ બીડું ઝડપી લઈશ. કારણ કે રાજા તેની પ્રજાને દુઃખી થતાં જોઈ શકતો નથી. પ્રજાનું રક્ષણ કરવું, પ્રજાનું હિત જોવું તે રાજાની નૈતિક ફરજ અને કર્તવ્ય છે.'

મહારાજની વાણી સાંભળીને સભામાં સૌ સભાજનો સૌ અરસપરસ ચર્ચા કરવા લાગ્યા. રાજસભામાં ગણગણાટ વ્યાપી ગયો.

મહારાજાએ સૌને શાંત પાડતાં કહ્યું: 'સભાજનો, શાંતિ જાળવો. આજે મને પ્રજાની સેવા કરવાનો અમૂલો અવસર સાંપડ્યો છે. મારા હૈયામાં પ્રજા કલ્યાણની જ ભાવના રમે છે અને રમતી

જ રહેશે. પ્રજાને માથે પડેલા દુઃખને કર્તવ્યનિષ્ઠ રાજવી ક્યારેય જોઈ શકતો નથી. ખરેખર મને આજે અણુધારી સેવા કરવાની તક મળી ગઈ છે.'

મહાદેવી શ્રીમતી સ્વામીના શબ્દો સાંભળીને આશ્ચર્યચકિત બની ઊઠયા.

યુવરાજ સુમતિકુમાર તેના સ્થાન પરથી ઊભો થયો અને મહારાજા સામે જોઈ ને કહ્યું : 'પિતાજી, પ્રજા પર આવી પડેલી આપત્તિને દૂર કરવાની તક મને મળે. હું ગમે તે ભોગે ચોરને પકડી પાડીશ.'

'બેટા, આ ચોર કોઈ સામાન્ય કક્ષાનો નથી. આવા મહાદુષ્ટ અને માયાવી ચોરને પકડવો આસાન નથી. મેં રાજસભામાં આ બીડુ ઉઠાવવાની જાહેરાત કરી છે.'

'પિતાજી...પણ ..' યુવરાજ સુમતિકુમાર વિશેષ કંઈ કહે તે પહેલાં મહારાજાએ તેને તેના સ્થાને બેસી જવા જણાવ્યું.

મહામંત્રી મૌન બનીને બેસી રહ્યા હતા.

મહાસેનાપતિ પણ ગડમથલમાં પડયા હતા.

સભાજનો વિચારોના વમળમાં ગુંચવાયા હતા.

મહારાજાએ બુલંદ અવાજે સભાજનો પ્રતિ જોતાં જુસ્સાભરી વાણીમાં કહ્યું : મારા પ્રિય પ્રજાજનો, આપણી નગરીમાં ચોરીનો ઉપદ્રવ સર્જીને ચોરે પોતાની શક્તિ બતાવીને રાજતંત્ર સામે પડકાર કર્યો છે. મહાદુષ્ટ ચોરને ગમે તે રીતે પરાસ્ત કરવો પડશે. અહીં રાજસભામાં એકત્રિત થયેલા સભાજનોની વચ્ચે હું પ્રતિજ્ઞા કરું છું કે...'

મહારાજ આગળ બોલે ત્યાં રાજસભાના મુખ્ય દ્વારેથી એક અવાજ આવ્યો.

'મહારાજ, થોભી જાઓ...'

બોલનાર વ્યક્તિ રાજસભાની વચ્ચે આવી.

મહારાજા કહે : 'કોણ છે? તું તો અચલકુમાર જ છોને...!'

'હા...મહારાજ, હું અચલ જ છું...' અચલકુમારે કહ્યું.

'અચલ, તેં જ મને થોભી જવાનું જણાવ્યું ?' મહારાજે પ્રશ્ન કર્યો.

'હા...મહારાજ, હું પરગામ ગયો હતો. ઘણા દિવસ પછી નગરીમાં આવ્યો છું. આવતાંવેંત આજની રાજસભા અને ચોરીના ઉપદ્રવની વાત સાંભળીને તરત જ અહીં દોડયો આવ્યો છું.'

'ત્યારે તે રાજસભામાં અત્યાર સુધી જે ચર્ચા થઈ તેની તને જાણ નહિ હોય...!'

'ના, મહારાજ...' અચલે કહ્યું.

'તો પછી મારી પ્રતિજ્ઞામાં વિક્ષેપ કેમ પાડયો?' મહારાજાએ અચલકુમાર સામે જોઈને કહ્યું.

'મહારાજ, આપણી નગરીમાં વીરપુરુષોની અછત નથી.' અચલકુમારે હિંમત દર્શાવતાં કહ્યું.

'અચલ, આજની ચર્ચાસભામાં કયા કયા મુદ્દાઓની ચર્ચા થઈ છે તેનો તને અભ્યાસ નથી. તેમજ નગરીમાં જે ચોરીનો ઉપદ્રવ ફેલાયો છે તે સામાન્ય નથી તેમજ ચોર કોઈ માયાવી હોવાની શંકા છે. તે અદૃશ્ય રહીને પોતાનું કાર્ય સહજતાથી કરી શકે છે. શું એ મહાદુષ્ટને પકડવાનું બીડું તું સ્વીકારવા માગે છે?'

'હા...મહારાજ. આપના આશીર્વાદથી હું એ મહાદુષ્ટ જણાતા ચોરને પકડી પાડીશ.'

'તારી હિંમતને શાબાશી આપવી ઘટે છે, પણ આ ચોર ખતરનાક છે. માયાવી છે એ વાત તો તું જાણે છે ને?'

'હા...મહારાજ...સામાન્ય માહિતી જાણું છું...'

'અચલ, આ ચોરને પકડવાનું કાર્ય સરળ નથી. એનું

પગેરું શોધવું જ દુષ્કર છે.'

'મહારાજ, ચોરને પકડવા માટે હું મારા જીવને હોડમાં મૂકી દઈશ.' અચલકુમારે પૂરા આત્મવિશ્વાસ સાથે કહ્યું.

અચલકુમારનો આત્મવિશ્વાસ જોઈને રાજા ઘડીભર દંગ રહી ગયા.

સભાજનો પણ નવયુવાનની હિંમત જોઈને આશ્ચર્યમુગ્ધ બની ઊઠયા.

મહાદેવી, યુવરાજ, મહામંત્રી તથા સેનાપતિ વગેરે પણ અચલકુમારના શબ્દોથી મુગ્ધ બની ગયા

અને...!

## ૬ : : આકરી પ્રતિજ્ઞા

છેલ્લા કેટલાક દિવસોથી પરગામ ગયેલો અચલકુમાર જ્યારે નગરીમાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે નગરીના લોકો એક માયાવી ચોરના પરિતાપથી પીડાય છે અને રાજસભામાં અત્યારે ચોરને મ્હાત કરવા સંબંધી ચર્ચા ચાલી રહી છે.

અચલકુમાર નવયુવાન, બલિષ્ઠ કાયા ધરાવતો હતો. મુખ પર તેજ ઝગારા મારી રહ્યું હતું.

અચલકુમારે રાજસભામાં આવીને મહારાજને પ્રતિજ્ઞા લેતાં રોકીને પોતે આ કાર્ય માટે તૈયાર છે તે જણાવ્યું.

મહારાજાએ અચલકુમારને સમજાવતાં કહ્યું : 'અચલ, તારી હિંમતને ખરેખર દાદ આપવી જોઈએ. તારા આત્મવિશ્વાસથી અંકિત શબ્દો મારા હૈયાને ટાઢક આપે છે પરંતુ મને ચોરને પકડવાનું બીડું ઝડપવા દે. આ કાર્ય મારા થકી થાય તેજ શ્રેષ્ઠ છે. નગરજનો પર ચોરીનો ઉપદ્રવ સર્જીને પીડા આપનાર એ દુષ્ટ ચોરની બરાબર ખબર લઈ નાખીશ. રાજા રામચંદ્રના રાજ્યમાં ચોરી કેમ કરાય છે એની પણ એને જાણ કરી દઉં...અચલ, તું મને પ્રતિજ્ઞા લેતાં રોકીશ નહિ. આ કાર્ય મારું છે. પ્રજાને ભયમુક્ત કરવાનું કાર્ય મારું જ છે.'

'મહારાજ, આપનો આ સેવક એક વિનંતી કરવા માગે

છે.' અચલકુમારે વિનંતીભર્યા સ્વરે કહ્યું.

મહારાજા રામચંદ્રે કહ્યું : 'તારે શું કહેવું છે? અચલ?'

'મહારાજ, આ નગરીના મહારાજા છો. તેમ અમે આ નગરીની પ્રજા છીએ. જેમ આપ નગરી અને નગરજનોની ચિંતા સેવી રહ્યા છો તેમ અમે પણ નગરીના લોકોમાં વ્યાપેલા ભયને ચિંતાથી જોઈએ છીએ. આપ એક ચોરને પકડવા માટે પ્રતિજ્ઞા ધારણ કરો તો અમે કર્તવ્યથી વિમુખ બની ગયેલા કહેવાઈએ મહારાજ, મારી આપશ્રીને વિનંતી છે કે આ કાર્યનો ભાર મને સોંપો.'

'અચલ, પરંતુ મારું પણ કંઈ કર્તવ્ય તો છે ને?'

'હા...મહારાજ, આપ પ્રજાના દરેક સુખદુઃખમાં સહભાગી બનીને અગ્ર રહો છો તે કર્તવ્ય નથી તો બીજું શું છે? આ વિશાળ રાજ્યનું સફળતાપૂર્વક રાજસંચાલન કરો છો તે કર્તવ્ય નથી તો શું છે? નગરીમાં અમારા જેવા હાજર હોય ત્યારે આપ ચોરને પકડવા માટે નીકળો તે પ્રજા માટે કેવું લાગશે? ચોરનું પગેરું કોઈને ખબર નથી ચોર કેવો છે તેની જાણ નથી. ચોરનું પગેરું મેળવવા દિવસોના દિવસો ભટકવું પડે. ના. મહારાજ, આપ મને અનુજ્ઞા આપો... આશીર્વાદ આપો આપનો અદનો આ સેવક જાનની બાજી લગાવીને ચોરને પકડી પાડશે. આપણી નગરી પર છવાયેલી વિપત્તિના વાદળોને નષ્ટ કરવાની મારી મનોકામના સફળ થાય તેવા આશીર્વાદ વરસાવો. હું એ દુષ્ટ માયાવી ચોરને જેમ બને તેમ ત્વરિત આપની સામે રજૂ કરી દઉં અને પ્રજા તેના ત્રાસમાંથી ભયમુક્ત બને તેવી ભાવના મારા અંતરમાં છે. આ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ કરી શકું તે માટે જરૂર છે કેવળ આપના આશીર્વાદની...'

અચલના શબ્દોની અસર ધારી પકડી. સભાજનોએ અચલકુમારના શબ્દોને હર્ષનાદથી વધાવ્યા.

મહામંત્રીએ તેમના આસન પરથી ઊભા થઈને મહારાજા સામે જોઈને કહ્યું : 'કૃપાનાથ, અચલકુમાર સાહસપ્રિય છે. તેની હિંમત અને આત્મવિશ્વાસ જોતાં તે જરૂર સફળતા મેળવશે...આપ એને આજ્ઞા આપો.'

મહારાજા રામચંદ્રે અચલકુમાર સામે જોઈને કહ્યું : 'અચલ, હજુ પણ એક વાર વિચાર કરી લે...આ ચોર કોઈ સામાન્ય નથી. દુષ્ટ અને માયાવી છે હું જ આ કાર્યમાં...'

વચ્ચે અચલકુમારે કહ્યું : 'મહારાજ, આપ આગ્રહ પડતો મૂકો. આ કાર્ય કરવાનો મોકો મને પ્રદાન કરો...'

આટલું કહીને અચલકુમાર મહારાજા, રામચંદ્રની નજદીક ગયો અને મસ્તક નમાવીને ઊભો રહ્યો.

મહારાજાએ અચલકુમારના મસ્તકે હાથ મૂકીને આશીર્વાદ પાઠવ્યા અને બોલ્યા : 'અચલ, તું એક સાચો વીર છો. તારામાં હિંમત, તાકાત અને લલકાર કરવાની શક્તિ ભરી છે. મારા રાજ્યમાં તારા જેવા વીર નવજુવાનો વસે છે તે ખરેખર મારા માટે ગૌરવની વાત છે. તું અદૃશ્ય જણાતા ચોરને પકડી પાડવા માટે કમ્મર કસી છે ત્યારે મારા આશીર્વાદ હંમેશા તારી સાથે જ હોય. હું આજે તારી વાક્શક્તિ, હિંમતથી પ્રસન્ન થયો છું. તું ચોરને પકડવામાં કામયાબી મેળવ તેવી શુભકામના પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરું છું કે તારામાં અપૂર્વ શકિત પ્રદાન કરે અને આ કાર્યમાં સફળતા અપાવે. આજે રાજ્યની પ્રજા ચોરના ભયથી થરથરી રહી છે તે ભયનું ભૂતાવળ તારા હાથે જ નષ્ટ થાય તેવી મારા અંતરની મનોકામના છે...'

મહારાજાએ આશીર્વાદનું અમૃત વરસાવ્યું.

અચલકુમાર ફરીને મહારાજ! રામચંદ્રના ચરણોમાં નમી પડયો.

સભાજનોએ જયજયકાર કર્યો.

રાજસભામાં હાજર રહેલા રાજપુરોહિતે પણ અચલને તેના કાર્યમાં સફળતા મળે તે હેતુથી આશીર્વચન કહ્યા : 'પ્રિય વીર અચલકુમાર ખરેખર તારામાં વીરતાના બધા જ ગુણ ભર્યા છે. જે ચોર દશ્ય નથી. જે ચોરનું પગેરુ પણ નથી. ચોર કેવો હશે તો કોઈ જાણતું નથી. આ એક વિકટ સમસ્યા છે. નગરીના પ્રજાજનો આ ચોરના ઉપદ્રવથી ત્રાહિમામ્ પોકારી ઊઠી છે આજે રાજસભામાં સૌની વચ્ચે મહારાજાના આશીર્વાદથી ચોરને પકડી પાડવાનું બીડું ઝડપ્યું છે તેમાં તારા આત્મવિશ્વાસનાં દર્શન થયા વિના રહેતાં નથી. તું આ કાર્યમાં સફળતા મેળવીને નગરી પર આવી પડેલી વિપત્તિને નષ્ટ કર એવા મારા અંતરના આશીર્વાદ છે...'

અચલકુમારે રાજપુરોહિત સમક્ષ પોતાનું મસ્તક ઝુકાવ્યું.

રાજસભામાં ચારે તરફથી ધન્ય અચલકુમાર...ધન્ય અચલકુમાર...ના નારાથી વાતાવરણ ગુંજી ઊઠયું. સૌ કોઈ અચલકુમારની વીરતાની પ્રશંસા કરવા લાગ્યા.

આ પળે મહામંત્રીએ પણ કહ્યું : 'સભાજનો, અચલકુમારે સાહસના અનેક કાર્યો અગાઉ કર્યાં છે. તેની વીરતાની યશગાથા સૌ કોઈ જાણે છે આજે અચલકુમારે અદશ્ય રહેતા ચોરને ગમે તે ભોગે પકડી પાડવાની નેમ લઈને મહારાજાની ચિંતા ઓછી કરી છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે અચલકુમાર ચોરને મહાત કરી શકશે અને તે ચોરને પકડીને નગરીની પ્રજાને રાહત અપાવશે...આ ક્ષણે હું પણ મારા આશીર્વાદ અચલકુમારને પાઠવું છું.'

મહામંત્રી પછી સેનાપતિએ પણ આશીર્વાદ આપ્યા. ત્યારબાદ નગરીના અગ્રણી શ્રેષ્ઠીઓએ તથા મહાજને પણ આશીર્વચન કહ્યાં.

સૌના પ્રત્યુત્તરરૂપે અચલકુમારે વિનમ્રભાષામાં રાજસભામાં જણાવ્યું : 'મહારાજાધિરાજ, મહામંત્રીશ્વર, મહાસેનાપતિજી

રાજપુરોહિતજી, મહાદેવી, યુવરાજશ્રી તથા ઉપસ્થિત સભાજનો, અત્યારે આપ સૌના આશીર્વાદથી મારામાં એક નવું બળ પુરાયું છે. આપ સૌએ મારા પ્રત્યે જે શ્રદ્ધા દર્શાવી છે એ એળે નહિ જાય. આપ સૌની પ્રેરણા અને આશીર્વાદ મારું ભાથું બનશે, મને પૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા છે કે હું આ કાર્યને ગમે તે રીતે પૂર્ણ કરીશ અને નગરી પર ઘેરાયેલા વિપત્તિના વાદળોને નષ્ટ કરીશ.'

સભાજનો અચલકુમારના તેજદાર શબ્દોથી વાહ વાહ પોકારી ઊઠ્યા.

અચલકુમારે બુલંદ અવાજે ચોરને પકડવાની પ્રતિજ્ઞા ધારણ કરતાં કહ્યું : ' રાજસભા વચ્ચે અનેક લોકોની હાજરીમાં હું પ્રતિજ્ઞા લઉં છું કે હું એ દુષ્ટ ચોરને પકડ્યા વિના જંપીશ નહિ. ગમે તે રીતે ચોરનું પગેરું મેળવીશ અને ચોરના રહેઠાણ સુધી પહોંચી જઈશ. આ કાર્યમાં હું જરા પણ પીછેહઠ કરીશ નહિ. વધારે નહિ પણ માત્ર પંદર દિવસમાં આ ચોરીના ઉપદ્રવની સમસ્યાને નષ્ટ કરવાની ધારણા છે. પંદર દિવસમાં જ મારી પ્રતિજ્ઞાને સફળ કરવાની આ ક્ષણે ઇચ્છા રાખું છું. જો મારી પ્રતિજ્ઞા પંદર દિવસમાં પૂર્ણ નહિ થાય તો સોળમા દિવસે મારો દેહ અગ્નિના ખોળે ધરી દઈશ. અને સળગતી ચિતામાં ભસ્મ થઈ જશે.'

આટલું કહીને અચલકુમારે પોતાના બંને હાથ આકાશ તરફ લંબાવ્યા.

અચલકુમારની પ્રતિજ્ઞા...!

પંદર દિવસમાં સફળતા ન મળે તો અગ્નિસ્નાન...!

ઓહ...! હજુ નવજુવાન છે ! ચોર વિષે તે કશું જાણતો નથી...! ચોરની ભાળ ન મળી તો...! ઓહ...! હવે શું થશે ?

સભાજનો અચલકુમારની પ્રતિજ્ઞાથી ભારે વિસ્મય અનુભવવા

લાગ્યા. રાજસભામાં એક ભાગ તરફ બેસેલા સ્ત્રીવર્ગે અચલકુમારની આવી જલદ પ્રતિજ્ઞા સાંભળીને બૂમાબૂમ કરી મૂકી.

કેટલાય સભાજનો હતપ્રભ બની ઊઠ્યા.

મહારાજા, મહામંત્રી, સેનાપતિ તેમજ અન્ય અધિકારી ગણ પણ અચલકુમારની આ પ્રતિજ્ઞા સાંભળીને અચરજ અનુભવતા હતા.

રાજસભામાં થોડીવાર સુધી તો વાતાવરણમાં વિસ્મયતા પ્રસરી ગઈ...!

સેનાપતિ તેમના સ્થાનેથી ઊભા થયા અને અચલકુમાર સામે જોઈને કહ્યું : 'અચલકુમાર ખરેખર તારી હિંમત અને વીરતાને અભિનંદન આપવા ઘટે. આ કાર્યમાં મારા જેવું કંઈ પણ કામ હોય તો વિના સંકોચે જણાવજે.. ફરીને હું આશીર્વાદ આપું છું કે તારું આ કાર્ય ત્વરત પૂરું થાય અને રાજ્ય પરથી ભયની એક વાદળી નષ્ટ થાય...'

અચલકુમારે સેનાપતિને કહ્યું : 'મહાસેનાપતિજી, આપ સૌના આશીર્વાદથી જ હું આગળ વધી રહ્યો છું. આપની શુભેચ્છા મારામાં શક્તિનું સિંચન કરશે...!'

અને...

રાજસભાની સમાપ્તિની જાહેરાત કરવામાં આવી.

રાજસભા વિખરાવા લાગી.

રાજસભાનો વિશાળ ખંડ ધીરે ધીરે ખાલી થવા લાગ્યો. આજની ખાસ ચર્ચા સભામાં નગરીના દરેક અગ્રણીઓ તેમજ પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌના મુખે એક જ ચર્ચા હતી કે અચલકુમારે પંદર દિવસમાં કાર્ય સિદ્ધ નહિ થાય તો અગ્નિસ્નાન કરશે...

કોઈ એમ કહેતું કે સફળતા જરૂર મળી જશે.

તો કોઈ એમ કહેતું હતું કે ચોર કેવો છે તે કોઈ જાણતું જ નથી. અચલકુમાર ચોરના ઠેકાણા સુધી પહોંચશે. કઈ રીતે?

આ કામ તો અશક્ય જ લાગે છે પંદર દિવસમાં ચોરને પકડવાનું કાર્ય થઈ શકે જ નહિ. અચલકુમારે પ્રતિજ્ઞા લેવામાં ભૂલ કરી છે... જો ચોરને પકડી નહિ શકે તો ચિતામાં જીવતા સળગવું પડશે...

ત્યારે કેટલાક આશાવાદી નગરજનો એમ કહેતા હતા કે આજ સુધી અચલકુમારને સાહસના દરેક કાર્યમાં સફળતા મળી જ છે. તે સાહસ પ્રિય છે. વીર છે. એ કોઈ પણ હિસાબે ચોરનો પત્તો મેળવીને જ જંપશે અને પંદર દિવસમાં જ સૌની સામે ચોરને હાજર કરીને જ રહેશે.

આમ નગરીના પ્રજાજનો અચલકુમારની પ્રતિજ્ઞા સંબંધી વિવિધ અટકળો કરીને પોતપોતાના સ્થાન તરફ જતા હતા.

નગરીના અગ્રણીઓ અચલકુમારની હિંમતને દાદ આપતા હતા...

મહારાજા, મહાદેવી અને યુવરાજ સુમતિકુમાર પણ એક રથમાં બેસીને રાજભવન તરફ જવા રવાના થયા.

માર્ગમાં મહાદેવી શ્રીમતીએ કહ્યું : ' મહારાજ, અચલે પ્રતિજ્ઞા લેવામાં જરા ઉતાવળ કરી છે. પંદર દિવસમાં સફળતા ન મળે તો અગ્નિસ્નાન કરવાની પ્રતિજ્ઞા...... '

' પ્રિયે, મને પૂર્ણ વિશ્વાસ છે કે આ કાર્ય અચલ જરૂર પાર પાડશે. એ વીર તો છે સાથોસાથ આવી વિકટ સમસ્યાઓને ઉકેલવામાં કાબેલ છે...'

મહારાજાનો રથ રાજભવનમાં આવી ગયો.

જ્યારે આ તરફ અચલકુમારે તેના એક મિત્ર સાથે પોતાના નિવાસે સંદેશો મોકલ્યો કે પોતે ક્યારે પાછો ફરશે તે નક્કી નથી. ચિંતા કરશો નહિ.

આમ અચલકુમાર રાજસભા પૂરી થયા પછી તરત જ નગરી બહાર અશ્વારોહી થઈને નીકળી ગયો.

શું અચલકુમારને સફળતા મળશે કે નિષ્ફળતા ?

એ તો સમય જ કહેશે.

## ૭ : : વન્ય પ્રદેશમાં...

વીર અચલકુમારે આકરી પ્રતિજ્ઞા ધારણ કરી હતી. રાજસભાની વચ્ચે પંદર દિવસની અવધિ રજૂ કરીને ચોરને પકડી પાડવાની જાહેરાત કરી અને તેમાં નિષ્ફળતા મળે તો જીવતા સળગતી ચિતામાં અગ્નિસ્નાન કરવાની ભીષણ પ્રતિજ્ઞા લીધી.

રાજસભા પૂરી થયા પછી અચલકુમાર મારતે ઘોડે નગરીની બહાર નીકળી ગયો. નગરીમાં હાહાકાર મચાવનાર ચોરને નાથવા માટે તેણે કમ્મર કસી હતી. અચલકુમારને અતૂટ વિશ્વાસ હતો કે તે કોઈપણ ભોગે ચોરને જરૂર પકડી શકશે. અને કામયાબી હાંસલ કરશે.

એક દિવસ પસાર થઈ ગયો.

નિર્ભયપુર નગરમાં ચોરીના ઉપદ્રવનું આતંક રાબેતા મુજબ ચાલુ જ રહ્યું હતું. અચલકુમારે રાજસભામાં પ્રતિજ્ઞા ધારણ કરી અને પંદર દિવસમાં ચોરને પકડી પાડવાની ઘોષણા કહી સંભળાવી તે પંદર દિવસમાં એક દિવસ તો પસાર થઈ ગયો.

દિવસોને જતાં વાર લાગતી નથી. કાળની ગતિ વણથંભી છે. એની ગતિ અવિરત ચાલ્યા જ કરે છે. વરસો વરસો પલક માત્રમાં પસાર થઈ જતાં હોય છે ત્યારે દિવસોને પસાર થતાં વાર લાગતી નથી.

આઠ દિવસ પૂરા થઈ ગયા.

નિર્ભયપુર નગરીમાં ચોરીનો ઉપદ્રવ તો ચાલુ જ રહ્યો હતો. હજુ સુધી કોઈ જાણી શક્યું નહોતું કે ચોરી કોણ કરે છે? ચોર કઈ રીતે નગરીમાં પ્રવેશે છે અને ચોરી કરીને હેમખેમ ચાલ્યો જાય છે. આ બધા પ્રશ્નોના ઉત્તરો નિરૂત્તર જ રહ્યા હતા.

નિર્ભયપુરની પ્રજામાં ચોરીના ઉપદ્રવને કારણે હાહાકાર મચી ગયો હતો. સૌ ચોરીના ઉપદ્રવથી ત્રાહિમામ્ પોકારી ઊઠયા હતા. મહારાજા રામચંદ્ર પણ વ્યથિત બન્યા હતા. મહાદેવી શ્રીમતી પણ ચોરના પરાક્રમથી ચિંતાગ્રસ્ત બન્યા હતા.

મહામંત્રી અને મહાસેનાપતિ પણ મુંઝવણ અનુભવી રહ્યા હતા. સૌ અચલકુમાર પર આશાની મીટ બાંધીને બેસી રહ્યા હતા.

આ તરફ અચલકુમાર ચોરને પકડી પાડવા પ્રયત્નશીલ હતો. પણ ચોરનું પગેરુ પકડાતું નહોતું.

બીજા ચાર દિવસ પસાર થઈ ગયા.

આમને આમ બાર દિવસ પસાર થયા.

ન તો ચોરની ભાળ મળી કે ન તો ચોરનું કોઈ પગેરું...!

અચલકુમાર ચોરને પકડી પાડવા માટે રાતદિવસ આમતેમ ઘૂમ્યા કરતો હતો. જ્યાં જ્યાં ચોરીઓ થતી ત્યાં ત્યાં તે રોજ જતો અને કોઈપણ જાતનો પુરાવો મળે તે આશા સાથે જતો પણ આ માયાવી ચોર પોતાનો કોઈ પણ જાતનો પૂરાવો ન રહે તેની પૂરતી તકેદારી રાખતો.

અચલકુમારને રાજસભામાં જે દિવસે ચોરને રકડી પાડવાની પ્રતિજ્ઞા લીધી હતી અને પંદર દિવસની સમયમર્યાદા આપી હતી તેમાંના બાર દિવસ તો પૂરા થઈ ગયા. હવે માત્ર ત્રણ દિવસ જ રહ્યા હતા. જો ત્રણ દિવસ પસાર થઈ જાય તો અચલકુમારે જીવતા સળગતી ચિતામાં ઝંપલાવવાનું હતું.

નગરીમાં અચલકુમારની પ્રતિજ્ઞા અને ચોરીના ઉપદ્રવની ચર્ચા થતી હતી.

નગરજનો ઇચ્છી રહ્યા હતા કે અચલકુમારને ચોરને પકડવામાં ત્વરિત સફળતા મળે... અને તેણે જે પ્રતિજ્ઞાની ઘોષણા રાજ-સભામાં કરી છે તે પૂરી થાય.

સૌ કોઈ ચર્ચા કરતું હતું કે હવે પ્રતિજ્ઞાને આડે ત્રણ દિવસ જ રહ્યા છે. આ ત્રણ દિવસમાં અચલકુમારે ચોરને પકડી પાડવો પડશે.

બીજી તરફ નગરીમાં દરરોજ રાત્રે ચોરીનો ઉપદ્રવ તો હતો. ગમે તે શ્રેષ્ઠીને ત્યાં ચોરી થતી અને સારી એવી માલમિલકત ચોરાઈ જતી.

અચલકુમાર દિવસ રાત ચોરને પકડવાના પ્રયત્નોમાં ડૂબી ગયો છે. તેણે કેટલાક વિશ્વાસુ સાથીઓને ચારે તરફ શંકાસ્પદ સ્થાનોએ મોકલી દીધા પણ ત્યાંથી સૌ નિરાશ થઈને પાછા આવ્યા.

છેલ્લા ત્રણ દિવસ...

છેલ્લી ત્રણ રાત્રિ બાકી બચી હતી.

અચલકુમારના હૈયામાં એક ખૂણે નિરાશાએ પોતાનું અરૂપ રૂપ બતાવ્યું. ચોર નહિ પકડાય તો...? ઓહ...! તો મારે અગ્નિસ્નાન કરવું પડશે. ચોર પકડાય કે ન પકડાય મેં તો મારા જીવને હોડમાં મૂકી દીધો ને...! મારાથી જરા ઉતાવળીયું પગલું ભરાઈ ગયું. ત્રણ દિવસ જ રહ્યા છે...'

એ રીતે અચલકુમારના હૈયામાં આશાના મિનારા પણ ચણાઈ રહ્યા હતા. અચલકુમારને તેનો આત્મા સ્પષ્ટપણે જણાવતો હતો કે અરે...તું વીરપુરુષ થઈને આવી નિરાશાને અંતરમાં કેમ પાથરે છે ? આવી નિરાશા તો કાયર પુરુષોને જ આવે...હજી ત્રણ દિવસ અને ત્રણ રાત પડી છે. ત્રણ દિવસમાં ઘણું બધું થઈ શકે.

તું પ્રયત્ન કર...પ્રયત્ન કરીશ તો જ સફળતા મળશે. મોતનો ભય શા માટે રાખે છે. મોતનો ભય તો કાયર માણસોને હોય છે. રાજ-સભામાં જે બુલંદ અવાજથી પ્રતિજ્ઞા ધારણ કરી હતી અને જે જોમ અને તાકાત ત્યારે બતાવી હતી એ તાકાતનો પરિચય આપવા ત્રણ દિવસ હજુ બાકી છે. ગમે તેમ કરીને તું ચોરનો પત્તો મેળવ અને તેને પકડી પાડ...હિંમતથી આગળ વધુ તારો વિજય થશે જ.

અચલકુમાર વિચારોના વમળમાં ગુંચવાઈ ગયો હતો અત્યાર સુધીના પ્રયત્નોમાં ચોરનું પગેરું હાથ લાગ્યું નહોતું.

અચલકુમાર તેના સાથીઓ સાથે બેસીને ચોરને પકડી પાડવા સંબંધી વિવિધ ચર્ચાઓ કરતો રહે છે અને પ્રશ્નના નિરાકરણ માટેની ચર્ચા પણ થતી રહે છે.

અચલકુમારના હિતશત્રુઓને આનંદનો પાર નહોતો. એઓ જાણતા હતા કે અચલકુમાર ક્યારેય ચોરને પકડી શકવાનો નથી અને પંદર દિવસ પૂરા થશે એટલે લીધેલી પ્રતિજ્ઞા મુજબ જીવતા બળી મરવું પડશે...આમ થાય તો જ ખૂબ જ સરસ...! આવા વિચારો અચલકુમારના હિત શત્રુઓને આવતા હતા.

અનેક નગરજનો મહારાજા રામચંદ્ર પાસે જઈને અચલકુમારના પ્રયત્નો વિષેની ફરિયાદ કરતું. કોઈ એમ કહેતું કે અચલકુમાર નિષ્ક્રિય છે. તો વળી કોઈ એવું કહેતું કે અચલકુમાર આ કાર્યમાં સફળ નહિ જ થાય માટે કંઈક બીજો માર્ગ અપનાવો.

મહારાજા રામચંદ્ર સૌને એક જ ઉત્તર આપતા હતા કે અચલકુમારે રાજસભાની સમગ્ર પંદર દિવસમાં ચોરને પકડી પાડવાની પ્રતિજ્ઞા લીધી છે તે મુજબ તેને મારે પંદર દિવસનો સમય તો આપવો જ પડે. એની મુદતને હજુ વાર છે. પંદર દિવસ પૂરા થાય પછી શું નિર્ણય લેવો તે અંગે ફરીને વિચારણા કરીશું.

મહારાજાનો ઉત્તર સાંભળીને નગરજનો પાછા ચાલ્યા જતા.

આ તરફ અચલકુમાર પણ અદશ્ય જણાતા ચોરને પકડી

પાડવા માટે વિવિધ યોજનાઓ બનાવી રહ્યો હતો.

માત્ર ત્રણ દિવસ જ રહ્યા હતા. આ ત્રણ દિવસ દરમ્યાન ચોરને કોઈ પણ રીતે પકડવો પડશે.

સમય મર્યાદા ટૂંકી હતી.

ચોરનું પગેરું શી રીતે મેળવવું ?

ચોરને પકડવા શી રીતે આગળ વધવું ? આ બધા પ્રશ્નો અચલકુમારને મુંઝવતા હતા.

આજ તેરમો દિવસ હતો.

સાંજ પડી ગઈ હતી.

અચલકુમાર વાળુ કરીને વિચાર મુદ્રામાં એક ખંડમાં બેઠો હતો...

રાતનો પ્રથમ પ્રહર પૂરો થયાની ઝાલરી રણકી ઊઠી. અચલકુમાર કંઈક વિચારીને ઊભો થયો.

અચલકુમારે નગરીમાં ભ્રમણ કરવાનું વિચાર્યું. એણે વસ્ત્ર પરિવર્તન કર્યું. તે તેના ભવનમાંથી બહાર નીકળ્યો. તેણે સાથે એક ધારદાર શસ્ત્ર પણ લીધું હતું.

રાત્રીના પ્રથમ પ્રહરે જ નગરી શાંત બની જતી. લોકો પોતપોતાના સ્થાનમાં ગોઠવાઈ જતા. છતાં નગરીમાં કેટલાય લોકો બહાર બેસીને વાતો પણ કરતા રહેતા. રાજમાર્ગો પર દીપકમાલા ગોઠવવામાં આવી હતી. દીપમાલિકાના કારણે રાજમાર્ગ શોભી ઊઠ્યો હતો.

અચલકુમાર નિર્ભય બનીને રાજમાર્ગ પર ચાલવા લાગ્યો. તે દક્ષિણ દિશા તરફ આગળ વધ્યો.

ત્યાં એક ખૂણામાંથી અવાજ સંભળાયો : 'અચલ...'

અચલના પગ ત્યાં જ થંભી ગયો.

અચલકુમારને થયું : અહીં...! આ સમયે મારું કોણ નામ

લઈ રહ્યું છે ? જરા તપાસ તો કરવા દે..!'

આમ વિચારીને અચલ જ્યાંથી અવાજ આવ્યો હતો તે દિશા તરફ આગળ વધ્યો.

ત્યાં ચાર–પાંચ નગરજનો અચલકુમારની પ્રતિજ્ઞા સંબંધી જ વાતો કરી રહ્યા હતા.

એક જણુ એમ બોલ્યો : 'હવે તો બે દિવસ જ રહ્યા કહેવાય ને...! અચલ તેના કાર્યમાં સફળ થશે તેવું લાગતું નથી.'

'જો અચલકુમારને સફળતા નહિ મળે તો પ્રતિજ્ઞા પ્રમાણે જીવતા બળી મરવું પડશે...'

'એ તો લેતાં લેવાઈ ગઈ છે પ્રતિજ્ઞા...એ તો મહારાજાને સારું લાગે એટલે એવી પ્રતિજ્ઞા લીધી હોવી જોઈએ...'

'એ પ્રતિજ્ઞાનું પાલન કરશે કે નહિ તેની પણુ આપણુને ખબર નથી...'

'ના...ના...સૌની સામે અચલકુમારે પ્રતિજ્ઞા લીધી છે એટલે તે જરૂર પાલન તો કરશે જ.'

આમ ખૂણામાં બેઠેલા ચાર–પાંચ નગરજનો ચર્ચા કરી રહ્યા હતા.

અચલકુમારે થોડી વાર ઊભા રહીને ચર્ચા સાંભળી પછી તે આગળ વધ્યો.

અચલકુમાર આગળ વધતાં વધતાં નગરીની બહાર આવી પહોંચ્યો.

રાત્રિનો બીજો પ્રહર પણુ પૂર્ણ થઈ ગયો.

અચલકુમાર આગળ જ વધતો ગયો...ત્યાં તો વન્ય પ્રદેશનો માર્ગ શરૂ થયો. અચલકુમાર નિર્ભય બનીને આગળ વધવા લાગ્યો. ત્યાં તો દૂર દૂરથી વન્ય પશુઓના ચિત્કારભર્યા અવાજો સંભળાવા લાગ્યા.

અચલકુમારના હોઠ પર મહામંત્ર નવકારનું રટણ ચાલુ જ હતું.

નવકારમંત્ર એ જીવનના પરમ સત્વરૂપ છે. નવકારની આરાધનાથી માનસિક કલેશ નષ્ટ થાય છે. દુષ્ટ કર્મનો પરિપાક પ્રશરે છે. મમતા અને માયાના બંધનોનો વળગાડ વળગતો નથી. અંતરનો સઘળો વષાદ ચાલ્યો જાય છે અને જીવનમાં નવું બળ, નૂતન પ્રેરણા અને નવી તાજગી પ્રાપ્ત થાય છે.

નવકારમંત્રનુ આરાધન શિવપદ સુધી પહોંચાડે છે. જે શક્તિ શિવપદ સુધી પહોંચાડે, ભવોભવના પાપ તોડવાનું બળ આપે, જન્મ–મૃત્યુ પર વિજય મેળવવાની પ્રેરણા પાય તે મહાન મંત્રશક્તિ ગમે તેવા સંકટોને પચાવી જવાનું બળ તો સહજ ભાવે આપે છે. શિવસુખ આપનારી તાકાત સામાન્ય સુખ આપે એમાં કોઈ આશ્ચર્ય નથી.

ભયંકર અટવીમાં અચલકુમાર થોડુંક ચાલ્યો પછી એક વૃક્ષ પર ચડી ગયો અને ઘડીભર વિશ્રામની આશાએ એક ડાળી પર બેસી ગયો.

વાતાવરણમાં નીરવતા અને સ્તબ્ધતા છે.

વિવિધ પ્રાણીઓના અવાજથી જંગલ ગાજી ઊઠયું છે.

અચલકુમાર વિચારતો હતો કે હવે આગળ શું કરવું ચોરને શી રીતે પકડવો ?

અચલકુમાર ચોરને પકડવાના વિચારમાં બે ઘટિકા પસાર કરી નાખી.

ત્યાં...!

આ...શું...?

અચલકુમારના કર્ણપટ પર કોઈ કરૂણ સ્વર સાંભળવા મળ્યો.

અચલકુમારને ભારે આશ્ચર્ય થયું કે આવા નીરવ જંગલમાં

કોણ રડી રહ્યું હશે? શા માટે રડી રહ્યું હશે? તેનું અંતર મદદે દોડવા થનગની ઊઠયું.

અચલકુમાર તરત જ વૃક્ષ પરથી નીચે ઊતર્યો અને જે દિશાએથી કરુણ સ્વરનો અવાજ આવી રહ્યો હતો તે દિશા તરફ આગળ વધવા લાગ્યો.

થોડી વાર પછી અચલકુમારે કલ્પના કરી લીધી કે આ અવાજ તો કોઈ સ્ત્રીનો જ છે...! આવા ભયંકર વન્ય પ્રદેશમાં કેમ રડતી હશે?

અચલકુમાર વિચારમાં પડી ગયો. આવી અંધારી રાત્રે નીરવ જંગલમાં સ્ત્રીના રડવાનો દર્દનાક અવાજ...! નક્કી રડતી સ્ત્રી પર કોઈ આફત આવી ગઈ હોવી જોઈએ અથવા તો કોઈ તેને પરેશાન કરી રહ્યું હશે..! મારે તે સ્ત્રીને આફતમાંથી બચાવવી જોઈએ. મારે તે સ્ત્રી પાસે તાત્કાલિક પહોંચવું જોઈએ.

અચલકુમારે તરત જ અવાજ આવતી દિશા તરફ પોતાના પગ ઝડપથી ઉપાડયા.

અચલકુમાર વિચારતો હતો કે નિરાધાર સ્ત્રી આવા ઘનઘોર અને ભયંકર વન્ય પ્રદેશમાં કેમ આવી હશે? એના પર શું વીતી હશે?

ત્યાં ફરીને મોટી ચીસ તે સ્ત્રીએ પાડી...અચલકુમારે ચાલવાની ગતિમાં ઝડપ કરી.

અચલકુમાર અવાજની દિશામાં આગળ વધતો હતો. જ્યાંથી અવાજ આવી રહ્યો હતો તેની નજદીક પહોંચી ગયો હતો.

તે નિરાધાર સ્ત્રી બોલી રહી હતી: અરે...મારા પર આપત્તિ આવી પડી છે...કોઈ તો બચાવો આ નિરાધાર સ્ત્રીને...!

અચલકુમારને આ શબ્દો સ્પષ્ટ સંભળાયા, તેણે દોડવા માંડયું.

ગાઢ વન્યપ્રદેશમાં અથડાતો અચલકુમારના હૈયામાં સ્ત્રીનો

દર્દનાક કલ્પાંત જ હતો.

અચલકુમાર વિચારતો હતો કે કોણ હશે એ નિરાધાર સ્ત્રી ? આવા ગાઢ વન્યપ્રદેશમાં કેમ આવી હશે ? કોઈ હિંસક પ્રાણીનો શિકાર બની હશે ? કોઈ બદમાશના સકંજામાં તો નહિ સપડાઈ હોય ને ? પેલો ચોર તો આ કલ્પાંત કરતી સ્ત્રીને ઉપાડી લાવ્યો તો નહિ હોય ને...! મારે ત્વરિત તે નિરાધાર સ્ત્રીની મદદે પહોંચવું જ જોઈએ.

વિચારોના વમળમાં ગુંચવાયેલો અચલકુમાર અથડાતો આગળ વધી રહ્યો હતો. ગાઢ વનોથી છવાયેલો આ પ્રદેશ અનેક પ્રકારના હિંસક પ્રાણીઓથી ભરેલો હતો. સિંહ, વાઘ, વરાહ, દીપડા, હાથી, રીંછ, મર્કટ, હરણ, સાબર વગેરે અનેક વિવિધ નાના મોટાં પ્રાણીઓ આ વનમાં વસતા હતા. ભયંકર સાપ અને વિરાટ અજગરો પણ જાણ્યે આ વનના સ્વામી હોય તે રીતે ચારે દિશાએ ઘુમતા હતા.

વન્ય પશુઓના ચિત્કારભર્યા અવાજો જેવા તેવાના હાંજા ગગડાવી મૂકે તેવા હતા. વાતાવરણમાં સ્તબ્ધતા હતી.

અચલકુમાર કોઈપણ જાતની પરવા કર્યા વગર આગળ વધી રહ્યો હતો.

અચલકુમાર વિચારી રહ્યો હતો કે જો ચોર જ આ સ્ત્રીને ઉપાડી લાવ્યો હશે તો મારું કામ સરળ થઈ જશે. ચોરને પકડી શકીશ અને મારી પ્રતિજ્ઞા પણ પૂરી થઈ જશે. એ સ્ત્રીને પણ બચાવી શકીશ...

અચલકુમારે કટાર ખુલ્લી કરીને હાથમાં પકડી રાખી અને જ્યાં આગળ વધવા જાય છે ત્યાં...

ત્યાં...!

શું...?

ગાઢ વન્ય પ્રદેશમાં નિરાધાર સ્ત્રીના કલ્પાંતનો દર્દભર્યો કરુણ સ્વર સાંભળીને અચલકુમાર તે સ્ત્રીની મદદે પહોંચે ત્યાં જ હિંસક પશુની ત્રાડ સંભળાઈ.

અચલકુમારને થયું કે આ તો દીપડાનો અવાજ છે. એ આટલામાં જ હોવો જોઈએ. અચલકુમાર સજાગ બની ગયો અને આવનારી આપત્તિના મુકાબલા માટે સજ્જ બની ગયો. તેણે કટારને બરાબર પકડી રાખી.

ત્યાં દીપડાએ દેખા દીધી અને અચલને જોતાં જ તેણે તરાપ મારી. અચલ સજાગ હતો. તરત જ તે સહેજ ખસી ગયો. દીપડો ભોંય ભેગો થયો દરમ્યાન અચલે દીપડા પર કટારનો એક ઘા ઝીંકી દીધો.

અચલકુમાર અને દીપડા વચ્ચે ખુનખાર જંગ ખેલાયો. લગભગ અર્ધ ઘટિકા બાદ દીપડો નિસ્તેજ બની ગયો. અચલકુમાર પણ દીપડાના પ્રહારથી ઘવાયો હતો તે દીપડાને છોડીને આગળ વધ્યો.

અચલકુમાર તીવ્ર ગતિથી દોડવા લાગ્યો.

વન્ય પ્રદેશ હોવાથી ઠેર ઠેર કંટકો, પર્ણો વિખરાયેલા પડ્યા હતા. તે સ્ત્રીના કલ્પાંતનો અવાજ જાણે નજીકથી આવી રહ્યો હોય તેમ લાગતું હતું. અચલકુમાર વિચારમાં પડી ગયો કે સ્ત્રીનો અવાજ

આટલામાંથી જ આવે છે છતાં હું ત્યાં કેમ પહોંચી શકતો નથી...!

છતાંય અચલકુમાર અવાજની દિશાને બરાબર રીતે પકડી આગળ વધતો હતો.

આમને આમ અચલકુમાર જંગલમાં વહી જતી સરિતા પાસે આવી પહોંચ્યો.

અચલકુમારને થયું કે સ્ત્રીના કલ્પાંતનો દર્દભર્યો સ્વર સામેના કાંઠેથી આવી રહ્યો છે. તે તરત જ નદીમાં પડ્યો. હૈયામાં તે સ્ત્રીને બચાવવાની ભાવના રમતી હતી.

ત્યાં તો ફરી આશ્ચર્ય સર્જાયું.

સ્ત્રીના કલ્પાંતનો અવાજ બંધ થઈ ગયો.

અચલકુમારને મુંઝવણુ થઈ. કલ્પાંત કરતી તે સ્ત્રીનો અવાજ એકાએક કેમ બંધ થઈ ગયો ? શું કોઈ બદમાશે તેની હત્યા કરી નાખી હશે ? શું થયું હશે ?

અચલ સ્ત્રીને બચાવવા નીકળ્યો પણુ જંગલમાં તે માર્ગ ભૂલી ગયો હતો. તે વિચારવા લાગ્યો કે હવે હું કઈ દિશાએ જઉં...? એ સ્ત્રી કયાં હશે ? આ શું થયું ? હું સ્ત્રીના અવાજની તદ્દન નજદીક પહોંચ્યો અને એકાએક આ શું થયું ?

અચલકુમાર એક વૃક્ષ પર ચડીને બેસી ગયો. તે રાત્રી પસાર થવાની પ્રતિક્ષા કરવા માંડયો. વધારે પડતો પરિશ્રમ થવાથી આંખો ઘેરાતી હતી. થોડી વારમાં તે નિદ્રાદેવીના ખોળામાં જઈ પડયો.

જયારે આ તરફ નગરીમાં દરરોજ ચોરીનો ઉપદ્રવ તો ચાલુ જ હતો. મહારાજા રામચંદ્ર પણુ ચિંતામાં પડયા હતા. રાજભવનની બહાર રાજસભા ભરાતી ત્યારે જ જતા હતા.

મહાદેવી શ્રીમતી પણુ ચિંતાગ્રસ્ત હતા. ચોરને પંદર દિવસમાં

પકડી લેવાની અચલકુમારે પ્રતિજ્ઞા લીધી હતી. તેમાંના તેર દિવસ તો પસાર થઈ ગયા હતા.

મહામંત્રી તેરમા દિવસની સવારે રાજભવનમાં આવ્યા હતા. મહારાજા, મહાદેવીના ચિંતાયુક્ત મુખ જોઈને કહ્યું : 'મહારાજ અચલકુમારે ભરી રાજસભામાં ચોરને પકડી પાડવાની પ્રતિજ્ઞા લીધી છે એટલે તે વીરપુરુષ જરૂર ચોરને પકડી પાડશે. આજે તેના ભવને તપાસ કરાવી તો તેનો પત્તો નથી. તે ચોરને પકડી પાડવાના કાર્યમાં જ ગુંથાયો હશે. આમેય મહાસેનાપતિએ નગરીમાં રક્ષણ વ્યવસ્થાનું તંત્ર મજબૂત રીતે ગોઠવેલું જ છે...આપ નાહકની ચિંતામાં વ્યસ્ત થયા છો...આપણે અચલકુમારના પ્રયત્નોની, તેના કાર્યની પ્રતીક્ષા તો કરવી જ પડશે...'

'મહામંત્રી, આપની વાત સાચી છે પરંતુ મારું મન ખૂબ જ મુંઝાયા કરે છે. ચિત્તને પ્રસન્નતા નથી ..' મહારાજા રામચંદ્ર બોલ્યા.

'કૃપાળુ, એક વિનંતી કરવા માટે આવ્યો છું...' મહામંત્રીએ કહ્યું.

'શેની વિનંતી છે...! મહામંત્રી ?' મહારાજાએ પ્રશ્ન કર્યો.

'મહારાજ, ચાર દિવસ પહેલાં અંગદેશની સુવિખ્યાત નર્તકી કામસેના આપણી નગરીમાં આવેલી છે. તેઓ રાજભવનમાં નૃત્યનો કાર્યક્રમ આપવા અંગે આપની અનુમતિ માગે છે.'

'મહામંત્રી, નૃત્ય, સંગીતથી હમણાં દૂર રહેવું સારું. મારું મન પણ વ્યથિત છે. જ્યાં સુધી ચોર ઝડપાઈ ન જાય ત્યાં સુધી કોઈ કાર્યમાં મન ચોંટતું નથી ..' મહારાજા રામચંદ્રે કહ્યું.

'મહારાજ, નૃત્યાંગના કામસેનાના નૃત્યથી આપનું વ્યથિત મન હળવું થશે. આમેય અચલકુમારને આ પ્રશ્ન સોંપાયો છે એટલે એ આપની સમક્ષ આવશે પછી જ આગળ ઉપર આ પ્રશ્ન વિષે વિચારવાનું રહેશે ને !

ત્યાં મહાદેવી શ્રીમતીએ કહ્યું : 'સ્વામી, મહામંત્રીશ્વરની વાત યોગ્ય છે. નૃત્ય નિહાળશો તો મન જરા સ્વસ્થ થશે. નગરીમાં ચોરીના ઉપદ્રવથી આપણા સૌનું મન ખિન્નતા અનુભવે છે એ સત્ય છે પણ જ્યાં સુધી અચલ ન આવે ત્યાં સુધી કોઈ ઉપાય કરી શકવાના નથી તેમ જ ચોરને પકડવામાં તે સફળ પણ થાય અને ન થાય તો આગળ પર શી કાર્યવાહી કરવી તેનો વિચાર કરવાનો છે ને...!'

અને છેવટે મહારાજાએ રાજભવનમાં કામસેનાનું નૃત્ય ગોઠવવાની સંમતિ આપી.

મહામંત્રીએ એ જ દિવસે અંગદેશની સુવિખ્યાત નર્તકી કામસેનાનો કાર્યક્રમ રાજભવનમાં ગોઠવી નાખ્યો. મહામંત્રીએ આ પ્રસંગે કેટલાક અગ્રણીઓને આમંત્રણ પાઠવ્યા હતા.

મહામંત્રીની સૂચના અનુસાર રાજભવનના એક વિશાળખંડમાં નૃત્યમંચની વ્યવસ્થા પણ કરવામાં આવી.

અંગદેશની નૃત્યાંગના કામસેના...

નૃત્યકલામાં પ્રવીણ નૃત્યના દરેક અંગોને અંગમરોડ અને હાવભાવથી કામસેના રજૂ કરતી હતી.

નૃત્યકલામાં સંગીત, અભિનય, અંગમરોડ તથા મુદ્રાનો સંગમ નિહાળવા મળે છે. આંગળીઓના હલનચલન દ્વારા ભાવ વ્યક્ત થાય છે. લય અને તાલનું પણ એટલું જ મહત્ત્વ નૃત્યકલામાં છે. પગના થાપની અદ્‌ભૂત ચોકસાઈ વગેરે મહત્ત્વના અંગો છે. નૃત્ય પછી ભલે ભક્તિનું હોય કે શૃંગારપ્રધાન હોય, દેવની આરાધનાનું હોય કે પ્રિયતમનું વશીકરણ હોય, વિરહજડિત ભાવો વ્યક્ત કરતું નૃત્ય હોય કે સમર્પણ ભાવવાળું નૃત્ય હોય. માનવહૃદયના સશસ્ત્ર ભાવ હોય છે.

નૃત્યમાં દરેક મુદ્રાનો અર્થ હોય છે. દરેક અભિનયનું ઊંડું

રહસ્ય હોય છે. નૃત્ય એ જીવનનું કલાત્મક પ્રતિબિંબ છે.

આજ રાજભવનમાં મહારાજા રામચંદ્ર અને મહાદેવી શ્રીમતી સમક્ષ અંગદેશની નૃત્યાંગના કામસેના પોતાનું નૃત્ય રજૂ કરવાની હતી.

રાજભવનમાં આવેલા વિશાળ ખંડમાં નૃત્ય અંગેની તમામ પ્રકારની ગોઠવણુ થઈ ચૂકી હતી. મહારાજા રામચંદ્ર તથા મહાદેવી શ્રીમતીનું આસન પણુ યોગ્ય સ્થાને ગોઠવવામાં આવ્યું હતું. નગરીના અન્ય કેટલાક આમંત્રિતો માટે પણુ આસનો ગોઠવવામાં આવ્યા હતા.

રાજભવનના વિશાળ ખંડની વચ્ચે જ નૃત્યમંચ તૈયાર કરવામાં આવ્યો હતો.

રાજપુરોહિત, મહામંત્રી તથા મંત્રીવર્ગ મહારાજા રામચંદ્ર અને મહાદેવી શ્રીમતી દેવીના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

આ તરફ રૂપસામ્રાજ્ઞી નૃત્યાંગના દેવી કામસેના તેના વાદ્યકારો તથા નૃત્યગુરુ સાથે આવી ગઈ હતી અને તે પણુ મહારાજા રામચંદ્રની પ્રતીક્ષા કરી રહી હતી.

વિશાળખંડમાં હળવો ગણુગણુાટ સંભળાતો હતો. મહામંત્રી વારંવાર વિશાળ ખંડના મુખ્ય પ્રવેશદ્વાર ભણી જોઈ રહ્યા હતા. તેમને થયું કે હજુ સુધી મહારાજા તથા મહાદેવી કેમ આવ્યાં નહિ હોય...!

પણુ...!

ધીરજનો અંત આવ્યો.

મહારાજા રામચંદ્ર અને મહાદેવી વિશાળખંડમાં દાખલ થયાં. દરેક પોતપોતાના સ્થાનેથી ઊભા થઈ ગયા. સૌએ મહારાજાનો જયનાદ પોકાર્યો. વાતાવરણમાં પ્રસન્નતા છલકાઈ ગઈ.

મહારાજા રામચંદ્ર અને મહાદેવી બન્ને સાથે ચાલતાં

દરેક આમંત્રિતો સામે નજર માંડતાં. પ્રણામ ઝીલતાં આગળ આવ્યાં અને બન્નેએ પોતાનું આસન ગ્રહણ કર્યું. ત્યારબાદ દર્શકોએ પોતપોતાની બેઠક ગ્રહણ કરી.

મહારાજાએ મહામંત્રી સામે જોઈને નૃત્યનો કાર્યક્રમ શરૂ કરવાની આજ્ઞા આપી.

મહામંત્રી તેમની બેઠક પરથી ઊભા થયા અને મધુર સ્વરે કહ્યું : 'આજ આપણા નગરમાં ચોરીનો ઉપદ્રવ વધતો ચાલ્યો છે. અદૃશ્ય જણાતા ચોરને પકડવાની સાંકળ હજુ સુધી તો હાથ આવી નથી પણ નગરીનો યુવાન વીર અચલકુમાર ચોરને પકડી પાડવા તનતોડ પ્રયત્ન કરી રહેલ છે. મહાસેનાપતિ પણ રાત્રીકાળે રક્ષણની વ્યવસ્થામાં બરાબર ચોકસાઈ રાખે છે. છતાં પણ ચોરીનો ઉપદ્રવ શાંત થતો નથી. મહારાજા રામચંદ્રજી મહારાજ આ પ્રશ્ન અંગે ખૂબ ચિંતામાં રહે છે. ચોરને પકડી પાડવાનો કોઈ ઉપાય સુઝતો નથી. ત્યારે મેં અંગદેશની પ્રખ્યાત નર્તકી કામસેના અત્રે આપણી નગરીમાં આવેલ છે. તે અંગે વાત કરી પણ શરૂઆતમાં તો તેમનું મન કચવાયું. છેવટે કલાકારને પ્રોત્સાહન ન આપવા હેતુ જ નર્તકી કામસેનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આજ અંગ દેશની નર્તકી કામસેના મહારાજા તથા મહાદેવી સમક્ષ પોતાની કલા રજૂ કરશે. દેવી કામસેનાએ નાની વયમાં નૃત્યકલા હાંસલ કરી છે. નૃત્યને પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું છે. આપ સૌ શાંતચિત્તે નૃત્યને, કલાને તથા કલાકારને નિહાળજો. પ્રોત્સાહિત કરજો.'

આટલું કહીને મહામંત્રી પોતાની બેઠક પર બેસી ગયા.

વિશાળ ખંડમાં ઉપસ્થિત આમંત્રિતો નર્તકી કામસેનાનું નૃત્ય જોવા માટે ઉત્સુક બન્યા હતા.

મધ્યમાં સરસ મજાનો નૃત્યમંચ તૈયાર કરવામાં આવ્યો હતો.

સૌની દૃષ્ટિ નૃત્યમંચ પર હતી.

ત્યાં તો નૃત્યમંચ પર દેવી કામસેનાના નૃત્યગુરુ આવ્યા અને તેમણે ભાવવાહી સ્વરે કહ્યું : 'મહારાજાધિરાજ રામચંદ્રજી મહારાજ, મહાદેવીશ્રી, મહામંત્રીશ્વર તથા આમંત્રિતો થોડી વારમાં જ દેવી કામસેનાનું નૃત્ય શરૂ થશે. કામસેનાએ નૃત્યશીક્ષાની તાલીમ પાંચ વર્ષની ઉંમરથી શરૂ કરી હતી. નૃત્ય શીખવાની તાલાવેલી તેમજ તે અંગેનો અભ્યાસ, સાધનાના જોરે આજે અંગદેશની શ્રેષ્ઠ નૃત્યાંગના છે. અત્યાર તેની વય માત્ર અઢાર વર્ષની છે. સૌ પ્રથમ દેવી કામસેના માતા સરસ્વતીની પ્રાર્થના રજૂ કરશે, ત્યારબાદ વિરહવ્યથામાં ઝૂરતી નારીની એક ભૂમિકામાં વિરહજન્ય નૃત્ય રજૂ કરશે.'

નૃત્યગુરુ પોતાના સ્થાને બેસી ગયા.

નૃત્યમંચ પર દેવી કામસેનાના વાદ્યકારોએ મંગલ ધ્વનિ વહેતો કર્યો. વાતાવરણમાં સૌમ્યતા પથરાઈ ગઈ.

સૌ આમંત્રિતોના ચહેરા પર કુતૂહલતા હતી. દેવી કામસેનાને જોવાની તાલાવેલી પણ હતી. આમંત્રિતોમાં કેટલાકને નૃત્યમાં જ રસ હતો તો કેટલાક રૂપના રસિયાઓને દેવી કામસેનાના રૂપને દૂરથી માણવાની તાલાવેલી જાગી હતી.

નૃત્યમંચનો પટ્ટક ધીરેધીરે ખસેડાતો ગયો. પ્રેક્ષકોની આતુરતા વધવા લાગી...

નૃત્યમંચની વચ્ચે આ કોણ બેઠું છે?

સાક્ષાત મા સરસ્વતી દેવી...! ના...ના...ના...

શું કોઈ શાપભ્રષ્ટ દેવકન્યા છે કે?

ના...ના...ના...

બે પળ તો પ્રેક્ષકો વિચાર કરતા થઈ ગયા.

નૃત્યમંચ વચ્ચે શ્વેત વસ્ત્રોમાં દેવી કામસેના બિરાજેલી હતી.

કામસેનાએ શ્વેત કમ્મરપટ્ટક, શ્વેત કંચુકીબંધ, શ્વેત રંગનું ઉત્તરીય ધારણ કર્યું હતું. કંઠમાં મોતીની માળા શોભી રહી હતી. કામ-સેનાના દીર્ઘ કેશનો અંબોડો લીધો હતો. ફરતી મોગરાના ફૂલની વેણી હતી.

દેવી કામસેના ખૂબ જ સુંદર અને રૂપની રાણી સમી શોભી રહી હતી. તેણે નૃત્યમંચમાં વચ્ચે જ બેઠક લીધી હતી. હાથમાં વીણા ધારણ કરેલી હતી. બે પળ તો એવું જ લાગે કે સાક્ષાત મા સરસ્વતી દેવી જ બિરાજ્યાં છે...!

કામસેનાએ પ્રેક્ષકો તરફ આછો દષ્ટિપાત કરીને મંગલ સ્વરે મા સરસ્વતીની સ્તુતિ ગાવી શરૂ કરી. કંઠ મધુર હતો. તેથી સૌ પ્રેક્ષકગણના હૈયા મંગલમય પ્રાર્થનાથી પ્રસન્ન બની ગયાં.

લગભગ અર્ધ ઘટિકા પર્યંત પ્રાર્થના ચાલી.

સર્વ પ્રેક્ષકોએ હર્ષનાદ કર્યો.

મહારાજા તથા મહાદેવી પ્રસન્નતા અનુભવી રહ્યાં હતાં.

પ્રાર્થના પૂરી થઈ.

ત્યારબાદ દેવી કામસેનાએ વિરહજન્ય નૃત્ય રજૂ કર્યું.

નૃત્યમંચ પર ધૂમ્રાવરણ છવાયું.

વાદ્યો પર સુમધુર ધ્વનિનો રણકાર શરૂ થયો. પ્રેક્ષકગણ નૃત્ય અને નર્તકીના હાવભાવને માણવા સ્તબ્ધ બની ગયો હતો.

સુષિર વાદ્યો, તંતુવાદ્યોના ધ્વનિથી વાતાવરણમાં પ્રસન્નતા છવાઈ ગઈ. મૃદંગનો ભારેખમ અવાજ સંગીતની ગંભીરતા તેમજ નૃત્યના ભાવને બરાબર રીતે રજૂ કરતો હતો.

સૌના આશ્ચર્ય વચ્ચે દેવી કામસેનાએ નૃત્યપીઠિકા પર પ્રવેશ કર્યો. સૌનાં હૈયાં પ્રસન્ન બની ગયાં. રૂપસામ્રાજ્ઞી દેવી કામસેનાને વિરહિણી પ્રેમિકાના રૂપમાં જોતાં સૌ વિચારમાં પડી ગયાં. આશ્ચર્ય-ચકિત થઈ ગયાં.

થોડી વારમાં કામસેનાએ વિવિધ નૃત્યમુદ્રાઓ પ્રદર્શિત કરી વિરહિણીના રૂપમાં અંગમરોડ દ્વારા ભાવાભિનય રજૂ કર્યો.

સૌ કોઈ નર્તકીની કલા પર આફરિન પોકારી ઊઠયાં.

અને નૃત્ય પુરબહાર ખીલી ઊઠયું.

વિરહજન્ય નૃત્ય એક ઘટિકા પર્યંત ચાલ્યું. આમંત્રિતો પ્રસન્ન બન્યાં. મહારાજા અને મહાદેવી પણ નર્તકી કામસેનાની કલા નિહાળીને પ્રસન્નતા વ્યક્ત કરી.

મહારાજા રામચંદ્રે દેવી કામસેનાને ઉપહારમાં અમૂલ્ય રત્નનો હાર અને એક પાત્રમાં સુવર્ણમુદ્રાઓ વસ્ત્રો આપ્યાં. જેનો દેવી કામસેનાએ સહર્ષ સ્વીકાર કર્યો.

ત્યારબાદ સૌ પોતપોતાના સ્થાને જવા વિદાય થયાં.

આ તરફ વીર અચલકુમારે રાત્રી પસાર કરવા માટે એક વૃક્ષનો આશરો લીધો હતો. અચલકુમાર એક વૃક્ષ પર ચડી જઈને એક મજબૂત ડાળીના ટેકે આડે પડખે થયો હતો. અચલકુમાર ભારે શ્રમના કારણે થાકી ગયો હતો. આંખોમાં નિદ્રા ડોકિયાં કરતી હતી. હિંસક પ્રાણીઓના ચિત્કારભર્યા અવાજોથી વન્યપ્રદેશ ધ્રુજી રહ્યું હતું. ચિત્રવિચિત્ર અવાજો ભલભલાના હાજા ગગડાવી મૂકે તેવા હતા. ઘનઘોર રાત હતી. તેમાંય પાછો વન્યપ્રદેશ, અચલકુમાર થોડી વાર સુધી જાગતો રહ્યો પણ શ્રમના કારણે નિદ્રાને શરણે જવું જ પડયું.

લગભગ અર્ધ ઘટિકામાં અચલકુમાર નિદ્રાદેવીના શરણે પોતાનું મસ્તક ઝુકાવી દીધું.

માનવી જ્યારે અતિ શ્રમિત બને છે ત્યારે તેને મીઠી નિદ્રા આવે છે. નિદ્રા એ માનસિક, શારીરિક થાક ઉતારવામાં નિદ્રા અત્યંત ઉપયોગી છે.

નિદ્રાધીન થયેલો અચલકુમાર થોડી વારમાં તો સ્વપ્નવિહારમાં ઝુલવા લાગ્યો...

સ્વપ્નાની પણ એક અલગ સૃષ્ટિ છે. સ્વપ્નમાં માનવી રાજા બની જાય છે તો ક્યારેક રંક...ચિત્રવિચિત્ર સ્વપ્નાઓ પણ નિદ્રા

દરમ્યાન આવતાં હોય છે. ક્યારેક સ્વપ્નવિહારમાં માનવી આશાના તોરણે ઝુલી ઊઠતો હોય છે. સ્વપ્નની દુનિયા અનોખી અને અજાયબ છે.

અચલકુમાર સ્વપ્નવિહારમાં ઝુલી રહ્યો હતો...

સ્વપ્નમાં તેણે જોયું તો દૂર દૂર ઘંટનાદનો મીઠો મધુર ધ્વનિ રણકી રહ્યો હતો. જાણે સંગીતની સુરીલી સરગમ ન વાગતી હોય...! ચારે તરફ દિવ્ય પ્રકાશની તેજછાયા ફેલાયેલી હતી.

સ્વપ્નસૃષ્ટિ આગળ વધી.

અચલે સ્વપ્નમાં જોયું ઘંટનાદનો ધ્વનિ જીર્ણ મંદિરમાંથી આવી રહ્યો હતો. પ્રાચીન મંદિર જીર્ણ દશામાં જોયું. સ્વપ્નમાં અચલકુમાર સુમનોહર અને પ્રાચીન મંદિર જોઈને અહોભાવિત થઈ ગયો. તેનું મસ્તક નમી પડયું.

અરે...! આ શું...?

કોઈનો ગેબી અવાજ આવ્યો...

'જા...સ્મશાન માર્ગે જા...'

અચલ વિચારમાં પડી ગયો. આ કોણ બોલ્યું ? સ્મશાન માર્ગે જવાનો સંકેત કોણે આપ્યો ? સ્મશાને જવાની અગમચેતી કોણે આપી હશે ?

ત્યાં તો અચલકુમારની નિદ્રા તૂટી. તે થોડો ભયભીત થઈ ગયો હતો.

અચલકુમારને થયું કે કેવું નવાઈ ઉપજાવે તેવું સ્વપ્ન હતું...! સ્મશાને જવાની આજ્ઞા કોઈ ગેબી અવાજે આપી...શા માટે ? શું આ સંકેતભર્યા શબ્દોમાં કોઈ અર્થ સમાયેલો હશે ! મારા કાર્યમાં કોઈ મદદરૂપ થવા માગે છે ! આ શબ્દોમાં શું ગુઢ રહસ્ય છુપાયેલું હશે ?

અચલકુમાર વિચારમાં પડ્યો : સ્મશાન તરફ જવાનો માર્ગ

કયો હશે ? ત્યાં શું હશે ? મને આવું વિચિત્ર કહી શકાય તેવું સ્વપ્ન કેમ આવ્યું હશે ?

થોડી વાર રહીને મન મનાવ્યું જે હશે તે...! પણ એટલું ખરું કે આ શબ્દો પાછળ કોઈ ગૂઢ રહસ્ય તો છે જ...! મારે સ્મશાને જવું જોઈએ અને ત્યાં પહોંચ્યા પછી જ બધી વાતનું રહસ્ય છતું થશે...

અચલકુમાર ત્યારપછી જાગૃત રહ્યો અને પ્રાત:કાળ થાય તેની પ્રતિક્ષા કરવા લાગ્યો.

અચલકુમાર વૃક્ષ પર બે ઘટિકા પર્યંત એમને એમ બેસી જ રહ્યો અને સ્વપ્ન વિષે જ વિચારતો રહ્યો.

પ્રાત:કાળ થયો.

સૂર્યનાં સોનેરી કિરણોથી ધરતી પ્રસન્ન બની ઊઠી.

પંખીઓના મધુર કલરવથી વન્યપ્રદેશ ગાજી ઊઠ્યો.

અચલકુમાર વૃક્ષ પરથી નીચે ઊતર્યો અને નજીક વહેતી સરિતામાં હાથમુખ ધોયા તે સ્વસ્થ થયો. ત્યારપછી તે આગળ વધ્યો.

અચલકુમારે મનોમન નિશ્ચય કરી લીધો કે મારે ગમે તેમ સ્મશાનની જગ્યા શોધવી જ પડશે. આજ પ્રતિજ્ઞાનો ચૌદમો દિવસ હતો.

અચલના બન્ને પગ ચાલી ચાલીને થાંભલા જેવા થઈ ગયા હતા છતાં હિંમત રાખીને તે આગળ ચાલતો હતો. ચારે તરફ દૃષ્ટિપાત પણ કરતો હતો, ક્યાંક કોઈ ભક્ષ્યફળ મળી જાય એ આશાએ નિર્ભયપુર તરફ જવાનો માર્ગ પણ અચલકુમારને યાદ રહ્યો નહોતો.

અચલકુમારને મહાદુષ્ટ અને અદૃશ્ય રહીને ચોરી કરતાં ચોરની યાદ આવી ગઈ. પોતે લીધેલી પ્રતિજ્ઞા પણ યાદ આવી ગઈ. અચલ-

કુમારને ભૂખ સખ્ત લાગી હતી .પણ ક્યાંય કોઈ ભક્ષ્યફળ દેખાતાં નહોતાં.

આમને આમ બે ઘટિકા પસાર થઈ ગઈ.

અચલકુમાર વન્ય પ્રદેશમાં આમતેમ ભટકતો હતો. કોઈ માર્ગ મળતો નહોતો. થોડી થોડી વારે તે બેસીને આગળ જતો હતો. આમને આમ સાંજ પડી ગઈ. ન તો અચલકુમારને સ્મશાનનો માર્ગ મળ્યો કે ન તો કોઈ પેટ શાંત કરવા માટેનાં ફળ.

રાત પડી ગઈ.

અચલકુમારે વૃક્ષના ઓથે જ રાત પસાર કરી.

બીજે દિવસે તેની પ્રતિજ્ઞાનો પંદરમો દિવસ હતો–છેલ્લો દિવસ.

પ્રાતઃકાળ થતાં જ અચલકુમારે વિચાર્યું કે આજ તો મારી પ્રતિજ્ઞાનો છેલ્લો દિવસ છે. હું મારા કાર્યમાં સફળ થઈશ કે નહિ...?

જ્યારે નિર્ભયપુર નગરીમાં અચલકુમારનાં માતાપિતા ચિંતામગ્ન ચહેરે આરામખંડમાં બેઠાં હતાં.

અચલકુમારનાં માતાપિતા જૈનધર્મનાં ચુસ્ત અનુયાયી હતાં. દરરોજ સવારે સેવાપૂજા કરવા જવાનું સામાયિક ક્રિયા કરવાની તેમ જ સંસારમાં રહીને જે કંઈ નીતિનિયમો પાળી શકાય તે બધાં પાળતાં હતાં.

અચલકુમારનાં માતાપિતા પોતાના પુત્રના કોઈ સમાચાર ન મળવાથી ચિંતામગ્ન બન્યાં હતાં.

અચલકુમારની માતા બોર બોર જેવડાં આંસુ સારી રહી હતી અને કહેવા લાગી : ‘ સ્વામી મારા અચલની તપાસ તો કરાવો. એ ક્યાં જતો રહ્યો હશે ? એણે રાજસભામાં આવી ભયંકર પ્રતિજ્ઞા કેમ લીધી ? ’

‘ પ્રિયે, હવે આંસુ સારવાનો શો અર્થ છે ? તને તો અચલના સ્વભાવની ખબર છે તે જ્યારે કોઈ પણ કાર્ય હાથમાં લે છે ત્યારે

પૂરું કર્યા વગર રહેતો નથી.'

'સ્વામી, છેલ્લા ચારપાંચ દિવસથી તો તેનો પત્તો જ નથી.., જરા તપાસ તો કરાવો...! એ ચોરના સંકજામાં તો સપડાયો નથી ને ?'

'પ્રિયે, તું નાહકની ચિંતા કરે છે. અચલ પોતાનું રક્ષણ જાતે કરી શકે તેમ છે અને એના માટે આ કાર્ય ક્યાં નવું છે? એણે તો આવાં અનેક કાર્યો સફળ રીતે પાર ઉતાર્યાં છે. એનો સ્વભાવ જ સાહસપ્રિય છે. એના કોઈ ખબર મને મળશે એટલે તને તાત્કાલિક જણાવી દઈશ.'

'સ્વામી, અચલે ચોરને પકડવાનું બીડું ઝડપીને ખોટું કાર્ય કર્યું છે. આજ છેલ્લો દિવસ છે. હે ઈશ્વર, શું થશે ?' શેઠાણી રડવા લાગ્યાં.

શેઠે કહ્યું : 'પ્રિયે, ધૈર્ય રાખ. મેં પણ અચલને ઘણી વખત વાર્યો છે પણ તેનો સ્વભાવ કઠિન અને અશક્ય કામ કરવાનો છે એટલે બીજું શું કરી શકીએ ? પણ એ જાણતો નથી તું આવાં કાર્યો પાછળ રોકાયેલો રહે ત્યારે માબાપ તેમના દિવસો કેટલી ચિંતામાં ગાળતાં હશે ?'

'સ્વામી, આપણું તો એકનું એક જ સંતાન છે ને! એને કંઈ! થઈ ગયું તો...?'

'પ્રિયે, અશુભ ન બોલ. એને કશું જ નહિ થાય. ગઈ કાલે મહામંત્રી મળ્યા હતા અને અચલ સંબંધિત પ્રશ્નો કર્યા હતા ત્યાં મેં જણાવ્યું કે અચલનો કોઈ પત્તો જ નથી. એ ક્યાં ગયો છે, શા માટે ગયો છે ? કશું કહીને જ ગયો નથી પણ એટલું ધારી શકાય કે તે ચોરને પકડવા માટે જ કશેક ગયો છે.'

'સ્વામી, છેલ્લા બે દિવસથી પુત્રની ચિંતામાં ઊંઘ આવતી નથી...'

'પ્રિયે, મારું પણ બાપનું હૈયું છે. મારા અંતરમાં વેદના નહિ

થતી હોય...! અચલ સંસ્કારી અને સુશીલ છે. એને કોઈ કુટેવ નથી. એનામાં પરોપકારનું મહાતત્ત્વ પડેલું છે. નગરી પર આવેલી વિપત્તિને નષ્ટ કરવાનું સાહસ માત્ર પરોપકાર વૃત્તિને કારણે જ સ્વીકાર્યું છે. કોઈના પર આફતના ઓળા ઊમટી પડે ત્યારે તો તરત જ મદદ કરવા માટે દોડી જાય. આવો પુત્ર તો ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય...'

'સ્વામી, આપની વાત સાચી છે પણ એને જે રાજસભામાં પ્રતિજ્ઞા લીધી છે એ મને દઝાડે છે. પંદર દિવસમાં ચોરને ન પકડી પાડું તો જીવતો અગ્નિમાં પડીશ. સ્વામી, તમે જ કહો કે આવી પ્રતિજ્ઞા લેવાતી હશે? એ ચોરને પકડવામાં અસફળ રહ્યો તો આપણે તો પુત્ર જ ખોઈ બેસીશું ને?'

'પ્રિયે, આવા વિચારોને તીલાંજલિ આપી દે. તને તારા પુત્ર પર વિશ્વાસ નથી. આજ સુધી એ દરેક કાર્યમાં સફળતા પામ્યો છે. એ રીતે તેણે ધારણ કરેલી પ્રતિજ્ઞા જરૂર પૂરી થશે અને નગરી પર અણધાર્યું આવી પડેલ વિપત્તિનું વાદળું નષ્ટ થઈ જશે. રાજાથી માંડીને નગરીનો દરેક માણસ અચલકુમારનો જયજયકાર બોલાવશે. મને તો પૂર્ણ વિશ્વાસ છે કે અચલ ચોરને પકડવાની પ્રતિજ્ઞા જરૂર પૂરી કરશે..'

'પણ... સ્વામી આજ એની પ્રતિજ્ઞાનો છેલ્લો દિવસ છે...' શેઠાણી ફરીને રડી પડયાં.

શેઠનું મન મક્કમ હતું છતાં તેમની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં.

અચલના પિતા બોલ્યા: 'પ્રિયે, મને તો લાગે છે કે અચલ તેના કાર્યમાં સફળ થયો હોવો જોઈએ. ચોરનું ગુપ્ત રહસ્ય શોધી લીધું હોવું જોઈએ. તે કોઈ પણ હિસાબે ચોરને પકડવાની કોશિષમાં જ હોવો જોઈએ.'

'સ્વામી, મારા અંતરમાં જુદી જુદી જાતના વિચારો આવ્યા કરે છે.'

'પ્રિયે, એમ વિચારો કરવાથી કશું વળે નહિ. જો આપણે આપણા પુત્ર પરનો વિશ્વાસ ખોઈ બેસીયે તે કેમ ચાલે?'

અચલનાં માતાપિતાને ચિંતા ઘેરી વળી હતી. બન્ને પુત્રની પ્રતિક્ષા કરી રહ્યાં હતાં.

આ તરફ નગરીમાં પણ અચલકુમાર સંબંધી ચર્ચા જોરશોરથી ચાલી રહી હતી.

કોઈ કહેતું કે અચલકુમાર ચોરને પકડવા નગરી બહાર ચાલ્યો ગયો છે.

ત્યારે અચલકુમારના હિતશત્રુઓ એવી વાતો કરતા હતા કે અચલકુમાર ચોરને પકડવામાં સફળ થયો નહિ એટલે નગરી છોડીને અદૃશ્ય થઈ ગયો છે. જો નગરીમાં રહે તો તેને સળગતી ચિતામાં કૂદવું પડે ને! અચલકુમારે ચતુરાઈથી કામ લીધું છે.

કોઈ એમ કહેતું કે અચલકુમારે ચોરને પકડી લીધો છે અને કોઈ ગુપ્ત સ્થાનમાં બાંધીને રાખ્યો છે પણ રાત વેળા તે ચોર છટકીને નગરીમાં આવીને ચોરી કરી જાય છે.

આમ વિવિધ પ્રકારની ચર્ચાઓ નગરીના ચોરેચૌટે થતી હતી.

મહારાજા રામચંદ્ર પણ અચલકુમારના કોઈ પણ સમાચાર ન મળવાથી વિહ્વળ બન્યા હતા.

આજ અચલની પ્રતિજ્ઞાનો છેલ્લો દિવસ હતો. અચલે શું પ્રગતિ કરી છે તેની કોઈને ખબર નથી. મહારાજા રામચંદ્રે અચલના માતાપિતાને ત્યાં સમાચાર પાઠવ્યા હતા કે અચલના કોઈ ખબર મળે તો તાત્કાલિક જણાવી દેવા.

આખા નગરમાં અચલકુમારની જ વાતો થઈ રહી છે. જો આજ તે ચોરને પકડીને નહિ લાવે તો આવતીકાલે અગ્નિસ્નાન કરવાનો વારો આવશે.

જ્યારે આ તરફ અચલકુમાર વન્યપ્રદેશમાં આગળ વધતો હતો પણ સાચો માર્ગ તો ભૂલાઈ જ ગયો હતો.

અચલ વન્યપ્રદેશમાં ચારે તરફ દૃષ્ટિ નાખતો હતો ત્યાં તેની એક નજરમાં યોગી પુરુષ દેખાયા.

અચલકુમારે જોયું તો યોગી મહાત્માનો વેષ સાવ સાદો હતો. હાથમાં કમંડળ હતું.

અચલકુમાર તરત જ તે યોગી મહાત્મા પાસે ગયો અને વંદન કર્યા.

યોગી મહાત્માએ મધુર સ્વરે અચલકુમારને પૂછ્યું, 'તમે કઈ તરફથી આવો છો...?

'મહાત્મા, હું નિર્ભયપુર નગરીનો રહેવાસી છું અને ત્યાંથી અહીં આવ્યો છું.'

'તમે એકલા છો કે સાથે બીજું કોઈ છે?'

'મહાત્મન, હું એકલો જ છું. મારી સાથે અન્ય કોઈ નથી.'

'ઓહ...! તમે આ વન્યપ્રદેશમાં ભૂલા પડયા છો?'

'હા... મહાત્મન...' અચલકુમારે કહ્યું.

'હવે કઈ તરફ જવું છે?'

'નિર્ભયપુર જવું છે મહાત્મન. પણ નિર્ભયપુર તરફ જવાનો સાચો માર્ગ મળતો નથી.'

'ઓહ ...તમે કંઈ આહાર ગ્રહણ કર્યું છે કે નહિ?'

'મહાત્મન, જળ સિવાય કશું મળ્યું નથી. આહારની શોધમાં આમતેમ ભટકું છું પણ ક્યાંય પ્રાપ્ત થયું નહિ.'

'તો પછી મારી સાથે આવો. સૌ પ્રથમ આહાર કરી લો. પછી હું તમારી વાત સાંભળીશ.'

અચલકુમાર કંઈ પણ બોલ્યા વગર યોગી મહાત્માની સાથે ચાલવા લાગ્યો.

યોગી મહાત્મા અને અચલકુમાર બન્ને અર્ધઘટિકા પર્યંત ચાલ્યા હશે ત્યાં સામે એક કુટિર જોવા મળી.

બન્ને કુટિર પાસે પહોંચ્યા.

ઘનઘોર વન્યપ્રદેશમાં યોગી મહાત્મા અચલકુમારને લઈને પોતાની કુટિરમાં આવ્યા.

યોગી પુરુષ વન્યપ્રદેશમાં રહીને સાધના કરી રહ્યા હતા.

અચલકુમારને યોગી પુરુષનો પ્રેમભાવ જોઈને આનંદ થયો. પક્ષીઓના મધુર કલરવે ચારે ય દિશાઓને ગુંજતી કરી મૂકી હતી.

અચલકુમારે કુટિરમાં આવીને થોડી વાર વિશ્રામ કર્યો. મહાત્માએ સૌ પ્રથમ અચલકુમારને મીઠું જળ આપ્યું.

અચલે મીઠું જળ ગ્રહણ કર્યું. જળપાન કરીને તેણે પોતાની તૃષા સંતોષી ત્યારબાદ મહાત્મા ફળથી ભરેલી એક છાબડી લઈ આવ્યા.

અચલકુમારે મહાત્માને કહ્યું : 'મહાત્મન, આપ પણ ફળ લેશો ને ?'

'ના...વત્સ, ફળાહાર તું જ કર...હું તો દિવસમાં એક જ વાર ફળ લઉં છું.' મહાત્માએ પ્રસન્ન સ્વરે કહ્યું.

અચલકુમારે મહાત્મા પ્રતિ ભાવભરી નજરે જોઈને ફળાહાર લેવો શરૂ કર્યો.

થોડી વારમાં છાબડીમાં હતાં તે બધાં ફળો અચલકુમાર આરોગી ગયો અને તેની ક્ષુધા શાંત થઈ.

અચલકુમારે મહાત્માને કહ્યું : ' મહાત્મન, આપે આજે મારી ક્ષુધા શાંત કરી છે.. આપનો ઉપકાર ક્યારેય નહિ ભૂલાય.'

' વત્સ, સંસારમાં માનવી એકબીજાના કામમાં આવે તે જ સાચું છે.'

' મહાત્મન, આપ આ નીરવ જંગલમાં જ રહો છો.'

' હા...સંસાર ત્યાગી દીધા પછી કોના પર મોહ રાખવાનો હોય ? આ સંસાર વાસનાથી ભરેલો છે. સ્વાર્થ, ઈર્ષા, પ્રેમ, મોહ, મમતા, વેર જેવા ગુણો-અવગુણોથી જ આ સંસાર ભરેલો છે. જો માનવી સંસારમાં જકડી રાખે તેવા બંધનોથી મુક્ત બને તો ભવસાગર પાર કરી શકાય છે. ત્યાગ એ સંસારના બંધનોમાંથી છૂટવાની પ્રથમ પ્રક્રિયા છે. ત્યાગ કર્યા પછી કઠીન સાધના એ પરમેશ્વરની સમીપ જવાની ક્રિયા છે ! '

' મહાત્મન, આપના વિચારોથી મારું મન અતિ પ્રસન્ન બન્યું છે. આપના શબ્દોથી મારું અંતર આનંદ પામી ઊઠ્યું છે.'

' વત્સ, ત્યાગની ભૂમિકા સરળ નથી. રાગના બંધનો તોડવા સરળ નથી. આ સંસારમાં માનવીને રાગના બંધનો જ જકડી રાખે છે. લોભ, મોહ, મમતા જેવા સુંવાળા શબ્દોને તિલાંજલી આપીને સંસાર છોડવો સહેલો નથી. વિરાગનો માર્ગ પકડવો સરળ નથી પણ રાગનો માર્ગ પકડવો સરળ છે. વિરાગની મસ્તી અનોખી છે. વિરાગના માર્ગે જનારા જીવ ક્યારેય દુઃખી થતા નથી પણ રાગના બંધનોમાં સપડાયેલા જીવને ક્યાંય શાંતિ કે નિરાંત હોતી નથી. રાગના બાહુપાશમાં જકડાયેલો જીવ ભવભ્રમણના ફેરામાંથી મુક્ત થઈ શકતો નથી.' મહાત્માએ સરળ ભાવે કહ્યું.

' મહાત્મન, આપની વાણી હૈયા સોંસરવી ઊતરી જાય તેવી છે. મારી એક પ્રાર્થના છે...'

' વત્સ, હું તારી પ્રાર્થના સમજી ગયો છું...'

'મહાત્મન, આપ તો સઘળું જોઈ શકો છો. સમજી શકો છો.'

'વત્સ, નિર્ભયપુર નગરીમાં છેલ્લા કેટલાક દિવસોથી ચોરીનો ઉપદ્રવ સર્જાયો છે. આ ઉપદ્રવને કારણે ત્યાંની પ્રજા ત્રાહિમામ્ પોકારી ઊઠી છે...ચોરને પકડવાનો કોઈ માર્ગ નથી...'

'હા...મહાત્મન, આપની વાત સાચી છે. એ ચોરને પકડવા માટે મેં ભરી રાજસભામાં પ્રતિજ્ઞા લીધી હતી કે પંદર દિવસમાં ચોરને હાજર કરી દઈશ. જો ચોરનો પત્તો નહિ મળે તો હું અગ્નિસ્નાન કરીશ.'

'વત્સ, તેં આકરી પ્રતિજ્ઞા લીધી છે.'

'મહાત્મન, મારે આજે જ નિર્ભયપુર પહોંચવું પડે તેમ છે કારણકે આજે મારી પ્રતિજ્ઞાનો અંતિમ દિવસ છે.'

'વત્સ, મારે તારી સાથે આવવું પડશે. તું એકલો જઈશ તો તને માર્ગ નહિ મળે...' યોગી મહાત્મા ઊભા થયા.

અચલકુમાર પણ તેના સ્થાનેથી ઊભો થયો.

યોગી મહાત્મા અને અચલકુમાર બન્ને કુટિરની બહાર નીકળ્યા.

યોગી મહાત્મા અને અચલકુમાર વાતો કરતાં આગળ જાય છે. લગભગ એકાદ ઘટિકા પછી યોગી મહાત્મા ઊભા રહી ગયા અને અચલકુમારને કહ્યું : 'વત્સ, નિર્ભયપુર જવા માટે આ સીધી કેડી છે. તું આ કેડીએ સીધેસીધો ચાલ્યો જજે...એટલે નગરી દેખાશે...'

અચલકુમારે યોગી મહાત્માનો આભાર માન્યો અને તેણે વંદન કર્યાં. યોગી મહાત્મા પાછા વળ્યા.

અચલકુમાર તરત જ યોગી મહાત્માએ બતાવેલી કેડી તરફ આગળ વધતો ગયો.

જ્યારે નિર્ભયપુર નગરીમાં રાજભવનમાં મહારાજા રામચંદ્રે તાકીદની બેઠક બોલાવી હતી.

આ બેઠક માટે નગરીના અગ્રણીઓ તથા મુખ્ય રાજકર્મચારીઓને બોલાવ્યા હતા.

દિવસના પ્રથમ પ્રહર બાદ રાજભવનના એક ખંડમાં મુખ્ય અગ્રણીઓ તથા રાજના મુખ્ય કર્મચારીઓ એકઠા થયા.

મહારાજા રામચંદ્ર બોલાવેલી તાકીદની બેઠકમાં મહામંત્રી, મહાસેનાપતિ તથા રાજપુરોહિત પણ હાજર રહ્યા હતા. આ બેઠકમાં અચલકુમારના પિતાને પણ બોલાવવામાં આવ્યા હતા.

નિર્ધારિત સમયે બેઠક શરૂ થઈ.

મહારાજા રામચંદ્ર ચર્ચાની શરૂઆત કરતાં કહ્યું : ' આજની બેઠક ઘણી જ મહત્ત્વની છે. નગરીના વીર યુવાન અચલકુમારે ભરી રાજસભામાં નગરીમાં ચોરીનો ઉપદ્રવ મચાવનારા ચોરને પકડી પાડવા માટેનું બીડું ઝડપ્યું હતું અને આ માટે તેણે પંદર દિવસમાં ચોરને પકડીને હાજર કરી દેવાની પ્રતિજ્ઞા કરી હતી. જો ચોર ન પકડી શકે તો પોતે જીવતો ચિતામાં પડશે. આજે અચલકુમારની પ્રતિજ્ઞાનો અંતિમ દિવસ છે છતાં ગઈકાલ સુધી ચોરીનો ઉપદ્રવ ચાલુ જ રહ્યો છે. પ્રથમ પ્રશ્ન આપણી સમય એ આવે છે કે અચલકુમાર ક્યાં છે ?

મહાસેનાપતિએ કહ્યું : ' મહારાજ, અચલકુમાર વિષે તો તેમના પિતા જ જણાવી શકે. આ બેઠકમાં તેઓને ખાસ ઉપસ્થિત રહેવા માટે જણાવેલું છે અને તેઓ આ બેઠકમાં આવ્યા પણ છે. '

મહારાજા રામચંદ્રે તરત જ અચલકુમારના પિતા સામે જોઈને પ્રશ્ન કર્યો : ' શેઠજી, અચલકુમારના શું સમાચાર છે ? તે હાલ ક્યાં છે ? '

'મહારાજ, છેલ્લા ત્રણ દિવસથી મારા પુત્રના કોઈ સમાચાર નથી. તે ઘરેથી કોઈને કશું કહ્યા વિના ક્યાંય ચાલ્યો ગયો છે! તેનો પત્તો મળે તેમ નથી. અમે તેની તપાસ ચારેકોર કરી હતી. તેના મિત્રોને ત્યાં પણ તપાસ કરી હતી પણ તે આ નગરીમાં હોય તેમ લાગતું નથી.' અચલકુમારના પિતાએ જણાવ્યું.

મહામંત્રી બોલ્યા : 'ત્યારે તે નગરીમાં તો ક્યાંય છૂપાયો તો નથીને?'

'ના...મહામંત્રીશ્વર, એને જરૂર ચોરનું પગેરું મેળવ્યું હોવું જોઈએ અને ચોરને બંધનગ્રસ્ત કરવાના કાર્યમાં જ રોકાયેલો હોવો જોઈએ તેમ મને લાગે છે. અચલ માટે આ કાર્ય કંઈ નવું નથી. અગાઉ પણ તેને વીરતાથી ભરેલાં કાર્યો કરેલાં જ છે. એ તો આપ સૌ જાણો છો. એ ક્યારેય મોતથી ડર્યા નથી. તેને મોતનો ડર નથી. સાહસ કરવું એ તેના જીવનનો મંત્ર છે. જો મોતનો ડર હોત તો ભરી રાજસભામાં તેણે ચોરને પકડવાની પ્રતિજ્ઞા લીધી ન હોત. એ જરૂર પાછો આવશે અને ચોરને પકડીને જ આવશે એવું મારું અંતર કહે છે.

મહાસેનાપતિએ કહ્યું : 'શેઠજી, તમારી વાત સાચી છે. અચલકુમારે ભૂતકાળમાં અનેક વીરતાભર્યા કાર્યો કર્યો છે જેની નોંધ લેવી ઘટે. પણ હાલ તે નગરીમાં નથી તો ક્યાં હશે?'

'એ તો કેમ ખબર પડે?' અચલકુમારના પિતાએ કહ્યું.

અત્યાર સુધી મૌન બેઠેલા મહારાજ રામચંદ્રે કહ્યું : 'શેઠજી, આવતીકાલ સવાર સુધીમાં અચલકુમાર ગમે ત્યાં હશે. ત્યાંથી આવી જશે. એ મોતથી ગભરાઈને ભાગી જાય તેવો નથી...!

'ના... મહારાજ, મારો પુત્ર અચલ બહાદુર અને સાહસિક છે.'

રાજપુરોહિતે કહ્યું : 'મહારાજ, અચલકુમારની આપણે આવતીકાલ સુધી પ્રતિક્ષા કરીએ પણ અત્યારે આપણે મહત્ત્વની

ચર્ચા એ કરવી જરૂરી છે કે નગરીમા હજુ સુધી ચોરીને ઉપદ્રવ શાંત પડચો નથી. માત્ર અચલકુમારના કાર્ય પર જ ધ્યાન આપીશું તો ચોરીનો ઉપદ્રવ શાંત પડવાનો નથી.'

મહારાજા રામચંદ્રે કહ્યું : ' રાજપુરોહિતજી, તમારી વાત સાચી છે. તમે જ કંઈક આ પ્રશ્ન માટે સૂચન દર્શાવો.'

રાજપુરોહિતે કહ્યું : ' મહારાજ અદશ્ય અને માયાવી જણાતા ચોરે પોતાની શક્તિનો ઉપયોગ આ નગરી પર બરાબર કરતો રહે છે. ગઈ કાલ સુધી તેણે ચોરી કરી છે અને સફળતાથી તે છટકી જાય છે. આ અંગે મારું સૂચન એવું છે કે કોઈ તાંત્રિકની મદદ લેવી જોઈએ.'

મહામંત્રી બોલ્યા, ' રાજપુરોહિતજી, આમાં તાંત્રિક શું કરી શકે ? '

રાજપુરોહિતે કહ્યું : ' મહામંત્રીશ્વર, તાંત્રિક તેની શક્તિ દ્વારા અદશ્ય જણાતા ચોરને પડકાર આપી શકે અને ચોરને પકડી પાડવામાં કામયાબી મેળવી શકે. '

મહાસેનાપતિએ કહ્યું : ' એવા તાંત્રિક કોણ છે કે જો આ કાર્ય કરી શકે ?

રાજપુરોહિતે કહ્યું : ' નગરીની બહાર તાંત્રિક ભૈરવનાથનો આશ્રમ છે. આચાર્ય ભૈરવનાથ તંત્રવિદ્યામાં પ્રવીણ છે. આપણે તેને અત્રે બોલાવીએ અને તેઓ શું કહે છે તે જાણી લઈએ. '

મહારાજા રામચંદ્રે તરત જ એક સેવકને તાંત્રિક ભૈરવનાથ ત્યાં મોકલ્યો. લગભગ અર્ધઘટિકામાં સેવક તાંત્રિક આચાર્ય ભૈરવનાથને લઈને રાજભવને આવી પહોંચ્યો.

આચાર્ય ભૈરવનાથ...!

તાંત્રિક વિદ્યામાં પ્રવીણ આચાર્ય, ભૈરવનાથની વય સાઈઠ વર્ષની હતી. છતાં યુવાનને શરમાવે તેવી તેની ચાલ હતી.

આચાર્ય ભૈરવનાથે રાજભવનમાં પગ મૂક્યો.

તેઓ સેવકની સાથે જ્યાં મહારાજા રામચંદ્ર તથા નગરીના અગ્રણીઓ બેઠા હતા ત્યાં આવ્યા.

મહારાજા રામચંદે તાંત્રિક ભૈરવનાથનો ભાવભીનો સત્કાર કર્યો.

આચાર્ય ભૈરવનાથને યથાયોગ્ય સ્થાન આપવામાં આવ્યું.

થોડીવાર રહીને ભૈરવનાથે કહ્યું : ' મહારાજ, આપે મને કેમ યાદ કર્યો ? '

' મહાત્મન, આપ તો જાણો છો કે નગરી પર ભયનું વાદળ ઘેરાયું છે. ચોરીનો ઉપદ્રવ સૌની શાંતિ હણી લીધી છે. આ નગરીમાં અદૃશ્ય જણાતા ચોરે આતંક ફેલાવ્યો છે. આપ આ કાર્યમાં મદદ કરીને નગરીના લોકોને ભયમુક્ત કરો. '

' મહારાજ, નગરીમાં છેલ્લા કેટલાય દિવસોથી નિયમિત રીતે ચોરી થાય છે એ વાત મારી જાણ બહાર નથી. ચોર કોઈ વિશિષ્ટ શક્તિ વડે જ ચોરી કરે છે એ પણ જાણું છું, આપ તો પ્રજા વત્સલ રાજવી છો. આપે તો મને આજે બોલાવ્યો પરંતુ જ્યારે નગરીમાં ઉપરાઉપર સાત–આઠ ચોરી થઈ ત્યારે મેં મારે વિદ્યા· શકિતથી જ ચોરને મ્હાત કરવાનો પ્રયત્ન કરી જોયો પણ મને તેમાં સફળતા મળી નહિ મેં મારી એક ગુપ્ત શક્તિનો પ્રયોગ કર્યો ત્યારે જાણવા મળ્યું કે આ ચોર જેવોતેવો નથી. મહારાજ, મારી શક્તિ મર્યાદિત છે. મારા અંતરમાં આપને મદદ કરવા માટેની ઉચ્ચ ભાવના હોવા છતાં લાચાર છું. જ્યાં મારી શકિતની મર્યાદા આવી જાય ત્યાં બીજું શું થઈ શકે ? '

મહારાજા રામચંદ્ર બોલ્યા : ' આચાર્યજી, તો શું ચોરને પકડી પાડવા માટેનો કોઈ ઉપાય જ નહિ હોય...? '

' મહારાજ, ઉપાય તો હશે જ. પણ મારાથી આ કાર્ય થઈ

શકશે નહિ. ચોરની શક્તિ અપૂર્વ હોવા જોઈએ. એ વિના હું પાછો ન પડું...'

રાજપુરોહિત આચાર્ય ભૈરવનાથની વાત સાંભળીને વિચારમાં પડી ગયા.

મહામંત્રી પણ વિચારમાં ગરકાવ થઈ ગયા.

આચાર્ય ભૈરવનાથ થોડીવાર બેસીને વિદાય થયા.

મહારાજા રામચંદ્ર ચર્ચા ચાલુ રાખી પણ બેઠકમાં જે જે સૂચનો થયા તે ચોરને આબાદ રીતે પકડી પાડવા માટે યોગ્ય જણાતા નહોતા.

બેઠી પૂરી થઈ ત્યારે એવું નક્કી થયું કે અચલકુમાર આવ્યા પછી શું નિર્ણય કરવો તેની ચર્ચા કરવામાં આવશે.

આમ કશા પણ નિર્ણય લીધા વિના બેઠક સમાપ્ત થઈ.

જ્યારે આ તરફ અચલકુમાર યોગી મહાત્માએ બનાવેલી સીધી કેડી પર આગળ વધતો હતો ત્યાં...!

અચાનક...!

## ૧૧ : : નરપિશાચ

દિવસનો અંતિમ પ્રહર પૂરો થવામાં હતો.

સંધ્યાનો સમય...

સંધ્યા સમયે આથમતા સૂર્ય સોનાની થાળી જેવો ભવ્ય લાગે છે. તે જેમજેમ ક્ષિતિજમાં ડૂબતો જાય છે તેમતેમ લાલાશ પડતો રંગ ધારણ કરતો જાય છે. આથમતા સૂર્યનું રૂપ નયનરમ્ય અને અનુપમ હોય છે. અસ્ત થતાં સૂર્યમાંથી જાણે રંગોના ફુવારા છૂટતા હોય તેમ, જોતજોતામાં પશ્ચિમ આકાશ અવનવા રંગોથી લીંપાઈ જાય છે. ધીમે ધીમે એ રંગ આખા આકાશમાં પથરાઈ જાય છે. કુદરતના કોઈ અદ્ભુત હસ્ત જાણે હોળી ખેલી રહ્યા હોય એમ એ રમ્ય રંગાવલીઓને જોતાં લાગે છે.

આમેય સંધ્યા સમયે મંદ મંદ રીતે વહેતો વાયુ આહ્લાદક લાગે છે.

અચલકુમારે વન્યપ્રદેશના ખુલ્લા ભાગેથી સલુણી સંધ્યાનું અનુપમ રૂપ નિહાળીને આનંદીત બન્યો હતો.

અચલકુમારને યોગી મહાત્મા સીધી કેડીનો માર્ગ બતાવીને પોતાને સ્થાને ચાલ્યા ગયા.

આ તરફ અચલકુમાર સીધી કેડીએ આગળ વધતો હતો અને નવકારમંત્રનું સ્મરણ કરતો હતો.

નવકાર મંત્ર એ જીવનના પરમ સત્યરૂપ છે. નવકાર મંત્રની આરાધનાથી માનસિક ક્લેશ નષ્ટ થાય છે. દુષ્ટકર્મના પરિપાક પ્રશમે છે. મમતા અને માયાના બંધનોનો વળગાડ વળગતો નથી. અંતરનો સઘળો વિષાદ નષ્ટ થાય છે. તેમજ જીવનમાં નવું બળ, નૂતન પ્રેરણા અને નવી તાજગી પ્રાપ્ત થાય છે.

નવકાર મંત્રનું આરાધન શિવપદ સુધી પહોંચાડે છે. જે શક્તિ શિવપદ સુધી પહોંચાડે, ભવોભવના બંધનો તોડવાનું બળ આપે, જન્મ-મૃત્યુ પર વિજય મેળવવાની પ્રેરણા થાય તે મહાન મંત્રશક્તિ ગમે તેવા સંકટોને પચાવી જવાનું બળ તો સહજ ભાવે આપે છે. શિવસુખ આપનારી તાકાત સામાન્ય સુખ આપે એમાં કોઈ આશ્ચર્ય નથી.

પર્વતમાળાઓ, નદીઓ, સરોવરો અને ગાઢ વનોથી છવાયેલો આ પ્રદેશ અનેક પ્રકારના હિંસક પ્રાણીઓથી ભરેલો હતો. અનેક વિવિધ પ્રાણીઓ આ વન્યપ્રદેશમાં વસતા હતા.

રાત્રીકાળ શરૂ થયો.

અચલકુમાર સીધી કેડી પર આગળ ચાલ્યો જતો હતો. તે વખતે નભમંડળના તારલાઓ તેને જાણે એકીટશે જોઈ રહ્યા હોય તેમ લાગતું હતું. અંધકારે પોતાનું સામ્રાજ્ય વન્યપ્રદેશમાં બરાબર જમાવ્યું હતું. વિવિધ હિંસક પ્રાણીઓના ચિત્કારભર્યા અવાજો અચલકુમારને સ્પષ્ટ સંભળાઈ રહ્યા હતા.

અચલકુમારને અંધકારને કારણે કશું કળાતું નહોતું તેથી તેની ચાલવાની ગતિ મંદ પડી ગઈ હતી.

નવકાર મંત્રનું સ્મરણ કરતો અચલકુમાર વિચારતો હતો કે આજ તો છેલ્લો દિવસ છે. છેલ્લી રાત્રી છે. આજની રાત્રી પસાર થઈ જશે એટલે મારી પ્રતિજ્ઞાના દિવસો પૂરા થઈ જશે.

અચલકુમાર આગળ વધતો ગયો ત્યાં તેની નજરમાં સ્મશાન

જેવી જગા દેખાઈ. અચલકુમારે સ્વપ્નમાં જેવું સ્મશાન જોયું હતું તેવું જ આ સ્થળ હતું.

અચલકુમારને થયું કે પોતે લક્ષ્યસ્થાને પહોંચી ગયો છે.

અચલકુમારના હૈયામાં ગમે તે પ્રકારે આજે ચોરને પકડી પાડવો અને રાજા સમક્ષ રજૂ કરવાની ભાવના રમતી હતી. સ્મશાનની જગ્યા જોતાં તેના અંતરમાં આશાનું કિરણ પ્રગટયું.

અચલકુમાર તરત જ સ્મશાન જેવી અગોચર જગ્યાએ આવી પહોંચ્યો.

અચલકુમાર તેના લક્ષ્યસ્થાને આવી પહોંચ્યો હતો. તેણે ખુલ્લી કટાર હાથમાં પકડી રાખી હતી. કોઈ અણધારી વિપત્તિ આવી પડે તો તત્કાળ સામનો કરી શકાય.

અચલકુમારની હિંમત અપૂર્વ હતી. અગોચર જગ્યામાં આવ્યા પછી પણ તેનામાં ડર જેવો શબ્દ નહોતો. ચોરને પકડી પાડવાનું ધ્યેય માત્ર તેના હૈયામાં રમી રહ્યું હતું.

અચલકુમારના મુખ પર વીરતાનું તેજ ઝબકી ઊઠયું હતું. ભય કે કંપારીનો અનુભવ લેશમાત્ર થતો નહોતો. અચલ બારીકાઈથી આસપાસ નજર ફેરવીને પરિસ્થિતિનો તાગ મેળવી રહ્યો હતો.

રાત્રીનો ગાઢ અંધકાર...! રાત્રીનો બીજો પ્રહર પણ શરૂ થઈ ચૂકયો હતો. આકાશમાં ટમટમતાં તારલાઓનો પ્રકાશ ધરતી સુધી પહોંચી શકતો નહોતો.

અચલકુમાર સ્મશાનમાં આમ તેમ ખૂબ જ સજાગ બનીને ચક્કર મારી રહ્યો હતો.

જેમ જેમ સમય પસાર થતો જાય છે. તેમ તેમ અચલકુમારની સજાગતા વધતી જાય છે. આજે કોઈપણ રીતે ચોરને પકડી પાડવાની નેમ અચલકુમારે ધારણ કરી હતી.

રાત્રીનો બીજો પ્રહર પણ પૂરો થયો.

અચલને થયું કે જો આમને આમ રાત વીતી જશે તો મારી પ્રતિજ્ઞાનો ભંગ થશે અને પ્રતિજ્ઞા મુજબ મારે જીવતાં ચિતામાં કુદી પડવું પડશે પણ ચોરને પકડી પાડવાની અભિલાષા અધુરી રહી જશે. ઓહ...! આજે અને અત્યારે જ મારું કાર્ય સિદ્ધ થાય તો જ કામનું કહેવાય.

જો પ્રતિજ્ઞા પૂરી ન થાય તો... ?

આ પ્રશ્ન પણ અચલકુમારને મુંઝવવા લાગ્યો અચલકુમારના અંતરમને કહ્યું : 'અચલ, પ્રતિજ્ઞા પૂરી ન થાય તો તે ભરી સભામાં જીવતા ચિતામાં પડવાની વાત કરી હતી તે પ્રમાણે જ તારે આચરણ કરવું પડે. એ સિવાય અન્ય કોઈ રસ્તો નથી વીર પુરુષોને મોતનો ડર શેનો ? આજ નહિ તો આવતીકાલે તો મોતને ભેટવાનું છે. મૃત્યુ દરેક માટે અનિવાર્ય છે. મોતનો ભય હોય જ નહિ.'

ત્યાં અચલકુમારનું અંતર બોલી ઊઠયું : મને મોતનો જરા પણ ડર નથી પરંતુ પ્રતિજ્ઞા પૂરી ન કરી શકયો તેનો રંજ રહી જશે. નગરીમાં ઉત્પાત મચાવતાં ચોરને મહાત ન કરી શકયો તેનો અફસોસ રહી જશે. નગરીના પીડિત લોકોની શી દશા થશે ? એમના પર ચોર થકી જે ત્રાસનું જે સામ્રાજ્ય છવાયેલું છે તે જોતો જોતો જ વિદાય થશે ? નગરજનોના અંતરને શાંતિ બક્ષી નહિ શકું ?

વિચારોના વમળમાં ગુંથાયેલો અચલકુમાર હાથમાં ખુલ્લી કટાર સાથે સ્મશાનભૂમિ પર આમતેમ ચક્કર લગાવી રહ્યો હતો.

વાતાવરણમાં સ્તબ્ધતા હતી.

બિહામણા અવાજોને કારણે વાતાવરણમાં ભયાનકતા વ્યાપી ગઈ હતી. ચારે કોર નર્યો 'અંધકાર જ વરતાતો હતો. અચલકુમાર પાસે દીપક કે પ્રકાશ આપી શકે તેવા કોઈ સાધનો નહોતા. આવા વાતાવરણમાં કોઈ કાચોપોચો માનવી હોય તો જીવી જ ન શકે.

ડરનો માર્યો બહાવરો બની જાય. વન્યપ્રદેશમાં સતત હિંસક પ્રાણીઓના ચિત્કારભર્યા અવાજો આવતા જ રહેતા હતા. એમાંના કેટલાક અવાજ વધારે બિહામણા લાગતા હતા.

અચલકુમાર આવા ભયાનક જણાતાં વાતાવરણ વચ્ચે પણ નિર્ભય બનીને ઊભો રહ્યો હતો.

રાત્રીનો અંધકાર એટલો ગાઢ હતો કે બાજુમાંથી કોઈ પસાર થઈ જાય તો પણ ખ્યાલ જ ન પડે.

ત્યાં....

અચાનક સામેની દિશાએથી એક કંપાવનારું વિચિત્ર પ્રકારનું અટ્ટહાસ્ય વેરાયું. વાતાવરણમાં ભયાનકતા વધી ગઈ. અચલકુમાર એકાએક અટ્ટહાસ્યના અવાજથી સાવધ બન્યો. તેને થયું કે આવા નીરવ જંગલમાં આવું બિહામણું હાસ્ય કોણે વેર્યું હશે?

અચલકુમારે વિચાર્યું કે અટ્ટહાસ્યનો અવાજ ખરેખર કંઈ દિશાએથી આવ્યો હશે? અટ્ટહાસ્ય કોણે કર્યું હશે? શા માટે આવું કંપારી છૂટે તેવું અટ્ટહાસ્ય ફરકાવ્યું હશે... !

ના...ના...આવું હાસ્ય કોઈ માનવનું ન હોઈ શકે. માણસ આવું હાસ્ય ન રેલાવી શકે! તો કોણ હશે આ અટ્ટહાસ્ય રેલાવનાર..?

અચલકુમાર સાબદો થયો. તેણે કટારને બરાબર હાથમાં પકડી રાખી. અને જે દિશાએથી અટ્ટહાસ્યનો અવાજ આવ્યો તે દિશા તરફ જવા માટે કદમ માંડયા...

અચલકુમાર નિર્ભય બનીને સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યો હતો...

માંડ દસ-પંદર ડગલાં માંડયા હશે ત્યાં ફરીને ક્રૂર અને કંપારી છૂટે તેવું હાસ્ય અચલકુમારે સાંભળ્યું.

હા...હા...હા...હા...

અટ્ટહાસ્યનો બિહામણો અવાજ સાંભળીને ભલભલાના હાજા

ગગડી જાય. થોડી વાર માટે તો અચલકુમાર પણ સ્તબ્ધ બની ગયો હતો. અચલકુમાર આવી પડનારી નવી વિપત્તિ માટે મનોમન તૈયાર થઈ ગયો.

અચલકુમારે અવાજની દિશામાં વધારે પાંચ–દસ ડગલાં માંડયા.

ત્યાં તો ફરી વાર અટ્ટહાસ્ય રેલાયું...હા...હા...હા...હા...

વન્ય પ્રદેશમાં આ અટ્ટહાસ્યથી વાતાવરણ વધારે ભયજનક બન્યું.

અચલકુમારને થયું કે આવું બિહામણું અટ્ટહાસ્ય કોણ કરી રહ્યું હશે ?

અચલે અવાજની દિશામાં આગળ જવાનું માંડી વાળ્યું કારણ કે અટ્ટહાસ્ય રેલાવનાર જ નજીક આવી રહ્યાનો ભાસ થતો હતો. અચલકુમારને લાગ્યું કે આવું ક્રૂર હાસ્ય રેલાવનાર કોઈ માનવી નથી પણ પિશાચ હોવો જોઈએ. મારે જે હોય તે, પણ તેને મહાત કરવા તૈયારી રાખવી જ પડશે.

અચલકુમાર તરત જ સજ્જ થઈ ગયો અને આવનારી પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર થઈ ગયો. અચલકુમાર અપલક નયને અવાજની દિશા તરફ જ જોઈ રહ્યો હતો પરંતુ ગાઢ અંધકારને કારણે કશું કળાતું નહોતું. છતાં તે ધારીધારીને પ્રયત્ન કરતો હતો.

હવે તો વારંવાર અટ્ટહાસ્યનો અવાજ ચારે દિશાઓને ભયભીત કરી મૂકતો હતો.

અટ્ટહાસ્યનો અવાજ જાણે એકદમ નજીકથી જ સંભળાતો હોય તેમ જણાતું હતું.

ત્યાં તો થોડીવારમાં અચલની દષ્ટિમાં એક ભયંકર આકૃતિએ દેખા દીધી.

ભયંકર આકૃતિ અંધકારના કારણે સ્પષ્ટ દેખાતી નહોતી પરંતુ પોતાનાથી બમણી ઊંચી હોવાનો અંદાજ તો બાંધી લીધો. તેની

આંખો લાલ અંગારા જેવી હતી. અને તે દૂર હોવા છતાં દુર્ગંધ ખૂબ મારતી હતી.

ભયંકર જણાતી આકૃતિ ધીરેધીરે નજીક આવતી ગઈ તેમ તેનું રૂપ સ્પષ્ટ થતુ ગયું.

અચલે જોયું તો તેની ખોપરી પર દીર્ઘ ભૂખરા કેશ હતા. એની આંખોમાંથી જાણ્યે અગ્નિ વરસી રહ્યો હતો. મોઢાની બહાર નીકળેલા બે તીક્ષ્ણ દાંત તેની ભયંકરતામાં વધારો કરતા હતા. એના ગળામાં એક સર્પ પણ વીંટળાયેલો હતો. એના જમણા હાથમાં માનવખોપરી હતી. અને ડાબા હાથમાં એક તીક્ષ્ણ ખડગ હતું. તે આકૃતિના સમગ્ર શરીર પર કાળી કાળી રૂંવાટી હતી. અને તેના હાથપગના નખ ખૂબ જ વધેલા હતા. અને મજબૂત જણાતા હતા.

એ આકૃતિ એક જ પ્રકારનો અવાજ કરતી હતી : 'માણુસ ગંધાય...માણુસ ખાઉં...'

અને ભયંકર આકૃતિ ધરાવતો પિશાચ અચલકુમારની તદ્દન નજીક આવીને ઊભો રહ્યો.

આ તરફ અચલકુમારે તો આવી ભયંકર આકૃતિ ધરાવતા પિશાચને પ્રથમવાર જ જોયો હતો. આવો વિચિત્ર દેહ ધરાવતા પિશાચને જોઈને તે આશ્ચર્યમાં પડી ગયો. પણ તેને ડર ન લાગ્યો. પણ આ પિશાચથી છૂટકારો કેમ મેળવવો તેની વેતરણમાં પડ્યો.

અચલકુમારના અંતરમાં એક જ પ્રશ્ન રમતો હતો કે આ પિશાચથી કઈ રીતે બચવું ? તે નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો.

અચલકુમાર વિચારમાં પડ્યો : કુદરતની લીલા અપાર છે. કેવું વિચિત્ર આનું રૂપ છે ? વિકરાળ કાયા અને રૂપ જોઈને ભલભલાના મોતિયા મરી જાય.

થોડી વાર રહીને અચલકુમારે પિશાચની સામે જોઈને કહ્યું :
‘ નમસ્કાર મારા વંદન સ્વીકારો...’

પિશાચે અચલકુમારના વંદનનો અસ્વીકાર કરતાં જણાવ્યું :
‘ નહિ બાળક મારે તો મહામાંસ જોઈએ લુખ્ખાં વંદનનું મારે શું કામ છે ? ’

‘ તમારું નામ શું છે ? ’ અચલે પ્રશ્ન કર્યો.

‘ મારું નામ મણિધર પિશાચ ’ પિશાચે કહ્યું.

‘ મણિધરજી, મહામાંસનો અર્થ હું સમજ્યો નહિ.’ અચલકુમારે કહ્યું.

‘ મહામાંસનો અર્થ એ કે સારામાં સારું માંસ...’ મણિધર પિશાચ આટલું બોલ્યો ત્યાં તેના મોઢામાંથી લાળ ટપકી પડી જે અચલકુમાર પર પડી.

અચલકુમાર દુર્ગંધ મારતી લાળથી બેબાકળો બની ગયો. તેણે તરત જ દુર્ગંધથી બચવા માટે નાક દબાવી લીધું.

ત્યાં ફરીને મણિધર પિશાચ બોલ્યો : ‘ તું માનવ છે ને ? માનવનું માંસ મને ખૂબ જ પસંદ છે. જલદી આપી દે... ! હું કેટલાય દિવસોનો ભૂખ્યો છું. આજ મારી ઘણા દિવસોની તમન્ના પૂરી થશે.’

અચલકુમાર વિચારોના વમળમાં ઝકડાઈ ગયો. તેને થયું કે પોતાના પર મહા આફત આવી પડી છે...આજ હું આ પિશાચથી બચી શકીશ નહિ. તે જરૂર મારો શિકાર બનાવશે. મારા સો વર્ષ અહીં જ પૂરા થઈ જશે...

અચલકુમારના આ વિચારોમાં કાયરતાએ પ્રવેશ કર્યો હતો.

ત્યાં અચલકુમારના અંતરમાં બીજો વિચાર ઝબકી ઊઠ્યો : અરે...! શા માટે ગભરાય છે આ પિશાચીથી. આ પિશાચને નષ્ટ

કરવા સાબદો થા. તારા હાથમાં હથિયાર છે તો શા માટે હિંમત હારી જાય છે ?

ત્યાં અચલકુમારને ત્રીજો વિચાર ઝબક્યો.

' અચલ, આમેય મોત તો સામે જ તરવરે છે. આ પિશાચથી તું બચી શકવાનો નથી. જો મોત સામે જ દેખાય છે તો કાયરની જેમ મોતને શા માટે ગ્રહણ કરે છે. એ પિશાચની માગણી સંતોષી દે. પરોપકારની ભાવના સેવીને મોતને સત્કાર. કોઈ ભૂખ્યાને મારવાથી તું તારું આયખું કેમ કલંકિત કરે છે ?

અચલકુમારના હૈયામાં તરહ તરહના વિચાર આવતા હતા.

એક તરફ એવો વિચાર આવતો હતો કે મારીને મૃત્યુને સ્વીકાર. ત્યારે બીજો વિચાર એવું જણાવતો હતો કે તું આ ભૂખ્યાને સંતોષ આપીને મૃત્યુનો સ્વીકાર કર.

અને થોડી વારમાં જ અચલકુમારે બીજા વિચારનો સત્કાર કર્યો તેનું હૈયું પુલકિત બની ગયું.

વન્યપ્રદેશમાં આવેલ સ્મશાન ભૂમિ જેવા અગોચર સ્થાન પર અચલકુમાર અને નરભક્ષી મણિધર વચ્ચે વાર્તાલાપ ચાલી રહ્યો હતો. પિશાચ મણિધર અચલને જોઈને તેને હડપ કરી જવાની મુરાદ સેવતો હતો.

આ સમયે અચલકુમાર વિચારમાં પડી ગયો હતો કે કયો માર્ગ ગ્રહણ કરવો. જ્યારે તેના અંતરમને જણાવ્યું કે તું પરોપકાર કરીને મૃત્યુનો સ્વીકાર કર. આમેય મોતને ભેટવાનું છે અને ઉપકાર કરીનેય મોતનું સ્વીકારવું છે તો પછી આ ભૂખ્યા પિશાચની ભૂખ સંતોષીને જ મૃત્યુ સ્વીકારવું શું ખોટું છે ? એક ભૂખ્યા પિશાચની ભૂખ સંતોષ્યાનો લાભ મળશે.

આવી ગણતરી સેવીને અચલકુમારે તરત જ પિશાચ મણિધરને કહ્યું : 'મણિધરજી, તૈયાર થઈ જાઓ...'

મણિધર કહે : 'અરે માનવ, હું શેના માટે તૈયાર થઈ જાઉં? તારે મારી સાથે યુદ્ધ કરવું છે ? જો મારી સાથે યુદ્ધ કરવાનો મનસૂબો હોય તો બે પળ વિચાર કરી લેજે...કારણ કે મારા એક જ મુક્કાથી તું ભોંય ભેગો થઈશ.'

'ના... મણિધરજી, મારો યુદ્ધ કરવાનો વિચાર નથી. અચલકુમારે કહ્યું.

'તો પછી મને શેની તૈયારી કરવાનું જણાવે છે ?' મણિધર પિશાચે પ્રશ્ન કર્યો.

'મણિધરજી, આપ મહામાંસ ઇચ્છો છોને ?'

'હા... જરૂર... જરૂર...! મણિધર પિશાચે ઉત્સુકતા બતાવતાં જણાવ્યું.

'તો પછી હું મારા હાથે જ આપનું પેટ ભરીશ અને આપની કેટલાય દિવસો ભૂખ પણ સંતોષાઈ જશે.' અચલકુમારે સહજ રીતે કહ્યું.

'અલ્યા ભાઈ, તું જરા સીધી વાત કરજે...મને તારી વાતમાં સમજણ પડતી નથી.'

'મણિધરજી, મારો કહેવાનો અર્થ એ છે કે હું જ આપને મહામાંસ આપીશ અને આપના પેટને શાંત કરીશ.'

'ત્યારે તું મહામાંસ લઈને અહીં આવ્યો છે ?' મણિધરે પૂછ્યું.

'હા...' અચલે સ્વાભાવિક રીતે જણાવ્યું.

મણિધર પિશાચે આમતેમ નજર દોડાવી પછી કહ્યું : 'ક્યાં છે મહામાંસ ?'

'એ આ રહ્યું...' આટલું બોલીને અચલે પોતાની કટાર પોતાની જાંઘમાં ઘુસાડી. જાંઘ ચીરાઈ ગઈ. રક્તની શેરો ફૂટવા લાગી. થોડી વારમાં તો નીચેની ધરતી રક્તભીની બની ગઈ.

અચલકુમારે વેદના સહન કરીને જાંઘમાંથી માંસનો એક લોચો બહાર કાઢ્યો અને એ પિશાચ મણિધરની સામે ધરતાં કહ્યું: 'મણિધરજી, આ લ્યો તમારો ખોરાક...'

મણિધરને આશ્ચર્યનો પાર ન રહ્યો. તેની દૃષ્ટિ અચલના હાથ પર પડી.

મણિધરે અચલના હાથમાંથી માંસનો કટકો લઈ લીધો અને

મોઢામાં મૂક્યો. પણ સાથોસાથ તેના અંતરમાં વિચાર પણ સ્ફૂર્યો.

ઓહ...! આ માનવીનો સ્વભાવ ન સમજાય તેવો છે. પોતાના હાથે પોતાનું માંસ પ્રદાન કરી રહ્યો છે...

પિશાચ મણિધરના અંતરમાં આશ્ચર્યનો અવધિ ઊછળી રહ્યો હતો. તેને અચલકુમાર જે કૃત્ય આચરી રહ્યો હતો. તેનો અર્થ સમજાતો નહોતો પણ તેના પ્રત્યે અહોભાવ પ્રગટચો હતો.

મણિધરે વિચાર્યું કે કેટલો સુંદર નવયુવાન છે...! તેણે મારી સામે કોઈ પ્રતિકાર પણ કર્યો નહિ. તેના મુખ પર નિરાશાનો સૂર નથી પણ આનંદ વરતાય છે. એની કાયા પણ સુદૃઢ છે. બલિષ્ઠ છે. શું તે મારાથી ભયભીત બન્યો છે...! ના...ના...એવું તો લાગતું નથી. તો પછી આ રીતે પોતાની કાયાના અંગનું બલિદાન શા માટે આપતો હશે...! આ તો ન સમજાય એવું રહસ્ય છે... !

અચલકુમારના ચહેરા પર ગમગીનીના કોઈ ભાવ નથી. તેના હૈયામાં પરોપકારના જ ભાવ રમી રહ્યા છે. પોતાની કાયાના અમુક ભાગને કટાર વડે નષ્ટ કરવાથી પારાવાર દર્દ થતું હોવા છતાં તેણે દર્દની લેશમાત્ર ખેવના ન કરી અને તે પોતાનું કાર્ય કરતો ગયો. તેણે પિશાચના હાથમાં બીજો માંસનો કટકો મૂક્યો. મણિધર પિશાચે અચલકુમાર સામે જોયું અને બીજો કટકો પણ મોઢામાં મૂકી દીધો.

મણિધર પિશાચ આગળ કંઈ વિચારે તે પહેલાં અચલકુમારે નવો કટકો તેના હાથમાં મૂકી દીધો.

અચલકુમાર અપાર વેદના સહન કરીને પોતાનો જમણો પગ આખો પૂરો કરી રાખ્યો. જમણા પગમાંથી માંસના લોચા કાઢી કાઢીને અચલકુમાર પિશાચ મણિધર આપતો ગયો...

અચલકુમારે જોયું કે મણિધર હજુ ભૂખ્યો છે. તેની ભૂખ

શાંત થઈ નથી આથી તેણે તરત જ ડાબા પગ પર પોતાની કટાર ચલાવી અને ડાબા પગના કટકા કરી તેમાંથી માંસ કાઢીને ભૂખ્યા પિશાચ મણિધરને આપવા લાગ્યો.

અચલકુમારના હૈયામાં ભૂખ્યાને ભોજન આપ્યાનો આનંદ છે. પરોપકાર કર્યાનો આનંદ તેના હૈયે અપાર હતો. રક્તની જાણયે સરિતા વહી રહી હતી. અચલકુમાર ધરતી પર બેસી ગયો હતો. અપાર વેદનામાં તેનો ચહેરો પ્રસન્નતા અનુભવી રહ્યો હતો.

અચલકુમાર ડાબા પગમાંથી પણ માંસના લોચા કાઢીને મણિધર પિશાચને અર્પણ કરતો ગયો.

અચલકુમારના બન્ને પગના માંસના લોચા પિશાચ મણિધર હડપ કરી ગયો છતાં તે હજુ ભૂખ્યો હતો.

મણિધર પિશાચે અચલકુમારની સામે જોઈને કહ્યું : 'ભાઈ, હજુ મારી ભૂખ સંતોષાણી નથી. હજુ મને તારા બીજા અંગો- માંથી માંસના લોચા કાઢીને આપ.'

અચલકુમારે જરાય ખચકાટ અનુભવ્યા વગર પોતાનો જમણો હાથ કાપ્યો અને તેમાંથી માંસના લોચા કાઢીને મણિધર પિશાચને આપવા લાગ્યો.

અચલકુમારનું લગભગ અર્ધું શરીર નષ્ટ થઈ ગયું. છતાં તેનું આયુષ્ય લાંબુ હોવાનું જણાતું હતું.

આ તરફ પિશાચ મણિધર હજુ પણ ભૂખ્યો ડાંસ હતો.

પરંતુ અચલ અતિ શ્રમિત બની ગયો હતો. એની શક્તિ ક્ષીણ થઈ ગઈ હતી. તે ધરતી પર સ્થિર પણ રહી શકતો નહોતો.

મણિધરે કહ્યું : 'ભાઈ, હજુ મારી ભૂખ ભાંગી નથી...!'

અચલકુમાર વિચારવા લાગ્યો કે હવે આ કાયાનો કયો ભાગ આ ભૂખ્યા પિશાચને અર્પણ કરું...! મારામાં તો હવે તાકાત રહી જ નથી...!

હવે હું શું કરું ?

આ પ્રશ્ન અચલકુમારને સતાવવા લાગ્યો. હા...એમ જ કરું એ જ ઉપાય શ્રેષ્ઠ છે. હું પિશાચને જણાવી દઉં કે પોતે જ મારી કાયાનો ઉપભોગ કરી લે...!

પણ ના...ના...એમ કરવાથી મારા અંતરમાં રમી રહેલી ઉપકારવૃત્તિની ભાવનાને સાતા નહિ વળે.

પરંતુ મારી કાયામાં એવી તાકાત નથી કે હું હવે મારા અંગનો વિચ્છેદ કરીને તેને અર્પણ કરી શકું...મારે તો આ કાયામાં જ્યાં સુધી શ્વાસ ચાલી રહ્યો છે ત્યાં સુધી મારે તેની ભૂખ સંતોષવી જોઈએ. એ જ ઉપાય શ્રેષ્ઠ છે.

તો પછી એના ઉપાય તરીકે મારી કટારનો એક ઝટકો ગરદન પર લગાવી દઉં...અને છેલ્લે ગરદન અર્પણ કરીને આ સંસારમાંથી વિદાય લઉં...

અચલકુમારને આ જ માર્ગ પ્રિયકર લાગ્યો.

અચલે ગરદન પર કટાર ચલાવતાં પહેલાં પંચ પરમેષ્ઠિનું સ્મરણ કર્યું નવકારમંત્રનું આરાધન કર્યું અને તેની આંખો મીંચી દીધી.

અચલે નવકારમંત્રનું સ્મરણ કરતાં ડાબા હાથે કટાર સીધી ગરદન પર ઉગામી...!

પણ આ શું ?

અચલકુમારનો ડાબો હાથ અટકી ગયો. કટાર છટકીને દૂર પડી ગઈ. અચલનો અંતિમ પ્રયાસ નિષ્ફળ નીવડ્યો.

અચલકુમારે પોતાની આંખો ખોલી.

અચલકુમારે જોયું તો પિશાચ મણિધર અત્યંત નજદીક આવી ગયો હતો અને પોતાનો ડાબો હસ્ત પકડી રાખ્યો હતો.

અચલકુમારે ભાવવાહી સ્વરે કહ્યું : 'મણિધરજી, આપે મને

શા માટે અટકાવ્યો? મારી કટાર મને પાછી આપો અને મારું કર્તવ્ય અદા કરવા દો...'

મણિધરે અચલકુમાર સામે પ્રસન્ન મુદ્રાથી જોયું અને કહ્યું: 'તારું નામ શું છે?'

'અચલકુમાર...' અચલે કહ્યું.

'અચલ, તારું કર્તવ્ય પૂરું થઈ ગયું છે.' મણિધર પિશાચે કહ્યું.

અચલકુમારે પ્રશ્ન કર્યો: 'મણિધરજી, આપની ભૂખ મટી ગઈ? આપ ભૂખ્યા તો રહ્યા નથી ને?'

પિશાચ મણિધરે પ્રેમથી કહ્યું: 'અચલ, ભૂખ તો તારા અંતરમાં રમી રહેલી પરોપકારવૃત્તિએ ભગાવી દીધી છે. વાહ... બેટા...વાહ...! આજે તો તેં મારી આંખો ખોલી દીધી. હું આ વન્યપ્રદેશમાં ઘણું ભમ્યો છું પણ પરોપકારી માનવ તો આજે જ મને મળ્યો. તારી કર્તવ્યભાવનાએ મારી રાક્ષસીવૃત્તિને હણી નાખી. તારા પરોપકારભર્યા વર્તને મારા હૈયામાં નવસંચાર ઉત્પન્ન કર્યો છે...તું નાનો બાળક પણ મહાન નીકળ્યો. બેટા, થોડી વાર ધૈર્ય કેળવ અને પરમાત્માનું સ્મરણ કર. તું થોડી પળો માટે આંખો બંધ કરી લે...'

મણિધર પિશાચે અચલકુમારને તેના બન્ને નેત્રો બંધ કરવાનું જણાવ્યું અને પરમાત્માને યાદ કરવાનું પણ કહ્યું.

અચલ તો પિશાચ મણિધરમાં એકાએક પરિવર્તન આવવાથી દિગ્મુઢ બની ગયો હતો. આશ્ચર્યના સાગરમાં ડૂબી ગયો હતો.

જીવનમાં ક્યારેક એવા પ્રસંગો બની જતા હોય છે કે તે સમજાતાં હોતા નથી પરંતુ તેવા પ્રસંગોમાં આશ્ચર્યનો અનુભવ જ થઈ શકે છે. ઘણી વાર જે કાર્ય અશક્ય લાગતું હોય તેમાં શક્યતા ઊભી થાય ત્યારે નવાઈનો પાર ન રહે.

અચલકુમારના હૈયામાં પરોપકાર વૃત્તિની ભાવનાએ નરપિશાચે મણિધરના પાશવી હૈયાને પીગળાવી દીધો હતો. ક્યારેય રાક્ષસના હૈયામાં કરુણાભાવ પ્રગટે ખરો ?

અચલકુમારના ધૈર્ય સામે નરપિશાચ મણિધર ઝૂકી પડ્યો હતો. મણિધરના હૈયામાં કરુણાની સરિતા વહેવડાવવાનો યશ અચલ-કુમારે મેળવી લીધો.

અચલકુમારને હજુ મણિધર પિશાચના શબ્દો આશ્ચર્ય ઉપ-જાવનારા લાગતા હતા તે માની શકતો નહોતો કે એકાએક પિશાચ મણિધરના હૈયામાં પરિવર્તન શી રીતે થયું ?

ત્યાં ફરીને મણિધરે અચલને પ્રેમભાવે કહ્યું : ‘ અચલ, તું પરમાત્માનું ધ્યાન કેળવીને બે પળ માટે આંખો બંધ કરી લે...’

એમ જ થયું.

અચલકુમારે મણિધર પિશાચની આજ્ઞાનું પાલન કર્યું.

અચલકુમારે આંખો બંધ કરી અને નવકાર મંત્રનું સ્મરણ કરીને પરમાત્માના સાંનિધ્યમાં એકાકાર થઈ ગયો.

નવકાર એ પરમ પાવક મંત્ર છે એ મંત્રની શક્તિ અપૂર્વ છે. નવકાર ભવસાગર પાર કરવાનો અપૂર્વ શક્તિ ધરાવતો મહામંત્ર છે.

અચલકુમાર નવકાર મંત્રના સ્મરણ સાથે પરમાત્માનું ધ્યાન કરવા લાગ્યો. ધ્યાનમાં એવો તદાકાર બની ગયો કે તે પોતાનું અસ્તિત્વ પણ ભૂલી ગયો. માનવી જ્યારે પોતાનું અસ્તિત્વ ભૂલીને સાધનામાં મગ્ન બને છે. ત્યારે પરમપદે પહોંચવાનો માર્ગ સરળ બને છે.

અચલકુમાર ધ્યાનમગ્ન થતાં જ નરપિશાચ મણિધરે પોતાના વિશાળ રાક્ષસી બે હાથ અચલકુમારના મસ્તક પર રાખ્યા. અને તે કંઈક મંત્રોચ્ચાર કરવા લાગ્યો.

બે પળ વીત્યા પછી મણિધરે પોતાના બન્ને હાથ અચલ કુમારના મસ્તક પરથી લઈ લીધા.

ત્યાર પછી મણિધર પિશાએ કહ્યું : 'અચલ, હવે તું તારા સ્થાનેથી ઊભો થા...'

અચલના કર્ણપટ પર મણિધર પિશાચના શબ્દો અથડાયા. એનું સ્મરણ થંભી ગયું. તેણે આંખો ખોલી, અને જોયું તો આશ્ચર્યના સાગરમાં ડૂબી ગયો. કારણ કે અચલકુમારનું સમગ્ર શરીર અખંડ બની ચૂકયું હતું. અચલકુમારે જુદા પાડેલા પોતાની કાયાના અંગો ચમત્કાર રીતે પાછા જોડાઈ ગયા હતા.

અચલકુમાર સુખદ આશ્ચર્ય અનુભવવા લાગ્યો.

અચલકુમારે એક વાર પોતાની કાયા તરફ નજર કરી. એની કાયા પહેલાં હતી તેના કરતાં વધારે તેજસ્વી બની ગઈ હતી. છેલ્લા ત્રણ દિવસથી વન્ય પ્રદેશમાં અચલકુમાર ભ્રમણ કરતો હતો તેથી અત્યંત શ્રમિત થયો હતો ત્રણ દિવસની થકાવટ પણ જાણયે અદૃશ્ય થઈ ગઈ હતી. તેનું શરીર સંપૂર્ણ તાજગી અનુભવી રહ્યું હતું.

અચલકુમારે પોતાની કટાર બન્ને પગ અને હાથ પર ચલાવી હતી તે જગ્યાએ કોઈ દર્દ નહોતું...!

અચલકુમાર આ ચમત્કારથી આનંદ અનુભવવા લાગ્યો. તેનું હળવા ફૂલ જેવું બની ગયું હતું.

અચલકુમારને થયું કે પિશાચ મણિધરે આ શું કર્યું ? જે મને મારવા માટે તત્પર હતો તેણે જ મને નવજીવન આપ્યું...!

મણિધર પિશાએ કહ્યું : 'અચલ, તને આશ્ચર્ય થશે કે આમ કેમ થયું ? સંસારમાં ઘણી વાર ન સમજી શકાય તેવા આશ્ચર્યો સર્જાતા હોય છે. તું ઊભો થા...'

મણિધર પિશાચના કહેવાથી અચલ તેના સ્થાન પરથી ઊભો થઈ ગયો. અને તરત તેણે મણિધર પિશાચને વંદના કરી મણિધરે અચલને પ્રેમથી ઊભો કર્યો અને સ્નેહભર્યા સ્વરે કહ્યું : 'અચલ-

કુમાર, તારા કાર્યથી પ્રસન્ન થયો છું...'

નરપિશાચ મણિધરના હૈયામાં સ્નેહનું ઝરણું વહેવા માંડયું હતું જ્યારે તેણે અચલકુમારને પડકાર્યો ત્યારે તેનામાં ક્રૂરતા વરસતી હતી. તેનું રૂપ પણ ભયાનક હતું પણ અચલકુમારની પરોપકાર વૃત્તિથી તેનું હૈયું પીગળી ઊઠયું અને તેના હૈયામાં સ્નેહની સરિતા વહેવા લાગી. તેના વિશાળ મહાકાય શરીરમાં જે દુર્ગંધ મારતી હતી તે જાણયે અદૃશ્ય થઈ ગઈ હતી. તેના શબ્દોમાં પણ સ્નેહ, પ્રેમ અને મમતાનો સ્પર્શ હતો.

મણિધર પિશાચે અચલકુમાર સામે જોઈને ભાવવાહી સ્વરે કહ્યું : 'અચલ, આજે તો તે મારા જીવનનું પરિવર્તન કર્યું છે. તારી પરોપકારવૃત્તિ પર હું આજ વારી ગયો છું. તું માનવ નથી કોઈ દેવ છે. તારી પરોપકાર વૃત્તિના જેટલી પ્રશંસા કરું તેટલી ઓછી છે. બીજાની ક્ષુધા શાંત કરવા તે તારો જીવ હોડમાં મૂકી દીધો. વાહ...! અચલકુમાર વાહ...! તારા આ કાર્યથી હું અત્યંત પ્રસન્ન બન્યો છું!'

અચલકુમાર પિશાચ મણિધરના શબ્દો સાંભળતો જ રહ્યો અને વિચારવા લાગ્યો કે ખરેખર મારી પ્રમાણિક પરોપકાર વૃત્તિને કારણે એક પિશાચના જીવનમાં પરિવર્તન આવ્યું...હું તો આ કાર્યમાં તો માત્ર નિમિત્ત બન્યો છું.

પિશાચ મણિધરે અચલકુમારને પોતાના બાહુપાશમાં પ્રેમથી ઝકડી લીધો અને એનું મસ્તક સુંઘ્યું.

રાત્રી પસાર થતી હતી.

સમયની ગતિ વણથંભી છે.

આજ અચલકુમારની પ્રતિજ્ઞાનો છેલ્લો દિવસ અને છેલ્લી રાત્રી હતી.

પછી શું...?

## ૨૩ : : પોતાના ભવનમાં

રાક્ષસ, પિશાચગણમાં ક્રૂરતા, હિંસા અને અત્યાચારના બીજ રોપાયેલા હોય છે. એ અજ્ઞાની છે. એના હૈયામાં કરુણા, પ્રેમ, સ્નેહને સ્થાન હોતું નથી. પરંતુ ક્યારેક એવા આશ્ચર્યજનક પ્રસંગો બને ત્યારે હૈયાના એક ખૂણે સુષુપ્ત દશામાં રહેલું પ્રેમનું ઝરણું વહેવા લાગે છે.

આવો જ પ્રસંગ અચલકુમાર અને પિશાચ મણિધર વચ્ચે રચાયો.

ક્રૂર અને અત્યાચારી સ્વભાવ ધરાવતો પિશાચ મણિધર અચલકુમારની પરોપકારવૃત્તિ સામે નરમઘેંસ જેવો થઈ ગયો. તેના પાશવી અત્યાચારી આચારવિચારમાં સ્નેહનું નિર્મળ ઝરણું વહેવા લાગ્યું હતું.

પ્રેમ અને સ્નેહના ઝરણા પાસે ક્રોધ ટકી શકતો નથી કે અત્યાચારને સ્થાન હોતું નથી. માત્ર આત્મીયતાને જ સ્થાન હોય છે.

પિશાચ મણિધરે અચલકુમાર પર મંત્રોનો પ્રયોગ કરીને સંપૂર્ણ સ્વસ્થ બનાવી દીધો. અચલકુમારના પરોપકાર સામે ક્રૂરતા નષ્ટ થઈ ગઈ હતી.

પિશાચ ગણના મણિધરે અચલકુમાર સામે પ્રસન્નભાવે કહ્યું :

'અચલકુમાર, તારી પરોપકારવૃત્તિને ધન્ય છે. તારા ધૈર્યને પણ ધન્ય છે. અન્યની ભૂખ શાંત કરવા તેં તારા જીવની પણ ચિંતા ન કરી...વાહ...અચલ...વાહ...! તને કયા શબ્દોથી અભિનંદુ ?'

અચલકુમાર પિશાચ મણિધરના શબ્દો સાંભળતો રહ્યો. થોડી વાર રહીને અચલકુમારે કહ્યું : 'મણિધરજી, આપ મારા પર અત્યંત પ્રસન્ન બન્યા છો. તેને મારા અહોભાગ્ય સમજુ છું પરંતુ જ્યારે આપ ભૂખ્યા હતા. એથી મરતાં મરતાં ભૂખ્યાને જમાડવાનું સત્કર્મ શા માટે ન કરું...! એ વિચાર જ મારા અંતરમાં હતો પણ છેવટ સુધી આપની ભૂખ એમને એમ રહી એટલે હું મારી ગરદન વધેરવા લાગ્યો ત્યાં આપે મારી કટાર દૂર ફેંકી દીધી અને...!'

'અચલકુમાર, હવે મને એ જણાવ કે આવા ભયંકર અને નીરવ વન્ય પ્રદેશમાં તું કયા કારણોસર આવ્યો છે ? તારી જે કંઈ મનોકામના હોય તે જણાવી દે.' પિશાચ મણિધરે કહ્યું.

અચલકુમારે પોતાની મનોકામના છૂપાવતાં કહ્યું : 'મણિધરજી, આપની ભૂખ શાંત થઈ એજ મારી મોટી ઇચ્છા પૂરી થઈ...મારી તે વળી કઈ ઇચ્છા હોઈ શકે ?'

પિશાચ મણિધર અચલનો ઉત્તર સાંભળીને આશ્ચર્ય પામી ઊઠયો. મણિધરને થયું કે આ તો માણસના રૂપમાં દેવ જ લાગે છે. મેં એને એની ઇચ્છા બતાવવા કહ્યું અને જે કંઈ ઇચ્છા હોય તે પૂરી કરી દેવાની તૈયારી બતાવી છતાં એ તો હજુ મારી ચિંતામાં જ વ્યસ્ત છે. આવા દિલાવર અને પરોપકારી જીવની હું હત્યા કરવા ઇચ્છતો હતો ? ધિક્કાર છે મને ! આટલું વિત્યું છતાં તે મારું ભલું ઇચ્છે છે વાહ...આ માણસને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે...

મણિધરે ફરીથી અચલને કહ્યું : 'અચલ, તું જલ્દી તારી

ઇચ્છા જણાવી દે. તારી શી ઇચ્છા છે? તું મારી ચિંતા કરીશ નહિ. તારા સત્કાર્યથી હું અત્યંત પ્રસન્ન બન્યો છું. મારા પર શ્રદ્ધા રાખીને તું તારી અંતરેચ્છા જણાવી દે...'

અચલકુમાર મૌનભાવે ઊભો હતો.

મણિધર પિશાચ આગળ આવ્યો અને અચલકુમારના બન્ને હાથ પકડીને કહ્યું: 'મિત્ર, હવે તો હું તને મારા મિત્ર તરીકેનું સંબોધન કરું છું. તારા અંતરમાં જે ઇચ્છા રમતી હોય તે વિના સંકોચે બતાવી દે, હું તને ખાત્રી આપું છું કે તારી કોઈ પણ ઇચ્છા હશે તે પૂરી કરીશ. આવા ભયાનક વન્યપ્રદેશમાં કોઈ પણ કારણ વગર તો કોઈ આવે જ નહિ. તારા હૈયામાં કઈ ચિંતા સતાવી રહી છે? અચલ, તું જરા પણ સંકોચ રાખ્યા વગર તારી મનોકામના દર્શાવી દે.'

અચલ તો એમને એમ ઊભો જ રહ્યો. મણિધરને કશો ઉત્તર જ ન આપ્યો.

ત્યારે ફરીથી મણિધર પિશાચે કહ્યું: 'અચલ, આજે તો તેં મારા પર પરોપકારનું કાર્ય કર્યું છે. મારા અંતરનાં ચક્ષુ ખોલી આપ્યાં છે. તેં મારા પર પરોપકાર કર્યા છે, તેના બદલામાં આ વાત કરું છું તેવું તું રખે માનતો નહિ. તારા પ્રત્યે મમતા બંધાઈ છે તે કારણે જ આ વાત જણાવું છું. મારા જેવી વ્યક્તિ મળે અને તું ચિંતાની ચિનગારીમાં દાઝયા કરે આ મને કેમ ગમે? તારા હૈયામાં જે કોઈ ઇચ્છા રમતી હોય તે મને જણાવ અને સમજી લે કે તારી મનોકામના પૂર્ણ થઈ' મણિધર પિશાચે વિનવણીભર્યા સ્વરે કહ્યું.

આમ પિશાચ મણિધર અચલકુમારની પ્રશંસા કરતો રહ્યો પણ અચલકુમાર પિશાચ મણિધરની કોઈ પણ વાતનો ઉત્તર આપતો નહોતો. છેવટે મણિધરે ઉત્તર આપવાની જીદ પકડી ત્યારે નિસ્પૃહી

બનેલા અચલકુમારે સહજભાવે કહ્યું : 'મણિધરજી, આપે તો મારા પર એટલા બધા પ્રશંસાના પુષ્પો વેરી દીધા છે કે મારે શું ઉત્તર આપવો ? ખરેખર આપ મારી જે પ્રશંસા કરી રહ્યા છો તેટલો યોગ્ય નથી.'

'અચલ, એ કહેવાની જરૂર નથી. એનો પ્રત્યક્ષ અનુભવ મને થઈ ગયો છે. એટલે તારી વાતનો સ્વીકાર હું શી રીતે કરી શકું ?' મણિધર પિશાચે કહ્યું.

'મણિધરજી, હું પ્રશંસાને પાત્ર નથી. મેં જે કર્યું છે તે એક કર્તવ્ય હતું. કર્તવ્યથી વધારે કશું કર્યું નથી. જ્યારે સામેની વ્યક્તિ ભૂખી હોય એ વાત માનવ કેમ સહન કરી શકે ? મેં તો આપની ભૂખ મીટાવવા નાનકડું કર્તવ્ય બજાવ્યું હતું. આપ મારા નાના કર્તવ્યની ખૂબ પ્રશંસા કરો છો. જોકે એમાં આપની ઉદારતા જ મહત્ત્વની છે. આપ મારા થકી થયેલા નાનકડા કર્તવ્યને પ્રેમથી શ્રેષ્ઠ લેખી તેમાં આપની ઉદારતા જ દેખાય છે. આપને મારી અંતરેચ્છા જાણવાનો આટલોબધો આગ્રહ છે તો જણાવી દઉં ?' અચલકુમારે કહ્યું.

તરત જ મણિધર પિશાચે કહ્યું : 'અચલકમાર, હું તારા અંતરમાં રમી રહેલી ઇચ્છાને જાણવા તો તલપાપડ બન્યો છું.'

અચલકુમાર આછું હસી પડયો પછી કહ્યું : 'મણિધરજી, વાત મારા મુખેથી કહેવી પડશે કે...!'

'કેમ...શું થયું ?' મણિધરે પ્રશ્ન કર્યો.

'આપ આવો પ્રશ્ન કરો છો ત્યારે મને ખરેખર આશ્ચર્ય થાય છે. આપ તો અંતરયામી છો. આપ તો સઘળું જાણી શકો છો. આપની સમક્ષ મારી કોઈ વાત અછાની ન રહે...મારા અંતરમાં કઈ ઇચ્છા છે. અથવા તો કઈ મનોકામના છે તેનાથી આપ અજ્ઞાત હો તેમ માની શકતો નથી, કે પછી આપ મારા મુખેથી

જ સાંભળવા માગો છો ?' અચલે પોતાના અંતરની મનોકામના ન દર્શાવતાં મણિધર પિશાચ આપોઆપ જાણી લે તેમ ઇચ્છયું.

અને અચલની વાત સાંભળીને થોડી વાર મણિધર પિશાચ વિચારોમાં પડી ગયો. પછી ડોકું ધુણાવ્યું.

'બરાબર...સમજાઈ ગયું...' મણિધરે કહ્યું.

અચલકુમાર મણિધરની સામે જોવા લાગ્યો.

મણિધરે ભાવવાહી સ્વરે કહ્યું : 'ઓહ...અચલ, તારી મનો-કામના પણ પરોપકાર હેતુ જ સર્જાયેલી છે. હું તારા અંતરની મનોકામના સમજી ગયો. આવો સખ્ત શ્રમ એ પણ અન્યના ઉપકાર માટે...વાહ! તું તો સાક્ષાત પરોપકારની મૂર્તિ છો તે તો વિષાદના વાદળોને નષ્ટ કરવા કટિબદ્ધ બન્યો અને આકરી પ્રતિજ્ઞા પણ ધારણ કરી લીધી. મને તો લાગે છે કે તેં તારું જીવન અન્ય માટે જ અબાધિત રાખ્યું છે. તું તારી ચિંતા તો કરતો જ નથી. પરોપકાર જ તારા જીવનનો મંત્ર છે...વાહ...અચલકુમાર વાહ! તારા ધ્યેયને ધન્યવાદ...'

અચલકુમાર સમજી ગયો કે મણિધર પિશાચ મારા અંતરની મનોકામનાને જાણી ગયો છે.

અચલકુમાર કશું બોલ્યો નહિ. તે શાંતમૂર્તિની જેમ એમને એમ ઊભો રહ્યો અને પિશાચ મણિધર સામે જોતો રહ્યો.

પિશાચ મણિધરે પ્રેમભાવે કહ્યું : 'અચલકુમાર, તારા પરોપકારી સ્વભાવને હું વંદન કરું છું. તારા હૈયામાં જે મનોકામના છે તે પણ પરોપકાર અર્થેની છે. તું એમ જ માની લે કે તારું કાર્ય સફળ થઈ ગયું છે. આવતીકાલે તારા અંતરમાં રમી રહેલી મનો-કામના સફળ થશે. તારી મનોકામના પણ કેવી...! તારી પોતાની ઇચ્છા જ નહિ પણ લોકહિતની જ વાત તેમાં રણકે છે. અચલ, તેં તારા માટે શું માગ્યું ?' પિશાચ મણિધરે પ્રશ્ન કર્યો.

રાત્રિ પસાર થઈ રહી હતી.

અંધકાર ગાઢ હોવા છતાં પિશાચ મણિધરે દીપક પ્રગટાવ્યો હતો જેથી તે અચલકુમારનો ચહેરો સ્પષ્ટ રીતે નિહાળી શકે.

અચલકુમારને પાછો મૌન જોઈને મણિધરે કહ્યું : 'અચલ, તેં મારા પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ ! તેં તારા માટે તો કશું માગ્યું જ નથી. તારી જે ઇચ્છા છે તે તો લોકપરોપકારની છે. નગરજનોમાં જે વિષાદની છાયા પ્રસરેલી છે તે નષ્ટ કરવાની તારી ભાવના છે. તું તારા માટે કંઈક માગી લે...'

'મણિધરજી, મારા અંતરમાં જે મનોકામના છે તેમાં જ બધું આવી ગયું. આથી વિશેષ મારે કશું જોઈતું નથી.' અચલે સહજ સ્વરે કહ્યું.

મણિધરે થોડી વાર રહીને કહ્યું : 'અચલકુમાર, હવે તારો પ્રશ્ન એ મારો પ્રશ્ન બને છે. તું ચોરના પ્રશ્ન માટે નિશ્ચિંત બનીને રહેજે. તું અત્યારે તારા ઘેર જા અને શાંતિથી નિદ્રા કરજે. ત્રણ-ચાર દિવસથી તું આ જંગલમાં ભટકે છે તેથી તું ખૂબ શ્રમિત થયો હોઈશ. તારે આરામની જરૂર છે. ચોર બાબતની ચિંતા હવે મારા શિરે છે. તું ચોર અંગેની કોઈ ચિંતા કરતો નહિ. તું અત્યારે ઘેર જઈને શાંતિથી સૂઈ જજે. રાત્રિના છેલ્લા પ્રહરે તને સ્વપ્ન આવશે. તેમાં ચોરની સંપૂર્ણ માહિતી આવશે. એ માહિતી તું બરાબર યાદ રાખી લેજે...'

અચલકુમારે કહ્યું : 'પણ અહીંથી મારે ઘેર પહોંચવાનો માર્ગ જ બે દિવસનો છે. અત્યારે હું કઈ રીતે મારા ઘેર પહોંચી શકીશ ?'

મણિધર પિશાચ અચલકુમારની વાત સાંભળીને આછું હસ્યો.

મણિધરે કહ્યું : 'અચલકુમાર, તું માત્ર બે પળમાં જ તારા ભવનને દરવાજે પહોંચી જઈશ. એ માટે તારે બે પળ આંખો મીંચવી

પડશે...'

અચલકુમારે કહ્યું : 'ભલે...હું આંખો મીંચી દઈશ.'

આમ કહીને અચલકુમાર આંખો બીડી કે એ પળમાં તે પોતાના ભવનના મુખ્ય દ્વાર પાસે આવી પહોંચ્યો.

અચલકુમારે આંખો ખોલી તો પોતાનું ભવન આવી ગયેલું લાગ્યું. તેણે મણિધર પિશાચનો મનોમન આભાર માન્યો.

અચલકુમારે ભવન પાસે બેઠેલા રક્ષકને કહ્યું : 'દ્વાર ખોલો.'

રક્ષક બોલ્યો : 'કોણ છે ?'

'મને ન ઓળખ્યો ? હું અચલ.' અચલે આછા હાસ્ય સાથે કહ્યું.

'ઓહ, નાના શેઠ, આપ ક્યારે આવ્યા ? આટલી અડધી રાત્રે ! ક્યાં હતા ? બધા ચિંતા કરે છે.' રક્ષકે અચલને જોતાં જ ઘણા પ્રશ્નો પૂછી નાખ્યા.

અચલે કહ્યું : 'પહેલાં દ્વાર તો ખોલો પછી તમારા પ્રશ્નોના ઉત્તર આપીશ.'

રક્ષકે તરત જ દ્વાર ખોલ્યાં.

અચલકુમાર પોતાના ભવનમાં આવ્યો. થોડી વારમાં અચલકુમારનાં માતાપિતા પણ જાગૃત થઈ ગયાં.

ભવનમાં દોડધામ થઈ ગઈ. દાસ-દાસીઓ પણ જાગૃત થઈ ગયાં. સૌ એમ જ બોલતાં હતાં કે નાના શેઠ આવી ગયા.

સૌને હરખનો પાર નહોતો.

અચલકુમારની માતાની આંખો સુજીને દડો થઈ ગઈ હતી. પુત્ર કશું કહ્યા વિના ચાલ્યો ગયો હતો અને તેના કોઈ ખબરઅંતર પણ જાણવા ન મળતાં તે અત્યંત વ્યથિત બન્યા હતા. તેણીની આંખોમાં પુત્રને જોતાં જ હર્ષનાં આંસુ ઊપસી આવ્યાં.

અચલકુમારને તેના પિતાએ બાહુપાશમાં લીધો અને કહ્યું :

'અચલ, તું ક્યાં ચાલ્યો ગયો હતો ? સ્વસ્થ તો છે ને ?'

'હા, પિતાજી, એ લાંબી વાત છે. પણ એ જણાવો કે આપની અને માતાજીનું સ્વાસ્થ્ય કેવું છે ?' અચલે પ્રશ્ન કર્યો.

'અચલ, તારી માતા તો તું જ્યારથી આ ભવન છોડીને ચાલ્યો ગયો છે ત્યારથી રાતના નિદ્રા જ લેતી નથી. તારી ખૂબ ચિંતા કરતી હતી. તારી માતાને ભવનમાં ચેન જ નહોતું પડતું. મને પણ તારી ચિંતા થતી હતી. તારી બધેય તપાસ કરાવી હતી. તારા મિત્રોને ત્યાં પણ માણસોને મોકલ્યા હતા પણ કોઈપણ જગ્યા. એથી તારા કોઈ સમાચાર ન મળ્યા. એક બાજુ અમે ચિંતા કરીએ તો બીજી તરફ મહારાજા તેમજ રાજ્યના કર્મચારીઓ ચિંતા કરતા હતા.' અચલકુમારના પિતાએ જણાવ્યું.

ત્યાં અચલકુમારની માતા બોલ્યાં : 'અચલ, તારા વિના તો એક એક ઘડી એક એક યુગ જેવડી લાગતી હતી. તું ક્યાં ચાલ્યો ગયો હતો ?'

'માતાજી, બધી વાત નિરાંતે કરીશ... અત્યારે ઘણી રાત્રી વીતી ગઈ છે...ચાલો આપ બન્ને વિશ્રામ કરો...'

થોડીવાર સુધી માતાપિતા સાથે સામાન્ય વાતચીત કરીને અચલકુમાર તેના ખંડમાં વિશ્રામ અર્થે આવ્યો.

ભવનના દાસદાસીઓ અચલકુમારને પાછા આવેલા જોઈને ખૂબ જ આનંદિત બન્યાં હતાં.

અને સૌ થોડી વારમાં નિદ્રાધીન થયાં.

અચલકુમારને શૈયામાં પડતાવેંત જ નિદ્રા લાગી ગઈ.

રાત્રીનો અંતિમ પ્રહર ચાલી રહ્યો હતો.

અચલકુમારનાં માતાપિતા પુત્રને પાછો આવેલો જાણીને ચિંતામુક્ત બન્યાં.

નિર્ભયપુર નગરીમાં પણ લોકો પાછલા પહોરે મીઠી નિંદર

માણી રહ્યાં હતાં. નગરી પર ચોરીનો ઉપદ્રવ તો હજુ ચાલી રહ્યો જ હતો. અદૃશ્ય અને માયાવી જણાતાં ચોરે હજુ એક દિવસની શાંતિ રાખી નહોતી.

મહારાજા તેમજ રાજ્યના મુખ્ય અધિકારીઓ પણ આ ચોરીના ઉપદ્રવથી ત્રાહિમામ્ પોકારી ઊઠયા હતા. ચોરને કઈ રીતે પકડવો તેની કળ નજરે પડતી નહોતી. અચલકુમાર નગરીમાં પાછો આવી ગયો છે અને તે તેના ભવનમાં મીઠી નિંદર માણી રહ્યો છે તેની કોઈને જાણ નહોતી સિવાય કે તેના ભવનના દાસ-દાસીઓને, રક્ષકને તથા અચલનાં માતાપિતાને.

અચલકુમાર મીઠી નિંદર માણી રહ્યો હતો અને મણિધર પિશાચના શબ્દો મુજબ તેને સ્વપ્ન આવ્યું.

સ્વપ્નમાં શું હતું ? શું ચોરીનો ભેદ ખૂલશે ? ચોરનો પત્તો મળી જશે ?

શું થશે ?

અચલકુમાર પિશાચ મણિધરના આશીર્વાદથી પોતાના ભવન પર પળમાત્રમાં પહોંચી ગયો હતો. અચલકુમારનાં માતા-પિતા કુબેર શેઠ અને જયાદેવી પોતાના પુત્રને પરત આવેલો જોઈને અત્યંત આનંદિત બન્યાં. અચલકુમાર રાત વધુ વીતી જવાથી નિદ્રાધીન થઈ ગયો હતો. એના હૈયામાં આનંદ સમાતો નહોતો. કારણ કે તેનું કાર્ય સફળતાના આરે આવીને ઊભું હતું.

આજ અચલકુમારની પ્રતિજ્ઞાની છેલ્લી રાત હતી. સવારનો સૂરજ ઊગે ત્યારે મહારાજા, મહામંત્રી તથા અન્ય રાજ્યના કર્મચારીઓ અચલકુમારને ચોરની બાબતમાં પૃચ્છા કરવાના હતા. જો પ્રતિજ્ઞામાં નિષ્ફળ જાય તો રાજસભામાં જાહેર કર્યા મુજબ તે પોતાને જીવતા અગનશૈયા પકડવાનો હતો.

આ તરફ અચલકુમાર તેની શય્યામાં નિદ્રાધીન થયો હતો. થોડી વારમાં જ મીઠી નિદ્રા માણવા લાગ્યો. વાતાયનમાંથી મંદ મંદ સમીર વહી રહ્યો હતો. અચલકુમારના માતાપિતા પણ તેમના સ્થાને જઈને નિદ્રાધીન થઈ ગયાં હતાં.

કુબેર શેઠનું ભવન પાછું સુનકાર થઈ ગયું. સૌ દાસ-દાસીઓ પણ નિદ્રાદેવીના ખોળે આધીન થઈ ગયા.

મહારાજા રામચંદ્ર અને મહાદેવી શ્રીમતીને અચલકુમારની ચિંતા હતી. તેના કોઈ સમાચાર ન હોવાથી વધારે ચિંતિત હતાં. ચોરને પકડી શકશે? અચલકુમાર તેના કાર્યમાં સફળતા મેળવશે? નિષ્ફળ જશે તો? આવા વિવિધ પ્રકારની શંકા–કુશંકા બન્નેના હૃદયમાં રમતી હતી.

નગરીમાં અચલકુમારના હિતદ્વેષીઓ ઇચ્છતા હતા કે અચલકુમાર ચોરને પકડવામાં નિષ્ફળ જાય તો તેને ચિતામાં પડતો જોઈ શકાય અને આનંદ માણી શકાય. મહારાજાનો તેના પ્રત્યેનો અતૂટ વિશ્વાસ પણ તૂટી જાય.

માયાવી ચોરે એક પણ દિવસ શાંતિ ન રાખીને પોતાનું કાર્ય ચાલુ જ રાખ્યું હતું. દરરોજ એક સ્થળે ચોરી કરીને મહારાજા તથા રાજ્ય કર્મચારીઓને, રક્ષકોને પડકાર ફેંકતો હતો. નવાઈની વાત એ હતી કે અદૃશ્ય ચોર ક્યારેય પોતાના કોઈ પણ સગડ કોઈ જગ્યાએ રાખતો નહોતો. સખ્ત ચોકીપહેરો હોવા છતાં તે પોતાનું કાર્ય આસાનીથી કરી શકતો હતો. મહાસેનાપતિ, મહામંત્રી તેમજ અન્ય કર્મચારીઓ ચોરના આ કાર્યથી ભારે ચિંતિત હતા.

નગરજનોના હૈયામાં એક જ ચિંતા ઘેરી વળી હતી કે આવતીકાલે અચલકુમારની પ્રતિજ્ઞા સમાપ્ત થાય છે. તે ચોરને પકડવામાં સફળ થશે કે નહિ...! જો સફળતા પ્રાપ્ત નહિ કરે તો રાજસભામાં જાહેર કર્યા મુજબ અગ્નિશૈયામાં ઝુકાવવું પડશે.

આ તરફ અચલકુમાર ગાઢ નિદ્રામાં હતો. પિશાચ મણિધરના કથન મુજબ તે સ્વપ્નવિહારમાં ભ્રમણ કરી રહ્યો હતો.

અચલકુમારના સ્વપ્નપ્રદેશમાં સ્મશાનભૂમિનું દૃશ્ય અંકિત થયું. સ્મશાનભૂમિ...વન્ય પ્રદેશમાં આવેલી ભેંકાર જગ્યા... રાત્રીનો સમય..! ચારે તરફ હિંસક પ્રાણીઓના ચિત્કારભર્યા અવાજો...

એકાંત અને સ્તબ્ધતાનું વાતાવરણ...!

અચલકુમારનું સ્વપ્ન આગળ ચાલ્યું.

અચલકુમાર સ્મશાનભૂમિની જગ્યાથી પૂરો પરિચિત હતો. તે આગળ વિચરવા લાગ્યો. તે આમતેમ દષ્ટિ ફેંકી રહ્યો હતો. ગાઢ અંધકારને કારણે કશું કળાતું નહોતું. સ્મશાનભૂમિની જમીન પર કંટકો અને સુકાયેલાં પર્ણો પડયાં હતાં. વાતાવરણમાં વ્યાપેલી નીરવતા ભય ઉપજાવનારી હતી.

અચલકુમાર ત્યાં પડેલા એક પથ્થર પર બેસી ગયો અને વિચારના વમળમાં ગુંથાઈ ગયો. હિંસક પ્રાણીઓના ચિત્કારભર્યા અવાજો સતત આવી રહ્યા હતા. છતાંય અચલકુમારનું તે તરફ લક્ષ્ય જ નહોતું.

અચલકુમારે મોટેથી બૂમ પાડી : 'મણિધરજી...મણિધરજી...' આ પ્રમાણે બૂમ પાડીને અચલકુમાર ચારે તરફ મણિધર પિશાચને શોધી રહ્યો હતો.

અચલકુમાર નિર્ભય બનીને પિશાચ મણિધરના નામની બૂમ પાડીને બોલાવી રહ્યો હતો. નીરવ વાતાવરણમાં તેનો અવાજ સ્પષ્ટ રીતે કોઈ પણ સાંભળી શકે તેવો લાગતો હતો.

અચલકુમારે ફરીને ચારે દિશાએ ફરીને 'મણિધરજી... મણિધરજી...' નામની બૂમ પાડી...

ત્યાં દૂરથી જાણ્યે ચિરપરિચિત હાસ્ય સંભળાયું...વિકરાળ અટ્ટહાસ્ય...! ભલભલાની છાતી બેસી જાય તેવું હાસ્ય...જેવાતેવાના હાંજા ગગડી જાય તેવું અટ્ટહાસ્ય હતું પરંતુ અચલકુમાર તો આ અટ્ટહાસ્યથી પૂર્ણ રીતે પરિચિત હતો.

અચલકુમારે તરત જ જે દિશાએથી અટ્ટહાસ્યનો અવાજ આવ્યો તે તરફ દોટ મૂકી...અને પિશાચ મણિધરની સમીપ આવી ગયો.

મણિધર પિશાચ અચલને જોઈને આનંદિત બની ઊઠયો : તેણે કહ્યું : 'આવ... પરોપકારી અચલકુમાર... આવ... હું તો તારી જ પ્રતિક્ષા કરતો હતો.'

અચલકુમારે સ્થિર ભાવે પિશાચ મણીધરની સામે જોયું અને તેનું મસ્તક આપોઆપ નમી પડયું.

મણિધર પિશાચે અચલકુમારને કહ્યું : 'પ્રિય અચલકુમાર, તું ચોરનો પત્તો જાણવા માગે છે?'

'હા... મણિધરજી, એ દુષ્ટ અને માયાવી ચોરનું રહેઠાણ બતાવી આપો, જેથી તેને બંધનગ્રસ્ત કરીને પ્રજાને ભયના આતંક-માંથી મુક્ત કરી શકાય...'

'પ્રિય અચલકુમાર, તારી પરોપકારની ભાવનાએ આ કાર્ય સફળ બનાવ્યું છે. હવે હું તને ચોરનું રહેઠાણ બતાવીશ. એ પહેલાં એક વિધિમાંથી પસાર થવું પડશે...'

'આપ જેમ કહેશો તેમ કરવા તૈયાર છું. મારે ગમે તે ભોગે તે ચોરને પકડવો છે... મણિધરજી...' અચલકુમારે કહ્યું.

'અચલકુમાર, હવે જે થાય તેનાથી જરા પણ ગભરાટ અનુ-ભવતો નહિ...' આમ કહીને પિશાચ મણિધરે અચલકુમારની આંખોમાં આંખ પરોવીને કહ્યું.

પિશાચ મણિધરે અચલકુમાર પર દૃષ્ટિ ફેંકી...

પણ આ શું...!

આશ્ચર્ય...!

અચલકુમારની કાયા નાની બનવા લાગી...! થોડી વારમાં તો હસ્તની અંગુલિ જેવડી થઈ ગઈ. અચલકુમાર પણ આશ્ચર્ય અનુભવતો હતો.

મણિધરે આછા હાસ્ય સાથે કહ્યું : 'અચલ, તું ગભરાતો નથી ને...!'

'ના...આપ હો પછી શા માટે ગભરાઉં...?' અચલકુમારે નિર્ભય બનીને જવાબ આપ્યો.

અચલકુમારના ઉત્તરથી પિશાચ મણિધર પ્રસન્ન બન્યો. તેણે અચલકુમારને કહ્યું : 'અચલ, તને હું મારા મસ્તકમાં છૂપાવું છું તારે ત્યાં બેસીને બધું જોયા કરવાનું છે.'

અચલકુમારે કહ્યું : 'ભલે...આપ જેમ કહેશો તેમ કરીશ... મણિધરજી...!'

'શાબાશ, અચલ, હવે તું મારા મસ્તક પરના કેશને બરાબર પકડી રાખજે. હવે હું અહીંથી આગળ વધુ છું. જે માર્ગે જાઉં તે માર્ગ બરાબર યાદ રાખજે...'

'ભલે...આપની સૂચના પર પૂરતું લક્ષ્ય આપીશ.' અચલકુમારે કહ્યું.

— બીજી વાત, હું જ્યારે ઊભો રહી જાઉં તે કુટિર જ નિર્ભયપુર નગરીમાં ચોરીનો ઉપદ્રવ સર્જનારા ચોરની છે. આ વાતનો ખ્યાલ તારે બરાબર રાખવાનો છે...'

'મણિધરજી, આપનું કથન મને બરાબર સમજાઈ ગયું છે. હું એ કુટિર સુધીનો માર્ગ બરાબર યાદ રાખી લઈશ...' અચલકુમારે કહ્યું.

સ્વપ્ન વિહારમાં અચલકુમાર નિશ્ચિંત રીતે આગળ વધી રહ્યો હતો.

પિશાચ મણિધરે અચલકુમારના નાનકડા રૂપને પોતાના મસ્તક પર બેસાડીને આગળ ચાલવા માંડ્યું. થોડી વારમાં તો પિશાચ મણિધરે નિર્ભયપુર નગરીમાં પ્રવેશ કર્યો. અચલકુમાર સતેજ બનીને ચારે તરફ જોતો હતો.

પિશાચ મણિધર નગરીમાં ચાલતાં ચાલતાં અચલકુમારના ભવન પાસેથી પસાર થયો. અચલકુમારે પોતાનું ભવન જોયું પણ

કશું બોલ્યો નહિ. મણિધર તો આગળ વધતો જતો હતો. નગરીની બહાર વહેતી સરિતા પાસે આવ્યો. ત્યાં તે નદીના કિનારા પાસે એક કુટિર હતી ત્યાં મણિધર પિશાચ ઊભો રહ્યો.

મણિધર પિશાચે અચલકુમારને કુટિરને યાદ રાખી લેવાનું ઇશારાથી સમજાવ્યું.

અચલકુમાર મણિધર પિશાચનો ઇશારો સમજી ગયો. તેણે કુટિર યાદ રાખી લીધી.

ત્યાર પછી તરત જ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પિશાચ મણિધર અચલકુમારને લઈ ને જે માર્ગેથી આવ્યો હતો તે માર્ગેથી જવા રવાના થયો.

ત્યાં ફરીને અચલકુમારનું ભવન આવ્યું.

પિશાચ મણિધર તરત જ અચલકુમારના ભવન પાસે ઊભો રહ્યો અને અચલકુમારના વામન રૂપને પોતાના હાથમાં લઈ નીચે મૂકયો.

મણિધર પિશાચે અચલકુમારની સામે જોઈને કહ્યું : 'બસ, ત્યારે હું વિદાય લઉં...?'

અચલે કહ્યું : 'મણિધરજી, મારું આ વામન રૂપ?'

મણિધર પિશાચ આછું હસી પડયો અને કહ્યું : 'અચલ, તારું આ રૂપ થોડી વારમાં નષ્ટ થઈ જશે અને પહેલા જેવો થઈ જઈશ.'

આટલું કહીને પિશાચ મણિધર અદશ્ય થઈ ગયો.

મણિધર પિશાચના કથન અનુસાર થોડી પળોમાં અચલકુમાર પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયો અને મૂળ સ્થિતિ પ્રાપ્ત થતાં તે પોતાના શયનખંડમાં આવીને પોઢી ગયો.

ગાઢ નિદ્રામાં મસ્ત બનેલા અચલકુમારનું સ્વપ્ન અહીં પૂરું થયું. પરંતુ તે તો હજુ નિદ્રાવસ્થામાં જ હતો.

પ્રાતઃકાળ થયો.

અંશુમાલિએ પૃથ્વીપટ પર પોતાનું વર્ચસ્વ બરાબર જમાવ્યું નહોતું, પરંતુ આછાં કિરણો દ્વારા પોતાના આગમનની છડી પોકારી રહ્યાં હતાં. ધરતી પણ જાણ્યે સૂરજનાં સોનેરી કિરણોને બાહુપાશમાં ઝકડી લેવા થનગની રહી હોય તેવું લાગતું હતું. સર્વત્ર પ્રસન્નતાનું વાતાવરણ ઊભું થયું હતું.

ત્યારે પંખીઓનું નિર્ભયતાભર્યું પ્રાતઃગાન વાતાવરણની પ્રસન્નતામાં ઉમેરો કરી રહ્યું હતું. નિરભ્રમાં મુક્તપણે વિહરતા પક્ષીઓનો કિલ્લોલ આનંદ પમાડે તેવો હતો. પશુઓ પણ ઉગતા રવિને અભિનંદી રહ્યા હતા. નૂતન સંદેશો લઈને આવતાં સૂર્ય મહારાજને સત્કારવા સૌના હૈયાં થનગની ઊઠ્યા હતા.

મંદિરો, જિનપ્રાસાદોમાં થતો ઘંટારવ સૂર્ય મહારાજના આગમનને અભિનંદી રહ્યો હતો. નિર્ભયપુરના નગરજનો પ્રાતઃકાર્યની વિધિમાં મશગુલ બન્યા હતા. રાજમાર્ગો પર લોકોની અવરજવર શરૂ થઈ ગઈ હતી.

વિવિધ ધર્મના લોકો જિનપ્રાસાદમાં, મંદિરોમાં કે અન્ય સ્થાનકોમાં જતા હતા.

અચલકુમાર હજુ નિદ્રાધીન હતો.

કુમેર શેઠ અને જયાદેવી પુત્રને સૂતેલો જોઈને સેવા પૂજા અર્થે નગરીની વચ્ચે આવેલા જિનપ્રાસાદ તરફ ગયા.

નગરીની મધ્યમાં શોભી રહેલું શ્રી જિનેશ્વર ભગવંતનું જિનાલય કલાત્મક અને ભવ્ય ભાસતું હતું. સુવર્ણયુક્ત દ્વારો અને જિનાલયને ફરતી અટારી સુવર્ણથી અંકિત હતી. શિખર પર સુંદરતા બક્ષતો સુવર્ણ કળશ પ્રભાતનાં આછાં કિરણોથી ચળકાટ મારી રહ્યો હતો. શિખર પર લહેરાતો ધ્વજ મંદ મંદ ગતિએ વહેતા વાયુને કારણે થોડી થોડી વારે ફરકીને યશોગાન ગાઈ રહ્યો

હતો. નગરીના અનેક જૈન પરિવારો આ જિનમંદિરમાં પ્રભુની સેવાપૂજા અર્થે આવતાં અને ભાવભરી ભક્તિ કરતા.

અચલકુમારના માતાપિતા કુબેર શેઠ અને જયાદેવી નિયમિત પ્રાતઃકાળે સ્નાનાદિથી નિવૃત્ત થઈને સેવાપૂજા અર્થે નગરીની મધ્યમાં આવેલા જિનાલયે જતાં અને ભાવથી શ્રીજિન ભક્તિ કરતાં.

રોજની જેમ આજે પણ કુબેર શેઠ અને જયાદેવી શ્રી જિનપ્રાસાદે સેવાપૂજા કરવા માટે આવ્યા હતા.

બન્ને શિખર પરની ફરકતી ધજા જોઈને આનંદિત બન્યા. ચાલતાં ચાલતાં કુબેર શેઠ અને જયાદેવી જિનાલયમાં આવ્યાં ત્યારે અનેક શ્રદ્ધાળુઓ દર્શન માટે આવેલા હતા.

સૌ પ્રથમ કુબેરશેઠ અને જયાદેવી ગભારામાં જઈને શ્રી જિનપ્રતિમાને ભાવથી વંદન કર્યા. ત્યારબાદ બન્નેએ ઘણા જ ભાવથી પૂજા કરી.

ત્યારપછી કુબેર શેઠ અને જયાદેવીએ સ્તુતિ ગાઈ. ભાવનાથી ભરેલું સ્તવન અપૂર્વ હતું.

સેવાપૂજા કરીને કુબેર શેઠ તથા જયાદેવી જિનાલયની બહાર આવ્યા. ત્યાં નગરીના બે ચાર શ્રેષ્ઠી મળી ગયા.

સૌએ કુબેર શેઠને પૂછ્યું : 'કુંબેર શેઠ, અચલકુમારની કોઈ ભાળ મળી ?

કુબેર શેઠે કહ્યું : 'હા... તે રાત્રીના ત્રીજા પ્રહરે આવી ગયો છે.'

'ત્યારે ચોર પકડાઈ ગયો ?' એક શ્રેષ્ઠીએ ઉત્સાહથી પૂછી નાખ્યું.

'અચલે અમને કશી વાત કરી નથી. અત્યારે ભવન પર જઈશું ત્યારે ખબર પડશે...' કુબેર શેઠ બોલ્યા.

અચલકુમાર અંગેની થોડી વાતચીત કરીને કુબેર શેઠ અને જયાદેવી પોતાના ભવન પર જવા વિદાય થયાં.

જ્યારે ભવન પર પહોંચ્યો ત્યારે કુબેર શેઠે એક પરિચારકને પૂછ્યું : 'અચલ જાગૃત થઈ ગયો...?'

'હા, શેઠજી, આપ જ્યારે જિનાલય ગયા ત્યારે નાના શેઠ જાગૃત થઈ ગયા હતા. તેઓ સ્નાનાદિથી નિવૃત્ત થઈને વિશ્રામ ખંડમાં આપની પ્રતીક્ષા કરી રહ્યાં છે.'

જયાદેવી બોલ્યાં, 'મારા અચલે કંઈ અલ્પાહાર ગ્રહણ કર્યો કે નહિ?'

'ના... તેઓએ જણાવેલ કે આપ બન્ને આવો પછી જ અલ્પાહાર ગ્રહણ કરશે.'

'સારું... અમે ત્યાં જ જઈએ છીએ...' જયાદેવીએ કહ્યું.

આમ કહીને જયાદેવી તથા કુબેર શેઠે જ્યાં અચલ બેઠો હતો ત્યાં આવ્યા.

માતાપિતાને ખંડમાં આવતાં જોઈને અચલકુમાર ઊભો થઈ ગયો અને તેણે માતાપિતાને વંદન કર્યાં.

કુબેર શેઠે કહ્યું : 'અચલ, અલ્પાહાર આપણે અહીં જ કરીશું. એ પહેલાં તું ત્રણેક દિવસ બહાર રહ્યો તેની વાત કર... તેં આટલા દિવસ બહાર રહીને શું કર્યું?'

જયાદેવીએ પણ તેના સ્વામીની વાતમાં સૂર પૂરાવ્યો.

અચલકુમારે સ્વસ્થતા ધારણ કરીને નગરી છોડી ગયો અને પાછો આવ્યો તે વાત કરી. માત્ર સ્વપ્નાની વાત છૂપાવી રાખી. બાકી બધી વાત માતાપિતાને કરી દીધી.

ત્યાં તો સેવક અલ્પાહારનાં પાત્રો તથા દુગ્ધનાં પાત્રો મૂકી ગયો.

કુબેર શેઠ, જયાદેવી તથા અચલકુમાર અલ્પાહાર તથા દુગ્ધાનુપાન કરવા લાગ્યા.

કુબેર શેઠે પુત્રને કહ્યું : 'અચલ, શું ચોર પકડાઈ જશે?'

'હા... પિતાજી, ચોર હવે હાથવેંતમાં જ છે એવું સમજો...'

અચલે દૃઢતાપૂર્વક કહ્યું.

જયાદેવીએ કહ્યું : 'અચલ, આપણા મહારાજા પણ ભારે ચિંતિત બન્યા છે. ચોરીનો ઉપદ્રવ તો રાબેતા મુજબ ચાલુ જ રહ્યો છે. સૌ તારા પર આશાની મીટ માંડીને બેઠા છે.'

'માતાજી, મારા પર આશા રાખીને બેઠા ને તેઓની આશા જરૂર પૂરી થશે...'

આમ અચલકુમાર તેના માતાપિતા સાથે ચોર, ચોરીના ઉપદ્રવ સંબંધી વાતો કરી રહ્યો હતો ત્યાં રાજભવનનો એક સેવક અચલ-કુમારના નામ પર એક સંદેશો લઈને આવી પહોંચ્યો.

અચલકુમારે સેવકના હાથમાંથી સંદેશો લીધો અને તેનું પઠન કરવા લાગ્યો.

મહારાજા રામચંદ્રે અચલકુમાર આવી ગયો કે નહિ તે અંગે પૃચ્છા કરી હતી અને જો આવી ગયો હોય તો રાજભવનમાં આવે... જેથી ચોર અને ચોરી અંગેની કાર્યવાહી શી રીતે આગળ વધારી તેની જાણકારી મેળવીને ચર્ચા કરી શકાય.

અચલકુમારે સેવકને તરત જ કહ્યું : 'તમે મહારાજાને કહો કે અચલકુમાર આવી ગયા છે. ખૂબ જ શ્રમિત થઈ જવાને કારણે મધ્યાહ્ન પછી મળવા આવશે.'

સેવક તરત જ નમન કરીને ચાલ્યો ગયો.

## ૧૫ : : તપાસ આગળ વધે છે

રાજભવન પરથી મહારાજાનો સંદેશો લઈને આવેલો સેવક અચલકુમારનો ઉત્તર જાણીને પાછો મહારાજા પાસે પહોંચી ગયો અને અચલકુમારનો ઉત્તર સંભળાવી દીધો. મહારાજા મધ્યાહ્ન થાય તેની પ્રતીક્ષામાં બેસી રહ્યા.

આ તરફ અચલકુમાર માતાપિતાની આજ્ઞા મેળવીને તે પોતાના કમલને મળવા ચાલ્યો ગયો. કમલ અચલકુમારનો પ્રિય મિત્ર હતો.

અચલકુમારે એવો વિચાર કર્યો હતો કે એકવાર પિશાચ મણિધરે સ્વપ્નમાં કુટિર દર્શાવી હતી તેની ખાત્રી કરી લઉં પછી જ આ વાત મહારાજાના કાને ધરવી. આથી તે પોતાની સાથે પ્રિય મિત્ર કમલને લઈ જવા ઇચ્છતો હતો.

કમલનું ભવન અચલકુમારના ભવનથી નજદિક હતું. આથી થોડી વારમાં અચલકુમાર કમલના ભવન પર પહોંચી ગયો. જ્યારે અચલે કમલના ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે કમલ તો અચલને જોઈને અત્યંત આનંદ પામ્યો.

કમલ અચલનો હસ્ત પકડીને પોતાના ખંડમાં લઈ ગયો. અને કમલે પૂછ્યું : ' અચલ, તું અત્યાર સુધી ક્યાં હતો ? હું તારા ભવન પર અનેક વાર આવી ગયો... તારો તો ક્યાંય પત્તો જ નહોતો ? '

'કમલ, એ વાત હું નિરાંતે કરીશ. પણ અત્યારે તું મારી સાથે તૈયાર થઈને ચાલ... ખાસ અગત્યના કાર્ય માટે જવું છે.'

'ખાસ અગત્યનું કાર્ય શું?'

'કમલ, તું પ્રશ્નો પૂછવાનું માંડી વાળ...અત્યારે હું કહું તેમ કર...' અચલકુમારે કહ્યું.

અને કમલ તરત જ વસ્ત્રપરિવર્તન કરીને અચલકુમારની સાથે જવા તૈયાર થયો.

બન્ને મિત્રો માર્ગ પર આવ્યા.

તેઓ બન્ને પૂર્વ દિશાના દરવાજા તરફ આગળ વધ્યા. ત્યાં એક મોટું ટોળું જમા થયેલું હતું અને તરેહ તરેહની વાતો કરતાં હતાં. કુતૂહલવશ થઈને અચલકુમાર અને કમલ બન્ને ત્યાં પહોંચ્યા. ત્યાં થતી વાતચીત પરથી અચલે તથા કમલે અંદાજ બાંધી લીધો કે ચોરના પરાક્રમની કથા જ અહીં ચાલી રહી છે.

એક જણ બોલ્યું: 'તમને બધાને ખબર છે આજે ચોર-ભાઈએ શ્રીનંદ નામના શ્રેષ્ઠીને ત્યાં પોતાનો કસબ અજમાવ્યો છે. અદશ્ય જણાતો ચોર પકડાતો નથી અને પેલા અચલકુમારે ચોરને પકડી પાડવામાં શું કર્યું તેની ખબર નથી...'

ત્યાં વળી ટોળામાંથી કોઈ બોલ્યું : 'હવે આ નગરીમાં ચોરીનો ઉપદ્રવ તો હંમેશ માટે ચાલુ રહેવાનો હોય તેમ જણાય છે. સાચી વાત તો એ છે કે હવે આપણે આ નગર છોડીને ચાલ્યા જવું જોઈએ. અહીં જાનમાલનું કોઈ રક્ષણ કરી શકે તેમ નથી.'

ત્યાં બીજી વ્યક્તિ બોલી : 'આપણા મહારાજાની ફરજ-નિષ્ઠા શુભ હોવા છતાં ચોરનો પડકાર ઝીલી શકાતો નથી. નહીં તો રક્ષણની મજબૂત વ્યવસ્થા છે...'

'પણ ચોર અદશ્ય રહીને જ પોતાનું કાર્ય કરે છે ત્યાં રક્ષકો શું કરી શકે?'

'ભાઈ, ભરી રાજસભામાં પેલા કુબેર શેઠના પુત્ર અચલકુમારે પંદર દિવસમાં ચોરને પકડી પાડવાની વાત કરી હતી. આજ એ પંદર દિવસ પણ પૂરા થઈ ગયા. ન તો ચોરનો પત્તો છે કે ન તો અચલકુમારનો પત્તો છે !'

'અચલકુમાર ક્યાંથી હોય...! ચોર તેનાથી નહિ પકડાયો હોય એટલે તે આ નગરી છોડીને ક્યાંક જતો રહ્યો હશે...! વળી એણે તો ચોર ન પકડી શકે તો જીવતાં અગ્નિમાં ખાબકવાની પણ વાત કરી હતી...'

'ભાઈઓ, અચલને થયું હશે કે ચોર ન પકડાયો તો અહીં નગરીમાં રહેવું નિરર્થક છે. નહિતર નગરીના લોકો પરાણે અગ્નિમાં નાખશે...'

'સાચી વાત છે. જો અચલકુમાર ચોરને પકડવામાં નાકામિયાબ રહ્યો હોય તો તેને સામે ચાલીને અગ્નિમાં ઝંપલાવવું જોઈએ. એણે તો આ પ્રતિજ્ઞાભરી સભામાં સૌને કહી સંભળાવી હતી.'

ટોળાના અમુક લોકોએ આ વાતમાં સૂર પૂરાવ્યો.

ત્યાં વળી એક જણ બોલ્યું : 'અચલકુમાર સાહસિક છે, વીર છે, તેમજ પરોપકારી છે. તેણે કઠિન કાર્યો પણ સહજતાથી પાર પાડ્યાં છે. પણ આ કાર્યમાં તેને સફળતા મળવી મુશ્કેલ છે. કદાચ એ પરાજયના ભયથી નગરી છોડીને અન્યત્ર જતો રહ્યો હોવો જોઈએ.'

આમ એકત્રિત થયેલા સમૂહમાં ચોર, ચોરીના ઉપદ્રવ તથા અચલકુમાર સંબંધી ચર્ચા ચાલી રહી હતી.

અચલકુમાર અને તેનો મિત્ર કમલ થોડી વાર ટોળાની ચર્ચા સાંભળીને નગર દરવાજા બહાર નીકળી ગયા.

દિવસનો પ્રથમ પ્રહર ચાલી રહ્યો હતો.

અચલકુમાર અને તેનો મિત્ર કમલ બન્ને વહી જતી સરિતા તરફ આગળ વધ્યા.

રસ્તે ચાલતાં કમલે કહ્યું : 'અચલ, અહીં પૂરી શાંતિ છે. આપણે નિરાંતે વાતો કરી શકીશું...'

'હા...કમલ...કહે, તારું સ્વાસ્થ્ય તો સારું છે ને ?'

'મારું સ્વાસ્થ્ય તો સારું છે પણ તું ત્રણચાર દિવસથી અદશ્ય થઈ ગયો તેથી સમગ્ર નગરીમાં તારી જ ચર્ચા ચાલી રહી છે. હજુ નગરીમાં તો કોઈને જાણ થઈ નહિ હોય કે તું આવી ગયો છે...'

'કમલ, એ સમાચાર ગુપ્ત રહી શકશે નહિ...આજે જ નગરીના લોકો મારા આગમનના સમાચાર જાણી જશે.'

'અચલ, તારી પ્રતિજ્ઞા પ્રમાણે પંદર દિવસ પૂરા થઈ ગયા. ચોરના બારામાં કોઈ જાણકારી મેળવી ?'

'કમલ એ માટે તો આપણે અત્યારે જઈ રહ્યા છીએ. મને વિશ્વાસ છે કે આપણે સાચી દિશામાં પગલાં માંડી રહ્યાં છીએ. અદશ્ય જણાતો ચોર હવે છટકી શકશે નહિ...'

'તો તો ઘણું ઉત્તમ...નગરજનો પણ હવે ચોરીના ઉપદ્રવથી ત્રાસી ગયા છે. નગરજનોને એ પીડામાંથી છોડાવશે તો તને યશ મળશે...'

'મિત્ર, મારી પ્રતિજ્ઞા પૂરી થઈ અને મને પૂરો વિશ્વાસ છે કે ચોર આજ મારા હાથમાં ઝડપાઈ જશે...'

આમ વાતો કરતાં કરતાં બન્ને મિત્રો સરિતાના કિનારે આવેલી એક કુટિર પાસે આવ્યા. અચલકુમારે સ્વપ્નમાં જે કુટિર જોઈ હતી તે જ કુટિર હતી.

બંને સાવધ થઈને કુટિરમાં આવ્યા.

કુટિરમાં સામે જ વ્યાઘ્રચર્મ પર એક કેસરી રંગના વસ્ત્રો ધારણ કરેલો સાધુ બેઠો હતો. તેના મસ્તક પર મોટી જટા હતી. તેના કંઠમાં રૂદ્રાક્ષની માળા હતી. તે સાધુની નજર ક્રૂર હતી. તે સાધુના

ડાબા હાથમાં કાળા રંગના દોરામાં તાંબાનું એક તાવીજ હતું. તે સાધુએ શરીર પર માત્ર કોપીન ધારણ કરી હતી અને જમણા હાથમાં માળા ફેરવીને કંઈક જપ કરી રહ્યો હતો.

તે સાધુની બાજુમાં એક બીજો યુવાન સાધુ બેઠો હતો જે તેનો શિષ્ય હતો.

અચલકુમારને આશ્ચર્ય થયું કે આ તો કોઈ સાધુ કે તાપસ લાગે છે! આ સાધુ ચોર હોઈ શકે ખરા...!

અચલકુમાર થોડી વાર ગડમથલમાં પડી ગયો. આશ્ચર્યના સાગરમાં ડૂબી ગયો અને તે સ્વપ્નની કુટિર યાદ કરવા લાગ્યો. સ્વપ્નમાં જે કુટિર મણિધર પિશાચે બતાવી હતી તેજ આ હતી. આથી તે નિશ્ચિત બનીને પોતાના મિત્ર કમલ સાથે સાધુ પાસે હાજર થયો.

તાપસે બન્નેનું સ્વાગત કરતાં કહ્યું: 'આવો...'

તરત જ અચલે અને કમલે હાથ જોડીને વંદન કર્યા.

તાપસે બન્નેને ઇશારાથી આસન ગ્રહણ કરવાનું કહ્યું.

અચલકુમાર અને કમલે તાપસની સામે પડેલા આસનો પર બેસી ગયા.

તાપસે થોડી વાર સુધી બંને તરફ દૃષ્ટિપાત કર્યો. પછી પૂછ્યું: 'તમે બન્ને કયાંથી આવો છો?'

અચલને થયું કે આ તાપસને ઉત્તરો આપવામાં ખૂબ જ સાવધાની રાખવી પડશે. જો ઉત્તરો આપવામાં થોડીક ગરબડ થઈ જશે તો વિકટ પરિસ્થિતિ આવી પડશે.

તાપસે પૂછેલા પ્રશ્નનો ઉત્તર અચલે સમજી વિચારીને આપ્યો. તે બોલ્યો: 'કૃપાળુ, અમે અહીંના જ છીએ.'

તાપસે બીજો પ્રશ્ન કર્યો: 'અહીંના એટલે નિર્ભયપુર નગરીનાં જ છો?'

કમલે કહ્યું : 'હા, મહાત્મન્...!'

'આ તરફ પ્રથમવાર જ આવ્યા લાગો છો...! નહિ !' તાપસે કહ્યું.

'જી...હા...' અચલે કહ્યું. અચલ ઉત્તર આપતો હતો દરમ્યાન કુટિરમાં આસપાસ નજર ફેરવી લેતો હતો.

તાપસે અચલકુમાર તરફ દૃષ્ટિ સ્થિર કરતાં કહ્યું : 'તમે બન્ને દેખાવમાં ઉત્તમ કુળના લાગો છો. પણ મુખ પર ચિંતાના ભાવ કેમ વરતાય છે ?'

અચલે કહ્યું : 'મહાત્મન્, આપની ધારણા સાચી છે. આ સંસાર ઉપાધિઓથી ભરેલો છે. સંસારીઓને પાર વગરની ચિંતા સતાવતી હોય છે. આપના જેવું મસ્ત જીવન અમે શી રીતે જીવી શકીએ ? આપ તો સંસારની ઉપાધિથી મુક્ત થઈને પરમપદને પામવાની ઉપાસના કરી રહ્યા છો...'

તાપસે કહ્યું : 'વત્સ, તારી વાત સાચી છે. આ સંસાર ઉપાધિઓથી યુક્ત છે. મોહ, માયા, લોભ, વેર, લાલચ અને સ્વાર્થથી ભરેલો આ સંસાર છે. માનવી સંસારની માયાજાળમાંથી મુક્ત ન બને તો તે ભવભ્રમણમાં અટવાયા જ કરે છે. છતાંય સાચો માર્ગ મળી જાય તો ઉપાધિથી ભરેલો આ સંસાર મીઠો લાગે છે.'

'મહાત્મન્, આપની વાત સમજાણી નહિ...!' અચલે કહ્યું.

'પ્રિય વત્સ, સંસારમાં રહીને પણ અનેક લોકોને આત્મજ્ઞાન થયાના દાખલા છે. માનવી સંસારમાં રહીને પણ આત્મજ્ઞાનની ખોજ કરી શકે છે. જો માનવી સંસારના ઝાકઝમાળ પદાર્થોમાં આશક્ત બની જાય તો આત્મજ્ઞાન ક્યારેય લાધતું નથી. માનવી સંસારમાં રહીને આસક્તિ ભાવનો ત્યાગ કરે અને સંસારના રૂપકડા પદાર્થો પ્રત્યે ઉદાસીનભાવ કેળવે તે પણ તો કંઈક પામી શકે છે. માનવીને

ભૌતિક સુખના પદાર્થો પ્રત્યે જ આસક્તિ હોય છે. માયા મરિચિકામાં જ તે રચ્યોપચ્યો રહે છે. સંસારમાં રહીને પણ આત્માનું કલ્યાણ સાધી શકાય છે તે માટે આકર્ષણોથી મુક્ત બનવું પડે...આત્મજ્ઞાન માટે દષ્ટિની જ જરૂર છે...'

'મહાત્મન્, અમે તો સંસારની ઉપાધિઓમાંથી મુક્ત થઈ શકતા નથી કારણ કે એક ઉપાધિમાંથી છૂટીએ તો બીજી ઉપાધિ વળગે... ત્રીજી, ચોથી ઉપાધિ સામે આવીને જ ઊભી હોય...આ ઉપાધિનો અંત જ ન આવે. આથી સંસારીઓનું મન આ ઉપાધિઓમાં જ પરોવાયેલું રહે ત્યાં આત્મજ્ઞાનની મસ્તી શી રીતે સુઝે... તે સંસારના લોભામણા પદાર્થો પરથી મુક્ત શી રીતે થઈ શકે...?'

તાપસે વિષય બદલાવતાં કહ્યું : 'વત્સ, તારી વાત પરથી એવું લાગે છે કે તેં ઘણો અભ્યાસ કર્યો હોવો જોઈએ...'

'ના... મહાત્મન્, હું તો એક પામર પુરુષ છું. આપની વાણી સાંભળવા માટે જ અત્રે અમે આવ્યા છીએ. આપના દર્શનનો લાભ લેવા માટે જ આવ્યા છીએ. આપની કીર્તિ અને પ્રશંસા સાંભળી છે. આજ અમારા હૈયામાં રમતી આપનાં દર્શનની અભિલાષા પૂર્ણ થઈ.' અચલકુમારે કહ્યું.

તાપસે આછા હાસ્ય સાથે કહ્યું : 'વત્સ, તારી ભાષા મધુર અને મિષ્ટ છે. ખરેખર તને જોઈને હું પણ પ્રસન્ન બન્યો છું. તારા શરીરના લક્ષણો જણાવે છે કે તારી તમામ ઇચ્છાઓ, અકાંક્ષાઓ પૂર્ણ થશે.'

અચલકુમારે તરત જ તાપસને વંદન કર્યા અને પછી કહ્યું : 'મહાત્મન, આપના શબ્દો સાંભળીને મારું હૈયું પુલકિત બની ગયું છે. આપના આશીર્વાદ એ અમારા જીવતરનું કવચ બની જશે.'

તાપસે અચલકુમાર સામે અપલક નયને જોતાં કહ્યું : 'વત્સ, તેં તારો અહીં આવવાનો હેતુ દર્શાવ્યો નહિ! શું કોઈ વિડંબના

આવી પડી છે ? કોઈ વિપત્તિનો સામનો કરવાનો છે. તારા હૈયામાં જે કોઈ પ્રશ્ન હોય તે સ્પષ્ટ રીતે જણાવી દે...'

અચલકુમારે થોડી વાર રહીને કહ્યું : 'મહાત્મન, આપ તો બધું જાણો છો. મારા હૈયામાં રમતો પ્રશ્ન પણ આપ જાણી શકો છો...'

તાપસ મુંઝાયો એને થયું કે આ યુવક ભારે ચાલાક અને ચતુર છે. આવો ઉત્તર આપીને મને બરાબર સાણસામાં લીધો છે. છતાં તાપસે જરાપણ ક્ષોભ અનુભવ્યા વગર અચલકુમારની સામે જોઈને કહ્યું : 'વત્સ, તારો પ્રશ્ન તો સમજી ગયો છું પણ એ પ્રશ્ન હું તારા મુખે સાંભળવા માગું છું...'

તાપસનો આવો ઉત્તર સાંભળીને અચલકુમાર સમજી ગયો કે આ તાપસ ખરેખર ઢોંગી છે. તે મારા હૈયામાં રમતો પ્રશ્ન સમજી શક્યો નથી અને તે કંઈ જાણતો જ નથી.

અચલકુમારે નમ્ર બનીને કહ્યું : 'મહાત્મન્, આપની આજ્ઞા અનુસાર હું મારા અંતરમાં રમતો પ્રશ્ન આપની સમક્ષ રજૂ કરું છું. આપ, મને એ જણાવો કે મારું આયુષ્યબળ કેટલું છે ? હું કેટલું જીવી શકીશ ?'

તાપસે તરત જ અચલકુમારના પ્રશ્ન માટે આંખો બંધ કરી. થોડી વાર રહીને તેણે આંખો ખોલી. પછી તાપસે અચલકુમારને કહ્યું : 'વત્સ, તારો જમણો હાથ આપીશ ?'

ઉત્તરમાં અચલકુમારે પોતાનો જમણો હાથ તાપસની સામે રાખ્યો.

તાપસે અચલકુમારનો જમણો હાથ પોતાના હાથમાં લીધો અને હાથની રેખાઓ જોઈને કહ્યું : 'વત્સ, હજુ તો તારું આગમન જ કહેવાય. આવો પ્રશ્ન કેમ પૂછ્યો ?'

'મહાત્મન્, મારા હૈયામાં આયુષ્યનો પ્રશ્ન ઘણા સમયથી રમે

છે. આજ આપ જેવા મહાન યોગીનો સંસર્ગ થયો એટલે આ પ્રશ્ન પૂછી બેઠો. મને પૂરી શ્રદ્ધા છે કે આપ મને જરૂર મારું આયુષ્ય જણાવી શકશો.'

તાપસે થોડી વાર અચલકુમારના જમણા હાથ પરની રેખાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

તાપસે અચલકુમારની સામે જોઈને કહ્યું : 'વત્સ, તારા હાથ પરની રેખાઓ જોતાં એવું ફલિત થાય છે કે તારું આયુષ્યબળ દીર્ઘ છે. જીવનમાં તને ક્યારેય વિપત્તિઓનો સામનો કરવાનો આવશે ત્યારે તું સફળતાપૂર્વક પાર પાડી શકીશ. તારી આયુષ્યરેખા અતિ દીર્ઘ છે. તારા હાથે હજુ ઉત્તમ કાર્યો પણ થશે.'

અચલ તે તાપસની સાથે ચર્ચામાં ગુંથાયો હતો. જ્યારે આ તરફ અચલે અગાઉ આપેલી સૂચના મુજબ કમલકુટિરના અંદરના ભાગમાં ઝીણી નજરે બારીકાઈથી કંઈક તપાસી રહ્યો હતો.

સમય પસાર થઈ રહ્યો હતો.

દિવસનો બીજો પ્રહર ચાલી રહ્યો હતો.

અચલકુમારે બંને તાપસને પોતાના પ્રશ્નોમાં પકડી રાખીને કમલ માટે કુટિરની તપાસનો માર્ગ મોકળો કર્યો હતો...!

શું અચલકુમારને તેના કાર્યમાં સફળતા મળશે ? પિશાચ મણિધરે જે કુટિર બતાવી હતી તે જ આ કુટિર હતી...! શું આ તાપસ જ ચોર હશે ? કમલની તપાસ શું ફલિત કરશે ?

એ તો વિધિ જ કહેશે.

## ૧૬ : : ચોરનો પત્તો મળ્યો

પિશાચ મણિધરે સ્વપ્નમાં બતાવ્યા મુજબ અચલ અને તેનો મિત્ર કમલ કુટિરમાં આવ્યા. અચલે કુટિરમાં રહેલા બન્ને તાપસોને વાતોમાં રોકીને કમલને કુટિરની તપાસમાં રોકી રાખ્યો હતો.

કમલ ચતુર હતો તેણે થોડીવારમાં કુટિરની દરેક જગ્યાએ દૃષ્ટિ ફેરવીને મનોમન કંઈક નક્કી કરી લીધું હતું. તેને થયું કે અચલની વાતમાં સત્યનો રણકાર છે. તેને આવેલું સ્વપ્ન સાચું ઠર્યું છે

કમલ થોડીવારમાં અચલની બાજુમાં આવીને બેસી ગયો. અચલે મુખ્ય તાપસની સામે જોઈ ને કહ્યું : 'મહાત્મન્, આ મારો મિત્ર છે. એનું પણ આયુષ્ય બળ જોઈ આપો ને...!'

તાપસે તરત જ કમલ તરફ દૃષ્ટિ કરી અને તાપસે કમલનો હાથ પોતાના હાથમાં લીધો અને તની સાથે ચર્ચામાં ગુંથાઈ ગયો. દરમ્યાન અચલ તે તાપસના શિષ્ય સાથે વાતોમાં ગુંથાયો અચલે ચતુરાઈથી મહાત્મા અને શિષ્યનું નામ પણ જાણી લીધું.

આમને આમ એકાદ ઘટિકા પસાર થઈ ગઈ.

અચલે કમલને કહ્યું : 'કમલ, આપણે જવું જોઈએ. હજુ

પેઢી પર જવાનું છે ને...!'

'હા. ચાલ, મહાત્માજી પાસે ફરીને આવીશું. મહાત્માજી ઘણા જ્ઞાની પુરુષ છે...' કમલે કહ્યું.

'કમલ, મને તો મહાત્માજીના સંસર્ગમાં જ રહેવાનું મન થઈ ગયું છે તેમની જ્ઞાનવાણી પણ કેટલી બોધક છે. એમની સાથે વાત કરવાથી જીવનનું રહસ્ય જાણવા મળે છે. આપણે બીજીવાર આવીશું ત્યારે સમય લઈને આવીશું.'

'હા...એમજ કરીશું...' કમલે કહ્યું.

અચલકુમારે મહાત્માજી સામે જોઈને કહ્યું : 'મહાત્મન્, હવે અમને વિદાય આપો...અમારે અમારી પેઢી પર પહોંચવું જરૂરી છે...'

તાપસે કહ્યું : 'જેવી તમારી ઇચ્છા, પણ ફરીવાર જ્યારે આવો ત્યારે સમય લઈને આવજો. જેથી સત્સંગ થઈ શકે.'

'મહાત્મન્, હવે તો પૂરતો સમય લઈને જ આપની પાસે આવીશું...' અચલે ઊભા થતાં કહ્યું.

તાપસે અચલ તથા કમલને આશીર્વાદ આપ્યા. ત્યાર પછી તરત જ અચલ અને કમલ કુટિરની બહાર નીકળી ગયા.

થોડે દૂર ગયા પછી કમલે કહ્યું : 'અચલ, તારું સ્વપ્ન સાચું પડયું. પિશાચ મણિધરને તને જે સ્વપ્નમાં સ્થળ બતાવ્યું હતું તે જ ચોરીનો ઉપદ્રવ મચાવનાર ચોરનું રહેઠાણ છે. આજે મને હર્ષ થાક છે કે મારો મિત્ર ચોરને નાથવામાં સફળ થયો છે.

'ના, મિત્ર, આપણે તો હજુ ચોરનું પગેરું શોધતાં હતાં અને કુટિરમાં તપાસ કર્યા પછી લાગ્યું કે આ લોકો જ નગરીમાં ચોરી કરીને લોકોને રંજાડે છે. અભિનંદન આપવાનો હજુ સમય પાકયો નથી કારણ કે ચોર પકડાઈ જાય પછી જ આપવા યોગ્ય ગણાય.'

'અચલ, મને એ તો કહે કે આ સાધુઓને આપણા માટે કોઈ શંકા તો જાગૃત થઈ નહોતી ને?'

'ના...સાધુઓને લેશમાત્ર શંકા ગઈ નથી. બન્નેને વાતોમાં એવા ડૂબાડી રાખ્યા હતા કે શંકા પેદા કરવાની તક જ ન મળે. તેમજ આપણે પ્રશંસાનાં એટલાં પુષ્પો વેરી દીધાં કે એના ભાર તળે બન્ને દબાઈ ગયા હતા.' અચલકુમારે કહ્યું.

'વાહ. આ બન્ને પકડાઈ જશે ત્યારે નગરી પરથી વિપત્તિનું વાદળ વિખેરાઈ જશે. અચલ, તારા હાથે આ અપૂર્વ કાર્ય થયું છે. આ સિદ્ધિ નાનીસુની નથી.'

'મિત્ર, એ તો પરમકૃપાળુ પરમેશ્વરની જ કૃપાનું ફળ છે. તેમાંય ખાસ તો પિશાચ મણિધરજીની સહાય કામ કરી ગઈ છે. મને ખાસ તો એ વાતથી હર્ષ થાય છે કે નગરી હવે ચોરીના ઉપદ્રવથી મુક્ત થશે. મણિધર પિશાચનો ઉપકાર સહેજે પણ વિસરી ન શકાય. પિશાચ મણિધરનો સાથ ન મળ્યો હોત તો મારી પ્રતિજ્ઞા ક્યારેય પૂરી ન કરી શક્યો હોત અને મારે અગ્નિમાં હોમાવું પડત...'

'સાચી વાત છે અચલ, નહિતર ચોરને શોધવા અહીં સુધી કોણ આવવાનું હતું? અને આવી વ્યક્તિને ચોર તરીકે સ્વીકારે પણ કોણ? સાધુઓ આવું નિંદનીય કાર્ય કરે તે કોઈને માનવામાં પણ ન આવે.'

'કમલ, ખરેખર સંસારમાં ક્યારેક ન કલ્પેલી ઘટનાઓ બનતી હોય છે. સાધુતાના વેષમાં આ બન્ને કેવું કામ કરે છે...! સંસાર વિચિત્ર જ કહેવાય ને...!' અચલકુમારે કહ્યું.

'અચલ, આ તો સાધુતાના વેષમાં દંભ આચરનારા પુરુષો કહેવાય. એમની જીભમાં આત્મજ્ઞાનની વાતો...! વાહ...! કેટલું આશ્ચર્યજનક લાગે છે.'

'કમલ, પિશાચ મણિધરજીએ જણાવેલી નિશાનીઓ આ કુટિરમાં જોવા ન મળી હોત તો આ દંભી સાધુઓનો પડદો ક્યારેય ચીરી શકાત નહિ. એ બન્નેની વર્તણૂંક તો શ્રેષ્ઠ જ હતી. ક્યાંય પણ દંભનો અનુભવ થતો નહોતો. ભાષામાં મિષ્ટ વ્યવહાર હતો...!' અચલકુમારે કહ્યું.

'અચલકુમાર, આ સંસારમાં આવા પાપીઓના કારણે જ ધર્મને ધક્કો પહોંચતો હોય છે. બહારથી વેષ સાધુનો અને અંદર-ખાને દંભ અને માયાપરિચિકા પ્રત્યેનો મોહ...! એટલું જ નહિ પણ માયા મરિચિકા, સુખ વૈભવના સાધનો એકત્રિત કરવા માટેનું આચરણ પણ બન્નેએ ચોરીનું સ્વીકાર્યું.'

'અને નગરીની પ્રજા આવા સાધુઓને નમન કરતી હોય ..!'

'સાચી વાત છે. અચલ, એક વાત પૂછું...'

'શું પૂછવું છે કમલ ?'

'મને એમ થાય છે કે આ બન્ને ઢોંગી તાપસોના વેષમાં બાહ્ય આડંબર તો દેખાતો નહોતો. તેની કુટિર પણ સામાન્ય હતી તો ચોરીનું વળગણ શી રીતે વળગ્યું હશે ? ચોરીના માલનું શું કરતાં હશે ? કંઈ સમજાતું નથી.' કમલે અચલકુમારને પ્રશ્ન પૂછ્યો.

'મિત્ર, ક્યારેક માનવીના અંતરમાં ધન એકઠું કરવાની લગની લાગે છે ત્યારે પોતે તેની સાચવણ જીવના જોખમે કરતો હોય છે આવા લોકોને વધુ સંપત્તિ એકત્રિત કરવામાં આનંદ આવતો હોય છે. આ તાપસો સાધકો હશે પણ એ લોકોને માયા-મરિચિકાનો મોહ લાગ્યો હોવાથી વિદ્યાનો સદ્‌ઉપયોગ અવળે માર્ગે કર્યો. આટલા સમયથી ચોરી કરતાં હોવા છતાં તેના અંતરની લાલસા ક્યારેય પૂરી ન થઈ અને થશે પણ નહિ. જ્ઞાનના અભાવે આવું બનતું હોય છે. અજ્ઞાનના અંધકારમાં ભટકતા જીવને સાચો રાહ દેખાતો નથી.'

થોડી વાર રહીને અચલકુમાર ફરીને બોલ્યો : ‘ મિત્ર, સંસારમાં રાગની આરાધના કરનારને મુક્તિનો માર્ગ જડતો નથી. વિરાગની મસ્તી લાધતી નથી. મોહ, માયા, લોભ, ક્રોધ, પ્રેમ, સ્નેહ, મમતાના બંધનોમાં ઝકડાઈ જવાથી તે ત્યાગનો માર્ગ નિહાળી શકતો નથી. રાગની સાધના ભૌતિક સુખ પ્રાપ્ત કરવાની સાધના છે જ્યારે વિરાગની ઉપાસના આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરવાની આરાધના છે. કુટિરમાં રહેલા બન્ને પાખંડી સાધુના વેષમાં ભૌતિક સુખની આરાધના કરી રહ્યાં છે અને સાધના દ્વારા મેળવેલી વિદ્યાનો દુર-ઉપયોગ કરી રહ્યાં છે. જો માનવી માયા મેળવવામાં મગ્ન રહે પછી તેનું આકર્ષણ વધતું જાય છે. ભૌતિક સંપત્તિને સર્વસ્વ માનીને આ બન્ને પાખંડીઓએ નગરજનોની સંપત્તિ હડપ કરવાનો ચાલાકી-ભર્યો કીમિયો કર્યો છે.’

અચલકુમારના મિત્ર કમલે કહ્યું : ‘ અચલ, બન્ને પાખંડીઓનું આચરણ જોઈને ભલભલા અંજાઈ જાય. તેમની વાણીમાં વિરાગના સૂરો રણકતા હતા. તેમનું સૌમ્ય વર્તન જોઈને કોઈ પણ માનવી તેના પ્રત્યે આકર્ષિત બની જાય. આવો સૌમ્ય સ્વભાવ ધરાવતા સાધુઓ પ્રત્યે શંકા પણ જાગૃત ન થાય.’

આમ અચલકુમાર અને કમલ બન્ને વાતો કરતાં કરતાં નગર ભણી જતા હતા.

અચલકુમારે ચાલતાં ચાલતાં કહ્યું : ‘ આજ મધ્યાહ્ન પછી મહારાજાને મળવા જવાનું છે.’

‘ આપણા મહારાજા ચોરીના ઉપદ્રવને કારણે ચિંતાગ્રસ્ત છે. પણ તેં વીરતા બતાવીને ચોરને હસ્તગત કરી લીધો છે. વળી પંદર દિવસ પૂરા થઈ ગયા છે. મહારાજાએ તને તારી પ્રતિજ્ઞા પ્રમાણે પંદર દિવસનો સમય આપ્યો હતો. નગરજનો પણ તારી પાસે ચોર સંબંધી ઉત્તર માગશે. કોઈને ખબર પણ નહિ હોય કે તેં વિજયની

માળા ધારણ કરી લીધી છે.'

'કમલ, આપણા મહારાજા અને નગરજનોને મારી પાસેથી ઉત્તર માગવાનો હક્ક છે. મેં ભરી રાજસભામાં એ પણ જાહેરાત કરી હતી કે જો ચોરને પકડવામાં નિષ્ફળ જાઉં તો અગ્નિમાં બળી મરીશ. કેટલાક હિતદ્વેષીઓ આ પળની રાહ જોતા હશે તેમાં કોઈ શંકા નથી. પરંતુ પરમકૃપાળુ પરમેશ્વરની કૃપાથી આ કાર્યમાં પણ સફળતા મળી ગઈ.'

'અચલ, આજ તારી પાસેથી ચોર સંબંધી વાત સાંભળશે અને તેં ચોરને પકડવામાં વિજય હાંસલ કર્યો છે તે જાણીને રાજાની ચિંતા નષ્ટ થશે અને તારું અંતઃકરણથી સન્માન કરશે...'

'મિત્ર, મેં આ કાર્ય સન્માનની આશાએ કર્યું નહોતું. એક પરોપકારની દષ્ટિએ જ આ કાર્ય કરેલ હતું. નગરજનોની પીડા નષ્ટ કરવા માટે મેં આ કાર્યનો સ્વીકાર કર્યો હતો અને મને પરમેશ્વરની કૃપાથી આ કાર્યમાં સફળતા મળી. હું ત્રણ દિવસ વન્ય પ્રદેશમાં રઝળ્યો અને કેવી યાતનાઓ સહન કરી, અનેક સંકટોનો સામનો કર્યો તે અંગેની વાત મે તને કરી જ નથી. એ વાત ક્યારેક કહીશ. આ કાર્યમાં મદદરૂપ થનાર પિશાચ મણિધરજીનો ઉપકાર વિસરાય તેમ નથી.'

બન્ને મિત્રો વાતો કરતાં કરતાં કમલના ભવન પાસે પહોંચી ગયા.

અચલે છુટ્ટા પડતી વખતે કમલને કહ્યું : 'કમલ, હમણાં આ વાત ગુપ્ત રાખજે...કોઈને કશું જણાવતો નહિ...'

'મિત્ર, આ વાતની ગુપ્તતાનો મને અંદાજ છે. એની ચિંતા કરીશ નહિ...' કમલે આછા હાસ્ય સાથે કહ્યું.

કમલ આટલું કહીને તરત જ પોતાના ભવનમાં ગયો. અચલ તરત જ પોતાના ભવન તરફ વિદાય થયો.

દિવસનો બીજો પ્રહર પૂરો થયો.

અચલે પોતાના ભવન પર આવીને જોયું તો તેના પિતાજી પેઢીએથી આવી ગયા હતા. અને પુત્રની આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. કુબેર શેઠ પુત્રને આવતો જોતાં જ હર્ષિત બની ગયા.

કુબેર શેઠે પોતાના પુત્ર સામે જોઈને કહ્યું: 'અચલ, તું આવી ગયો. તારા ગયા પછી બે વાર મહારાજાનો સંદેશો લઈને એક સેવક આવ્યો હતો...'

'પિતાજી, જ્યારે સવારે જ મહારાજાનો સેવક સંદેશો લઈને આવ્યો હતો ત્યારે જ મેં તેને જણાવ્યું હતું કે મધ્યાહ્ન સમયે મળવા આવીશ.'

'સારું...હવે તું ભોજન કરીને જ મહારાજાને મળવા માટે રાજભવન પર જજે...'

'એમ જ કરીશ...પિતાજી...' અચલકુમારે કહ્યું.

'તું જે કાર્ય માટે બહાર ગયો હતો તેમાં સફળતા મળી કે નહિ?'

'પિતાજી, મને જે સંકેત મળ્યો હતો તે પ્રમાણે જ બધું થયું છે.'

'તું એકલો ગયો હતો?' કુબેર શેઠે પ્રશ્ન કર્યો.

'ના...પિતાજી, મારી સાથે કમલ પણ હતો...અમે સાથે ગયા હતા અને સાથે જ પાછા આવ્યા છીએ.

'સારું ત્યારે, હવે ભોજનનો સમય થઈ ગયો છે. તારી માતા ભોજનકક્ષામાં તારી પ્રતીક્ષા કરી રહેલ છે...ચાલો આપણે ત્રણેય ભોજન કરી લઈએ...' કુબેર શેઠ આસન પરથી ઊભા થયા.

અચલકુમાર પિતા સાથે ભોજનખંડમાં ગયો ત્યારે અચલકુમારની માતા જયાદેવી ત્યાં જ હતાં. પુત્રને જોતાં જ જયાદેવી આનંદિત બની ઊઠયાં.

કુબેર શેઠ, જયાદેવી તથા અચલકુમારે હાથ સ્વચ્છ કરીને ભોજન કરવા માટે ગોઠવાયેલાં આસનો પર બેઠાં. દાસીઓ તરત જ સુવર્ણના પાત્રો મૂકી ગઈ અને વિવિધ જાતનાં ભોજન હાજર કરવા માંડચાં.

ત્રણેયે શાંતિથી ભોજન કર્યું પછી હાથમુખ સ્વચ્છ કરીને મુખવાસ ગ્રહણ કર્યો.

દિવસનો ત્રીજો પ્રહર શરૂ થઈ ચૂકયો હતો.

ત્રણેય ભોજન કરીને વિશ્રામખંડમાં આવ્યાં ત્યાં ભવનનો દ્વારરક્ષક કુબેર શેઠ પાસે આવ્યો અને: 'શેઠજી, રાજભવનેથી સેવક આવ્યો છે. એને અહીં મોકલું ?'

'હા...એને આદર સહિત લઈ આવ...' કુબેર શેઠે કહ્યું.

દ્વારરક્ષક તરત જ પાછો ફર્યો અને થોડી વારમાં રાજભવનેથી આવેલા સેવકને શેઠજી પાસે હાજર કરીને જતો રહ્યો.

કુબેર શેઠે રાજભવનેથી આવેલા સેવકને કહ્યું : 'કહો...! શું કામ અર્થે આવ્યા છો ?'

'શેઠજી, મહારાજાએ પૂછાવ્યું છે કે અચલકુમાર આવી ગયા હોય તો તત્કાળ રાજભવન પર આવે...' સેવક બોલ્યો.

'અચલકુમાર આવી ગયો છે અને તે થોડી જ વારમાં વસ્ત્ર-પરિવર્તન કરીને રાજભવને આવવા નીકળે છે...' કુબેર શેઠે કહ્યું.

સેવક શેઠજીનો ઉત્તર જાણીને વિદાય થયો.

આ તરફ અચલકુમાર તરત જ વસ્ત્રપરિવર્તન કરીને રાજભવને થવા વિદાય થયો.

થોડી વારમાં અચલકુમાર રાજભવન પર આવી પહોંચ્યો. તેણે દ્વારપાળને જણાવ્યું કે મહારાજાને સમાચાર આપો કે અચલકુમાર મળવા માગે છે.

દ્વારપાળે કહ્યું : 'અચલકુમાર, મહારાજ આપની પ્રતીક્ષા કરતાં

જ બેઠા છે. મને સૂચના આપવામાં આવી હતી કે અચલકુમાર આવે તો સીધા મહારાજા પાસે લઈ આવવા...આપ મારી સાથે મહારાજા પાસે ચાલો ..'

દ્વારપાળ તરત જ અચલકુમારને લઈને મહારાજા રામચંદ્ર જે ખંડમાં બેઠા હતા ત્યાં લઈને આવ્યો. પછી દ્વારપાળ પોતાના સ્થાને ચાલ્યો ગયો.

મહારાજા રામચંદ્રે અચલકુમારને જોતાં જ આનંદિત બની ગયા. અચલકુમારે મહારાજાને નમન કર્યાં અને કુશળ પૂછ્યા.

મહારાજા રામચંદ્રે પણ સામા કુશળ પૂછ્યા.

મહારાજાએ કહ્યું : ' અચલકુમાર, ભોજન કરી લીધું કે નહિ ?'

' મહારાજ, ભોજન કરીને જ આવ્યો છું.' અચલે કહ્યું.

મહારાજા રામચંદ્રે કહ્યું : ' અચલ, નગરીમાં જ્યારથી ચોરીનો ઉપદ્રવ શરૂ થયો છે ત્યારથી મારા અંતરમાં ચિંતા ઘેરી વળી છે. પ્રજામાં ભયનો આતંક ફેલાયો છે. તારા પર આશાની મીટ બાંધીને બેઠા છીએ. સેનાપતિની રક્ષણવ્યવસ્થા અપૂર્વ હોવા છતાં આજ સુધી ચોરી થયાના સમાચાર મળતા રહ્યા છે. તારા પણ કોઈ સમાચાર ન મળતાં ચિંતા થઈ હતી. તેં તારા કાર્યમાં કેટલી પ્રગતિ કરી તેના પણ કોઈ ખબર મળતા નહોતા. આજ સવારે સેવક મારફત જાણ્યું કે તું આવી ગયો છે તેથી મારામાં ધૈર્ય ન રહેતાં બે-ત્રણ વાર સેવકને તારે ત્યાં મોકલ્યો હતો.'

'મહારાજ, મેં સમાચાર આપેલા કે મધ્યાહ્ન પછી આવી જઈશ.'

'અચલ, તેં ભરી સભામાં ચોરને પકડવાની પ્રતિજ્ઞા લીધી હતી...એ વાત તો ભૂલી ગયો નથી ને ?'

'ના...મહારાજ, એ કેમ ભૂલાય...?'

' એ પ્રતિજ્ઞા પૂરી થયાને આજ પંદર દિવસ થઈ ગયા છે.

એક તરફ તારા તરફથી કોઈ સમાચાર ન મળે એટલે ચિંતા થાય તે સ્વાભાવિક છે.'

'મહારાજ, આપની વાત સત્ય છે...'

'તારી પ્રતિજ્ઞાના દિવસો સમાપ્ત થયા છે. હવે મને કહે કે તેં શું પ્રગતિ કરી છે ?'

'મહારાજ, આપના આશીર્વાદથી મેં ભરીસભામાં લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરેલ છે.' અચલે હર્ષિત બનીને કહ્યું.

મહારાજા અચલકુમારના મુખે આ શબ્દો સાંભળીને આશ્ચર્ય સાથે હર્ષિત બની ઊઠયા.

મહારાજા રામચંદ્રે કહ્યું : 'અચલ તું સાચું કહે છે કે તેં પ્રતિજ્ઞા પૂર્ણ કરી...?'

'હા...મહારાજ, મેં પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે.'

'આ વાત માનવામાં આવતી નથી. અદશ્ય ચોરને પકડવામાં તને સફળતા શી રીતે મળી ? ખરેખર આશ્ચર્ય લાગે છે...શું ચોરનો પત્તો મળી ગયો ?'

'હા...મહારાજ, ચોરનો પત્તો મળી ગયો...' અચલે કહ્યું.

'વાહ...! અચલ, તને જેટલા ધન્યવાદ દેવા એટલા ઓછા છે. નગરી પરથી સંકટ દૂર થશે...' મહારાજાએ કહ્યું.

'આજે જ ચોરનો પત્તો મેળવ્યો છે અને એ માહિતી આપવા હું અત્રે આપની સમક્ષ ઉપસ્થિત થવાનો જ હતો...'

'ચોર મળ્યો કે ચોર અંગેની માહિતી મળી ?'

'બન્નેનો પત્તો લાગી ગયો છે મહારાજ...! અચલકુમારે કહ્યું.

રાજા અચલકુમાર સામે આશ્ચર્યથી જોવા લાગ્યા.

## ૧૭ : : મંત્રણા ગૃહમાં...

અચલકુમાર મધ્યાહ્ન સમયે રાજભવનમાં પહોંચીને મહારાજા રામચંદ્ર સાથે ચોર હાથ લાગી ગયો છે તે સંદર્ભમાં વાતચીત કરી રહ્યો હતો.

મહારાજા રામચંદ્ર અચલકુમારની વાત સાંભળીને આશ્ચર્ય અનુભવી રહ્યા હતા. રાજાને માનવામાં આવતું નહોતું કે ખરેખર અલચકુમારે ચોરનું ઠેકાણું તથા ચોરને જોઈ લીધો હશે...!

મહારાજા રામચંદ્રે અચલકુમારની સામે જોઈને કહ્યું : ' અચલ, તેં નગરીમાં ભારે ઉપદ્રવ મચાવનાર ચોરને નજરે નિહાળ્યો છે ? ?

' જી...મહારાજ, મેં એ ચોરને નજરે જોયો છે...' અચલકુમારે આત્મવિશ્વાસ સાથે કહ્યું.

' અત્યારે એ ચોર ક્યાં છે ? શું કરે છે ? '

' મહારાજ, એ ચોર અત્યારે તેના રહેઠાણે જ છે અને આપ માની ન શકો કે ખરેખર આ ચોર હોઈ શકે ખરો...! '

' તારી વાત સમજાતી નથી...'

' મહારાજ, આ વાત ન સમજાય તેવી જ છે. એ ચોરના મુખ પરના ભાવ જોઈને એનું આચરણ જોઈને ભલભલા તેને નમન કરવા લાગે પરંતુ એ એનો બાહ્ય દેખાવ છે. આંતરિક દેખાવ તો ભયાનક છે...'

'અચલ, તારી વિચિત્ર પ્રકારની વાતો મને જરા પણ સમજાતી નથી. જરા તું વિગતવાર વાત કર...'

'મહારાજ, એ માટે મંત્રણાગૃહમાં જવું પડશે. ક્યાંય આ વાત પ્રગટ થઈ જાય તો મહેનત પર પાણી ફરી વળશે...'

'તો પછી ચાલ મંત્રણાગૃહમાં...' મહારાજા આસન પરથી ઊભા થયા. અચલકુમાર પણ આસન પરથી ઊભો થયો.

મંત્રણાગૃહની રચના એવી હતી કે બહારનો કોઈ પણ માનવી અંદરની કશી વાત સાંભળી શકતો નહિ. દીવાલ સાથે કર્ણ માંડે તો કોઈ વાત સંભળાતી નહિ.

મહારાજા રામચંદ્ર અને અચલકુમાર બન્ને મંત્રણાગૃહમાં આવ્યા. મહારાજાએ તેના અતિ વિશ્વાસુ પ્રતિહારને મંત્રણાગૃહના મુખ્ય દ્વાર પાસે ઊભો રાખ્યો અને કહ્યું: 'કોઈને પણ અંદર આવવા દેતો નહિ. આ મારી આજ્ઞા છે...'

પ્રતિહારે કહ્યું. 'કૃપાનાથ, આપની આજ્ઞાનું સંપૂર્ણ પાલન થશે...અંદરના ભાગે કોઇને આવવા નહિ દઉં...'

પ્રતિહાર ખુલ્લા શસ્ત્ર સાથે મંત્રણાગૃહના દ્વાર પાસે ઊભો રહી ગયો.

મહારાજા રામચંદ્ર અને અચલકુમાર બન્ને મંત્રણાગૃહમાં દાખલ થયા પછી અચલે દ્વાર બંધ કરી દીધું.

મંત્રણાગૃહમાં પડેલા આસનોમાંથી બે આસનો પર મહારાજા અને અચલકુમારે બેઠક ગ્રહણ કરી.

મહારાજાએ પ્રશ્ન કર્યો: 'અચલ, હવે માંડીને વાત કર...તેં ચોરને શી રીતે પકડ્યો...?'

'મહારાજ, મેં ભરી રાજસભામાં પ્રતિજ્ઞા લીધી હતી કે ચોરને હું કોઈ પણ રીતે પકડી લઈશ અને ન પકડાય તો જીવતો અગ્નિમાં બળી મરીશ. મહારાજ, મારા શરૂઆતના બાર દિવસોમાં

સફળતાનું એક પણ ચિહ્ન મને ન જણાયું. તેરમા દિવસે હું વન્ય-પ્રદેશમાં ગયો. ત્યાં એક સ્ત્રી રડતી હોય તેવો અવાજ સંભળાયો. કુતૂહલવશ થઈને તે અવાજની દિશાએ જવા લાગ્યો પણ એ અવાજ એક ભ્રમ સમાન જણાયો. એ દોડમાં હું વન્યપ્રદેશનો સીધો રસ્તો મૂકીને ગાઢ જંગલમાં જઈ ચડયો ત્યાં એક યોગી મહાત્માનો ભેટો પણ થયો હતો. તેમણે મને ફળાહાર કરાવ્યો અને બીજે દિવસે સ્વપ્નમાં એવો સંકેત મળ્યો કે તું સ્મશાન તરફ જા...' એનો અર્થ ત્યારે હું સમજી શક્યો નહોતો પણ યોગી મહાત્મા મને નગરી તરફ આવવાના સીધા માર્ગે મૂકી ગયા પછી તેઓ તેમના સ્થાને જતા રહ્યા. એ દિવસની-રાત્રે આગળ વધતાં સ્મશાનભૂમિ જોવા મળી. સ્વપ્નમાં મેં જે સ્મશાનભૂમિ જોઈ હતી તે જ નજરે તરવરી. હું થોડી વાર સુધી સ્મશાનભૂમિમાં બેસી રહ્યો. વન્યપ્રદેશમાં ગાઢ અંધકાર... હિંસક પ્રાણીઓના ચિત્કારભર્યા અવાજોથી ભલ-ભલાની છાતી બેસી જાય એ સમયે મેં મારી કટાર હાથમાં જ પકડી રાખી હતી. ત્યાં એક બિહામણું, અટ્ટહાસ્ય સંભળાયું. અટ્ટહાસ્યથી મારા અંગ પર ભયની ધ્રુજારી સ્પર્શી ગઈ પણ ડર નહોતો લાગ્યો. આવનાર વિપત્તિનો સામનો કરવાની તૈયારી કરી રાખી હતી.

થોડી વાર અટકીને અચલકુમારે કહ્યું : ' મહારાજ, ભયંકર વન્યપ્રદેશમાં સંભળાતો બિહામણા અટ્ટહાસ્યનો અવાજ મારી નજદિક આવતો જણાયો. તે માણસખાઉ નરપિશાચ હતો. તે મને ખાઈ જવા ઇચ્છતો હતો. ઘણા દિવસોથી ભૂખ્યો હોવાથી મને જોઈને આનંદમાં આવી ગયો હતો. અમારા વચ્ચે વાર્તાલાપ થયો તે પિશાચનું નામ મણિધર હતું ત્યારે મેં વિચાર્યું કે આમેય પિશાચ મને હણી નાખશે તે કરતાં હસતાં હસતાં જ હું તેને ભોજન ન કરાવું ! આવી પરોપકારની દષ્ટિ રાખીને પહેલાં મેં મારા એક

પગમાંથી માંસના લોચા કાઢીને તેને આપ્યા. તે આનંદથી આરોગવા લાગ્યો. ત્યારબાદ બીજો પગ અને એક હાથ પણ તે નરપિશાચ મણિધરને અર્પણ કરી દીધો. છતાંય તે પિશાચની ભૂખ એવીને એવી રહી. પછી હું મારા ગરદન પર કટાર ચલાવવા લાગ્યો ત્યારે મારી કટાર તેણે પોતાનો હાથ વચ્ચે રાખીને રોકી દીધી. તેના હૈયામાં મારા પ્રત્યે પ્રેમ જાગ્યો. મારી પરોપકારવૃત્તિથી તે પિશાચ અત્યંત આનંદિત થયો. એણે મારા હૈયાની વાત જાણી લીધી. મને પહેલાં જેવો હતો તેવો કરી દીધો. પિશાચે મને જણાવ્યું કે તને સ્વપ્નમાં ચોરની માહિતી મળશે. પિશાચે મંત્રબળ દ્વારા મને મારા ભવન પાસે મૂકી દીધો. એ રાતમાં મને સ્વપ્ન આવ્યું અને પિશાચ દ્વારા મેં ચોરનો પત્તો મેળવ્યો અને એમણે કેટલાક સંકેત આપ્યા. આજે મેં સ્વપ્નમાં જે કુટિર જોઈ હતી તે કુટિરે હું ગયો ત્યાં બે તાપસો બેઠા હતા. મેં અને મારા મિત્રે કુટિરનું બારીકાઈથી નીરિક્ષણ કર્યું. અને અમારી શંકા મજબૂત બની. તે બન્ને તાપસો પાખંડી છે તે સમજાઈ ગયું. પણ તેમના આચારવિચાર જરા પણ એવું ન લાગે તેવું એમનું વર્તન હતું!

થોડી વાર વિરામ લઈને અચલકુમારે બે તાપસો વચ્ચે થયેલી વાતચીત કહી સંભળાવી.

અચલકુમારે મહારાજા રામચંદ્રને સંપૂર્ણ હકીકતથી વાકેફ કર્યા.

મહારાજા રામચંદ્રે કહ્યું : 'અચલ, શું એ તાપસ જ આપણી નગરીમાં ચોરીનો ઉપદ્રવ મચાવી રહ્યો છે?'

'હા...મહારાજ...તે બન્ને તાપસો જ આ નીંદનીય કાર્ય કરી રહ્યા છે.'

'પણ ચોર ક્યારે ચોરી કરે છે તે કોઈ જોઈ શકતું નથી.

એનું શું કારણ છે ? '

' મહારાજ, એ તો એની કાબેલિયત છે. જો તેઓ સીધી રીતે ચોરી કરતાં હોત તો પકડાઈ જાતને...! '

' ત્યારે...? ' મહારાજાએ પ્રશ્ન કર્યો.

' મહારાજ, મુખ્ય તાપસ ચોરી કરવા નગરીમાં જતો નથી પરંતુ એનો એક શિષ્ય નગરીમાં વિવિધ જગ્યાએ ચોરી કરવા નીકળે છે.'

' ઓહ...ત્યારે એનો શિષ્ય પણ એટલે ચકોર અને કાબેલ છે...! '

' કૃપાનાથ, એ સાધુના શિષ્યમાં અમે તો બીજા કોઈ ગુણ જોયા નથી પણ એવું લાગે ખરું કે તે સાવ ભોળા હૃદયનો હોવો જોઈએ. પરંતુ મેં એવું તારણ કાઢ્યું છે કે રોજ રાતે તે મુખ્ય સાધુ એના શિષ્યની આંખમાં કોઈ વિશિષ્ટ પ્રકારનું અંજન કરે છે એથી તેનો શિષ્ય અદૃશ્ય બને છે. ત્યારપછી તે મુખ્ય તાપસના કથન અનુસાર ચોરી કરવા નગરીમાં આવે છે. મને તો લાગે છે કે તેનો શિષ્ય આ સાધુની માયાજાળમાં ફસાઈ પડ્યો હોવો જોઈએ. '

' ઓહ...! આ તો ખરેખર આશ્ચર્ય ઉપજાવે તેવી ઘટના છે. પરંતુ...! ' મહારાજા આટલું બોલીને અટકી ગયા.

' મહારાજ, બોલતા બોલતા કેમ અટકી ગયા...? '

' તારા મુખે આ બધી વાત સાંભળી પણ આપણી પાસે એ બન્ને તાપસોએ નગરીમાં ચોરીનો ઉપદ્રવ મચાવ્યો છે તેની કોઈ ખાત્રી કરી ખરી કે નહિ ? '

' કૃપાળુ, મને ખબર જ હતી કે આપ આ પ્રશ્ન અવશ્ય કરશો જ. સ્વાભાવિક રીતે કોઈપણ વ્યક્તિને આવો પ્રશ્ન કરવાનું મન થાય. પૂરી માહિતી વિના કોઈના પર દોષારોપણ લગાવવું યોગ્ય

ન કહેવાય. આ વાત મારા અંતરમાં સ્પર્શી ગઈ હોવાથી જ પિશાચ મણિધરને પૂછી રાખેલું અને એમણે મને કેટલાક સંકેત જણાવ્યા હતા જે હું અને મારા મિત્ર કમલ જ જાણીએ છીએ...'

'અચલકુમાર, મને પણ એ તાપસ અંગે કરેલા સંકેતો જણાવ. તાપસ ચોરીના ઉપદ્રવમાં સંડોવાયેલો છે તેને લગતી શંકાઓ સત્ય ઠરશે તો જરૂર તેને બંધનગ્રસ્ત કરવામાં આવશે...' મહારાજા રામચંદ્રે કહ્યું.

'કૃપાનાથ, મને મણિધર પિશાચે જણાવેલું કે તે તાપસના આસનની નીચે એક મોટું છિદ્ર છે. એ છિદ્ર નાનું નથી પણ એક માણસ સરળતાથી અંદર નીચે જઈ શકે તેવડું છિદ્ર છે. અંદર એક મોટો ખંડ છે. આ ગુપ્ત ખંડમાં એ બન્ને પાખંડીઓ ચોરીનો માલ સંગ્રહી રાખે છે. આ છિદ્ર પર એ તાપસે પોતાનું આસન બિછાવ્યું છે જેથી કોઈને કશી શંકા ન પડે. ક્યારેક મુખ્ય તાપસ બહાર ગયો હોય ત્યારે તેનો શિષ્ય તે આસન પર બેસી જતો હશે તેમ લાગે છે. પણ એવું ચોક્કસ માની શકાય કે બન્ને તાપસો તે આસનનો પળવાર માટે ત્યાગ કરતા નહિ હોય.'

'અચલ, જ્યારે તું તે પાખંડી તાપસોની કુટિરમાં ગયો હતો ત્યારે તપાસ કરી હતી...?'

'મહારાજ, મારી તપાસ સરળ થઈ પડે તેથી હું મારા મિત્ર કમલને લઈ ગયો હતો. અમે બંનેએ ઝીણવટભરી તપાસ આદરી હતી. પિશાચ મણિધરના સંકેત મુજબ દરેક શંકાસ્પદ ચીજો અમે બંનેએ નિહાળી હતી.

'એ તાપસનો સ્વભાવ અને આચારવિચાર કેવા છે?' મહારાજાએ અચલને બીજો પ્રશ્ન કર્યો.

અચલકુમારે કહ્યું : 'કૃપાળુ, એનો સ્વભાવ અને આચાર-વિચાર પરથી કોઈ પણ માનવી સંમોહિત બની જાય. ખૂબ જ

મિઠાશ છે તે બન્ને સાધુઓના સ્વભાવમાં...મેં એની સાથે વાતો કરી ત્યારે તેની વિવેક, વિનયતા જોઈ ને આશ્ચર્યમુગ્ધ બની ગયો. ઘડીભર તો મને પણ થયું કે શું આવો વિવેક, વિનયવાળો સાધુ ચૌર્યકર્મ કરતો હશે...! પરંતુ મને પિશાચ માણિધરના વચન પર અડગ વિશ્વાસ હતો એટલે જરાય ચલિત ન થયો. મારો અંતરાત્મા તો એને ચોર જ ઠેરવી રહ્યો હતો. તેમજ પિશાચ મણિધરે જે સંકેતો આપ્યા હતા તે પણ આ તાપસ ચોર હોય તેની ગવાહી પૂરતા હતા.'

'ઓહ...ત્યારે આ સાધુ મહારાજ ત્યાગનો માર્ગ ધારણ કરીને આવું નીંદનીય કાર્ય કરે છે...'

'કૃપાળુ, મારા હૈયામાં હજુ એક આશ્ચર્ય જરાય શમતું નથી.'

'શું...?' મહારાજાએ પ્રશ્નભરી નજરે અચલ સામે જોયું.

અચલ કહે : 'મને એમ લાગે છે કે આ સાધુ મહારાજને આ ચૌર્યકર્મની પ્રેરણા કઈ રીતે જાગી હશે? સાધુતા છોડીને ભૌતિક સુખ પ્રત્યે કેમ રાગ લાગ્યો હશે? આ કૃત્ય પાછળ પણ કોઈ રહસ્ય હોવું જોઈએ...'

'અચલ, તારી વાત સત્ય છે. એ બન્ને સાધુઓએ કયા કારણોસર આ માર્ગ ગ્રહણ કર્યો હશે તેની જાણ તો તેને પૂછવાથી જ થઈ શકે. પણ જો સાધુઓ આવા અનીતિના માર્ગે જવાનો પ્રયત્ન કરશે તો લોકોમાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ડગી જશે અને એનું પરિણામ ભયંકર જ આવે.'

'મહારાજ, આ સાધુઓએ તો ગંભીર ગુન્હો કર્યો ગણાય. આ તાપસોએ ધર્મના અંચળા હેઠળ નીંદનીય કાર્ય કરેલ છે. નગરજનો પર શી અસર પડે? ખરેખર, લોકોની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા નષ્ટ થઈ જાય...' અચલકુમારે કહ્યું.

'અચલ, આવા પાખંડી સાધુઓનું પાખંડીપણું ખુલ્લું

પાડવું જોઈએ અને તેને નગરજનોની વચ્ચે લાવવો જોઈએ. પણ એ ચોરને પ્રજાજનોની વચ્ચે શી રીતે લાવવો ? અને તેને દંડ આપતા પહેલાં કોઈ પ્રમાણ તો જોઈએ ને ?' મહારાજા રામચંદ્રે કહ્યું.

'મહારાજ, મુશ્કેલી એ વાતની છે કે આ તાપસ પોતાનું આસન છોડતો જ નથી. જો આસન છોડે તો તેનો ભેદ ખુલ્લો પડી જાય. તે સિવાય એ ચોર છે તેનું પ્રમાણ મેળવવું મુશ્કેલ છે.' અચલકુમારે કહ્યું.

'તો પછી કયો માર્ગ લઈ શકાય ?' મહારાજા રામચંદ્રે અચલની સામે પ્રશ્નભરી નજરે જોયું.

અચલકુમાર અને મહારાજા બંને શાંત રહ્યા. લગભગ અર્ધ-ઘટિકા પછી અચલકુમારે મહારાજાને ધીમે રહીને કંઈક કહ્યું. અચલકુમારે મહારાજાને કયા પ્રમાણથી તાપસને હસ્તગત કરવો તેનો કીમિયો જણાવ્યો હતો.

મહારાજા રામચંદ્ર અચલકુમારની વાત સાંભળીને અત્યંત આનંદિત બની ગયા અને આનંદભર્યા સ્વરે કહ્યું : 'અચલ, તું માત્ર વીર કે સાહસિક જ નથી પરંતુ સંકટ સમયે બુદ્ધિશક્તિનો ઉપયોગ કરીને કોઈ ઉપાય પણ વિચારી શકે છે. ધન્ય છે અચલ-કુમાર તને...! આજે તેં મને ચોરીના ઉપદ્રવના મહાસંકટમાંથી બચાવ્યો છે. તું ન હોત તો આ કાર્ય સંપન્ન થાત કે કેમ તેની મને શંકા હતી. તેં મારા પર અને આ નગરીના નગરજનો પ્રત્યે જે ભાવ દેખાડયો છે તે જેટલો બિરદાવું તેટલો ઓછો છે.'

'કૃપાનાથ, આપ આવું કહીને મને શરમિંદો ન બનાવો. મેં તો એક પ્રજાજન તરીકે મારું કર્તવ્ય બજાવ્યું છે. આ કાર્યના યશના અધિકારી તો માત્ર પિશાચ મણિધર જ છે. એનો ઉપકાર હું ક્યારેય વિસરી શકીશ નહિ.'

'અચલકુમાર, તેં જણાવેલા ઉપાય પ્રમાણે આગળ વધીશું..., બરાબર ને...?' મહારાજાએ કહ્યું.

'હા...મહારાજ, એમ જ કરીશું. હવે આપ મને આજ્ઞા આપો તો હું મારા ભવને જાઉં...'

'અચલ, તું આવ્યો છે તો રોકાઈ જા...તારા સહવાસથી મને અત્યંત આનંદ ઉપજે છે...'

'મહારાજ, એ તો આપની મારા પર કૃપા છે...'

'આજે તારી વાત સાંભળ્યા પછી મારા અંતરમાં ઘણા દિવસોથી સંઘરાયેલો ચિંતાનો બોજો હળવો થયો. આજ મારું મન હળવું ફૂલ જેવું લાગે છે.' મહારાજાએ કહ્યું.

થોડીવાર સામાન્ય વાતચીત કરીને મહારાજા રામચંદ્ર અને અચલકુમાર મંત્રણાગૃહમાંથી બહાર આવ્યા. અચલકુમાર મહારાજાને વંદન કરીને પોતાના ભવન પર આવ્યો.

દિવસનો ચોથો પ્રહર પૂરો થવા આવ્યો હતો. અચલકુમારે સંધ્યા સમયનું વાળુ કરીને તેના મિત્ર કમલ પાસે ગયો. બન્નેએ બે ઘટિકા પર્યંત વાતો કરી.

રાત્રીનો બીજો પ્રહર શરૂ થતાં જ અચલકુમાર પોતાના ભવને પાછો ફર્યો. અચલકુમાર ખૂબ જ શ્રમિત થયો હોવાથી શય્યામાં પડતાં વેંત જ નિદ્રાદેવીના ખોળે જઈ ચઢ્યો.

રાત પસાર થતી હતી.

રાત્રીનો ચોથો પ્રહર શરૂ થતાં અચલકુમાર પોતાની શૈયા પરથી ઊભો થયો. ત્યાં એના કર્ણપટ પર કેટલાક શબ્દો અથડાયા

મહારાજા રામચંદ્ર શિરદર્દની સખત પીડાથી પીડાય છે... મહારાજા રામચંદ્ર શિરદર્દના ભોગ બન્યા છે. મહારાજા રામચંદ્રને શિરદર્દ ઉપડયું છે.

આવા શબ્દો સાંભળીને અચલકુમાર વિસ્મયતા અનુભવવા લાગ્યો પછી...?

# ૧૮ : મહારાજાને શિરદર્દ

અચલકુમાર શય્યામાંથી ઊભો થયો ત્યારે મહારાજાને શિરદર્દનો દુઃખાવો ઉપડ્યો છે તે શબ્દો સંભળાયા.

મહારાજાને શિરદર્દનો દુઃખાવો ઉપડ્યો છે તે વાત વાયુવેગે નગરીમાં ફેલાઈ ગઈ.

આ તરફ રાજભવનમાં પણ દોડધામ વધી ગઈ. રાજવૈદ્યને બોલાવવામાં આવ્યા. પણ કોઈ ઉપાય મળતો નહોતો. રાજવૈદ્યનું કહેવું હતું કે આ માથાનો દુઃખાવો શેનો છે તેની જાણ થતી નથી.

મહારાજા રામચંદ્રને શિરદર્દ ભયંકર હતું. નગરીની બહાર વસતા કાપાલિકનો સંપર્ક કરવામાં આવ્યો. કાપાલિકે મંત્રોચ્ચાર કર્યા પણ સફળતા મળી નહિ.

હવે શું કરવું ?

એ પ્રશ્ન સૌના મનમાં રમતો હતો. રાજભવન પર રાજ્યના તમામ મુખ્ય અધિકારીઓ એકત્રિત થયા હતા. મહારાજા પાસે મહાદેવી શ્રીમતી તથા યુવરાજ સુમતિકુમાર બેઠા હતા.

મહામંત્રી પણ મહારાજાના શિરદર્દથી ચિંતિત હતા. તેમણે રાજપુરોહિતને કહ્યું : ' રાજપુરોહિતજી, મહારાજાના શિરદર્દનું સાચું કારણ જાણવા મળતું નથી. મહારાજાને એકાએક ભયંકર શિરદર્દ કેમ ઉપડ્યું હશે એ સમજમાં આવતું નથી.

રાજપુરોહિતે કહ્યું : ' મહામંત્રીશ્વર, રાજવૈદ્ય આવી ગયા. પણ નાડી પરીક્ષામાં કશું જણાયું જ નહિ. રાજવૈદ્ય ઔષધો આપ્યાં તે પણ નાકામિયાબ રહ્યાં. રાજવૈદ્યે એમ જણાવ્યું કે જ્યાં સુધી રોગ ન પકડાય ત્યાં સુધી કોઈ પણ ઔષધો કામ કરે જ નહિ. મહારાજાને શિરદર્દ કયા કારણોથી થયું છે તે સમજમાં આવતું જ નથી. ત્યાર પછી નગરી બહાર રહેતા કાપાલિકને બોલાવવામાં આવ્યા તેમણે મંત્રોચ્ચાર કરીને શિરદર્દ નાબૂદ કરવાનો પ્રયત્ન કર્યો અને અંતે હારીને જતા રહ્યા. બીજા બે-ચાર મંત્રના જાણકારોએ પણ પ્રયત્ન કરી જોયો પણ મહારાજાનું શિરદર્દ વધતું જાય છે. આ દર્દને શમાવવા માટે શું કરવું તેની સમજ પડતી નથી.'

મહામંત્રી કહે : ' રાજપુરોહિતજી, આપની વાત સાચી છે. મહારાજાને એકાએક ઉદ્‌ભવેલા શિરદર્દને કેમ નાબુદ કરવું તે વિચારણીય પ્રશ્ન છે. મને તો એવું લાગે છે કે મહારાજના શિરદર્દના દુ:ખાવામાં ચોરનો તો હાથ નહિ હોય ને ? '

મહામંત્રીએ વહેતી કરેલી શંકા પર સૌ વિચાર કરવા લાગ્યા. રાજભવનમાં અનેક નગરજનો મહારાજની સ્વાસ્થ્ય પૃચ્છા માટે આવ્યા હતા અને જાતજાતની વાતો કરી રહ્યા હતા.

ત્યાં રાજભવનમાં મહારાજા રામચંદ્ર પાસે અચલકુમાર પહોંચી ગયો. તે સીધો મહારાજા રામચંદ્ર જે ખંડમાં હતા ત્યાં આવ્યો.

અચલકુમારે રાજકર્મચારીઓ પાસેથી વિગતો જાણવાનો પ્રયત્ન કર્યો.

મહામંત્રીએ કહ્યું : ' અચલકુમાર, મહારાજાને ભયંકર શિરદર્દ થયું છે એનો ઉપાય શોધવો પડશે. રાજવૈદ્યનાં ઔષધો કારગત નિવડયાં નહિ. કાપાલિકના મંત્રો પણ નિષ્ફળ રહ્યા. નગરીના અન્ય કેટલાક માંત્રિકો આવી ગયા છતાં મહારાજાના શિરદર્દને

શાંતિ થઈ નથી. હવે શું ઉપાય કરવો તે વિચારણીય છે.'

અચલકુમાર મહામંત્રીની વાત સાંભળીને કંઈક વિચારમાં પડી ગયો.

થોડીવાર રહીને અચલકુમારે કહ્યું : 'મહામંત્રીશ્વર, મને એક ઉપાય સૂઝે છે. એ અજમાવી જોઈએ. કદાચ તે ઉપાયથી જ મહારાજનું શિરદર્દ મટે...'

'તારો ઉપાય શું છે?' મહામંત્રીએ પ્રશ્ન કર્યો.

'મહામંત્રીશ્વર, અત્યારે જ બે સેવકોને નગરી બહાર મોકલવા પડશે. ત્યાં નદીકિનારે એક કુટિર આવેલી છે. ત્યાં બે સાધુઓ રહે છે તે સાધુઓને અત્રે બોલાવવામાં આવે તો તેઓ કંઈક કરી શકશે. મને વિશ્વાસ છે કે તેઓ મહારાજને અવશ્ય સ્વસ્થ કરી આપશે.'

'પણ એ સાધુઓ આવશે ખરા?' રાજપુરોહિતે શંકા વ્યક્ત કરી.

મહામંત્રી બોલ્યા : 'એવું સાંભળ્યું છે કે તે બન્ને સાધુઓ કુટિર છોડીને ક્યાંય જતા નથી.'

'મહામંત્રીશ્વર, આપે સત્ય સાંભળ્યું છે. એ બન્ને સાધુઓ કુટિર છોડીને ક્યાંય જતાં નથી પણ જે સેવકોને મોકલો તેમને કહેજો કે અચલકુમારે ભારપૂર્વકની વિનંતી કરી છે. મારું નામ આપવામાં આવશે તો તે બન્ને સાધુઓ જરૂર અહીં આવશે. હું ગઈ કાલે જ ત્યાં ગયો હતો.'

'ભલે...હું હમણાં જ બે વિશ્વાસુ સેવકોને ત્યાં મોકલું છું.' મહામંત્રીએ કહ્યું.

મહામંત્રીએ તરત જ બે સેવકોને બોલાવીને કહ્યું : 'તમે બન્ને નગરી બહાર જે સરિતા વહે છે ત્યાં આવેલી કુટિરમાં બે સાધુઓ નિવાસ કરી રહ્યા છે, એ બન્ને સાધુઓને અચલકુમારનું

નામ જણાવીને રાજસભામાં આવવાની વિનંતી કરો. મહારાજા ભયંકર શિરદર્દની પીડાથી પીડાય છે તે વાત કરવી અને અચલ-કુમારે ખાસ આવી જવાનું જણાવેલ છે તે વાત કરવી.'

બન્ને સેવકોએ મહામંત્રીની વાત પૂરી રીતે સમજી લીધી અને બન્ને તરત જ સાધુઓની કુટિર તરફ રવાના થયા. નગરીમાં તો મહારાજાને શિરદર્દ થયાની વાત વાયુવેગે પ્રસરી ગઈ હતી અને કોઈ ઉપાય સફળ થયો નથી તે વાત પણ નગરજનો કરતા હતા.

મહામંત્રીએ મોકલેલા બન્ને સેવકો સાધુઓની કુટિર પર આવ્યા. ત્યારે બન્ને સાધુઓ કુટિરમાં જ આસન જમાવીને બેઠા હતા.

રાજના બન્ને સેવકોએ કુટિરમાં પ્રવેશ કર્યો. બન્નેએ સાધુ-મહારાજને પ્રણામ કર્યા.

મુખ્ય તાપસે કહ્યું : 'શું કોઈ કાર્ય અર્થે આવ્યા છો ?'

એક સેવક બોલ્યો : 'હા...મહાત્મન્, અમે અચલકુમારનો સંદેશો લઈને આવ્યા છીએ. જેઓ ગઈ કાલે આપના દર્શનાર્થે આવ્યા હતા.'

મુખ્ય સાધુએ તરત જ અચલકુમારનો સંદેશો જણાવવા કહ્યું. એક સેવકે તરત જ અચલકુમારે જે પ્રમાણે કહેવા માટે જણાવ્યું હતું તે મુજબ કહ્યું.

અચલકુમારનો સંદેશો સાંભળ્યા પછી સાધુએ કહ્યું : 'વત્સ, મહારાજા શિરદર્દની પીડાથી પીડાય છે, કેમ ?'

'હા... મહાત્મન.'

'અત્યારે મહારાજા ક્યાં છે ?' મુખ્ય સાધુ બોલ્યા.

સેવકે કહ્યું : 'અત્યારે તો મહારાજા રાજભવનમાં છે.'

'અચલકુમાર...?' સાધુએ પૂછ્યું.

'મહાત્મન્, તેઓ પણ રાજભવનમાં મહારાજાની પાસે જ છે...!'

'આ કહેણુ કોણે મોકલ્યું ? અચલકુમારે કે મહારાજાએ ?' સાધુએ પ્રશ્ન કર્યો.

'મહાત્મન્, સંદેશો અચલકુમારે મહારાજાની સંમતિ લઈને મોકલ્યો છે અને મને આપની પાસે તત્કાળ રવાના કર્યો.'

બન્ને ગુરુ-શિષ્ય સેવકોના જવાબો સાંભળીને એકબીજાની સામે જોવા લાગ્યા.

મુખ્ય સાધુએ તેના શિષ્યને કહ્યું : 'અચલકુમાર તો હજુ ગઈ કાલે જ અહીં આવેલો. ઘણો ભાવિક લાગતો હતો.'

'હા. ગુરૂદેવ, એના આચારવિચાર અને વાતો પરથી શ્રદ્ધાળુ જ લાગતો હતો. મને લાગે છે કે આપ ત્યાં જાઓ તો ઠીક રહે.' શિષ્યે કહ્યું.

'તારી વાત સાચી છે. એમ જ કરીએ.' મુખ્ય સાધુ મહારાજ આસન પરથી ઊભા થયા અને સેવકો સામે જોઈને કહ્યું : 'ચાલો, આપણે રાજભવન તરફ જઈએ.'

'પણ મહાત્મન્, અચલકુમારે તો આપને બન્નેને બોલાવ્યા છે.'

'એમાં અમારા બેની જરૂર નથી. હું એકલો જ મહારાજાનું શિરદર્દ મટાડી દઈશ.'

'પણ અચલકુમારે તો ..' સેવકે વિનમ્ર સ્વરે કહ્યું.

'બરાબર છે. પણ આ કુટિરમાં એકની તો હાજરી હોવી જરૂરી છે. કારણ કે અહીં અમારા અનેક શ્રદ્ધાળુ ભક્તોની અવર-જવર રહેતી હોય છે. એ ભક્તો અહીં આવે અને અમને જુએ નહિ તો નિરાશ થઈને પાછા જાય ને. !'

'પણ મહાત્મા, ત્યાં સમય ક્યાં લાગવાનો હતો ? આપ તો સિદ્ધ પુરુષ છો. પળવારમાં મહારાજનું શિરદર્દ નાબુદ કરી આપશો. આપના શ્રદ્ધાવાળા ભક્તો આપના દર્શને આવશે તો થોડી વાર બેસીને કીર્તન કરશે. મહારાજાને સ્વસ્થ કરવા આપ બન્નેને સાથે

લઈ આવવાની અચલકુમારે આગ્રહભરી વિનંતી પણ કરી છે.'

'પરંતુ હું એકલો જ મહારાજાનું મસ્તકશૂળ દૂર કરી દઈશ.'

'મહાત્મન આપ બન્નેને આગ્રહભરી વિનંતી થઈ છે માટે આપ વિનંતીનો અનાદર ન કરો...મહારાજાની વેદના એ આપણી વેદના ગણાય...ત્યાં આપને જરા પણ સમય નહિ લાગે, રોગ નિર્મૂળ કરવા માટે. અચલકુમારને આપના પ્રત્યે અત્યંત મમતા હશે ત્યારે જ આ પ્રકારની વિનંતી કરી હશેને...!'

બીજા સેવકે કહ્યું : 'મહાત્મન્, આપ બન્ને ચાલો... ત્યાં આપના બંનેનો વધારે સમય લેવાશે નહિ. આ ચર્ચામાં સમય વ્યર્થ પસાર થાય છે...'

છેવટે ગુરુ–શિષ્યે સેવકોની વિનંતીનો સ્વીકાર કર્યો. તરત જ તેઓ બંને સેવકોની સાથે આવવા નીકળ્યા. બહાર નીકળ્યા પછી શિષ્ય એકલો કુટિરમાં ગયો અને થોડુંઘણું ઊંચુંનીચું ગોઠવીને બહાર નીકળ્યો.

અને...ગુરુ તથા શિષ્ય બંને રાજભવનેથી આવેલા સેવકો સાથે નીકળી પડ્યા.

ગુરુ–શિષ્ય રાજમાર્ગો પસાર કરીને સેવકો સાથે રાજભવનમાં પહોંચ્યા.

રાજભવનમાં અચલકુમારે ભાવભીનો આવકાર આપ્યો. ગુરુ–શિષ્ય બંનેએ અચલકુમારને આશીર્વાદ આપ્યા. અચલકુમાર તરત જ ગુરુ–શિષ્યને જે ખંડમાં મહારાજા બિરાજ્યા હતા ત્યાં લઈ ગયો.

સાધુ અને તેનો શિષ્ય ખંડમાં પડેલા અનેક આસનોમાંથી બે આસન પસંદ કરીને બેસી ગયા.

મહારાજા રામચંદ્ર શય્યા પર આડેપડખે પડ્યા હતા. ક્યારેક શિરદર્દ ઉપડતું ત્યારે મોટી બૂમ પાડી ઊઠતા.

સાધુ મહારાજ અને તેનો ચેલો બન્ને મહારાજાના મુખ પર થતી વેદનાનાં લક્ષણોનો અભ્યાસ કરવા લાગ્યા.

ત્યાં મહારાજાએ બૂમ પાડી.

અચલકુમારે કહ્યું : 'સાધુ મહાત્મા, મહારાજાથી જ્યારે મસ્તક-શૂળની વેદના સહન થતી નથી ત્યારે આવી બૂમો પાડી ઊઠે છે. રાજવૈદ્ય, માંત્રિકો બધાએ મહારાજાને થતી વેદનાને તપાસી પરંતુ પરિણામ નિષ્ફળ આવ્યું. આપ જ કંઈક ચમત્કાર બતાવીને મહારાજાને વેદનામુક્ત કરી દો...આપ તો સર્વજ્ઞ છો... આપ જ મહારાજાને પારાવાર થતી શિરોવેદનાને નાબુદ કરી શકશો.'

સાધુએ કહ્યું : 'અચલકુમાર, હું હમણાં જ મહારાજાને થતી શિરોવેદનાને નાબુદ કરી દઈશ. તેઓને કયા કારણોસર આ વેદના ઉપડી છે તેનું કારણ પણ જણાવી દઈશ.'

સાધુ મહારાજ અને તેનો શિષ્ય મહારાજ રામચંદ્રના અંગને તપાસવા લાગ્યા.

સાધુ મહારાજ મહારાજાની આંખો તપાસે તો ઘડીક કપાળ-પ્રદેશ તપાસે...!

આમને આમ અર્ધઘટિકા પસાર થઈ ગઈ.

છેવટે સાધુમહારાજ બોલ્યા : 'છેવટે રોગ પકડાઈ ગયો. મહારાજાને શા કારણથી આવી ભયંકર શિરોવેદના ઉપડી હતી તેનું કારણ જાણવામાં આવી ગયું છે.'

અચલકુમાર તરત જ સાધુ મહારાજ પાસે આવ્યો અને કહ્યું : 'મહાત્મન, મહારાજાને શાની વ્યાધિ છે? એનો ઉપાય શું છે?'

'વત્સ, મહારાજ રામચંદ્રજી માટે એક જ ઔષધ મંગાવવું પડશે.'

'આપ આજ્ઞા કરો એટલે એ ઔષધ તત્કાળ મંગાવવામાં આવશે.'

સાધુ મહારાજે તરત જ એક ઔષધિનું નામ આપ્યું.

અચલકુમારે તરત જ સાધુ મહાત્માએ જણાવ્યા અનુસારની ઔષધિ મંગાવવા એક સેવકને રવાના કર્યો.

થોડીવારમાં જ સેવક ઔષધિ લઈને પાછો ફર્યો અને ઔષધિ સાધુ મહારાજના હાથમાં મૂકી.

સાધુ મહારાજે તે ઔષધિ તેના શિષ્યને આપી અને કહ્યું : 'તું આ ઔષધિનો તત્કાળ લેપ તૈયાર કરી નાંખ...'

એમ જ થયું.

શિષ્યે તરત જ ગુરૂએ આપેલી ઔષધિનો લેપ તૈયાર કર્યો. સાધુ મહાત્માએ તરત જ તે લેપ મહારાજના મસ્તક પર લગાડવા માંડયો. કપાળે લેપ લગાડયા પછી સાધુ મહારાજે પોતાના હાથ સ્વચ્છ કર્યા અને પરિણામ શું આવે છે તેની પ્રતીક્ષા માટે એક આસન પર બેસી ગયા.

સમય વીતવા લાગ્યો.

અર્ધ ઘટિકા પસાર થઈ ગઈ.

ત્યાં બહારથી અવાજ સંભળાયો.

'ચોર... ચોર... ચોર...'

# ૧૯ : અચલનું બહુમાન

નિર્ભયપુર નગરીના પાદરમાંથી વહેતી સરિતાના કિનારે આવેલી કુટિરના સાધુઓ બે રાજભવનમાં જઈને મહારાજા રામચંદ્રની સુશ્રૂષામાં હતા ત્યારે ખંડ બહાર 'ચોર ચોર'નો ધ્વનિ સંભળાઈ રહ્યો હતો. ત્યાં એકત્ર થયેલા સૌને ભારે આશ્ચર્ય થયું... આટલી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત છે. ત્યાં ચોર ક્યાંથી હોઈ શકે ? કોણ હશે ચોર ? ચોરની બૂમો કોણે પાડી રહ્યું હશે ?

સૌ આશ્ચર્યમાં ગરકાવ હતા ત્યારે સાધુ મહાત્માના અંતરમાં ભયની કંપારી છૂટી ગઈ હતી. એને મનમાં થયું કે વખતે આ ઉપાધિ પોતાના શિરે ન આવી પડે. પરંતુ સાધુ અને તેના શિષ્યના મુખ પર ગભરાટનાં ચિહ્નો તો ઉપસી આવ્યાં હતાં.

મહારાજા રામચંદ્ર પણ બહારથી ચોર ચોરની બૂમ સાંભળતાં શય્યા પરથી બેઠા થઈ ગયા હતા.

અચલકુમાર ગુરૂ-ચેલાના મુખના ભાવો પ્રત્યે નજર રાખી રહ્યો હતો. અચલકુમારે જોયું કે ગુરૂ-ચેલાના મુખ પર ભય વ્યાપી ગયો છે. ગભરાટ ફેલાઈ ગયો છે. અચલકુમારે મહારાજાને સંકેત આપીને બંને ભયગ્રસ્ત છે તે જણાવી દીધું.

ચોર ચોરની બૂમો પાડતા ચાર રક્ષકો મહારાજાના ખંડમાં

પ્રવેશ્યા. ચારેય રક્ષકોના હાથમાં ખુલ્લી તલવાર હતી અને હાથમાં પોટલાં હતાં.

મહારાજા રામચંદ્ર સઘળુ સમજી ગયા. અચલકુમારે મહરાજાને મંત્રણાગૃહમાં બતાવેલી યુક્તિ કામયાબ નિવડી.

મહારાજાએ રક્ષકોને કહ્યું : 'જે ચોર હોય તેને પકડી લો...'

તરત જ રક્ષકોએ સાધુ અને તેના શિષ્યને બંધનગ્રસ્ત કર્યા. સાધુ અને તેના શિષ્યના આશ્ચર્યનો પાર ન રહ્યો. એકાએક આવી પરિસ્થિતિ સર્જાશે તેની કલ્પના પણ નહોતી કરી. હવે શું થાય ?

મહારાજાએ સાધુની સામે જોઈને કહ્યું : 'સાધુના વેષમાં આવાં નીંદનીય કૃત્ય કરતાં જરા પણ ક્ષોભ થયો નહિ ? નગરીમાં ચોરીનો ઉપદ્રવ સર્જીને નગરજનોની ઊંઘ નષ્ટ કરી નાંખી છે...'

સાધુ મહારાજ બોલ્યા : 'મહારાજ, આપની ભૂલ થાય છે. અમે સાધુ થઈને આવું કૃત્ય કરવા તૈયાર થઈએ ખરા...?'

'ચૂપ રહો...તમારી પાપલીલાનો આજે અંત આવ્યો છે. નગરજનોને ત્રસ્ત કરવામાં જરા પણ દયા ખાધી નથી.'

'કૃપાળુ, અમે તો સીધા સાદા સાધુઓ છીએ....ચોરીનો આવો આરોપ મૂકીને આપ ખોટું કાર્ય કરી રહ્યા છો...'

'મારે કોઈ બકવાસ સાંભળવો નથી...' મહારાજા બોલ્યા.

મહારાજા મુખ્ય સાધુ સાથે વાતો કરી રહ્યા હતા અને ત્યાં ઊભેલા રક્ષકો અને અન્યોની હાજરીની નજર ચૂકવીને સાધુનો ચેલો ખંડની બહાર સિફતપૂર્વક નીકળી ગયો તે આબાદ છટકી જવામાં સફળ રહ્યો.

જ્યારે આ તરફ મહારાજા તે સાધુ ઉગ્ર ચર્ચા કરી રહ્યો હતો. તે સાધુ પોતાનો બચાવ પૂરેપૂરી રીતે કરતો હતો.

ત્યાં એક રક્ષકે કહ્યું : 'કૃપાનાથ, આ ગુરુ-ચેલાની કુટિરમાં ચોરીનું પુષ્કળ દ્રવ્ય, ચીજવસ્તુઓ અમને હાથ લાગી છે. અમે

થોડીઘણી વસ્તુઓ પોટલામાં બાંધીને લઈ આવ્યા છીએ...'

'શાબાશ...રક્ષકો...' મહારાજા રામચંદ્રે કહ્યું.

ત્યારપછી મહારાજા રામચંદ્રે કહ્યું : 'રક્ષકો, પકડી લો આ સાધુને અને તેના ચેલાને...તમે જે નગરીમાં ચોરીનો ઉપદ્રવ મચાવ્યો હતો, આ પોટલા તેના પૂરાવારૂપે છે. તમે બંનેએ નગરીમાં ચોરી કરીને મહા ઉત્પાત મચાવ્યો હતો...'

એક રક્ષકે કહ્યું : 'મહારાજ, હજુ તો તે સાધુની કુટિરમાં પુષ્કળ માલ પડયો છે. આ તો થોડું ઘણું પુરાવા રૂપે લઈ આવ્યા છીએ...'

સાધુ તો શાંત પડી ગયો હતો.

રાજાએ બન્નેને બંધનગ્રસ્ત કરવાનું રક્ષકોને જણાવ્યું ત્યારે તેનો ચેલો ગાયબ થયેલો જણાયો.

રક્ષકોએ સાધુને રજ્જુ વડે બંધનગ્રસ્ત કરી લીધો પણ તેના ચેલાનો પત્તો ન મળે.

રાજાએ સાધુને કહ્યું : 'તારો ચેલો એટલી વારમાં ક્યાં ચાલ્યો ગયો ? ખબર હોય તો જણાવી દે...'

'મહારાજ, મને ખબર નથી...' સાધુ બોલ્યો.

મહારાજા રામચંદ્રે રક્ષકોને કહ્યું : 'આ પાખંડીને કારાગારમાં બંધ કરી દો અને એના ચેલાની તપાસ શરૂ કરો...'

રક્ષકો તરત જ પાખંડી સાધુને કારાગાર તરફ લઈ જવા આગળ વધ્યા ત્યારે મહારાજાએ ફરી વાર ચેતવણીના સૂરે કહ્યું : 'પાખંડી, તારી બાજી ઉઘાડી પડી ગઈ છે. હવે કારાગારમાં રહીને જ તેં છટકવાનો પ્રયત્ન કર્યો છે તો તારી ખેર નહિ રહે...લઈ જાઓ અને તે છટકી ન શકે તે માટે પાકા બંદોબસ્તની વ્યવસ્થા કરો...'

એમ જ થયું.

રક્ષકો સાધુને પકડીને કારાગારમાં લઈ આવ્યા અને તેની પર નજર રાખવા પાકી વ્યવસ્થા કરવામાં આવી.

એ સમયે જ સાધુની કુટિરમાંથી ચોરાયેલો તમામ માલ રાજભવન પર લાવવામાં આવ્યો.

મહારાજાએ નગરીમાં ઢંઢેરો પીટાવ્યો કે નગરીમાં જેનો જેનો માલ ચોરાયો હોય તે રાજભવનમાં નિશાની આપીને લઈ જાય. નગરીમાં જે કોઈને ત્યાં ચોરી થઈ હતી તે શ્રેષ્ઠીઓ, શાર્થવાહો તથા નગરજનો રાજભવનમાં ઊમટી આવ્યા અને નિશાની આપીને પોતાનો માલ લઈ જવા લાગ્યા. જેમનો માલ પૂરતો હતો તેઓને રાજકોષમાંથી તેટલી જ કિંમતનું ધન આપી દેવામાં આવતું હતું. આ વિધિ તત્કાળ પૂરી થઈ.

સર્વત્ર આનંદ વ્યાપી ગયો.

ચોર અને ચોરીનો ઉપદ્રવ શાંત થતાં, અચલકુમારનું સન્માન કરવા માટે તેમજ આનંદ વ્યક્ત કરવા માટે એક વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું. રાજભવનમાં વિશેષ સભાનું આયોજન કરવામાં આવેલું હતું. આ પ્રસંગે નગરીના તમામ લોકોને સામેલ થવાનું કહેણ ઢંઢેરા દ્વારા જણાવવામાં આવેલું.

નગરીની સુપ્રસિદ્ધ નર્તકી વસંતતિલકાના નૃત્યનો કાર્યક્રમ આ પ્રસંગે રાખવામાં આવ્યો હતો. રાત્રીના પ્રથમ પ્રહર બાદ નૃત્યના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાત્રીના પ્રથમ પ્રહર બાદ નગરીની નર્તકી વસંતતિલકાના નૃત્યનો કાર્યક્રમ તથા અચલકુમારના સન્માનનો કાર્યક્રમ નક્કી થયો હોવાથી મહામંત્રીએ વિશેષ સભા માટેના મંચની વ્યવસ્થા પોતાના હસ્તક રાખી હતી.

અચલકુમારની વીરતા અને પરોપકાર વૃત્તિને અભિનંદવા તેમજ

નગરીમાં ચોરીના ભયનું આતંક નષ્ટ કરવા માટે અચલકુમારે જ પ્રતિજ્ઞા લીધી હતી. પ્રતિજ્ઞા પ્રમાણે અચલકુમારે ચોરને મહારાજા સમક્ષ રજૂ કરી દીધો હતો. આ પ્રસંગની ખુશાલી વ્યકત કરવા નગરજનો વિશેષ સભામાં ઊમટી પડ્યા હતા.

રાત્રીનો પ્રથમ પ્રહર પૂર્ણ થયો.

રાજભવનમાં વિશેષ સભાનું આયોજન કરવામાં આવેલું હતું. હજારો માણસો એકીસાથે બેસી શકે તેવો વિશાળ ખંડ હતો. આજની વિશેષ સભા નગરજનોથી ખીચોખીચ હતી. મહામંત્રીએ આસનો ગોઠવવાની વ્યવસ્થા સુંદર રીતે કરી હતી. છતાં નગરીના અનેક લોકો પાછળના ભાગે ઊભા રહ્યા હતા.

એ સિવાય સુવર્ણની ઝીણી જાળી વડે શોભતા એક ભાગમાં ત્રણસો જેટલી સ્ત્રીઓ બેસી શકે તેવી વ્યવસ્થા હતી. આ સ્ત્રીવર્ગના ભાગમાં રાજપરિવારની સ્ત્રીઓ અગ્રભાગે બેસતી, ત્યારબાદ નગરીના અગ્રણીઓની સ્ત્રીઓ બેસતી, પાછળના ભાગે નગરીની અન્ય સ્ત્રીઓ બેસી શકતી. આજે સ્ત્રીવર્ગનો ભાગ પણ ખીચોખીચ ભરાઈ ગયો હતો.

મુખ્ય દ્વારની સામે અને મધ્યથી થોડે દૂર મહારાજા રામચંદ્રનું વિશાળ રત્નજડિત સુવર્ણમય સિંહાસન આવેલું હતું. મહામંત્રીનું સ્થાન મહારાજાની બાજુમાં હતું. ત્યારબાદ મંત્રીઓ, સામંતો, ભાયાતો, ન્યાયાવતારો, પંડિતો તથા અતિથિઓ અને રાજકર્મચારીઓના બેસવાના વિવિધ કલાત્મક કામગીરીવાળા શતાધિક આસનો ગોઠવાયેલા હતા. મહારાજાની બાજુમાં મહાદેવી શ્રીમતીનું આસન હતું.

વિશેષ સભામાં નૃત્યાંગના વસંતતિલકા માટે જુદી જ વ્યવસ્થા કરવામાં આવી હતી તેના સંગીતકારોની બેઠક અલગ રાખવામાં આવી હતી.

વિશેષ સભાની મધ્યમાં નૃત્યમંચ તૈયાર કરવામાં આવ્યો હતો. અચલકુમારની વીરતાને બીરદાવવા તથા નૃત્યાંગના વસંતતિલકાનું નૃત્ય નિહાળવા સૌ પ્રેક્ષકો ઉત્સુક બન્યા હતા. આથી આજ સભામંડપની દરેક બેઠકો ખીચોખીચ ભરાઈ ગઈ હતી.

આ તરફ નૃત્યાંગના વસંતતિલકા તેના વાદ્યકારો તથા નૃત્યગુરૂ સાથે આવી ગઈ હતી. તે પણ મહારાજાના આગમનની પ્રતીક્ષા કરી રહી હતી.

મહારાજા તથા મહાદેવીની સૌ કોઈ આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. અચલકુમારે અગ્રભાગે બેઠક ગ્રહણ કરી હતી. તે પણ મહારાજની પ્રતિક્ષા કરી રહ્યો હતો.

થોડી જ વારમાં સૌની ધીરજનો અંત આવ્યો.

વિશેષ સભાના મુખ્ય દ્વારે ઊભેલા છડીદારે મહારાજા તથા મહાદેવી તેમજ યુવરાજકુમાર સુમતિના આગમનને જાણ કરતી છડી પોકારી.

મહારાજા રામચંદ્ર, મહાદેવી શ્રીમતી તથા યુવરાજકુમાર સુમતિ વિશેષ સભામંડપમાં દાખલ થયા.

મહારાજા રામચંદ્રે, મહાદેવી તથા યુવરાજકુમારે સભામંડપમાં જેવો પગ મૂક્યો તો દરેક સભાજનો પોતાની બેઠક પરથી ઊભા થઈ ગયા અને મહારાજાનો જયનાદ પોકાર્યો.

વાતાવરણમાં પ્રસન્નતાનું સ્મિત ફરકી ઊઠ્યું.

મહારાજાએ, મહાદેવી તથા યુવરાજકુમારે આસન ગ્રહણ કર્યું. મહારાજાએ આસન ગ્રહણ કર્યા પછી સભાજનો પોતપોતાની બેઠક પર બેસી ગયા.

આજની વિશેષ સભાનું પ્રાથમિક કાર્ય શરૂ થયું.

રાજપુરોહિતજીએ સ્વસ્તિ વાચન કર્યું.

વાદ્યકારોએ મંગલ સૂરોનો ધ્વનિ વાતાવરણમાં રેલાવ્યો.

ભાટ–ચારણોએ બિરદાવલી ગાવા માંડી.

ત્યારપછી મહામંત્રી પોતાની બેઠક પરથી ઊભા થયા, સર્વ પ્રેક્ષકો પ્રતિ દૃષ્ટિપાત કરીને કહ્યું : ' મહારાજાધિરાજ, મહાદેવી, યુવરાજકુમાર તથા સર્વ સભાજનો, છેલ્લા કેટલાય દિવસોથી ચોરીનો ઉપદ્રવ આપણી નગરી પર સતત ચાલુ જ રહ્યો હતો. આ ચોરીના ઉપદ્રવને કારણે નગરીમાં ભયનું વાતાવરણ સર્જાઈ ગયું હતું. જે ચોરી કરીને ભયનું વાતાવરણ ઊભું કરતો હતો તે ચોર સાધુ જ નીકળ્યો. તે સાધુ અને તેનો શિષ્ય બન્ને સાથે મળીને આ દુષ્ટ કૃત્ય કરી રહ્યા હતા. અચલકુમારે ચોરને પકડી પાડવાની પ્રતિજ્ઞા લીધી અને પ્રતિજ્ઞા અનુસાર એમણે ચોરને પકડી પાડ્યો. સાહસ, વીરતા અને શૌર્ય સમા અચલકુમારનું આજરોજ મહારાજા હાથે સન્માન થશે. અચલકુમારે ભૂતકાળમાં પણ આવા વિકટ પ્રશ્નોમાં રાજ્યને મદદ કરી છે. એમની પરોપકારવૃત્તિને પણ આ પળે બિરદાવવી જોઈએ. સૌ પ્રથમ અચલકુમારનું સન્માન થશે. ત્યારબાદ નગરીની નૃત્યાંગના વસંતતિલકાના નૃત્યનો કાર્યક્રમ રજૂ થશે. બીજી જાહેરાત એ કરવાની છે કે આવતી કાલે દિવસના પ્રથમ પ્રહર બાદ સાધુ કે જેણે અદૃશ્ય રહીને ચોરીનો ઉપદ્રવ ફેલાવ્યો છે. તેને ગધેડા પર બેસાડીને નગરીમાં ફેરવવામાં આવશે. આથી રાજ્યવ્યવસ્થામાં અડચણરૂપ થનારને કેવી સજા થાય છે તેનો અંદાજ આવે. હું મહારાજાને વિનંતી કરું છું કે તેઓ અચલકુમારનું સન્માન કરે...'

મહારાજા રામચંદ્રે તરત જ સભાજનો તરફ દૃષ્ટિપાત કરીને બોલ્યા : ' આપણી નગરીમાં અચલકુમાર જેવા વીરો છે ત્યાં સુધી ગમે તેવા વિકટ પ્રશ્નોની ગુંચ ઉકેલાઈ જશે. અચલકુમારે ચોરીના ઉપદ્રવ પ્રશ્ને ખૂબ જ હિંમત, સાહસ અને વીરતા દાખવીને ચોરને હાંસલ કર્યો છે. ચોરને પકડી પાડવા માટે તેણે પોતાના જીવને જોખમમાં મૂક્યો હતો. અંતે એણે સફળતા પ્રાપ્ત કરી. સાધુના સ્વાંગમાં રહીને નગરીઓમાં રહેતા લોકોની માલમત્તા વિદ્યાના બળે હડપ કરતાં

સાધુ–ચેલાને ઝડપવામાં અચલકુમાર સફળ રહ્યો. અચલકુમાર અભિનંદનનો અધિકારી છે. અચલકુમાર, તું મારી પાસે આવ...'

અચલકુમાર તરત જ તેના સ્થાનેથી ઊભો થઈને મહારાજા પાસે આવ્યો.

મહારાજા રામચંદ્રે તરત જ અચલકુમારને ભેટી પડયા પછી મૂલ્યવાન ઉપહાર આપ્યો.

અચલકુમારે મહારાજાએ આપેલી પ્રેમભરી પ્રસાદીનો સ્વીકાર કર્યો.

અચલકુમારે વિનમ્ર સ્વરે કહ્યું : ' મહારાજાધિરાજ, મહાદેવી, યુવરાજકુમારશ્રી, તથા મહામંત્રી અને અન્ય ઉપસ્થિત રહેલાં સભાજનો, અહીં મારી પ્રશંસા થઈ છે એ પ્રશંસા માટેની યોગ્યતા હજુ મારામાં છે નહિ. કેવળ સાહસિક સ્વભાવના કારણે આવા કાર્યો કરવાનું મન થઈ જાય છે અને પરમ કૃપાળુ પરમેશ્વરની કૃપાથી તેમાં આજ સુધી જશ મળ્યો છે.'

અચલકુમારે આટલું કહીને પોતાનું સ્થાન ગ્રહણ કર્યું.

મહામંત્રીએ ઊભા થઈને કહ્યું : ' સભાજનો, આજના પ્રસંગને અનુલક્ષીને નૃત્યાંગના વસંતતિલકાના નૃત્યનું આયોજન કરવામાં આવેલ છે. હવે નર્તકી વસંતતિલકા પોતાનો કાર્યક્રમ રજૂ કરશે.'

તરત જ નૃત્યની તૈયારી શરૂ થવા માંડી.

નૃત્યમંચ સભાખંડની મધ્યમાં રચવામાં આવ્યો હતો.

સંગીતના સૂરોથી અંતરની ઊર્મિ પ્રદર્શિત થઈ શકે છે જ્યારે નૃત્યથી હૈયાના ભાવ રજૂ થાય છે. નૃત્યકલામાં સંગીત, અભિનય, અંગમરોડ તથા મુદ્રાનો સંગમ જોવા મળે છે. હલનચલન દ્વારા ભાવની અભિવ્યક્તિ થાય છે. લય અને તાલનું પણ એટલું જ મહત્ત્વ નૃત્યકલામાં છે. પગના ચોટદાર ઘાની અદ્ભૂત ચોકસાઈ

વગેરે આ કલાના મહત્ત્વના અંગો છે. નૃત્ય પછી ભલે ભક્તિનું હોય કે શૃંગાર પ્રધાન હોય.

પરંતુ નૃત્યમાં દરેક મુદ્રાનો અર્થ હોય છે. અનોખી ભાવાવ્યક્તિ હોય છે. દરેક અભિનય પાછળ અનોખું રહસ્ય છૂપાયેલું હોય છે.

નૃત્ય એ જીવનનું કલાત્મક પ્રતિબિંબ છે.

સૌ કોઈ દેવી વસંતતિલકાના નૃત્ય માટે ભારે ઉત્સુક બની ગયા હતા.

સૌની દૃષ્ટિ નૃત્યમંચ પર સ્થિર બની હતી.

નૃત્યમંચ પર દેવી વસંતતિલકાના નૃત્યાચાર્ય આવ્યા.

નૃત્યાચાર્યે સૌ તરફ દૃષ્ટિ ફેરવીને મધુર સ્વરે કહ્યું : 'મહારાજ, મહામંત્રીશ્વર તથા સભાજનો, આપ સૌના મુખ પર દેવી વસંતતિલકાનો નૃત્ય કાર્યક્રમ ક્યારે શરૂ થાય તેની ઉત્સુકતા જોઈ રહ્યો છું. થોડી વારમાં આપની ધીરજનો અંત આવશે. નૃત્યાંગના વસંતતિલકાએ નૃત્ય શિક્ષાની તાલીમ પાંચ વર્ષની ઉંમરેથી શરૂ કરી હતી. નૃત્ય શીખવાની તાલાવેલી તેમજ તે અંગેનો અભ્યાસ; સાધના પ્રત્યે અપૂર્વ લગન અને ભક્તિ હોવાને કારણે તે આજ આ નગરીની શ્રેષ્ઠ નર્તકીના સ્થાને બિરાજી છે. આજે તે આપ સૌની સમક્ષ નૃત્યનો કાર્યક્રમ રજૂ કરીને પોતાની કલા રજૂ કરશે.'

આટલું કહીને નૃત્યગુરુ પોતાના સ્થાને જઈને બેસી ગયા.

નૃત્યમંચ પર દેવી વસંતતિલકાના વાદ્યકારોએ મંગલ ધ્વનિ વહેતો કર્યો. વાતાવરણમાં પ્રસન્નતા વ્યાપી ગઈ.

સૌ પ્રેક્ષકોના મુખ પર કુતૂહલતા હતી.

દેવી વસંતતિલકાને જોવાની તાલાવેલી પણ હતી.

કેટલાકને તેના નૃત્યમાં જ રસ હતો ત્યારે કેટલાક રૂપના રસિયાઓને દેવી વસંતતિલકાના અગાધ રૂપને દૂરથી માણવાની

તાલાવેલી જાગી હતી.

દેવી વસંતતિલકા...!

નૃત્યાંગના...!

અગાધ રૂપની સ્વામિની વસંતતિલકાએ નૃત્યકલામાં પ્રવીણતા મેળવી હતી.

અને...!

સૌના આશ્ચર્ય વચ્ચે નૃત્યમંચનો પટ્ટક ધીરે ધીરે ખસેડાતો ગયો. ધૂમ્રાવરણ છવાયું.

પ્રેક્ષકોની આતુરતા ખસેડતો વધવા લાગી.

અરે...! નૃત્યમંચની વચ્ચે આ કોણ બેઠું છે ?

સાક્ષાત...મા...સરસ્વતી...! ! !

ના...ના...ના...

કોઈ શાપભ્રષ્ટ કન્યા છે કે શું...?

ના...ના...ના...

એ પળ તો પ્રેક્ષકો વિચારમાં ગરકાવ થઈ ગયા.

નૃત્યમંચ પર વચ્ચે શ્વેત વસ્ત્રોમાં દેવી વસંતતિલકા બિરાજેલી હતી. દેવી વસંતતિલકાએ શ્વેત કમ્મરપટ્ટક, શ્વેત કચુકીબંધ, શ્વેતરંગનું ઉત્તરીય ધારણ કર્યું હતું. કંઠમાં મોતીની માળા શોભી રહી હતી. નૃત્યાંગના વસંતતિલકાએ દીર્ઘ કેશનો અંબોડો લીધો હતો. અંબોડાને ફરતી સફેદ મોગરાના ફૂલની વેણી હતી.

આમ દેવી વસંતતિલકા અત્યંત સુંદર અને રૂપની સામ્રાજ્ઞી સમી શોભી રહી હતી. તેણે નૃત્યમંચ વચ્ચે જ બેઠક લીધી હતી. હાથમાં વીણા ધારણ કરેલી હતી. એ પળ જોનારાને એવું જ લાગે કે સાક્ષાત મા સરસ્વતી જ બિરાજ્યાં છે...!

દેવી વસંતતિલકાએ પ્રેક્ષકો તરફ આછો દષ્ટિપાત કરીને મંગલ-મધુર સ્વરે મા સરસ્વતીની સ્તુતિ ગાવી શરૂ કરી. કંઠ મધુર હતો. શરૂઆત આલાપથી કરી. સ્તુતિના ભક્તિમય શબ્દો પ્રેક્ષકોને

હૈયે સ્પર્શી ગયા. તેમાં સુમધુર સુરીલો કંઠ...!

પ્રાર્થના લગભગ અર્ધઘટિકા પર્યંત ચાલી.

સર્વ પ્રેક્ષકોએ હર્ષનાદ પોકાર્યો.

પ્રાર્થના પૂરી થઈ.

પદ્દક પાછો ખસેડાયો. નૃત્યગુરૂ નૃત્યમંચના અગ્રભાગે આવ્યા અને બોલ્યા : 'હવે દેવી વસંતતિલકા 'પિયુ મિલન' નૃત્ય રજૂ કરશે. આ નૃત્યમાં પિયુમિલનની ભાવનાનું રૂપ જોવા મળશે. આપ સૌ દેવી વસંતતિલકાના નૃત્યને ધ્યાનથી જોશો.'

આટલું કહીને નૃત્યગુરૂ તેમના સ્થાને જઈને બેસી ગયા.

ત્યાં મૃદંગનો ભારેખમ ધ્વનિ સૌના કર્ણપટ પર અથડાયો. વિવિધ વાદ્યોની સુમધુર સુરાવલિઓ વાતાવરણમાં છવાઈ ગઈ. સૌની દૃષ્ટિ નૃત્યપીઠ પર પડી.

પિયુ મિલન...!

પરદેશ ગયેલો પ્રિયતમ બાર-બાર વર્ષનાં વહાણાં વીત્યા પછી આજ આવવાનો હતો.

પ્રિયાના અંતરમાં પિયુ મિલનની અદમ્ય ઝંખના આકાર પામી છે. અંગેઅંગમાં પિયુને ભેટી લેવા માટે તનમન તડપી ઊઠયું છે.

અને.. થોડી વારે પ્રિયતમનું આગમન થતાં જ પ્રિયાના હૈયામાં ન સમજી શકાય તેવો અનેરો આનંદ પ્રગટે છે. પિયુ-મિલનથી પ્રિયાના અંગેઅંગમાં પ્રસન્નતા વ્યાપી ગઈ. ન જાણી શકાય કે ન સમજી શકાય તેવી પ્રસન્નતા...!

દેવી વસંતતિલકા...!

અઢાર વર્ષની નૃત્યાંગના દેવી વસંતતિલકા. આજ 'પિયુ મિલન' નૃત્ય દ્વારા નૃત્યકલાનો પરિચય આપવાની છે.

સૌ પ્રેક્ષકો આતુર નયને નૃત્યપીઠ તરફ જોઈ રહ્યા હતા.

નૃત્યપીઠ પરનું આવરણ ખસેડાયું.

દેવી વસંતતિલકા બારીક શુભ્ર વસ્ત્રોમાં તેની સ્ફટિક સમી

કાયા કમળના ફૂલ સમી કુમાશભરી શોભી રહી હતી. તેના જમણા હાથમાં નાના નાજુક ફૂલની દાંડી શોભી રહી હતી.

નૃત્ય શરૂ થયું.

પળે પળે પ્રેક્ષકોની દૃષ્ટિ વધુ ને વધુ આકર્ષાતી જતી હતી.

પ્રિયાને પિયુ આવવાના સમાચાર મળે છે.

પ્રિયા શૃંગાર સજે છે વગેરે અભિનય, અંગમરોડ અને વિવિધ મુદ્રાઓમાં દેવી વસંતતિલકા કરવા લાગી.

વાદ્યો પર સુમધુર ધ્વનિનો રણકાર વાગી રહ્યો હતો.

જ્યારે પ્રેક્ષકગણ નૃત્ય અને નર્તકીના હાવભાવને માણવા સ્તબ્ધ બની ઊઠયો હતો.

સુષિર વાદ્યો અને તંતુવાદ્યોના ધ્વનિથી વાતાવરણમાં પ્રસન્તા છવાઈ ગઈ હતી. મૃદંગોનો ભારેખમ અવાજ સંગીતની ગંભીરતા તેમજ નૃત્યના અનોખા ભાવને રજૂ કરતો હતો.

સંગીતના લય-વિલય સાથે દેવી વસંતતિલકાના હાથપગની અંગુલિઓ નૃત્યના રંગે રંગવા લાગી.

દેવી વસંતતિલકાનો ભાવાભિનય અપૂર્વ હતો.

ધીરે ધીરે નૃત્ય પૂર બહારમાં ખીલવા માંડયું.

નયનોમાં મદભર્યા નર્તન સ્વર્ગની અપ્સરાઓના કલા પૂર્ણ લલિત નૃત્યનો આભાસ કરાવવા લાગ્યા.

નૃત્ય અને નર્તકી...!

કલા અને કલાકાર...!

પ્રશંસા કોની કરવી ? નૃત્યની કે કલાકારની...?

અને......

સૌના આશ્ચર્ય વચ્ચે પ્રિયત્તમનું આગમન થયું. પ્રિયાનો ચહેરા હર્ષોલ્લાસમાં લપેટાઈ ગયો.

પિયુ-મિલનની મનોહારી ઝંખના સાકાર પામી.

બાર-બાર વર્ષ પછી પ્રિયત્તમ સાથેનું અપૂર્વ મિલન થતું હતું.

લગભગ દોઢ ઘટિકા પસાર થઈ ગઈ.

રાત્રીનો ત્રીજો પ્રહર શરૂ થવાની તૈયારી હતી.

નૃત્ય હળવું બનવા લાગ્યું.

પ્રેક્ષકોના મુખ પર હર્ષ છવાઈ ગયો.

નૃત્ય પૂરું થયું. વાદ્યોનો સુમધુર ધ્વનિ વિલય પામ્યો.

મહારાજા રામચંદ્રે નર્તકી દેવી વસંતતિલકાને ઉપહારમાં અમૂલ્ય રત્નોનો હાર તથા એક પાત્રમાં સુવર્ણમુદ્રાઓ, વસ્ત્રો આપ્યાં. જેનો દેવી વસંતતિલકાએ સહર્ષ સ્વીકાર કર્યો.

મહામંત્રીએ વિશેષ સભાના વિસર્જનની ઘોષણા કરી.

સૌ પોતપોતાના સ્થાને જવા વિદાય થયા.

અચલકુમાર પણ પોતાના ભવન તરફ જવા વિદાય થયો હતો. મહારાજાએ છુટા પડતી વખતે મહામંત્રીને જણાવ્યું : ‘ આવતી કાલે જયારે પાખંડી સાધુને નગરમાં ફેરવો ત્યારે તે છટકી ન જાય તેની તકેદારી રાખશો. રક્ષણવ્યવસ્થા બરાબર ગોઠવશો. તે પાખંડીને મોઢે કાળી મેશ ચોપડજો અને ગધેડા પર બેસાડજો. નગરજનો પાખંડીને બરાબર રીતે નિહાળી શકે એ હેતુથી જ આમ કરવાનું વિચારેલ છે.’

મહામંત્રીએ કહ્યું : ‘ મહારાજ, આપની આજ્ઞા અનુસાર તે પાખંડી સાધુ છટકી ન જાય તે માટે ભારે પહેરો ગોઠવવામાં આવશે. તેનો ચેલો આપણા હાથમાંથી છટકી ગયો છે તેને પણ પકડવો પડશે.’

‘ મહાસેનાપતિને સૂચના આપો કે ચેલાને ગમે તે રીતે પકડી પાડે...’ મહારાજાએ કહ્યું.

મહામંત્રીએ તરત જ મહારાજાની વાતનો સ્વીકાર કર્યો.

સૌ પોતપોતાના સ્થાને ગયા.

બીજા દિવસની પ્રતીક્ષા હતી.

આવતી કાલે પાખંડી સાધુને ગામ વચ્ચે ફેરવાશે એ સમાચારથી નગરજનો અજાણ નહોતા રહ્યા.

બીજે દિવસે......

મહાસેનાપતિએ ચારેકોર રક્ષકોની ટુકડીને મોકલીને પાખંડી સાધુના શિષ્યને હસ્તગત કરવા પેરવી કરી હતી પરંતુ તેમાં સફળતા ન મળી. પાખંડી સાધુનો શિષ્ય ક્યાં અદૃશ્ય થઈ ગયો એ મહાસેનાપતિ માટે પ્રશ્નાર્થ બની ગયો.

ગઈકાલે જાહેરાત કર્યા મુજબ આજ પાખંડી સાધુને નગરીમાં ગધેડા પર બેસાડીને ફેરવવાનો હતો. નગરજનો ચોરી જેવું હીન-કૃત્ય આચરનારા પાખંડી સાધુને જોવા તેમ જ દંડ આપવા તૈયાર થઈ ગયા હતા.

પાખંડી સાધુને કારાગારમાંથી બહાર લાવવામાં આવ્યો. તેના મોઢા પર કાળી મેશ લગાવવામાં આવી. એના કંઠે ખાસડાનો હાર પહેરાવવામાં આવ્યો. પાખંડી સાધુને તેણે કરેલા કૃત્યની સજા મળી રહી હતી. રક્ષકોએ તેને ગધેડા પર બેસાડયો. ફરતી રક્ષકોની ટુકડી હતી. આ પાખંડી સાધુ છટકી ન જાય તેની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવી હતી.

પાખંડી સાધુને રાજમાર્ગ પર લાવવામાં આવ્યો. નગરજનો સાધુ રૂપી ચોરને જોઈને ધિક્કાર વરસાવવા માંડયા. આગળ એક

ઢોલી ઢોલ વગાડી રહ્યો હતો.

અને પાખંડી સાધુને લઈને રક્ષકોની ટુકડી આગળ વધી. લોકો પાખંડી સાધુ પર પથ્થરોનો વરસાદ કરવા લાગ્યા.

કોઈ કહેતું કે નગરજનોને પરેશાન કરનાર આ પાખંડી સાધુને આકરામાં આકરી સજા થવી જોઈએ.

ત્યારે બીજુ કોઈ એમ કહેતું કે આ પાખંડી સાધુએ પોતાની વિદ્યાનો દુરપયોગ કર્યો છે. આવા સાધુને સખ્ત શિક્ષા થવી જોઈએ.

ચારે તરફ 'ધિક્કાર ધિક્કાર'ના શબ્દો ગુંજતા હતા.

પાખંડી સાધુને લઈ ને જતી સવારી નગરીના મુખ્ય મુખ્ય માર્ગો પર ફરવા લાગી. લોકો આ સાધુરૂપી ચોરને પથ્થરો મારીને સજા આપતા હતા. પાખંડી સાધુ નગરજનો દ્વારા ફેંકાયેલા પથ્થરોના મારથી લોહીલુહાણ બન્યો હતો.

દિવસના અંતિમ પ્રહર સુધી પાખંડી સાધુને નગરીના વિવિધ માર્ગો પર ફેરવવામાં આવ્યો.

ત્યાં એક સ્થળ પર એક નગરજને અણીદાર પથ્થરનો જોરદાર ઘા તે પાખંડી સાધુના મસ્તક પર કર્યો. પાખંડી સાધુ આ પથ્થરનો ઘા સહન કરી શક્યો નહિ અને તરત જ તે મૂર્ચ્છિત બનીને ગધેડા પરથી નીચે પડી ગયો.

એ પાખંડી સાધુનું તત્કાળ મૃત્યુ થયું. નગરી પર ચોરીનો ઉપદ્રવ સર્જનાર સાધુનું કરૂણ મોત થયું.

નગરજનો આનંદ માણવા લાગ્યા કે એક દુષ્ટનો અંત આવ્યો. સાધુના વેષમાં ચોરીનો ઉપદ્રવ સર્જીને નગરજનો પર ભયનાં વાદળો સર્જનારને અંતે યોગ્ય સજા થઈ છે.

સમગ્ર નગરીમાં આનંદ વ્યાપી ગયો. દરેક નગરજનોના મુખે અચલકુમારના સાહસના ગુણગાન હતા. અચલકુમારની વીરતાની પ્રશંસા લોકજીભે રમતી હતી. અચલકુમારના આ સફળતા પામેલા

કાર્યથી તેના ઈર્ષાળુઓ ધુંવાપુંવા થઈ ગયા હતા.

મહારાજા રામચંદ્રે નગરીમાં આનંદોત્સવની જાહેરાત કરી. મહારાજા રામચંદ્રના ભવનમાં અનેક લોકો ભેગા થયા હતા. નગરીના મુખ્ય આગેવાનો, અગ્રણી શ્રેષ્ઠીઓ તથા રાજ્યના મુખ્ય કર્મચારીઓ એકત્રિત થયા હતા.

મહારાજાએ મહામંત્રી સામે જોઈને કહ્યું : 'મહામંત્રીશ્વર, નગરીમાં ચોરીનો ઉપદ્રવ સર્જનાર પાખંડી સાધુને નગરજનોએ શિક્ષા કરીને યોગ્ય દંડ આપી દીધો છે. આ કાર્યનો ખરો યશ તો અચલકુમારના ફાળે જાય છે.'

'હા, મહારાજ...અચલકુમારે જ આ કાર્ય પૂર્ણ કરેલ છે.'

'પણ...અચલ દેખાતો કેમ નથી ?' મહારાજાએ એકઠા થયેલા સમૂહમાં દષ્ટિ કરીને કહ્યું.

મહામંત્રી પણ આમતેમ નજર ફેરવીને અચલને શોધવા લાગ્યા.

'મહામંત્રી, અચલ આવા આનંદના પ્રસંગે કેમ હાજર નથી ? શું કારણ હશે ?'

'મહારાજ, અચલને મનમાં થયું હોવું જોઈએ કે પોતે પોતાનો ધર્મ બજાવી દીધો છે. રાજ્ય પ્રત્યેની પોતાની ફરજ અદા કરી દીધી છે. કાર્ય સમાપ્ત થયું છે એટલે તે અહીં આવ્યો નહિ હોય.'

'મહામંત્રીશ્વર, તમારી વાત સાચી છે. અચલનો સ્વભાવ તો આપ કહો છો તેવો જ છે પણ એની હાજરી તો અત્રે હોય જ ને ?'

'મહારાજ, અચલકુમાર જાણી જોઈને હાજર નહિ રહ્યો હોય એ અહીં આપની પાસે આવે અને લોકો તેની પ્રશંસા કરે... વગેરે તેને પસંદ ન પડતું હોય...અચલ મનમાં એવું માનતો હશે કે પોતે પોતાનું કર્તવ્ય બજાવી દીધું છે. કાર્ય સંપન્ન થયા પછી આવા પરોપકારી લોકો સરકી જતા હોય છે.

'મંત્રીશ્વર, આપની વાતમાં તથ્ય છે. એ એના સ્વભાવ પ્રમાણે જ અત્રે ઉપસ્થિત નહિ રહ્યો હોય. પણ આપણે તો કર્તવ્ય બજાવવું જોઈએ.'

'આજ્ઞા કરો...મહારાજ...!'

'મંત્રીશ્વર, આપણે સૌ જાણીએ છીએ કે અચલકુમારે ચોરનું પગેરું પકડવા માટે અનેક સંકટોનો સઃમનો કર્યો હતો. અરે...એણે તો પોતાના જીવને પણ હોડચમાં મૂકી દીધો હતો. પરોપકારી સ્વભાવના અચલકુમારની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે.'

'મહારાજ, મને તો કોઈ વાતની ખબર નથી કારણે અચલ-કુમાર હજુ મને શાંતિથી મળ્યો નથી પરંતુ એણે જે સંકટો સહન કર્યાં છે. કઈ રીતે ચોરને પકડયો તે બધી વાત કરવા જરૂર આવશે...'

'મંત્રીશ્વર, અચલકુમારે મને બધી વાત ચોરને પકડયા પહેલાં કરી હતી. એણે પોતે બેઠેલી મુશ્કેલીઓનું પણ વર્ણન કર્યું હતું. ચોરનું પગેરું કઈ રીતે મેળવ્યું તેમાં કોણ મદદરૂપ થયું તે બધી વાત મને કરી, એ સાંભળીને હું આશ્ચર્ય પામી ઊઠયો. અચલ એવો વીર અને સાહસિક છે કે તેણે પોતાના જીવની પણ પરવા કરી નહોતી એના હૈયામાં પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની ટેક જ રમતી હતી.

'કૃપાળુ, અચલ તો પ્રાણ કરતાંય પ્રતિજ્ઞાને વધારે મૂલ્યવાન સમજે છે. અગાઉ તેણે કરેલા કાર્યોમાં પણ તેણે પોતાના પ્રાણને કસોટી પર મૂકયા જ હતા ને...! આપણી નગરીમાં અચલ જેવો વીરપુરુષ જડવો મુશ્કેલ છે.'

મહારાજા અને મહામંત્રી વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યાં અચલનો મિત્ર કમલ ત્યાં આવી પહોંચ્યો.

મહામંત્રી અચલના મિત્ર કમલને સારી રીતે જાણતા હતા. મહામંત્રીએ કમલને પોતાની નજદીક બોલાવ્યો અને કહ્યું : 'કમલ, તારો મિત્ર અચલકુમાર ક્યાં છે ?'

'મહામંત્રીશ્વર, હું એને શોધતો હોય તો અહીં આવ્યો છું. હું તેના ભવન પર ગયો ત્યારે ત્યાં નહોતો. બજારમાં પણ તેનો પત્તો ન મળ્યો એટલે અહીં આવ્યો...પણ આપના પ્રશ્ન પરથી જણાય છે કે અચલ અહીં આવ્યો લાગતો નથી.'

'કમલ, અમે અત્યારે અચલકુમારની જ ચર્ચા કરતાં હતાં. અમે તેને નિહાળવા માટે તલપાપડ છીએ. અચલ અત્યારે ક્યાં હશે ? તને કંઈ અંદાજ છે ?'

કમલે વિનમ્ર સ્વરે કહ્યું : 'મહામંત્રીશ્વર, મને જરાય ખબર પડતી નથી કે અચલ અત્યારે ક્યાં હશે ? હું બે ઘટિકાથી તેને શોધી રહ્યો છું. ક્યાંય પત્તો ન ખાધો એટલે અહીં આપની પાસે આવી પહોંચ્યો. પણ અહીં અચલ નથી...ક્યાં ગયો હશે ?'

મહારાજાએ કહ્યું : 'અચલકુમાર અત્યારે ક્યાં જાય ? ખરેખર વિચારમાં મૂકી દે તેવો પ્રશ્ન છે.' કમલ, તું અચલના ભવન પર ગયો હતો ત્યારે તેના માતાપિતાએ શું કહ્યું ?'

'મહારાજ, કુબેરશેઠ અને જયાં શેઠાણી વિચારખંડમાં બેઠાં હતાં ત્યારે હું તેઓને મળ્યો અને તે લોકોએ સામેથી મને પૂછ્યું કે અચલ તારે ત્યાં આવ્યો છે ? થોડી વાર સુધી અચલના માતા-પિતા જોડે વાત કરી પછી હું બે–ચાર મિત્રોને ઘેર જઈ આવ્યો. જ્યાં અચલની અને મારી બેઠક છે. ત્યાં પણ તેનો પત્તો ન મળ્યો. ત્યારબાદ બજારમાં પણ અચલની માહિતી ન મળી. આમ બે ઘટિકા પર્યંત ચારેકોર ઘુમી વળ્યો. પણ તેની કશી માહિતી ન મળતાં અહીં આપની પાસે ચાલ્યો આવ્યો...'

'ગઈકાલે તું અચલને મળ્યો હતો ?'

'હા...મહારાજ, ગઈકાલે અચલ મારી સાથે જ હતો. રાતના

કાર્યક્રમ બાદ અમે બન્ને સાથે જ ભવન પર ગયા હતા પણ તેના મુખ પર ગંભીરતા વ્યાપી ગઈ હતી. સદા હસતો રહેતો ચહેરો મુરઝાયેલો જણાતો હતો. એના અંતરમાં વિષાદ છવાયો હોય તેમ લાગતું હતું.'

'કમલ, અચલની ભાળ મેળવવી જરૂરી છે.' મહામંત્રીશ્વર બોલ્યા.

'હા...મંત્રીશ્વર...' કમલે કહ્યું.

મહારાજા રામચંદ્રે કહ્યું : 'મહામંત્રીશ્વર, અત્યારે જ અચલકુમારની તપાસ અર્થે રક્ષકોને રવાના કરવાનો પ્રબંધ કરો...'

'એમ જ થશે મહારાજ, ચારેય દિશાઓમાં રક્ષકોની ટુકડી મોકલવાની વ્યવસ્થા કરું છું' મહામંત્રીશ્વર બોલ્યા.

એમ જ થયું.

મહામંત્રીએ રક્ષકોની ટુકડીઓ ચારેય દિશાઓમાં મોકલી દીધી. કમલ તેના ભવન પર પાછો ફર્યો.

આ તરફ અચલનાં માતાપિતા ચિંતામગ્ન બનીને નિરાશ વદને ભવનમાં બેસી રહ્યાં હતાં. અચલના કોઈ સમાચાર ન મળવાથી તેમનું હૈયું ઉદ્વિગ્ન બન્યું હતું.

નગરીમાં વાયુવેગે સમાચાર પ્રસરી ગયા કે અચલકુમાર નગરીમાં નથી. તેની ભાળ મેળવવા માટે રાજાએ ચારેકોર સૈનિકોની ટુકડી મોકલી છે.

અચલકુમાર ક્યાં હશે? શું કરતો હશે? મુસીબતમાં હશે? વગેરે વિવિધ પ્રશ્નો નગરજનોના હૈયામાં રમતા હતા.

જ્યારે આ તરફ અચલકુમાર નૃત્યાંગના વસંતતિલકાના કાર્યક્રમમાંથી મિત્ર કમલ સાથે પાછો ફરતો હતો ત્યારે જ વિચારોના વમળમાં ઘેરાઈ ગયો હતો. કમલે અચલકુમારમાં થયેલું પરિવર્તન

જાણીને આશ્ચર્ય પામી ઊઠચો હતો પણ બંને છુટ્ટા પડયા ત્યારે બીજી કોઈ વાત થઈ નહિ.

પરંતુ એ જ રાત્રીના અંતિમ પ્રહરે અચલકુમાર ગુપચુપ પોતાના ભવનની બહાર નીકળી ગયો હતો. ક્યાં જવું તે નિશ્ચિંત નહોતું. કઈ દિશાએ આગળ વધવું તે નક્કી નહોતું....

અચલકુમાર આગળ ને આગળ ચાલ્યો જતો હતો. તેના મુખ પર વિષાદ છવાયો હતો. અંતરમાં વિચારોનું યુદ્ધ જામી ગયું હતું.

વેરાન માર્ગમાં કોઈ માનવી દેખાતો નહોતો. એકલો ને અટૂલો અચલકુમાર આગળ વધી રહ્યો હતો.

અચલકુમાર એકાએક થંભી ગયો અને એક શિલા પર બેસી ગયો. તે ધ્રુસકે ધ્રુસકે આંસુ સારવા લાગ્યો. તેના મનને શાંતિ નહોતી. તે સ્વગત બોલી ઊઠચો : 'ઓહ...પરમકૃપાળુ પરમેશ્વર, મારા હાથે કેવું અપકૃત્ય થયું ? મારો છૂટકારો શી રીતે થશે ? એક સામાન્ય કારણે તે સાધુ નગરજનોના પથ્થરોના ઘાથી કમોતે મૃત્યુને વરશે...! એ સાધુ એની કુટિરમાં નિરાપદ જીવન વિતાવતો હતો. એના જીવનને રહેંશી નાખવામાં હું જ દોષિત ઠર્યો ગણાઉં...! મારી પ્રતિજ્ઞા તો ચોરીના ઉપદ્રવને હલ કરવાની હતી. એ સાધુને નષ્ટ કરવાની નહિ ..! આજ સવારે જ્યારે તેને ગામમાં ફેરવવામાં આવશે ત્યારે નગરજનોના આક્રોશનો તે ભોગ બનશે જ...! એ સાધુને સમજાવી દીધો હોત તો આ પળ ન આવત...! અંતે તો તેનો આત્મા સંતનો હતો. આવા નિરૂપદ્રવી આત્માને સજા અપાવનાર હું કોણ? અરે ..એ તો મારા વિશ્વાસે તો રાજભવનમાં આવ્યો હતો. મેં એના વિશ્વાસનો દ્રોહ કર્યો છે. ઓહ ..! હું કયા ભવે છૂટીશ...?'

અચલકુમાર પોતાની જાતને ધિક્કારી રહ્યો હતો. તે પોતે સાધુના મૃત્યુના કારણરૂપ સમજતો હતો.

વિચારોની ધારા અચલકુમારના અંતરમાં સતત વહેતી રહી. તેનું અંતર વિહ્વળ બની ગયું હતું. તે પોતાને જ દોષી સમજતો હતો. તેને થયું કે પ્રાયશ્ચિતનો એક જ માર્ગ છે બળી મરવું જોઈએ. તો જ મારા મનને શાંતિ વળશે.

અચલકુમારના હૃદયમાં જીવતા બળી મરવાની ઇચ્છા પ્રબળ બની અને એ ઇચ્છાને પરિપૂર્ણ કરવા માટે તેણે સુકાયેલાં કાષ્ઠ ભેગા કરવા માંડ્યા. થોડી વારમાં કાષ્ઠની પથારી રચી દીધી. હવે આ કાષ્ઠને અગ્નિ પ્રગટાવવું શી રીતે? એ પ્રશ્ન થઈ પડ્યો.

અચલકુમારે આમતેમ નજર કરી તો દૂરથી ધૂમ્રનો આભાસ થયો. જ્યાં ધૂમ્રનું વાતાવરણ દેખાતું હતું ત્યાંથી એક સળગતું કાષ્ઠ લઈને આવ્યો અને ગોઠવેલી કાષ્ઠની પથારીમાં સળગતું કાષ્ઠ ગોઠવ્યું. વહેતા વાયુના કારણે ચિતાએ વિકરાળ રૂપ ધારણ કરી લીધું.

અચલકુમાર ચિત્તા સામે શૂન્ય બનીને ઊભો હતો. ચિતાને બરાબર સળગતી જોઈને તેણે હાથ જોડ્યા. આંખો બંધ કરી, નવકાર મંત્રનું સ્મરણ કરીને પરમેશ્વરને યાદ કર્યા.

ત્યાર પછી અચલકુમાર સ્વગત બોલ્યો : 'હે વનભૂમિના રક્ષકો, આ ક્ષુદ્ર આત્માથી એક ન કલ્પી શકાય તેવું કાર્ય થઈ ગયું છે. એના પ્રાયશ્ચિત્ત રૂપે અગ્નિદેવને શરણે જાઉં છું. આપ મારા આ કાર્યમાં સહાયભૂત થજો.'

આટલું કહીને અચલકુમાર ચિતાની નજીક પહોંચ્યો. એણે છેલ્લી વાર વન્યપ્રદેશ ભણી નજર દોડવી. પાછળના ભાગે દૃષ્ટિ નાખતાં તે થોડી વાર માટે સ્થિર બની ગયો.

એણે જોયું તો પાછળના ભાગે કોઈ શ્વેત વસ્ત્રધારી ઊભેલ છે. તેને આશ્ચર્ય થયું કે આવા ભયંકર વનમાં કોણ હશે. આ સફેદ વસ્ત્ર ધારણ કરીને ઊભા રહેનાર? લાગે છે તો કોઈ માનવી! વૃક્ષનું ઠુંઠું ન હોય...મને દૃષ્ટિભ્રમ તો થયો નથી ને? મારે

તપાસ કરવી જોઈએ તે કોણ હશે? શા માટે અહીં ઊભેલ છે. તેની પણ જાણકારી મેળવવી જોઈએ. આવા ભયંકર વન્યપ્રદેશમાં આ માણસ શા માટે આવેલ હશે? શું કોઈ પીડા હશે? મારે ત્યાં જઈને તપાસ કરવી જ જોઈએ.

આમ વિચારીને અચલકુમાર તરત જ સફેદ વસ્ત્રધારી લાગતી છાયા તરફ આગળ વધ્યો.

જ્યારે અચલકુમાર નજીક પહોંચ્યો ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો.

શ્વેતવસ્ત્રો ધારણ કરનારા અન્ય કોઈ નહિ પણ મુનિવર હતા. તેજસ્વી મુખમુદ્રા ધરાવતા તે મુનિવર કાઉસગ્ગ ધ્યાનમાં મગ્ન હતા. અચલકુમાર તરત જ મુનિવરને જોઈને નમી પડયો. તેના અંતરમાં વિચારોનું પરિવર્તન થઈ ગયું. થોડી વાર પહેલાં તે અગ્નિમાં સળગી જવા માટે તૈયાર થયો હતો અને મુનિવરની મુખમુદ્રાના દર્શન પછી તે વિચારો નષ્ટ થઈ ચૂકયા હતા. વાતાવરણની અસર માનવીના વિચારોને પરિવર્તિત કરી મૂકે છે.

અચલકુમારના અંતરમાં વિશુદ્ધ વિચારોની સરવાણી વહી રહી હતી. તેને થયું કે આ મુનિવર આવા નિર્જન અને ભયંકર વન્યપ્રદેશમાં કાઉસગ્ગ દશામાં સ્થિર ઊભા છે. એમના મુખ પર અજબની મસ્તી છે...! ન સુખ...ન દુઃખ...! ન મોહ...ન માયા...! વાહ... આવા દર્શનથી જીવન ધન્ય બની જાય...એમના મુખ પર નિર્દોષ પ્રસન્નતા છવાયેલી છે. જ્યારે મારા અંતરમાં ચિતામાં પડીને સળગી જવાની ભાવના રમતી હતી. આવો માનવદેહ હું અગ્નિને શરણે ધરી દેવા તૈયાર થઈ ગયો હતો.

આમ અચલકુમારના અંતરમાં ભાવ પરિવર્તન થવા માંડયું. જાણે એને પોતાને લાગ્યું કે પોતે સાચા માર્ગે વિચારી રહ્યો છે.

અચલકુમાર ભાવવિભોર બનીને નતમસ્તકે મુનિરાજના ચરણ

પાસે બેસી ગયો.

ત્યાં થોડીવાર રહીને મુનિરાજે કાઉસગ્ગ દશામાંથી જાગૃત થઈ ને મધુર સ્વરે કહ્યું : 'ધર્મલાભ...'

મુનિરાજનો મીઠો સ્વર સાંભળતાં અચલકુમારે પોતાનું મસ્તક ઊચું કર્યું, નમન કર્યાં. ઊભા થઈ ને બે હાથ જોડયા.

અચલકુમારે ભાવાવાહી સ્વરે કહ્યું : 'મુનિભગવંત... મારા પ્રણામ સ્વીકારો...'

મુનિરાજે એજ પ્રસન્નતાથી કહ્યું : 'ધર્મલાભ...'

અચલકુમારે કહ્યું : 'મુનિવર, આજે આપે મને સાચો માર્ગ ચિંધ્યો છે. આપના દર્શન માત્રથી મારા અંતરમાં અશુદ્ધ ભાવો નષ્ટ થયા. આપ મને ધર્મનો માર્ગ બતાવો...'

મુનિરાજે કહ્યું : 'ભાઈ, માનવભવ જેવો અવતાર મળ્યો હોય ત્યારે કંઈક પામી લેવાની ભાવના સાકાર બનાવી શકાય છે.'

'મુનિરાજ, મારા હાથે અનેક કાર્યો એવા થયા છે કે જે કલંક સમાન ગણાય. આવા કૃત્યો ભલે પરોપકાર અર્થે થયા હોય પરંતુ દોષી તો હું જ બન્યો ને...આવા કૃત્યોને કારણે મારું મન વિહ્‌વળ બન્યું અને પશ્ચાત્તાપનો મને એક જ માર્ગ દેખાયો...અગ્નિનું શરણું સ્વીકારી લેવું...અને મારા હાથે થયેલા કૃત્યોની એક માત્ર સજા અગ્નિના શરણમાં જ દેખાઈ. પરંતુ મેં અગ્નિમાં સળગી મરવા માટે ચિતા જલાવી અને તેમાં કૂદી પડવાની તૈયારી કરતો હતો. છેલ્લીવાર વન્યપ્રદેશને નિહાળવા માટે દષ્ટિ ફેરવી ત્યાં ફરીથી મેં આપને જોયા અને આપના દર્શન માત્રથી મારા ભાવમાં પરિવર્તન થયું... આપ મને મને પશ્ચાત્તાપનો માર્ગ બતાવો...'

'વત્સ, તારા અંતરમાં પ્રશ્ચાત્તાપની ચિનગારી પ્રગટી ઊઠી તે સારી વાત છે પરંતુ તેં જે માર્ગ નક્કી કર્યો તે યોગ્ય નથી. માનવી જીવનમાં દુષ્ટકૃત્યો કરે, અપરાધો કરે કે અન્ય એવા કૃત્યો

કરે પણ પશ્ચાત્તાપનો માર્ગ અગ્નિનું શરણ નથી પણ ત્યાગનું શરણ માનવીને ઉચ્ચપદે મૂકે છે. ત્યાગના શરણથી, આરાધનાથી કર્મોનો ક્ષય થાય છે...આત્મશુદ્ધિ પણ થઈ શકે છે. ધર્મનું શરણ એજ જીવતરનો સાચો વિસામો છે સાચું રક્ષણ છે. સાચો સહારો છે. ધર્મને શરણે જનારાઓ કર્માનુસાર પડતી વિપત્તિઓને પણ પચાવી જાય છે. કારણ કે ધર્મ પોતે જ તેનું રક્ષણ કરે છે. ધર્મની તાકાત સંસારના કોઈપણ તત્ત્વ કરતાં અપરિચિત છે, અનંત છે, અચિંત્ય છે...'

અચલકુમાર મુનિરાજની મધુર વાણી સાંભળતો રહ્યો. તેના અંતરમાં પ્રશ્નો ઊઠતા હતા પણ તે બોલી શક્યો નહિ.

મુનિરાજે અચલકુમારને કહ્યું : 'વત્સ, તારા અંતરમાં કેટલાક પ્રશ્નો ઊભા થયા હોય તેમ લાગે છે. તું નિઃસંકોચપણે તારા મનમા ઉદ્‌ભવેલા પ્રશ્નો રજૂ કર... મારાથી શક્ય હશે તેના ઉત્તરો આપીશ...'

અને અચલકુમારે અંતરમાં ઊઠેલો પ્રશ્ન મુનિરાજની સમક્ષ રજૂ કર્યો.

# ૨૧ : મુનિરાજની વાણી

મુનિરાજે પ્રશ્નભરી નજરે અચલકુમાર સામે જોયું.

અચલકુમારે અંતરમાં ઘોળાતી વાત રજૂ કરતાં જણાવ્યું : 'મુનિવર, આ સંસારમાં પાપાચાર કરનાર માનવી સુખસમૃદ્ધિ, ભોગવિલાસનો સ્વામી થતો જોવા મળે છે. કપટ, પ્રપંચ અને કાવાદાવા કરનારાઓ વિજય પામતાં હોય છે. આ લોકના સાક્ષાત સાંપડેલા સુખોની દરકાર ન કરતાં કેટલાક ધર્મના નામે શોર મચાવીને પરલોકના સુખની લાંબી લાલચથી, તૃષ્ણાથી દેહદમન કરે છે. ખાનપાનનો ત્યાગ કરે છે. ડગલે પગલે યમદૂતના ભયથી સુખેથી નિદ્રા પણ માણતા નથી. આમ કેમ...?'

મુનિરાજે પ્રસન્ન વાણીમાં કહ્યું : 'વત્સ, સંસારના નાનામોટા પ્રત્યેક સુખો નાશવંત છે. કોઈ સ્થિર કે શાશ્વત નથી માટે જ દુઃખના મૂળ કહેવાય છે. અજ્ઞાની માણસો તેની પાછળ દોડે તે સ્વાભાવિક છે. કારણ કે તેઓ બિચારા છે. પુરુષાર્થી અને જ્ઞાની આત્માને શાશ્વત સુખ મળવું અતિ સહજ હોય છે પણ એ માટે દુઃખના ઉપાદાન રૂપ સંસારના તમામ સુખોથી નિર્લેપ રહી જ્ઞાનરૂપી અમૃતનું પાન કરી, પોતાના અચિંત્ય શક્તિવાળા આત્માને ઓળખવાનો ભવ્ય પુરુષાર્થ આરંભવો જોઈએ તો જ શાશ્વત

સુખ સહજ સુલભ બને છે. એ માટે ત્યાગ, તપ અને ધર્મ આરાધનાનો માર્ગ શ્રેયકર છે.'

અચલકુમાર મુનિરાજની વાણી સાંભળતો જ રહ્યો.

મુનિરાજે કર્મ વિષે બોલતાં જણાવ્યું : 'સુખદુ:ખ આપનાર અન્ય કોઈ છે એમ માનવું તે કુબુદ્ધિ છે. પૂર્વે જીવ આસક્ત ચિત્તથી જે કર્મો કર્યા છે તેનું જ ફળ ભોગવવામાં આવે છે. જ્ઞાનીઓના કથન અનુસાર પરિશ્રમના પ્રમાણમાં વિદ્યા પ્રાપ્ત થાય છે. પુણ્યના પ્રમાણમાં લક્ષ્મી, દાનના પ્રમાણમાં કીર્તિ અને કર્માનુસારે બુદ્ધિ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે સંસારમાં દૃષ્ટિપાત થતા સુખ-દુ:ખના દ્વંદ્વનું મૂળ કારણ શોધવા જતાં પુણ્યપાપ બરાબર સાબિત થાય છે અને જ્યારે એ બન્ને સિદ્ધ થાય તો સૌ પ્રાણીઓને સુખ ઈષ્ટ છે. દુ:ખ તો કોઈને ગમતું નથી. જે રીતે આપણને દુ:ખ ઈષ્ટ નથી, તેમ બીજાને પણ ઈષ્ટ ન હોય એમ સમજીને સુખના કારણરૂપ ધર્મ અથવા પુણ્યનો આદર કરવો કે જેથી સુખ પ્રાપ્ત કરવામાં ખામી ન આવે. વત્સ, શાસ્ત્રકારોએ એક વાત ઘણી ગંભીરતાપૂર્વક કહી છે કે માનવીએ પોતાનો જન્મ સાર્થક કરવો જોઈએ. દુ:ખના મૂળ સ્ત્રોત જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ છે. આ ચાર વસ્તુઓ જીવાત્માની પાછળ પડેલી છે અને આ ચારમાંથી છૂટકારો મેળવે તે મુક્તાત્મા કહેવાય છે. જૈનદર્શનનો મુખ્ય સાર કોઈ પણ હોય તો તે પાપ અને પુણ્યથી નિવૃત્ત થઈને મુક્તિમાં ભળી જવું. પણ આ કાર્ય ઘણું કઠણ છે. જેમ જન્મને રોકી શકાતો નથી તેમ મૃત્યુને પણ રોકી શકાતું નથી. જેમ વ્યાધિને રોકી શકાતું નથી તેમ જરાને પણ રોકી શકાતું નથી. ક્યાં જન્મ થવો કેવો થવો ? વગેરે પ્રશ્નો આજ પર્યંત અનુત્તર રહ્યાં છે. સ્ત્રી-પુરુષના સંબંધથી જન્મ થાય છે એવી એક ભૌતિક માન્યતા છે. આ માન્યતા અનાદિકાળથી ફેલાયેલી છે. જ્યારે જૈનદર્શન આ

વાતની સ્પષ્ટતા કરે છે. કોઈપણ જીવ જ્યાં સુધી મુક્તિ ન મેળવે ત્યાં સુધી જન્મ-મરણના વર્તુળમાંથી ખસી શકતો નથી. જેને જન્મવાનું છે તેને નિશ્ચિંત કરેલા સમયે અને સ્થળે જન્મવું જ પડે છે. જન્મેલો માણસ દરેક વાતે સુખી હોય, ભૌતિક સાહ્યબી ઉભરાતી હોય, જેને અસીમ સુખ કહીએ તેવું સુખ તે ભોગવતો હોય છતાં તે ગર્વનો વિષય નથી. કારણ કે જન્મની પાછળ જ જરા, વ્યાધિ અને મરેલાં પડેલા છે. વત્સ, મારી વાત સમજાય છે ને...!'

અચલકુમાર સ્થિર ભાવે મુનિરાજની વાણીને અંતરમાં ઉતારી રહ્યો હતો. અચલકુમારે કહ્યું, 'મહાત્મન, આપની વાણી મારા અંતરમાં ઉતરે છે.'

'વત્સ, હું તને આ અંગે વિશેષ સમજણ આપીશ. ધ્યાનથી સાંભળજે.'

'હા...મુનિવર...' અચલકુમારે મુનિવરની સામે જોઈને કહ્યું.

મુનિભગવંતે કહ્યું : 'વત્સ, જરાનો અર્થ છે વૃદ્ધાવસ્થા, પણ ઘણાં લોકો વૃદ્ધાવસ્થા ભોગવ્યા પહેલાં જ ચાલ્યા જતાં હોય છે. પણ જરા જેને ભોગવવાની છે તેની મનોવેદનાનો કોઈ પાર નથી. અતિ સ્વસ્થ શરીર હોય છતાં તે ભારે સુંવાળું બની જાય છે. અગાઉની માફક દોડી શકતો નથી. તેના શરીરમાં રહેલું ઓજ નામનું તત્ત્વ ધીરે ધીરે ક્ષીણ થાય છે. અનેક પ્રકારની નિર્બળતાઓ શરીરમાં સ્થિર થવા માંડે છે. ઘણા અધર્મી આત્માઓને જરા કાળમાં ભારે વેદના થતી હોય છે અને મોતનો ભય આંખ સામે ડોકિયાં કરતો હોય છે.'

થોડી વાર અટકીને મુનિ ભગવંતે આગળ જણાવ્યું : 'વત્સ, એ જ રીતે શારીરિક વ્યાધિ પણ આવે છે ત્યારે જીવ પ્રસન્ન રહી શકતો નથી. અનેક પ્રકારની કલ્પનાઓ તેના મનમાં ઘેરાઈ વળે છે. વ્યાધિ એ ભારે દુઃખદ છે છતાં ધાર્મિક આત્માઓ

આવા ભંયકર દુ:ખને પણ વિસરી જતા હોય છે અને પોતાનું ચિત્ત, પોતાની ધારણાઓ અને પોતાની આશા-ઇચ્છાઓ ભૂલી જઈ ને પ્રભુ ભક્તિમાં પોતાના દુ:ખનો સમય પસાર કરતા હોય છે અને માનવીને માથે જ્યારે મૃત્યુની તલવાર લટકતી હોય ત્યારે તે લગભગ ભ્રમિત બની જાય છે.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે જેનો જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત છે. જો શુભ કર્મ કર્યાં હોય તો ઉત્તમ પ્રકારનું નવું જીવતર પામે છે. પરંતુ જે જીવે પાપ અને પુણ્ય બન્નેને વેગળા રાખ્યા હોય તો તે જીવ મૃત્યુનું દ્વાર ખખડાવે છે. મરવું છે તે એક નિશ્ચિત સત્ય છે. આ જાણવા છતાં લોકો મૃત્યુથી ભડકીને દૂર ભાગવાનો પુરુષાર્થ કરતાં હોય છે, જીવનને ટેકો આપનારી અનેક પ્રકારની ઔષધિઓ તેઓ આરોગતા હોય છે, પણ આયુષ્ય કર્મ પૂર્ણ થતાં જ અનેક પ્રકારની સુવિધા, સાધનો અને શક્તિઓ છોડીને માનવી મૃત્યુને ખોળે પોઢી જાય છે.'

'વત્સ, એથી જ જૈનદર્શને જન્મ, જરા, વ્યાધિ અને મરણ પર વિજય મેળવવાની વાત વારંવાર ઉચ્ચારી છે અને ઘણા ભાગ્યશાળી આત્માઓએ ચારેય પર વિજય મેળવીને મુક્તિના સિંહાસન પર બિરાજમાન થાય છે. અનેક તીર્થંકર ભગવંતો, અનેક સિદ્ધ ભગવંતો આ સિંહાસક પર બિરાજમાન થઈ ચૂકયા છે. તેઓને કોઈ વાતની ચિંતા હોતી નથી. અનંત સુખ જેને કહી શકાય તેવા સુખ વચ્ચે તેઓ રહે છે. તેને કશું કાર્ય કરવાનું હોતું નથી. મનને માર્યા વગર જેમ સ્થિર થવાતું નથી તેમ જન્મ, જરા ને મૃત્યુને માર્યા વગર નિવૃત્ત થવાતું નથી.'

અચલકુમાર મુનિ ભગવંતની વાણી સાંભળીને અત્યંત પ્રભાવિત થઈ ગયો. તેના ચિત્તમાં ભાવનાની સરિતા વહેવા લાગી.

મુનિવરે અચલકુમારને જન્મ-મરણની દશા વિશદ રીતે સમ-

જાવી. ત્યારપછી મુનિરાજે અચલને કહ્યું : 'વત્સ, તારા હૈયામાં કોઈ પણ પ્રશ્ન રમતો હોય તો વિના સંકોચે જણાવ...!'

'મુનિવર, હું પણ આત્મશુદ્ધિની પવિત્ર ભાવનામાં ડૂબવા માગું છું. મારા હાથે છેલ્લું જે કાર્ય થયું તે પ્રજાના ભયને ટાળવા અર્થે જ હતું. પરોપકાર કરવાની ભાવના હતી. પણ જે ચોર હતો તેને લોકોએ મૃત્યુ દંડ આપ્યો. તે મને, મારા અંતરને ખળભળાવી મૂક્યું. મારા હાથે મહાદોષ થઈ ગયો. મારા કારણે જ તે ચોરરૂપી સાધુનું મૃત્યુ થયું. એ સાધુ મારા વિશ્વાસને કારણે રાજભવનમાં આવ્યા હતા...અને લોકોએ મૃત્યુદંડ આપ્યો. હું નગર છોડીને પશ્ચાત્તાપ કરવા માટે વન્યપ્રદેશમાં આવ્યો અને સળગતી ચિતામાં પડીને મારા દેહને ભસ્મિભૂત કરવા ઇચ્છતો હતો.

'વત્સ, તું તારા દેહને ભસ્મિભૂત કરે એ તો આત્મહત્યા કરી કહેવાય. પશ્ચાત્તાપનો એ માર્ગ સાચો નથી. દેહને બાળવાથી કર્મો નષ્ટ થતાં નથી. મેં અગાઉ કર્મની વાત કરી તેમ તારા કર્મોને નષ્ટ કરવા માટે ત્યાગ ધારણ કરવો ઉચિત છે.'

અચલકુમારે કહ્યું : 'મુનિવર, આ અજ્ઞાની આત્માને હજુ શબ્દો રૂપી અમૃત વરસાવીને સંસારની અસારતાનો બોધ આપો.'

મુનિવરે થોડી વાર રહીને કહ્યું : 'વત્સ, મન અને દેહની શુદ્ધિ તપ વગર થતી નથી. તેમ માયા, મમતા અને રાગથી રગદોળાયેલા આત્માની શુદ્ધિ ત્યાગ વગર થતી નથી. તપ અને ત્યાગની આરાધના કરનારને જ્ઞાન અને દર્શનરૂપી પ્રકાશનો સહારો લેવો જ જોઈએ. એ વગર તપ અને ત્યાગ પ્રત્યે સ્થિર ભાવ રાખી શકાતો નથી. તપ એ આત્મશુદ્ધિની એક ભવ્ય ક્રિયા છે અને આત્મશુદ્ધિ મનની મલિન વૃત્તિઓના નાશ વગર કદીય શક્ય બનતી નથી. ક્રોધ, મોહ, કામ, લોભ, મદ, મત્સર, માન રાગ વગેરે આંતરશત્રુઓનું દમન કરવા એક પવિત્ર આશયથી જ તપનું

આરાધન થાય છે. આંતરશત્રુઓને સાચવી રાખવાથી શુદ્ધિના માર્ગે જઈ શકાતું નથી.'

'વત્સ, માનવી અનેક સારાં કે નરસાં કર્મો વચ્ચે લપટાયેલો છે. એને રસનાનો શોખ હોય છે. સંપત્તિ મેળવવાની ભારે ઘેલછા હૈયામાં રમતી હોય છે. ભોગ ભોગવવાની લાલસા અંતરને કોરી ખાતી હોય છે. માન તથા સત્તા પ્રાપ્ત કરવાની ભાવના પણ જાગતી હોય છે. આ બધી ઇચ્છાઓ કોઈ કાળે આત્મશુદ્ધિ સર્જી શકાતી નથી. આત્માને આત્માના ગુણને અને આત્માની મૂળભૂત પ્રવૃત્તિને હંમેશાં અવરોધતી હોય છે. આવા અવરોધ ટાળવા માટે તપરૂપી શસ્ત્ર સિવાય અન્ય કોઈ શક્તિ આજ સુધી પેદા થઈ નથી.'

'ભગવંત, આપની વાણી સુમધુર અને માર્મિક છે. આપના દરેક શબ્દો મારા અંતરમાં ઉતરે છે, પણ એક પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે કે આપ આવા ભયાનક વન્યપ્રદેશમાં શીદ આવ્યા ? આપે આ માર્ગ કઈ રીતે અને શા માંટે ગ્રહણ કર્યો ? આ અંગે પ્રકાશ પાડશો.'

'વત્સ, તારું નામ શું છે ?'

'અચલકુમાર...'

'અચલ, તેં જે પ્રશ્ન કર્યો તેનો ઉત્તર સરળ છે. આજે જ્યારે તારા અંતરમાં પશ્ચાત્તાપની ચિનગારી જાગી છે તેવી જ મારી સ્થિતિ હતી.'

'એટલે...?' અચલે પ્રશ્નભરી નજરે જોયું.

'અચલ, હું પણ અજ્ઞાનવશ થઈને આત્મહત્યા કરવા માટે ગયો હતો અને તારી જેમ જ મને એક મુનિ ભગવંતનો અણધાર્યો ભેટો થયો હતો. તેઓએ મારા અંતરમાં બાઝેલા અજ્ઞાનતાના જાળાંને નષ્ટ કર્યાં અને સત્ય સમજાવ્યું. મારા જીવનમાં એવો પ્રસંગ બની ગયો હતો કે જેને કારણે જીવન હારી ગયો અને મૃત્યુનું શરણું પકડવા મક્કમ બન્યો હતો પણ એક મુનિરાજના

સંસર્ગે બચી શક્યો...'

'કૃપાળુ, આપ એ પ્રસંગ જણાવશો ?'

'અચલકુમાર, તને આશ્ચર્ય થશે કે શિકારી હતો. મારું જીવન પાપોથી યુક્ત હતું. અનેક નિર્દોષ અને અબોલ પ્રાણીઓની હત્યા કરી હતી પરંતુ મારા ગુરુદેવે મને બચાવ્યો અને પ્રકાશના માર્ગે લાવીને મૂક્યો. સંસારીકાળમાં મારું નામ વણસિંહ હતું. કાકંદી નામના પલ્લીમાં રહેતો હતો. મને સંગીતનો શોખ હતો. મારો કંઠ સારો હોવાથી સરસ ગાઈ શકતો હતો. ધીરે ધીરે મારા કંઠની પ્રશંસા મહારાજાના કાન સુધી પહોંચી. મહારાજાની રાજસભામાં ગાયનનો કાર્યક્રમ રજૂ થયો. મહારાજા મારા સંગીતથી અત્યંત પ્રભાવિત થયા અને શ્રેષ્ઠ ઉપહાર પણ આપ્યો. ત્યારપછી મહારાજા મને બે-બે દિવસે દરબારમાં બોલાવતાં અને મારા ગાયનનો કાર્યક્રમ રાખતા. એમાં એક દિવસ એવું બન્યું કે મહારાજાએ મને કહ્યું, 'વણસિંહ તારો સુરીલો કંઠ સૌ કોઈને આકર્ષી શકે છે. તું માણસોને એકઠાં તો કરી શકે છે પણ ચારપગા પ્રાણીઓને તારા ગાયનથી એકઠાં કરી શકે ખરો ?'

મેં મહારાજાને જણાવ્યું : 'હા...મહારાજ, એમાં શી મોટી વાત છે...?'

આઠ દિવસ પછી હું અને મહારાજા બન્ને વન્યપ્રદેશ તરફ નીકળી પડયા. વન્યપ્રદેશમાં અમે બંને ખૂબ આગળ નીકળી ગયા હતા. હું અને મહારાજા અશ્વારોહી હતા. બંને નીચે ઊતર્યા.

મહારાજાએ મારી સામે જોઈને કહ્યું : 'જો વણસિંહ, વન્યપ્રદેશના આ ભાગમાં હરણો ખૂબ જોવા મળે છે. અત્યારે કોતરોમાં છૂપાઈ ગયાં હોવાં જોઈએ. આજે તારા ગાયનની પરીક્ષા થશે. તું તારા સુરીલા સંગીતથી એવું વાતાવરણ સર્જી દે કે જેથી હરણોનાં ટોળાં આપોઆપ સંગીતના મધુર સ્વરથી અહીં આવીને થંભી

જાય. મને જણાવ કે તારાથી આ કાર્ય થઈ શકશે ખરું ? '

'મહારાજાના શબ્દોથી ત્યારે મને લાગ્યું કે હવે તો મારે સંગીતનો જાદુ પાથરવો પડશે અને સંગીતના મીઠા સુરોથી હરણોને અહીં લઈ આવવા પડશે.'

'હું કંઈ સાધક નહોતો. મેં સંગીતની સાધના કરી નહોતી. મારામાં જે કંઈ સંગીત હતું તે તો માત્ર કુદરતી બક્ષીસ જ હતી. હા, પણ સંગીતના સૂરોમાં ખોવાઈ જાઉં ત્યારે મને વાસ્તવિકતાનું ભાન રહેતું નહોતું. જ્યાં સ્વરની મસ્તી લાધી હોય ત્યાં વાસ્તવિક જગત વિસરાઈ જાય.'

'મેં મારું ગાયન શરૂ કર્યું. શરૂઆતમાં આલાપ ત્યારબાદ એક રચના ગાઈ અને એ રચનાને બહેલાવી...દૂર દૂરથી હરણાંઓ એકીટશે મારી સામે જોઈ રહ્યાં હતાં. તે હરણાંઓને થયું હશે કે આ નિરાપદ સ્થાન છે...તેથી સંગીતના સૂરોથી ખેંચાઈને મારી પાસે આવવા લાગ્યા. થોડી વારમાં તો મોટી સંખ્યામાં હરણાંઓ એકઠાં થઈને મારી પાસે ઊભાં રહ્યાં અને સંગીતના સ્વરોની મસ્તી માણવા લાગ્યાં. દરમિયાન મહારાજાએ મને ઇશારો કર્યો અને પોતાના સ્થાનેથી ઊભા થઈને એક વૃક્ષ પાસે ગયા અને થોડી વારમાં એક તીર છૂટયું સનનન કરતું તે તીર એક હરણિયાને ખુંચી ગયું.

અચલકુમારે વચ્ચે કહ્યું : 'ઓહ...બિચારું નિર્દોષ પ્રાણી...!'

'અચલ, મહારાજાએ હરણિયાનો શિકાર કર્યો ત્યારે મારા અંતરમાં કશું થયું જ નહોતું. કારણ કે મને સંસારના સુખોપભોગ પ્રિય હતા. મહારાજા મારા પર પ્રસન્ન થશે અને ઈનામ આપશે તેવી ભાવના જ રમતી હતી.'

'ઓહ...!' અચલકુમારના મુખેથી ઉદ્‌ગાર સરી પડયા.

'અચલ, પછી તો આ કાર્યક્રમ રોજનો થઈ ગયો. હું સ્વરનું માધુર્ય રેલાવું અને મહારાજા પોતાની હોંશ પૂરી કરે...એમને ખૂબ

સરળતાથી શિકાર મળતો હતો. મારા જીવન નિર્વાહનો પ્રશ્ન આ કારણે હલ થઈ ગયો હતો.'

'તો પછી આ સાધુનો વેષ ક્યારે ધારણ કર્યો?' અચલે ઉત્સુકતાથી પૂછ્યું.

'અચલ, હું તને એ જ વાત કરીશ. એક દિવસ રોજની જેમ હું અને મહારાજા વન્યપ્રદેશમાં પહોંચ્યા. મેં સ્વરનું માધુર્ય રેલાવ્યું. બિચારા નિર્દોષ હરણાઓ સંગીતના સૂરોના આકર્ષણથી દોડતા મારી પાસે આવી પહોંચ્યા. તેમાં એક ગર્ભિણી હરણી હતી. આ વખતે મહારાજાનું બાણ ગર્ભિણી હરણીના પેટમાં ખુંપી ગયું. ત્યાં ને ત્યાં તે હરણી તરફડતી નીચે પડી. રક્તની સરિતા વહેવા લાગી. થોડી વારે તે મરણ પામી અને તેના પેટમાંથી નીકળેલું બચ્ચું પણ તરફડિયા મારતું મરણ પામ્યું. મા અને તેનું બચ્ચું કારમી રીતે મરણ પામ્યા...' આટલું બોલતાં મુનિવરની આંખોમાં આંસુ ઊપસી આવ્યા.

'ઓહ...! કેવી ક્રૂરતા...!' અચલે કહ્યું.

'અચલ, આ દૃશ્ય, આ ઘટના મારા માટે અસહ્ય બની ઊઠી. આ ઘટનાનો આઘાત જીરવી ન શકાયો. હું એ દૃશ્ય જોઈ ને કંપી ઊઠયો હતો. આજે પણ આ દૃશ્ય નજર સમક્ષ આવે છે ત્યારે આંખો ભીની થઈ જાય છે. કરૂણ ઘટનાએ મારા જીવનમાં પણ પરિવર્તન આણ્યું. મારા નિષ્ઠુર હૈયામાં કરૂણતાનું ઝરણું ફૂટી નીકળ્યું. પશ્ચાત્તાપ કરવો જોઈએ તેમ મારો અંતરાત્મા કહેતો હતો. ત્યારે મેં ત્યાં જ એવો નિયમ ધારણ કરી લીધો કે ત્યાંથી આવા હિંસાના દુષ્ટકૃત્યોમાં ભાગ લઈશ નહિ. કોઈ પણ હિંસાત્મક ઘટનાનો નિમિત્ત નહિ બનું...!'

'પછી શું થયું...! મુનિરાજ...'

'અચલ, ભવિષ્યમાં આવા પાપાચાર ન કરવાનો નિર્ણય તો

કર્યો, પરંતુ થઈ ગયેલા પાપની શુદ્ધિ માટે કંઈક તો કરવું જ જોઈએ. મારા અંતરમાં એ જ વિચાર મજબૂતપણે સ્થપાઈ ગયો હતો કે મારા પાપોનું પ્રાયશ્ચિત્ત માત્ર મૃત્યુનું શરણું છે. તો જ જીવનને લાગેલા ડાઘ નષ્ટ થઈ શકશે.

'મુનિવર, મારી અને આપની ઘટનામાં ઘણી સામ્યતા છે.' અચલે કહ્યું.

'અચલ, ગર્ભિણી હરણી અને તેના બચ્ચાના મૃત્યુ પછી હું મહારાજા સાથે પાછો ન ગયો. ત્યાં જ રોકાઈ પડ્યો. મહારાજા તો શિકાર સફળ થયો તેથી આનંદમાં હતા. તેઓ મારા અંતરમાં રમતી વેદનાને પારખી શક્યા નહિ હું તરત જ એક ઊંચાઈવાળા પર્વત પર આવ્યો અને મનોમન નક્કી કર્યું કે અહીંથી કુદી પડીને મૃત્યુનું શરણું સ્વીકારી લઉં...હું કુદી પડવા માટે નીચો નમ્યો ત્યાં કોઈએ મારો હાથ પકડી લીધો અને શબ્દો સંભળાયા : 'ધર્મલાભ' ત્યાર પછી મેં પાછળ ફરીને જોયું તો મુનિરાજ હતા. મેં વંદન કર્યા. એમની સાથે વાતચીત થઈ. મેં મારી બધી વાત કરીને મનને મોકળું કર્યું. તેઓએ મને ધર્મની મહત્તા સમજાવી. માનવ-દેહની સફળતા સમજાવી અને ત્યાગનો માર્ગ સમજાવ્યો. મેં તરત જ તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. ગુરુદેવની નિશ્રામાં ઘણાં વર્ષો જ્ઞાન-ધ્યાન-તપ-સંયમની આરાધના કરી. ગુરુદેવની આજ્ઞાથી હું વિશેષ આત્મસાધના અર્થે આ વન્યપ્રદેશમાં આવ્યો છું. આત્મ-શુદ્ધિની કોશિષ કરું છું...'

'મુનિવર, માનવીને જ્યારે સદ્‌ગુરુનો મેળાપ થાય ત્યારે તેના જીવનમાં અણધાર્યું પરિવર્તન આવી જાય છે!

મુનિરાજે અચલકુમારને ચારિત્રજીવનની સાર્થકતા, એની મહત્તા, વિશેષતા અને માનવજીવન સફળ બની જાય તે પણ જણાયું.

અને...!

અચલકુમારના હૈયામાં વૈરાગ્યનો સૂર ગુંજવા લાગ્યો ...

આ સંસારમાં મનુષ્યભવ એક રત્નદ્વીપ તુલ્ય છે, અર્થાત અતિ દુર્લભ છે. માનવદેહ વિના ધર્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. ચાર ગતિમાં મનુષ્યની ગતિ શ્રેષ્ઠ ગણાય છે. દેવતાઓ વિષયસુખમાં રચ્યાપચ્યા રહે છે. નારકી જીવો વિવિધ દુ:ખો ભોગવવાથી સંતપ્ત થઈ રહેલા હોય છે. તિર્યંચો વિવેકથી વેગળા હોય છે એટલે મનુષ્યો જ માત્ર ધર્મ સામગ્રી પામીને જીવન સફળ કરી શકે છે.

સંસારનો પંથ સોહામણો, આકર્ષક અને અલબેલો હોવા છતાં એનો કોઈ છેડો નથી. ભવભ્રમણનો છેડો પ્રાપ્ત કરવા અર્થે માનવીએ વિરાગનો સીધો માર્ગ પકડવો જોઈએ. ગોળ વર્તુળમાંથી છટકીને સર્વત્યાગનો મંગલ પંથ માનવીએ ગ્રહણ કરવો જોઈએ. ગોળ ચક્રમાં રહીને દોડનારાઓ કદી વિરામ મેળવી શકતાં નથી. અને વિરાગના પંથ પર ચિર વિશ્રામ ક્યાંય લાધતો નથી.

અચલકુમારના અંતરમાં વૈરાગ્ય ભાવના બીજ રોપાઈ ગયા હતા. મુનિરાજની વાણીથી તેના ચિત્તમાં પરિવર્તન થયું હતું. તેણે મુનિવરને કહ્યું : 'ભગવંત, મારે સંયમનો માર્ગ ગ્રહણ કરવો છે...'

'વત્સ, સંયમનો માર્ગ કઠણ છે...'

'ભગવંત, આપની વાણીથી મારા અંતરને સાતા વળી છે.

ત્યાગ સિવાય આ આત્માનું કલ્યાણ થશે નહિ. આપ મને ચારિત્ર આપો...' અચલકુમારે કહ્યું.

મુનિવરે અચલકુમારને ચારિત્ર્યધર્મ સમજાવ્યો પછી ચારિત્ર ગ્રહણ કરાવ્યું.

થોડીવાર પહેલાં અચલકુમારના મસ્તક પર ફરકતાં કેશ તેના મુખની શોભા હતી તે કેશ ઉખડી ગયા. તેના દેહ પરનાં વસ્ત્રો બદલાઈ ગયાં.

અચલકુમાર અંગાર મટીને અણુગાર બન્યો....

અચલ સંસારી મટીને અચલમુનિ બન્યો...

અચલમુનિના મુખ પર પ્રસન્નતા પાંગરી ઊઠી.

દિવસનો પ્રથસ પ્રહર પૂરો થયો. અચલમુનિએ ગુરુદેવ સાથે રહીને વિકાર આદર્યો.

થોડા સમયમાં અચલકુમારે શાસ્ત્રોકત જ્ઞાન મેળવ્યું. ગુરુદેવની વાણી તેને હૈયા સોંસરવી ઊતરી જતી હતી.

અચલકુમારે તપ, ધ્યાનમાં મગ્ન બન્યા અને આત્મા સાધનામાં લીન થયા.

થોડા મહિનાઓ પસાર થયા પછી અચલમુનિએ ગુરુદેવની આજ્ઞાથી ઘોર તપ આદર્યું.

ગુરૂદેવ અચલમુનિને જે માર્ગે આગળ વધવા જણાવેલું તે રીતે અચલમુનિએ તપ-ધ્યાન આદર્યું હતું.

ધીરે ધીરે અચલમુનિનો દેહ વિવિધ લબ્ધિઓનો વાસ બની ગયો. અચલમુનિએ અનેક લબ્ધિઓ મેળવી લીધી.

અચલમુનિ લબ્ધિઓના માધ્યમથી શાસન પ્રભાવનાના અલૌકિક અને અનુપમ કાર્યો દર્શાવતા વિચારવા લાગ્યા.

અચલમુનિ આત્મજાગૃતિની સતત કાળજી રાખતા હતા. વિહાર કરતાં કરતાં તેઓ નિર્ભયપુર નગરીના પાદરે આવ્યા. નગરી બહારના

ઉદ્યાનમાં અચલમુનિ ઊતર્યા.

ઉદ્યાનના માળીએ મહારાજાને સમાચાર આપ્યા કે અચલમુનિ આપણી નગરીમાં વર્ષો પછી આવેલા છે. મહારાજાએ તરત જ ઉદ્યાનમાં જવા માટેની તૈયારી કરી.

નગરીમાં તો વાયુવેગે સમાચાર ફેલાઈ ગયા કે અચલમુનિ અન્ય કોઈ નહિ પણ અચલકુમાર જ છે. જેણે વર્ષો પહેલાં ચોરીના ઉપદ્રવમાંથી નગરજનોને પીડામુક્ત કર્યા હતા.

નગરજનોને જેમ જેમ અચલમુનિના સમાચાર મળતા ગયા તેમ તેમ સૌ અચલમુનિના દર્શનાર્થે આવતા ગયા. અચલકુમારના સંસારી માતાપિતા પણ નગરી બહારના ઉદ્યાનમાં દોડી આવ્યા.

અચલમુનિએ જાણ્યું હતું કે રામચંદ્ર મહારાજની ધર્મ પ્રત્યેની નિષ્ઠા નહિવત છે. મહારાજાને ધર્મ પ્રત્યે અનુરાગ બંધાય તે દૃષ્ટિકોણ પણ રાખ્યો હતો. અચલમુનિએ લબ્ધિજ્ઞાન દ્વારા આ વાત જાણી હતી.

અચલમુનિ એક વૃક્ષની નીચે બેઠા હતા. સામેના ભાગે નિર્ભયપુર નગરીના નગરજનો શ્રેષ્ઠીઓ બેઠા હતા. મહારાજા, મહાદેવી, કુસુમશેઠ, જયાદેવી તથા કમલ, તેના માતાપિતા વગેરે સૌ અચલ-મુનિને વંદન કરીને સ્થાન ગ્રહણ કર્યું.

અચલમુનિએ સહજ ભાવે ધર્મોપદેશ આપતાં કહ્યું : ‘ હે ભવ્યજીવો, મોહરૂપી અંધકાર વચ્ચે ખોવાયેલું મન એટલું નીંભર બની ગયું હોય છે કે સુખ અને દુઃખને જાણી શકતું નથી. દુઃખના મૂળ સમા સુખાભાસને સુખ માને છે અને મન તે મેળવવા ખાતર અંધકાર રૂપી ચક્કરમાં ભમ્યા કરે છે. મન પાછળ જ જીવ ખેંચાતો જાય છે અને જીવ પોતાના જ્ઞાન સ્વરૂપથી દૂર રહીને આ આંધળી દોટ પાછળ ભ્રમણ કરતો જ રહે છે...’

‘ દુઃખનું વાસ્તવિક રૂપ ગમે તેટલું ભયંકર હોય છતાં કર્મ-

નિર્જરાનું એમાં ઔષધ છૂપાયેલું હોય છે. પણ સુખાભાસની ભ્રમણા પાછળ ભૂલો પડેલો આત્મા દુઃખથી ગભરાય છે. અથવા અથવા અસંતોષી બનીને અનેક પ્રકારના માનસિક દોષો સર્જે છે. અને ધૈર્યપૂર્વક દુઃખનું મૂળ કારણ જાણ્યા, વિચાર્યા વગર દુઃખના નિમિત્તને જ કારણ માનીને ભટકયા કરે છે.'

અચલમુનિએ આગળ બોલતાં કહ્યું : 'દુઃખમાં રહેવું કર્મ-નિર્જરાનું દિવ્ય ઔષધ તેને દેખાતું નથી અને દુઃખના સમયે વધુ હાય બળતરા કરીને દુઃખને વધારવાનો જ પ્રયત્ન કરે છે.'

'આમ મન રૂપી મર્કટને નાથ્યા વગરનો અંધકારમાં આથડતો જ રહે છે. નથી દુઃખનો સાચો ઉપાય મળતો કે નથી સાચું સુખ નજરે ચડતું.'

સુખ પ્રત્યે રાગ ન હોય, દુઃખ પ્રત્યે દ્વેષ ન હોય, શત્રુ પ્રત્યે ક્રોધ ન હોય, મિત્ર પ્રત્યે મોહ ન હોય અર્થાત સર્વ જીવો પ્રત્યે સમદ્દષ્ટિ હોય, મનની વૃત્તિઓ પર વિજય મેળવ્યા વગર સમભાવ સ્થિર બની શકતો નથી.

જયાં સુધી મનની વૃત્તિઓ દાસીરૂપ ન બને અને સમભાવ જાગે નહિ ત્યાં સુધી આત્મદર્શન થવું અશકય છે.

જેના અંતકરણને આધ્યાત્મિક આરાધના સ્પર્શી જાય છે તેના હૈયામાં દીવડો પ્રગટી ઊઠે છે. તપ, દર્શન, જ્ઞાન, અહિંસા, જાગરણ વગેરે શુભ તત્ત્વોના પ્રભાવે સમદ્દષ્ટિનું અતિ સુખદ અજ-વાળું પ્રસરવા લાગે છે.

આથી મન પર વિજય મેળવ્યા વગર કોઈપણ દૃષ્ટિએ આત્મદર્શન થતું નથી. અમુક ગુણસ્થાનને પામવા માટે આત્માની વિશિષ્ટ ભૂમિકા બંધાવી જરૂરી હોય છે. તેમ આત્મદર્શન મનના મારણ પર જરૂરી હોય છે. મન ચંચળ હોય ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી.'

અચલમુનિએ ધર્મબોધ આપ્યો.

સંસારની અસારતાનો પરિચય કરાવ્યો.

નગરજનો તેમજ અગ્રણીઓ અચલમુનિની ધર્મદેશનાથી ભારે પ્રભાવિત થયા. મહારાજા, મહાદેવીના અંતરમાં પણ ધર્મ પ્રત્યે રૂચિ પેદા થઈ.

અચલમુનિએ મહારાજાની સામે જોઈને પ્રશ્ન કર્યો : 'રાજન, આપના મુખ પર વિષાદનો ભાર જણાય છે. આપ કઈ બાબતે ચિંતિત છો?'

મહારાજા રામચંદ્રે જણાવ્યું : 'મુનિરાજ, આ સંસારમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ રહેલી છે. તેમ હું પણ એક વ્યાધિથી પીડિત છું. મારી હસ્તિશાળામાં હાથીનો નવો ઉપદ્રવ શરૂ થયો છે. ન જાણી શકાય તેવા રોગથી મારા હાથીઓ પીડાઈ રહ્યાં છે. આ રોગના કારણે હાથીઓ બે-ત્રણ દિવસમાં મોતને શરણે જઈ ચડે છે, આનો ઉપાય શું છે?'

અચલમુનિ તો પહેલેથી જ મહારાજા રામચંદ્રની વાત લબ્ધિ-જ્ઞાન વડે જાણી શક્યા હતા. હાથીઓ કોઈ વિચિત્ર રોગથી પીડિત છે. આ ઉપદ્રવ દૂર કરવાનો છે. શાસન પ્રભાવનામાં આ પ્રસંગ ખૂબ જ ઉપયોગી બનશે. મહારાજા ધર્મ પ્રત્યે પણ વધુ આરૂઢ થશે.

અચલમુનિએ વિચાર્યું કે આ કાર્ય સહેલાઈથી પૂર્ણ ન કરાય. આવું વિચારીને અચલમુનિએ કહ્યું : 'રાજન, અમે સાધુ રહ્યાં એટલે આવી સાંસારિક ઉપાધિઓથી મુક્ત રહીએ છીએ. એમાં આચારભંગ થાય છે.

'મુનિવર, આપની વાત સત્ય છે પણ સંસારમાં કેટલાક કાર્યોને અપવાદરૂપ ગણવા જોઈએ.'

'એટલે?' અચલમુનિએ પ્રશ્ન કર્યો.

'મુનિવર, અહિંસા જેવો મોટો ધર્મ આ કાર્યમાં રહેલો

છે. નિર્દોષ પ્રાણીઓ કોઈ અજાણ્યા અને વિચિત્ર રોગથી પીડાઈને માત્ર બે–ત્રણ દિવસમાં જ મોતને શરણે જઈ ચડે છે.'

અચલમુનિએ દ્રવ્ય, અહિંસા તથા ભાવ અહિંસાનું વર્ણન કર્યું. એમણે સાધુનો આચાર શું હોય તે પણ રાજાને સમજાવ્યું.'

મહારાજા રામચંદ્રે અચલમુનિને ફરીને હસ્તિશાળામાં હાથીઓ પર થતાં ઉપદ્રવને નષ્ટ કરવાની વિનંતી કરી.

ત્યારે અચલમુનિએ સહજ ભાવે કહ્યું : ' રાજન, હું જ્યારે સંસારી અવસ્થામાં હતો ત્યારે મેં ચોરીના ઉપદ્રવને શાંત કરવાની પ્રતિજ્ઞા ધારણ કરી હતી. અને તેમાં સફળતા પણ મળી હતી. એ વાત તો આપ વીસરી ગયા નહિ હો...'

' ના...મને યાદ છે.. આથી જ આ ઉપદ્રવને શાંત કરવા માટે આપની પાસે રજૂઆત કરું છું...'

' રાજન, તે વખતે ઉપદ્રવ દૂર કરવામાં મારા મસ્તક પર માનવહત્યાનું મોટું કલંક લાગી ગયું હતું. એના બદલામાં મહા પ્રાયશ્ચિત્ત આવ્યું ને !

મહારાજા રામચંદ્રે થોડીવાર રહીને કહ્યું : ' મુનિવર, તે ચોરીનો પ્રસંગ જુદો હતો અને આ પ્રસંગ પણ જુદો જ છે. નિર્દોષ અને અબોલા જીવોના જીવનની રક્ષાનો મહામંત્ર આમાં છૂપાયો છે.'

અચલમુનિએ ઉપાય બતાવતાં જણાવ્યું કે કોઈ સાચા, નિસ્પૃહી સાધુના ચરણોનું પ્રક્ષાલન કરો અને એ પ્રક્ષાલન કરેલું જળ દરેક રોગિષ્ઠ હાથીઓ પર છાંટો તરત જ ઉપદ્રવ શાંત થઈ જશે.

મહારાજા રામચંદ્ર પોતાના હાથીઓને બચાવવાનો ઉપાય મળી ગયો. તેઓ તરત જ રાજભવનમાં આવ્યા અને મહામંત્રી તથા અન્ય અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી મહામંત્રીએ જૈન સાધુ કેવું કઠોર જીવન વ્યતિત કરે છે તે વાત રાજાને સમજાવી. મહામંત્રીએ રાજાને જણાવ્યું કે અચલમુનિ સાચા સાધુ અને

નિસ્પૃહી જીવન જીવતા મહાત્મા છે. તેમના જ ચરણોનું પ્રક્ષાલન કરીએ તો આપણું કાર્ય સિદ્ધ થાય.

એમ જ થયું.

નગરજનોની ઉપસ્થિતિમાં મહારાજાએ અચલમુનિના ચરણોનું જળ વડે પ્રક્ષાલન કર્યું અને એ જળનો છંટકાવ રોગથી પીડાતા હાથીઓ પર કરવામાં આવ્યો. થોડી જ પળોમાં જાણે હાથીઓમાં નવસંસાર થયો. રોગનાં લક્ષણો તો તરત જ ગાયબ થઈ ગયાં.

મહારાજા રામચંદ્રના હૈયામાં અચલમુનિની વાણી સ્થપાઈ ચૂકી હતી.

નગર બહારના ઉદ્યાનમાં અચલમુનિ કાઉસગ્ગ ધ્યાનમાં બેઠા હતા. દિવસનો પ્રથમ પ્રહર શરૂ થયો હતો.

વાતાવરણ પ્રસન્નતાથી છલકાઈ ઊઠ્યું હતું.

નગરજનો અચલમુનિના દર્શનાર્થે તેમજ ધર્મપ્રેરક વાણી સાંભળવા માટે આવતા હતા.

દિવસના પ્રથમ પ્રહર પછી અચલમુનિ કાઉસગ્ગ ધ્યાનમાંથી મુક્ત થયા. પ્રસન્ન ભાવથી સૌની સામે દૃષ્ટિ કરી.

મહારાજા રામચંદ્ર અને રાજપરિવાર પણ અપૂર્વ શ્રદ્ધા સાથે ધર્મસભામાં હાજર થયા હતા. રાજ્યના મહામંત્રી, રાજ-કર્મચારીઓ તથા અન્ય અગ્રણીઓ ધર્મસભામાં અગ્રભાગે બેઠા હતા.

મુનિરાજ અચલમુનિએ ધર્મપ્રેરક પ્રવચન આપ્યું. અચલ-મુનિએ કર્મના સિદ્ધાંત, કર્મ વિષેની ઊંડી સમજણ ઉપસ્થિત રહેલા ભાવિકોને આપી.

પ્રવચન પૂરું થયા પછી મહારાજા રામચંદ્રે પ્રશ્ન કર્યો : 'ભગવંત, આ સંસારનું ચક્ર કર્મને આધીન છે ?'

'હા... રાજન...!'

'મુનિવર, મારા હૈયામાં એક પ્રશ્ન ઉદ્ભવ્યો છે.'

'કહો...વિના સંકોચે...'

'મારા પ્રાણપ્રિય હાથીઓના વૃંદ પર જે વિચિત્ર અને ન સમજી શકાય તેવો રોગ આવી પડ્યો તે પાછળનું કારણ શું છે? આ ઉપદ્રવ સર્જાયો તે પાછળનું રહસ્ય શું છે?'

'રાજન, એમાં મોટું રહસ્ય છૂપાયેલું છે.'

'મુનિવર, એ રહસ્ય જાણવાની મારી ઇચ્છા છે.'

'રાજન, એ રહસ્ય પાછળ ચોરીનો ઉપદ્રવ જ કારણભૂત છે.'

'ચોરીનો ઉપદ્રવ...! કંઈ સમજાયું નહિ.'

'રાજન, આપને યાદ હશે કે નગરી પર ચોરીનો મહા ઉપદ્રવ થયો હતો. તે ઉપદ્રવ ફેલાવનાર એક પાખંડી સાધુ હતો. માયાની લાલચમાં આવીને તેણે ઉપદ્રવ શરૂ કર્યો હતો. એ સાધુના કરતૂત ખુલ્લા પડ્યા અને રાજભવનમાં આપની સમક્ષ હાજર થયો હતો. બીજે દિવસે એને સખ્ત સજા ફરમાવવામાં આવી હતી. નગરજનોના પથ્થર મારાથી તે મૃત્યુ પામ્યો. એ મૃત્યુ પામ્યો ત્યારે રાજા પ્રત્યે ભારોભાર દ્વેષ જાગ્યો હતો. તે દ્વેષની લેશ્યામાં જ મૃત્યુ પામ્યો. તે સાધુ મૃત્યુ પામીને વ્યંતર નિકાયમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. વ્યંતરની દશામાં એને આપનું સ્મરણ થયું અને દ્વેષ જાગૃત થાય તે સાધુ રૂપી વ્યંતરે આપને પરેશાન કરવાનો માર્ગ લીધો. હાથી પર જે રોગનો ઉપદ્રવ થયો તેનું કારણ આ વ્યંતર જ છે.'

'ઓહ...વેર લેવાની ભાવના કેવી કહેવાય? મુનિવર, મને એ વાત ન સમજાઈ કે એ સાધુરૂપી વ્યંતરને દ્વેષ મારા પર હતો પણ ઉપદ્રવ હાથી પર કેમ?'

'રાજન, એ વ્યંતર જાણતો હતો કે મહારાજાને હાથીઓ પર અતૂટ પ્રેમ છે. જો હાથીઓને કંઈ કરવામાં આવે તો મહારાજ ખૂબ જ દુઃખી થવા માંડશે. આ રીતે તે પોતાની આશા સજીવન

કરી શકશે.'

'બરાબર...મુનિરાજ...પરંતુ આપના પ્રક્ષાલજળ સામે એની શક્તિ ક્ષીણ થઈ ગઈ ને !'

'રાજન, તપધર્મનો મહિમા અજબ છે. તપ થકી જ મારી કાયા લબ્ધિ સંપન્ન થઈ ગઈ છે. લબ્ધિ સંપન્ન કાયાના કારણે એના પરમાણુઓનો પ્રતિકાર કરવો એ વ્યંતરના હાથની વાત નહોતી.

આ વાત જાણી એ મહારાજા સહિત સર્વ ભાવિકો અચલમુનિને નમી પડચા. ભાવથી વંદન કર્યાં.

મહાતેજસ્વી, તપસ્વી અચલમુનિએ ત્યાં બેઠેલા સર્વ ભાવિકોને ધર્મલાભ આપ્યા. ધર્મ પ્રત્યે શ્રદ્ધા કેળવીને તેમાં નિમગ્ન રહેવા જણાવ્યું.

અચલમુનિની વાણીનો પ્રભાવ અપૂર્વ રહ્યો. એ દિવસથી નિર્ભયપુર નગરીના લોકો ધર્મ પ્રત્યે વધુ અનુરાગવાળા બન્યા.

મહારાજા રામચંદ્ર અને રાજપરિવાર પણ જિનશાસનના આરાધકો બનીને પોતાના આત્માનું કલ્યાણ સાધવામાં મગ્ન બન્યા.

સર્વત્ર જિનશાસનનો જય જયકાર થવા લાગ્યો.

# ઉપસંહાર

મુનિરાજ અચલમુનિ નગરે નગરે વિચરીને જિનશાસનનું મહાત્મ્ય લોકોને સમજાવીને ધર્મ તરફ જાગૃત કર્યા. તેમણે શાસન પ્રભાવનાના ઉમદા કાર્યો કરીને આ જ ભવમાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

તપસ્વી અચલમુનિએ બાકી રહેલું આયુષ્ય, અહિંસા, સંયમ અને તપના ઉજ્જવળ માર્ગે વ્યતિત કર્યું.

એમનું આયુષ્ય પૂર્ણ થતાં સૌધર્મ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાં જ સમ્યગ્ દર્શનની અપૂર્વ આરાધનમાં પોતાનું જીવન પસાર કર્યું અને ચ્યવન થયા.

મહાવિદેહ ક્ષેત્ર...

એમાં વચ્છા નામનો વિજય.

તેમાં શ્રી જયપુરી નામની સુંદર અને દર્શનીય નગરી.

આ નગરીનો રાજા પુરંદરજશ અને રાણી સુદંસણા.

એકવાર રાણી સુદંસણાને રાત્રીના અંતિમ પ્રહરે ગાઢ નિંદ્રામાં ચૌદ સ્વપ્નો આવ્યા. રાણીના હૈયામાં આનંદનો મહાસાગર ઝુલવા લાગ્યો

રાણીએ સ્વામીને સ્વપ્નાની વાત કરી. તરત જ નિમિતજ્ઞોને બોલાવવામાં આવ્યા.

નિમિત્તજ્ઞો કહે મહારાણીની કુખે પુત્ર જન્મશે તે કાં તો તીર્થંકર થશે અથવા ચક્રવર્તી થશે.

મહારાજાએ નિમિતજ્ઞોને મોં માગ્યું ઈનામ આપ્યું.

અને મહારાણી સુદંસણાની કુખે શુભ ઘડીએ પુત્રજન્મ થયો. ચારેકોર આનંદનો ઉત્સવ રચાયો.

દેવો અને ઈન્દ્ર દોડી આવ્યા.

અપ્સરાઓ અને ઈન્દ્રાણીઓ પણ આ શુભ પ્રસંગને વધાવવા આવી ગયા.

સંગીતની સુમધુર સુરાવલીઓ ગુંજવા લાગી.

જન્મ કલ્યાણકની ચારે તરફ ગુણગાન ગવાયા.

સૌના મુખ પર હર્ષ, આનંદ અને ઉમંગ છવાયો હતો.

અને મેરુ પર્વત પર અભિષેકના પુર ઉભર્યાં.

જન્મકલ્યાણનો પ્રસંગ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો અને એક દિવસ નામ આપવામાં આવ્યું...જયમિત્ત.

દિવસો નહિ પણ વર્ષો પસાર થવા લાગ્યાં.

જયમિત્ત યુવાનીને ઉંબરે આવ્યા.

જયમિત્તના હૈયામાં પૂર્વના સંસ્કારો જાગૃત થવાથી ચારિત્ર લેવા માટે અંતર ઝંખી ઊઠયું.

જયમિત્તે સંયમનો માર્ગ ગ્રહણ કર્યો. વર્ષાદાનનો પ્રસંગ ઉજવાયો. જયમિત્ત અશોકવૃક્ષ પાસે આવ્યા. સુંદર મોંઘેરા આભુષણો ધારણ કરેલા હતા. નગરજનો પણ આ પ્રસંગનો લ્હાવો લેવા ઊમટી પડયા હતા.

કુમાર જયમિત્તે એક પછી એક આભુષણોનો ત્યાગ કરવા માંડયો.

કુમાર જયમિત્ત હવે અણગાર જયમિત્ત બન્યા.

જયમિત્ત અણગારને જોઈને નગરજનો ધન્ય ધન્ય પોકારી ઊઠયા. એમણે પગલાં ઉઠાવ્યાં. વિહાર આદર્યો.

થોડા સમય પછી કર્મના જાળાનો છેદ થયો અને કેવળ-જ્ઞાનનો પ્રકાશ ઝગમગી ઊઠ્યો. દેવો, દેવેન્દ્રો તથા અનેક લોકો દોડી આવ્યા.

સમવસરણની રચના થઈ.

જયમિત્ત કેવળજ્ઞાનીએ ધર્મદેશના આપી.

સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની મહત્તા કેટલાકને હાથ લાગી. તેઓએ સંયમનો માર્ગ સ્વીકાર્યો. શાસનની સ્થાપના થઈ.

આમને આમ થોડાં વર્ષો પસાર થયાં. કેવળજ્ઞાની જયમિત્તની દેશનાથી અનેક જીવો તરી ગયા. અનેક જીવો ભવસાગર પાર કરી ગયા.

અને એક દિવસ આયુષ્ય બળ ખૂટતા કેવળજ્ઞાની જયમિત્તે દેહનો ત્યાગ કર્યો.

અને જયમિત્ત પ્રભુ નિર્વાણપદ પામ્યા.

ત્યાગ એ જીવનનો પરમ મંત્ર છે.

ત્યાગ એ જીવનનું સાચું તત્ત્વ છે.

ત્યાગ એ આત્મદર્શનનો આયનો છે.

ત્યાગ વગર મુક્તિ નથી, સુખનું સાચું દર્શન ત્યાગમાં છે.

મુકિતની ઝાંખી અને પ્રાપ્તિ ત્યાગ સિવાય અન્ય કશે અસંભવિત છે. આત્માની સમગ્ર શક્તિઓને વિકસાવનારું કોઈપણ ચિરંજીવ, અનુપમ, દિવ્ય ઔષધ હોય તો તે યાગ છે...કેવળ ત્યાગ છે......

(સમાપ્ત)

# મૃગાવતી

•

## ૧ : : યક્ષનું વરદાન

કૌશાંબી નગરી.

અતિ સમૃદ્ધ અને સુમનોહર નગરી. એ વખતે કૌશાંબી નગરી પર મહારાજા શતાનિકનું શાસન હતું. મહારાજા શતાનિકના કુશળ રાજ્યસંચાલનને કારણે નગરીની પ્રજા સુખી અને ભયમુક્ત હતી. કોઈ જગ્યાએ દુ:ખનો પરિતાપ નહોતો. અસંતોષનો દાવાનળ નહોતો. અતૃપ્તિની જ્વાળા નહોતી.

કૌશાંબી નગરી દર્શનીય અને જોવાલાયક હોવાને કારણે પરગામના લોકો ખાસ નગરી જોવા માટે આવી ચડતા, પ્રવાસીઓ, વટેમાર્ગુઓ પણ કૌશાંબી નગરીની ભવ્યતા અને સમૃદ્ધિના દર્શનાર્થે આવતા. પ્રવાસીઓ નગરીને નિહાળીને મોંમાં આંગળા નાખી જતા અને સમૃદ્ધિના શિખર સમી નગરીની ભવ્યતા જોઈને અચંબામાં પડી જતા અને અપાર આનંદની લાગણી અનુભવતા હતા.

મહારાજા શતાનિકને મૃગાવતી નામની રાણી હતી. મૃગાવતી વૈશાલીના મહારાજા ચેટકની કન્યા હતી. મૃગાવતી સુશીલ, સંસ્કારી અને ધર્મ પ્રત્યે આસ્થા રાખનારી હતી. તે અનિદ્ય રૂપ ધરાવતી નારી હતી. મહારાજા શતાનિકની પ્રીતિ તેના પરત્વે વિશેષ હતી.

મહારાજા શતાનિકે પ્રજાકલ્યાણની ઉચ્ચ ભાવનાને મૂર્ત કરવા માટે વિવિધ યોજનાઓ પણ ઘડી કાઢી હતી. દરેક યોજનાઓને સાકાર રૂપ આપતાં પહેલા મહારાજા મંત્રીઓ સાથે પરામર્શ કરી લેતો હતો. યોજનાઓ તત્કાળ અમલમાં આવે તેનો સુયોગ્ય પ્રબંધ પણ કરવામાં આવતો હતો.

મહારાજા શતાનિકે નગરીને દૈદિપ્યમાન બનાવવા માટે સુશોભિત કરવા માટે વિવિધ સ્થળે કૃત્રિમ ફૂવારાઓની રચના, ઉદ્યાનોની રચના પણ કરાવી હતી. નગરીમાં અને નગરી બહાર આવેલા ઉદ્યાનોમાં વૃક્ષો, સુંદર લતાઓ, વિવિધ રંગબેરંગી સુગંધી પુષ્પો ઉગાડવામાં આવ્યાં હતાં.

કૌશાંબી નગરીના દરેક માર્ગો સુઘડ અને સ્વચ્છ રહે તે માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. નગરીની મધ્યમાં શ્રી જિનેશ્વર ભગવંતનું ભવ્ય જિનાલય આવેલું હતું. નગરીના લોકો પ્રાતઃકાળ પછી સેવાપૂજા અર્થે પધારતા અને પ્રભુભક્તિમાં લીન બની જતા. તેમાંય મૂળનાયક શ્રી આદિશ્વર ભગવંતની પ્રતિમાજી અતિ તેજસ્વી અને ચમત્કારીક હતી.

એ રીતે કૌશાંબીમાં ભગવાન નટેશ્વરનું મંદિર શૈવપંથીઓ માટે આંતરિક પ્રેરણા સમું હતું. કૌશાંબી નગરીમાં દરેક બજારો ધમધમતી હતી. વેપાર રોજગારનો વિકાસ અપૂર્વ હોવાને કારણે પરગામના વેપારીઓ સામગ્રી ખરીદવા કૌશાંબી નગરીમાં આવતા હતા.

મહારાજા શતાનિક પ્રજાવત્સલ રાજવી હોવાથી તેમણે પ્રજાજનોના હૃદયમાં અનોખું સ્થાન મેળવ્યું હતું. તેમના રાજ્યસંચાલનમાં પ્રજા દરેક વાતે સુખી અને સમૃદ્ધ હતી. મહારાજા શતાનિક ક્યારેક નગરચર્યા માટે નીકળી જતા અને પોતાની પ્રજાની સારસંભાળ લેતા. નગરીની રક્ષણ વ્યવસ્થાનું પણ મહારાજા શતાનિક અવારનવાર નિરીક્ષણ કરતા રહેતા.

પ્રજાવત્સલ રાજવીનું કર્તવ્ય છે કે તેણે પ્રજાજનો વચ્ચે ફરીને જાણવું જોઈએ કે મારી પ્રજામાં અસંતોષ તો નથીને ? દુ:ખનો પરિતાપ તો નથી ને ? લોકહૈયામાં મારા પ્રત્યે અસદ્‌ભાવ, અજંપો તો નથી ને ? પરંતુ જ્યાં રાજા પોતે જ સદાચારી, સંસ્કારી, સદ્‌ગુણી અને ન્યાયી હોય ત્યારે પ્રજામાં અસંતોષનો અગ્નિ પ્રગટતો નથી.

મહારાજા શતાનિક નિયમિતપણે શ્રી જિન પૂજાપાઠ આદિ અર્થે દરરોજ પ્રાત:કાળ પછી પ્રિયા સાથે જતાં હૈયામાં ભાવભરી ભક્તિ ભરી હતી. સેવાપૂજા કર્યા બાદ પ્રસન્ન અને મધુર સ્વરે સ્તુતિ ગાતા ત્યારે તેમનું હૈયું દ્રવિત બની જતું.

આવી સુખી, સમૃદ્ધ અને પ્રજાવત્સલ રાજવીની નગરીમાં નિવાસ કરતો એક ચિત્રકાર પોતાની કલાની વિશેષ ઉપાસના અર્થે એકવાર સાકેતમાં આવ્યો.

ચિત્રકાર જ્યારે સાકેતમાં આવ્યો ત્યારે પાંથશાળામાં ઉતરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત ન થતાં તે એક વૃદ્ધાને દ્વારે આવ્યો.

ચિત્રકારે વૃદ્ધાને નમન કરતાં કહ્યું : ‘ માજી, હું કૌશાંબીથી આવું છું. સાકેતમાં થોડો સમય રહીને ચિત્રકલાની ઉપાસના કરવા માગું છું. આપ મને આશરો આપશો ? ’

વૃદ્ધાએ કહ્યું : ‘ આવ, પુત્ર આવ...તને ઠીક પડે ત્યાં સુધી અહીં રહેજે. મારો પુત્ર પણ ચિત્રકાર છે ’

અને ચિત્રકારને વૃદ્ધાને ત્યાં આશરો મળી ગયો.

આઠ દિવસ પછી ચિત્રકાર બજારમાંથી સંધ્યા ટાણે વૃદ્ધાને ત્યાં પહોંચ્યો ત્યારે વૃદ્ધા આક્રંદ કરી રહી હતી.

ચિત્રકારે તરત જ વૃદ્ધાને પૂછ્યું : ‘ માજી, આપ શામાટે આક્રંદ કરી રહ્યાં છો ? આપના પર શી આપત્તિ આવી પડી ?

આપની મુશ્કેલી દર્શાવો અને મારાથી શકય હશે એટલી મદદ કરીશ.'

વૃદ્ધા કશું ન બોલી પણ એ ધ્રૂસકે ધ્રૂસકે રડતી રહી.

ચિત્રકારે ફરીને વૃદ્ધાને હૈયામાં ડોળાતો પ્રશ્ન કહેવા જણાવ્યું.

ત્યારે વૃદ્ધા થોડીવારે શાંત રહીને કહ્યું : ' ચિત્રકાર, આ નગરીમાં સુરપ્રિય નામનો યક્ષ નિવાસ કરે છે. આ યક્ષ દર વર્ષે એક વ્યક્તિનો ભોગ લે છે. જે તે વ્યક્તિએ તે સુરપ્રિય યક્ષના દેવાલયમાં જવાનું હોય છે અને તેનું ચિત્ર આંકવાનું હોય છે. આમાં ક્રમાનુસાર દરેક ઘરનો વારો આવતો હોય છે. આ વખતે મારા પુત્રને તે દેવાલયમાં જવાનો વારો આવ્યો છે અને મને લાગે છે કે મારો પુત્ર નિશ્ચિંત તે યક્ષનો ભોગ બની જશે. ત્યાં ગયેલો માણસ પાછો ફરતો નથી.'

' ઓહ...આ પ્રમાણેનું નક્કી કોણે કરેલું છે ? ' ચિત્રકારે પ્રશ્ન કર્યો.

' ગામના લોકોએ તથા રાજાએ ભેગા મળીને આ વાત નક્કી કરેલ છે. યક્ષના મંદિરમાં ચિત્ર આંકવા જવું એટલે યમના મુખમાં પ્રવેશ કરવા જેવું છે...' વૃદ્ધાએ રડતાં રડતાં જણાવ્યું.

ચિત્રકારે વૃદ્ધાને સાંત્વન આપતાં કહ્યું : ' માજી, આપ નચિંત બની જાઓ. યક્ષના મંદિરમાં આપના પુત્રને બદલે હું જઈશ.'

વૃદ્ધા ચિત્રકારનો ઉત્તર સાંભળીને વિચારમાં પડી ગઈ. એને આ કૌશાંબીનો યુવાન ચિત્રકાર એના પુત્ર જેટલો જ પ્રિય હતો. આવા આશાભર્યા યુવાનને શી રીતે મોકલાય ? ત્યાં એની મા, બહેન તથા અન્ય પરિવારના સભ્યો પ્રતિક્ષા કરતાં જ હશે...! મારે આંગણે ઉતરેલા અતિથિનો આ રીતે ભોગ કેમ દેવાય ? ના... ના...ના...

વૃદ્ધા બોલી : ' દીકરા, તું પણ મારા પુત્ર સમાન છો. તું

મારા આંગણે આવ્યો છે. મારાથી તને તે યક્ષ પાસે શી રીતે મોકલાય? ના...ના...તે યક્ષ તો જે જાય તેનો ભોગ જ લે છે. મારે તને મોતના મુખમાં ધકેલવો નથી...'

'માજી, આપ જરાય ચિંતા ન કરો. એ સુરપ્રિય યક્ષને હું જોઈ લઈશ. એ યક્ષ આપના પુત્રને ભરખી જાય એવું તો કોઈ કાળે થવા દઈશ નહિ.' કૌશાંબીના ચિત્રકારની આંખોમાં નિર્ભયતા અને આત્મવિશ્વાસનું તેજ ચમકી ઊઠયું.

તે કાળમાં યક્ષોની સત્તા ઈશ્વરી પ્રભાવને પણ આંબી ગઈ હતી. એ સમયે યક્ષોની મોટા ભાગે પૂજા થતી અને યક્ષના ભયથી લોકો થરથરતા. યક્ષના નામે જે આજ્ઞા પ્રચલિત અને પ્રસારિત થઈ હોય તેની સામે કોઈ ઊંચી આંગળી પણ કરી શકતું નહિ. યક્ષની આજ્ઞાને ઉથાપવાનું સાહસ કોઈ કરી શકતું નહોતું.

એ સમયમાં યક્ષોનું વર્ચસ્વ જનસમુદાયમાં વિશેષ કરીને હતું. યક્ષો મહામારી ફેલાવીને ગામના ગામ ઉજ્જડ અને વેરાન બનાવી શકતા હતા. યક્ષ કે યક્ષિણીનું નામ સાંભળતાં જ લોકો ભારે ભયભીત બની ઊઠતાં હતાં. યક્ષની સામે થવાનું કોઈનું સાહસ જ નહોતું રહેતું.

યક્ષ સામે લડી લેવાની હિંમત દાખવનાર કૌશાંબીના ચિત્રકારની નિર્ભયતા જોઈને વૃદ્ધા અચંબામાં પડી ગઈ.

કૌશાંબીના ચિત્રકારે મનમાં કલ્પના કરી કે હું જઈશ તો બે કાર્યો સિદ્ધ થશે. એક તો વૃદ્ધાનો પુત્ર બચી જશે અને બીજું સાકેતમાં ત્રાસ વરતાવતી મહામારી અટકશે. સાકેતપુરમાં આ યક્ષની પ્રતિમા જો કોઈ ચિત્રકાર ન આંકે તો રોગચાળો ફાટી નીકળે એવી લોકોની સતત બીક પણ ભાંગી જશે.

યક્ષ સુરપ્રિયના દેવાલયમાં જે રાત્રીકાળ પસાર કરે તે બીજે દિવસે જીવીત ન રહે એ વાત ચોક્કસ હતી.

કૌશાંબીના યુવાન ચિત્રકારે વૃદ્ધાને સમજાવ્યું કે પોતે આ કાર્ય પૂર્ણ કરશે. બે દિવસ પછી જવાનું હોવાથી તેણે બે દિવસના ઉપવાસ કર્યા, અંતઃશુદ્ધિ કરી. શરીરે સ્નાન કરી અને ચંદનનું વિલેપન કર્યું. અંતરની અને બહારની શુદ્ધિ કરીને, પવિત્ર ભાવનાથી મુખ આડું આઠવડું વસ્ત્ર બાંધીને તે તદ્દન નવીન પીંછીઓ અને રંગો લઈને સુરપ્રિય દેવાલય તરફ જવા નીકળી પડ્યો.

થોડીવારમાં કૌશાંબીનો ચિત્રકાર દેવાલયમાં આવી પહોંચ્યો. અને ત્રણવાર ઈષ્ટદેવનું સ્મરણ કરીને યક્ષની મૂર્તિ આલેખવા બેસી ગયો.

શુદ્ધ, પવિત્ર ભાવના સાથે ગયેલો યુવાન ચિત્રકાર સામે યક્ષ શી રીતે ટકી શકે ? મલીન વૃત્તિવાળો દેવ શું કરી શકે? જ્યાં પવિત્રતાનો વાસ હોય ત્યાં મલીન શક્તિ મૃતઃપ્રાય બની જાય છે.

કૌશાંબીનો ચિત્રકાર પૂરા ભક્તિભાવથી ચિત્રાંકનમાં તલ્લીન બનીને બેસી ગયો હતો.

થોડીવાર રહીને યક્ષ સુરપ્રિયનું આગમન થયું.

સુરપ્રિય યક્ષ ભક્તિભાવમાં તલ્લીન બનેલા ચિત્રકારને જોઈને જ પ્રસન્ન બની ગયો. સુરપ્રિયે પ્રત્યક્ષ દર્શન આપીને ચિત્રકારને કંઈક માગવાનું જણાવ્યું.

કૌશાંબીના ચિત્રકારે પોતાના માટે કશું જ ન માગ્યું.

સુરપ્રિય યક્ષે ચિત્રકારને કંઈક માગી લેવા માટે ફરીને આગ્રહ કર્યો.

ત્યારે ચિત્રકારે મધુર સ્વરે કહ્યું: ‘યક્ષદેવ, આપ ખરેખર મારા પર પ્રસન્ન થયા હો તો હવે પછીથી કોઈ પણ ચિત્રકારનો ભોગ ન લેવાનું વચન આપો.’

સુરપ્રિય યક્ષ થોડીવાર માટે વિચારમાં પડી ગયો અને પછી સહર્ષ ચિત્રકારની માંગણીને સ્વીકારી. પણ આથી યક્ષને સંતોષ ન થયો.

સુરપ્રિય યક્ષે કહ્યું : 'ચિત્રકાર, તું તારા માટે તો કશુંક માગ...યક્ષના આગ્રહ પાછળનો ઉદ્દેશ હતો કે ચિત્રકાર પોતાના માટે પણ કંઈક માગી લે...પણ ચિત્રકારના હૈયામાં પોતાના માટે કશું પણ માગવાની ભાવના જન્મી નહોતી.

યક્ષે ફરીવાર ચિત્રકારને પોતાને માટે માગી લેવા જણાવ્યું.

ત્યારે ચિત્રકારે વિનમ્ર સ્વરે કહ્યું : 'યક્ષમહારાજ, આપની પ્રસન્નતા નિહાળીને એટલું માગું છું કે આ નગરીને મહામારી જેવા ઉપદ્રવથી મુક્ત રાખજો. નગરજનો આ ઉપદ્રવથી ક્યારેય ન પીડાય તે હવેથી આપ નિહાળજો...'

સુરપ્રિય યક્ષ યુવાન ચિત્રકારની બન્ને માગણીથી સંતોષ પામ્યો અને બન્ને માગણીનો સ્વીકાર કર્યો.

સુરપ્રિય યક્ષે કહ્યું : 'ચિત્રકાર, તેં બીજાના કલ્યાણ માટે ઘણું માગી લીધું. હું તો તારી ચિત્રકલાથી અધિક પ્રસન્ન થયો છું. તારી ચિત્રકલાને બિરદાવી છે. તારી ચિત્રકલાને બિરદાવવા માટે, અભિનંદવા માટે એટલું કહું છું કે તું હવે પછીથી મનુષ્ય, પશુ કે પંખીના કોઈ એક અંશને નીરખ્યા પછી તેનું આખું યથાસ્થિત ચિત્ર આંકી શકશે.'

સુરપ્રિય યક્ષે કૌશાંબીના ચિત્રકારને આશીર્વાદ આપ્યા.

ચિત્રકાર યક્ષને વંદવા લાગ્યો. ચિત્રકાર પર યક્ષે પ્રસન્ન થઈ તે વરદાન આપ્યું હતું.

ચિત્રકાર પોતાનું કાર્ય સમાપ્ત કરીને વૃદ્ધાને ઘેર આવ્યો. ચિત્રકારને જીવિત જોતાં જ વૃદ્ધા તથા તેનો પુત્ર આશ્ચર્યચકિત બની ઊઠ્યા. ચિત્રકારે ત્યાં બનેલી તમામ હકિકત જણાવી.

બીજે દિવસે સમગ્ર સાકેતપુરમાં ચિત્રકાર અને યક્ષ વચ્ચે બનેલી ઘટનાની ચર્ચા ચાલી. નગરજનોએ કૌશાંબીના ચિત્રકાર પર આશીર્વાદનાં પુષ્પો વરસાવ્યાં.

કૌશાંબીનો ચિત્રકાર સાકેતપુરમાં રહીને ચિત્રકલાની સાધના કરવા લાગ્યો. જોતજોતામાં તેની કલાની ચારે તરફ ચર્ચા થવા લાગી. થોડા સમયમાં ચિત્રકારનું નામ ચારેય દિશાએ ગુંજવા લાગ્યું.

એકવાર કૌશાંબીના મહારાજા શતાનિકનું આમંત્રણ ચિત્રકારને મળ્યું. ચિત્રકારને કૌશાંબી આવી જવાનું કહેણ હતું.

ચિત્રકાર તરત જ કૌશાંબી પહોંચ્યો અને મહારાજા શતાનિકને મળ્યો.

મહારાજા શતાનિકે ચિત્રકારને એક ચિત્રશાળા રચવાનું કાર્ય સોંપ્યું. મહારાજાએ જણાવ્યું કે તે ચિત્રશાળામાં વિવિધ પ્રકારનાં જાનવરો તેમજ વિવિધ કલાત્મક કૃતિઓની રચના કરવી.

મહારાજા શતાનિકે ચિત્રકારને તમામ પ્રકારની સગવડ કરી આપી. ચિત્રકાર રાતદિવસ જોયા વિના ચિત્રો અંકિત કરવામાં વ્યસ્ત થયો.

દિવસો પસાર થવા લાગ્યા.

એક દિવસ ચિત્રકારે મહારાણી મૃગાવતીનું ચિત્ર ચિત્રશાળામાં આલેખવા માંડયું.

ચિત્રકારે પોતાના જીવનમાં કયારેય મહારાણી મૃગાવતીનાં દર્શન કર્યાં નહોતાં. અંતઃપુરની ચાર દીવાલો વચ્ચે રહેનારી અનિદ્ય રૂપ ધરાવતી નારીના દર્શન ભાગ્યે જ કોઈ કરી શકતું હતું, પરંતુ એકવાર ચિત્રશાળામાં બેઠાં બેઠાં ચિત્રકારે ઝરૂખામાં ઊભેલી મૃગાવતીના પગની પાની જોયેલી. એ ઉપરથી એની ચિત્રસાધનાએ તેને મહારાણીનું સર્વાંગ સંપૂર્ણ ચિત્ર દોરવા માટે પ્રેર્યો.

ચિત્રકારને યક્ષના આશીર્વાદ હતા, વરદાન હતું. આ વરદાનના કારણે જ તેણે મૃગાવતીના એકમાત્ર પગની પાનીનાં દર્શનથી સમગ્ર દેહની આબેહુબ રેખા ચિત્રશાળાની દીવાલ પર અંકિત કરી હતી.

હવે એમાં એવું બન્યું કે ચિત્રકારે મૃગાવતી મહાદેવીનું ચિત્ર દીવાલ પર આબેહુબ દોરી કાઢ્યું. પરંતુ ચિતરતી વખતે તે ચિત્રમાં જાંઘ પર એક કાળા તલના જેવું ચિહ્ન પીંછીમાંથી ટપકું પડીને ઊઠી આવ્યું.

ચિત્રકારની દૃષ્ટિમાં આ વાત આવી કે તરત જ તેણે તે ટપકું કાઢી નાખ્યું. પણ ફરીને ત્યાં જ કાળું ટપકું પડ્યું. આથી ચિત્રકારે ફરીને તે ચિહ્ન કાઢી નાખ્યું ત્યાં ત્રીજી વાર ટપકાનું ચિહ્ન પડ્યું.

આથી ચિત્રકારે વિચાર્યું કે મહારાણીને તે જગ્યાએ તલનું નિશાન હોવું જોઈએ. એટલે વરદાનના પ્રભાવે તે કાઢવા છતાં ચિહ્ન પડ્યા કરે છે. માટે તે ચિહ્ન ભલે રહેતું જયારે રેખા ચિત્રને વસ્ત્રધારણનો રંગ આપીશ ત્યારે તે આપોઆપ ઢંકાઈ જશે.

આવું વિચારીને ચિત્રકારે વસ્ત્રધારણના રંગો પૂરવાનું બીજા દિવસ પર મુલતવી રાખ્યું.

બીજે દિવસે એવું બન્યું કે મહારાજ શતાનિક પોતે જ વહેલા ચિત્રશાળામાં આવી પહોંચ્યા. તેઓએ દીવાલ પર વિવિધ પ્રાણીઓની આકૃતિઓ જોઈને અતિ પ્રસન્ન બની ઊઠ્યા. ચિત્રશાળામાં ફરતાં ફરતાં મહારાજા જયાં મૃગાવતી રાણીનું ચિત્રાંકન હતું ત્યાં આવ્યા.

મહારાજ શતાનિક પ્રથમ તો મહાદેવી મૃગાવતીનો આટલો અદ્‌ભૂત, અનુપમ રૂપરંગમય નિખાર જોઈને ખૂબ આશ્ચર્યચકિત બન્યા. મનોમન ચિત્રકારની કલાને દાદ આપવા લાગ્યા. પણ મૃગાવતીની કલાકૃતિને ઝીણવટભરી નજરે નિહાળતાં મહારાજાને મૃગાવતીની જાંઘ પર તલનું ચિહ્ન અંકાયેલું જોવા મળ્યું ત્યારે મહારાજા શતાનિકના હૈયામાં શંકાનો કીડો જન્મયો.

માનવીના હૈયામાં એકવાર શંકાનો કીડો જન્મે છે તે કોઈ

પણ ઉપાયે નષ્ટ થતો નથી.

મહારાજા શતાનિકને વિચાર આવ્યો કે મૃગાવતીની જાંઘ પરનું તલનું આ ચિહ્ન કલાકાર કેવી રીતે જાણી શક્યો ? મહારાજાના અંતરમાં વિચારોનું તોફાન જાગી ઊઠ્યું. એકવાર હૈયામાં શંકા જન્મે પછી દૂષિત વિચારો પણ આવ્યા કરે છે. રાજા શતાનિકને આ ચિત્રકાર અને મૃગાવતીના ચારિત્ર્ય પર શંકા પડી.

મહારાજા શતાનિકે પોતાના મંત્રીઓને આ અંગે વાત કરી ત્યારે મંત્રીઓએ કહ્યું: 'મહારાજ, એમાં ચિત્રકારનો વાંક નથી. એને યક્ષનું વરદાન છે એટલે તે આબેહૂબ ચિત્રાંકન કરી શકે છે. આપ શંકાનાં વાદળોમાંથી બહાર આવો...'

પરંતુ મહારાજા શતાનિકને મંત્રીઓની વાતમાં વિશ્વાસ ન બેઠો. રાજાના હૈયામાં શંકાનું ભૂત ઘર કરી ગયું હતું. મહારાજા શતાનિકે ક્રોધાવેશમાં ચિત્રકામના જમણા હાથનો અંગૂઠો કાપી નાખવાની આજ્ઞા આપી.

ચિત્રકારના જમણા હાથનો અંગૂઠો વધેરી લેવામાં આવ્યો. ચિત્રકાર નિર્દોષ હતો. તેનામાં કોઈ દુષ્ટ ભાવના નહોતી. ચિત્રકારને રાજાનું કૃત્ય જરાય ગમ્યું નહિ એના પર ખોટો આરોપ લગાવવામાં આવ્યો હતો. સાચો કલાકાર ક્યારેય ખોટું સહન કરતો નથી. નિર્દોષ કલાકાર પર કલંકનું આવરણ છવાઈ ગયું હતું.

જો કલાકાર આ અન્યાયનો ઘૂંટડો ગળે ઉતારી શક્યો હોત તો એની કલાસાધનાની વાહ વાહ થાત પણ એવું બન્યું નહિ. કૌશાંબીનો ચિત્રકાર મહારાજા શતાનિકના એ અન્યાયને હસતા હૃદયે પી ગયો હોત તો સંભવ છે કે શતાનિક સદેહે નવો અવતાર પામત અને શુદ્ધ આત્મિક જીવન પણ મેળવી લેત.

પરંતુ વિધિને આ વાત મંજૂર નહિ હોય.

રાજા શતાનિકે ચિત્રકાર પર અન્યાય કર્યો હતો. ચિત્રકારના કપાળે કલંકનો ડાઘ લાગ્યો હતો. ચિત્રકારના હૈયામાં આથી વેરનો અગ્નિ પ્રજળી ઊઠ્યો.

આ એ જ ચિત્રકાર હતો કે જેના જીવનમાં સત્ય, ન્યાય અને સદાચારના ગુણો વસતા હતા. આજ એ નિકૃષ્ટના માર્ગે ઉતરી પડ્યો. વેરનો દાવાનળ તેના હૈયાને પ્રજળી રહ્યો હતો.

ચિત્રકારે રાજા શતાનિકને પાઠ ભણાવવાનો મનમાં મનસૂબો ઘડી કાઢ્યો. એણે વિચાર્યું કે પીંછીની સહાયથી જ હું શતા· નિકને પાઠ ભણાવીશ. તેનું જીવન નષ્ટ કરી મૂકીશ.

જે પીંછી યક્ષનો આશીર્વાદ મેળવી ચૂકી હતી, તેજ પીંછી વેરતૃપ્તિ અને સર્વનાશનો દાવાનળ ફેલાવવા તૈયાર થઈ.

ચિત્રકાર મનોમન બોલ્યો : 'મહારાજા શતાનિક મૃગાવતીની પ્રતિકૃતિ જોઈને શંકાશીલ થયો હતો. તો હવે એ જ પીંછી અને એજ રંગોથી મૃગાવતીનું એવું મોહક ચિત્ર અંકિત કરીશ, તેમાં એટલા સરસ મજાના રંગો ભરીશ કે શતાનિકના પ્રતિસ્પર્ધીઓ મૃગાવતી ઉપર મોહિત થયા વિના ન રહે.'

યક્ષના વરદાનથી ચિત્રકારની કલા દીપી ઊઠતી હતી. યક્ષે આપેલા વરદાનનો તે દુરૂપયોગ કરવા ઇચ્છતો હતો. દિવ્ય શક્તિનો ઉપયોગ વૈરની ભાવનાને પોષવામાં કરવા માગતો હતો. ચિત્રકારે કલાને જ હિંસક હથિયાર બનાવવાનો મનસૂબો કર્યો.

ચિત્રકારે થોડા સમયમાં જ સુંદર મજાના રંગોથી આંખોને આંજી નાખે એવું મૃગાવતીનું એક અદ્દભૂત ચિત્ર તૈયાર કર્યું. ચિત્રની એક એક રેખામાં જોતાંની સાથે જ વાસનાની ભૂખ જાગી પડે એવી ભભક ભરી દીધી હતી. રંગ અને રેખાંકનમાં અતિશયોક્તિ કરવામાં જરાય કચાશ રાખી નહિ.

ચિત્રકાર રભાવનાના ભાવ સાથે મૃગાવતીનું ચિત્ર લઈને ઉજ્જૈન આવ્યો. એ સમયે ઉજ્જૈન પર મહારાજા ચંડપ્રદ્યોતનું શાસન હતું.

ચિત્રકારે મૃગાવતીનું ભપકદાર ચિત્ર મહારાજા ચંડપ્રદ્યોત સમક્ષ રજૂ કર્યું. મૃગાવતીનું ચિત્ર જોઈને મહારાજા બોલી ઊઠયા: 'ઓહ.. આવી અનુપમ લાવણ્ય ધરાવતી નારી ખરેખર આ પૃથ્વી પર વસે છે ?'

ચિત્રકારે મૃગાવતીના આ ચિત્રમાં વાસનાના રંગો પૂર્યા હતા. ચિત્રમાં મૃગાવતીની દેહાકૃતિ હતી પણ મૃગાવતી તો શીલ અને ચારિત્ર્યની પ્રતિમા હતી. એના અંગેઅંગમાં શીલ, સદાચાર, નિર્ઝરતા હતા. પરંતુ ચિત્રકારે મૃગાવતીના આ ચિત્રમાં અંગારા જેવી દાહકતા ઉમેરી હતી. વાસનાના રંગો પૂર્યા હતા. ચિત્રકારે મૃગાવતીને વાસનાથી યુક્ત ચિતરી હતી. જે વિપરિત કાર્ય હતું.

ચંડપ્રદ્યોતને વિચારવાનો સમય જ નહોતો. તે રસનાનો કીડો હતો. એની આંખોમાં કામુકતા ડોકાં તાણતી હતી. જો તેના હૈયામાં શુદ્ધ ભાવનો દીપક ઝગમગતો હોત તો ચિત્રકારને સ્પષ્ટ રીતે સંભળાવી દેત કે આ મૃગાવતી ? મહારાજા ચેટકની પુત્રી...? શિવાદેવીની બહેન ? તો તો એ મારી બહેન જ થાય. એના પર હું કુદૃષ્ટિ કરી જ ન શકું. ચિત્રકાર, તું આ ચિત્ર પાછું લઈ જા...! પવિત્ર અને સાત્વિક નારીના નિર્મળ રૂપને વેપાર કે વિક્રયની સામગ્રી બનાવતાં તારી પીંછી ભાંગી કેમ ન પડી... ?

પણ એવું ન બન્યું

એ દિવસોમાં મહારાજા ચંડપ્રદ્યોતની આણ પ્રવર્તતી હતી. ભારતના કેટલાક બળવાન રાજવીઓમાં ચંડપ્રદ્યોતનું નામ હતું.

ચંડપ્રદ્યોત શક્તિશાળી રાજવી હતો. અનેક રાજાઓ ચંડપ્રદ્યોતથી દૂર જ રહેતા હતા. મૃગાવતીના ચિત્રે ચંડપ્રદ્યોત ઉપર ચિત્રકારે જે ઇચ્છા રાખી હતી તેવું જ બનવા પામ્યું.

ચંડપ્રદ્યોત મૃગાવતીના ચિત્રને જોઈને બોલી ઊઠયો: ઓહ્ ! આ તો અનિંદ્ય સુંદરી છે. આવી સુંદરી તો મારા રાજભવનમાં જ શોભે. આવું અદ્‌ભૂત રૂપ તો હું મારા જીવનમાં પ્રથમવાર જ નિહાળી રહ્યો છું.' આમ કહીને તે અનિમેષ નજરે મૃગાવતીના ચિત્રને જોવા લાગ્યો.

ચિત્રકારે તરત જ મહારાજા ચંડપ્રદ્યોતને જણાવ્યું : મહારાજ પૂર્ણમૃગાંક જેવા મુખવાળી અને મૃગાક્ષી સમાન એ રૂપવતી નારી મૃગાવતીનું આ ચિત્ર હજુ અનેક બાબતોથી અધૂરું છે. જે કદી વાણી કે પીંછીમાંથી ઊતરી શકે તેમ નથી. એ માટે તો આપે માત્ર કલ્પના જ કરવાની રહેશે...'

'ચિત્રકાર, આ મૃગાવતી એટલે...રાજા શતાનિકની રાણી છે એજ ને ?' ચંડપ્રદ્યોતે કહ્યું.

ચિત્રકારે જણાવ્યું : 'હા...મહારાજ...રાજા શતાનિકની રાણી મૃગાવતી...'

થોડીવાર રહીને ચંડપ્રદ્યોત મનોમન બોલ્યો : 'ભલેને રાજા શતાનિકની રાણી હોય...પરંતુ જે સામગ્રી મારા યોગ્ય હોય તે મને મળવી જ જોઈએ.'

મહારાજા ચંડપ્રદ્યોતે ચિત્રકારને મોટું ઈનામ આપીને રવાના કર્યો.

મહારાજા ચંડપ્રદ્યોતે જ્યારથી મૃગાવતીનું ચિત્ર નિહાળ્યું ત્યારથી તેની નિદ્રા ઊડી ગઈ. ચંડપ્રદ્યોત આઠેય પ્રહર એક જ વિચાર કરતો હતો કે મૃગાવતીને પોતાના રાજભવનમાં કઈ રીતે લઈ આવવી ?

આવા વિચારે તેની બુદ્ધિ બહેરી બની ગઈ હતી.

મહારાજા ચંડપ્રદ્યોત યુદ્ધમાં શક્તિશાળી હતો. તેની સામે વિજય મેળવવો કોઈપણ રાજવી માટે આસાન કાર્ય નહોતું.

મહારાજા ચંડપ્રદ્યોત મૃગાવતીને મેળવવા કયાં પગલાં ભરશે? કઈ રીતે મૃગાવતીને પોતાને હસ્તગત કરશે? એમાં સફળતા મળશે કે નિષ્ફળતા...!

આ બધી વાતોનો ઉત્તર વિધિ જ આપી શકે.

એ સમયમાં અંગ, મગધ, કાશી, કોશલ, વત્સ, સિંધુ સૌવીર તથા અવંતિનાં રાજ્યો મુખ્ય હતાં.

અંગ અને મગધ વચ્ચે અથડામણો થયા કરતી તે રીતે કાશી અને કોશલ વચ્ચે પણ અણબનાવ રહેતો. વત્સ અને અવંતિ વચ્ચે પણ એવું જ વેર ચાલતું હતું.

પરંતુ એ બધામાં અવંતિનો રાજવી ચંડપ્રદ્યોત સૌથી અલગ તરી આવતો હતો. નિર્લજ્જતામાં તેનો જોટો જડે તેમ નહોતો.

ચિત્રકારે પેટાવેલી રૂપશિખાનો ભોગ રાજા ચંડપ્રદ્યોત બન્યો હતો. કૌશાંબી નરેશની રાણી મૃગાવતીને પોતાની કેમ બનાવવી તે વિષે વિચાર કરતાં ચંડપ્રદ્યોતને થયું કે પોતે પોતાનો એક દૂત કૌશાંબી મોકલશે. મૃગાવતીની માગણી કરશે એટલે કૌશાંબીનરેશ મૃગાવતીને રવાના કરી દેશે.

આવા વિચારો ધરાવતા રાજા ચંડપ્રદ્યોતે પોતાનો દૂત કૌશાંબી તરફ રવાના કર્યો. તેણે દૂતની સાથે સંદેશો મોકલ્યો.

સંદેશામાં લખ્યું હતું કે—

કૌશાંબી નરેશ,

તમારી પટ્ટરાણી મૃગાવતી મને પસંદ પડી ગઈ છે. એનું ચિત્ર જોઈને હું મોહિત થઈ ગયો છું. આવેલ દૂત સાથે મૃગાવતીને મોકલી આપશો. જો મૃગાવતીને મોકલવામાં આનાકાની કરશો તો તેનું પરિણામ સારું નહિ આવે.

એજ લી.

અવંતિનરેશ રાજા ચંડપ્રદ્યોત.

અવંતિનરેશ ચંડપ્રદ્યોતનો સંદેશો સાંભળીને કૌશાંબીનરેશ ધુંવાપુંવા થઈ ગયો. તેણે તેના દૂત સાથે ઉત્તર મોકલ્યો, તેમાં જણાવ્યું કે જ્યાં સુધી પોતે જીવિત છે ત્યાં સુધી આ શક્ય નહિ બને. મૃગાવતી અને કૌશાંબીનું પોતે જીવનની અંતિમ પળ સુધી રક્ષા કરશે.

રાજા શતાનિકે ચંડપ્રદ્યોત રાજાના દૂતને રાજનીતિને માન આપીને જીવતો જવા દીધો. ચંડપ્રદ્યોત રાજાના દૂતે સંદેશાનો ઉત્તર પોતાના મહારાજાને આપી દીધો.

રાજા ચંડપ્રદ્યોત કૌશાંબીના રાજવીનો ઉત્તર જાણીને ક્રોધિત બની ગયો. તે લડવા માટે તૈયાર જ હતો.

જ્યારે આ તરફ રાજા શતાનિક પણ પોતાના પ્રાણની પરવા કર્યા વિના જીવનની અંતિમ પળ સુધી લડી લેવાની પૂરી તાકાત ધરાવતો હતો. અનેક નાના-મોટા સંગ્રામોમાં રાજા શતાનિક વિજયનો મુગટ ધારણ કરી ચૂક્યો હતો.

બન્ને તરફ યુદ્ધની તૈયારીઓ શરૂ થઈ ગઈ.

રાજા શતાનિકને એક ચિંતા હૈયામાં પેસી ગઈ હતી. કૌશાંબી ગઢ વિનાનું ખુલ્લું હતું. રાજા ચંડપ્રદ્યોતનું સૈન્ય કસાયેલું અને તાકાતવાન હતું. આ વાતથી રાજા શતાનિક જરાય અજાણ નહોતો. વળી મૃગાવતીનો બાળકુંવર પારણામાં ઝૂલતો હતો. મૃગાવતી અને બાળકુંવરને અહીં સહીસલામત સ્થાને ક્યાં મોકલવા તે એક

પ્રશ્ન હતો.

આમ એક સાથે અનેક ચિંતાઓ ભેગી થઈ જવાને કારણે રાજા શતાનિકને આઘાત લાગ્યો. ચંડપ્રદ્યોત રાજાનું સૈન્ય કૌશાંબી પહોંચે તે પહેલાં જ ચિંતાના બોજને કારણે રાજા શતાનિક મૃત્યુ પામ્યો.

એકાએક આમ બનવાથી રાણી મૃગાવતી ચિંતિત બની ગઈ. હવે શું કરવું? એ પ્રશ્ન આવીને ઊભો રહ્યો.

ચંડપ્રદ્યોત જેવા ઉદ્ધત અને વાસનાવશ શત્રુની શરણાગતિ સ્વીકારવી કે યુદ્ધની આગમાં ઝંપલાવી દેવું? પાડોશી રાજ્યો મદદે આવે એવી કોઈ શકયતા નહોતી.

મૃગાવતી રાણી પોતાનું શીલ સાચવવા માટે તો સમર્થ હતી. પણ પોતાના બાળકુંવર અને નિર્દોષ પ્રજાની ખુવારીની કલ્પના કરતાં તે ધ્રુજી ઊઠતી.

બીજી તરફ રાજા ચંડપ્રદ્યોતનું સૈન્ય કૌશાંબી રાજ્ય પર યુદ્ધ કરવા માટે રવાના થઈ ચૂકયું હતું.

મૃગાવતી રાણીએ રાજ્યના મહામંત્રી, મંત્રીગણ, સેનાપતિ, નગરશેઠ વગેરેને પોતાની પાસે બોલાવીને ચર્ચા-વિચારણા કરી. પણ સૌએ એમ જ જણાવ્યું કે હવે તો ચંડપ્રદ્યોત રાજાની સાથે યુદ્ધ કરી લીધા સિવાય કોઈ રસ્તો નથી. કારણ કે સમાધાન કરવાનો નિર્ણય થાય તો પ્રથમ માગણી મૃગાવતીના દેહની જ થવાની અને એ શરત તો કોઈ રીતે માની શકાય તેમ હતી જ નહિ. પ્રજાની ખુવારી, સૈનિકો તેમજ આબાલવૃદ્ધો વગેરે સૌને યાતનામાં સપડાવું પડે તે નિશ્ચિત હતું.

મૃગાવતીના હૈયામાં રાજા ચંડપ્રદ્યોતનો પ્રશ્ન ઘેરો બન્યો. શું કરવું? એ પ્રશ્ન મૃગાવતીને કોરી ખાતો હતો. ફૂટનીતિ અપનાવવામાં આવે તો કંઈક થાય.

કારણકે એક તરફ અસંખ્ય માણસોના રક્તપાતની સંભાવના હતી, જ્યારે બીજો ઉપાય વિચારવામાં આવે તો કૂટનીતિનો માર્ગ લેવો પડે.

એક તરફ રાજા ચંડપ્રદ્યોતનો પાશવી અહંકાર છે. વાસના-ગ્રસ્ત હૈયું છે.

જ્યારે બીજી તરફ શુદ્ધ શીલરક્ષા છે.

મૃગાવતી વિચારોમાં ગુંથાઈ ગઈ. તો પછી અર્ધસત્યનો આશ્રય લેવામાં આવે તો એમાં ખોટું શું છે? આજ ચંડપ્રદ્યોત માનવી મટીને પશુ બન્યો છે. એની સાથે માયામૃષાનો થોડો ઉપયોગ કર્યો હોય તો ખોટું શું છે? મારા કારણે જ આ યુદ્ધ ખેલાશે. તે કરતાં હું પોતે જ થોડો અસત્યનો પાપભાર કેમ ન વહોરી લઉં? અને મારી નગરી કૌશાંબીને શા માટે બચાવી ન લઉં...! ! !

મૃગાવતીના હૈયામાં નગરીને બચાવી લેવાની ભાવના બળવત્તર બની હતી. મૃગાવતીએ અસત્યનો સહારો લઈને એક યોજના મનમાં વિચારી લીધી હતી. મૃગાવતીએ અંતરમાં રચેલી યોજનાને ગુપ્ત રીતે સાકાર રૂપ પણ આપી દીધું.

જ્યારે આ તરફ અવંતિનરેશ ચંડપ્રદ્યોત ગર્વના નશામાં કૌશાંબી પર હુમલો કરવા પોતાના વિશાળ સૈન્ય સાથે આવી પહોંચ્યો હતો. કૌશાંબીના પાદરે ચંડપ્રદ્યોતે પોતાના સૈન્ય સાથે પડાવ નાખ્યો.

અવંતિનરેશ કૌશાંબીની સરહદમાં આવી પહોંચ્યો છે એ સમાચાર કૌશાંબીના નગરજનો માટે ચિંતાપ્રેરક હતા. નગરજનોને થતું હતું કે હવે તો મોતની સોડ જ તાણવી પડશે. રાજા વગરનું કૌશાંબી પર ચંડપ્રદ્યોત સહેલાઈથી વિજય મેળવી શકવાનો હતો

એ વાત સૌ કોઈ જાણતા હતા. અંધાધૂંધી અને અરાજકતા ફેલાશે તેવો ભય સૌને સતાવતો હતો.

પરંતુ બીજે દિવસે પણ ચંડપ્રદ્યોતનો એક પણ સૈનિક કૌશાંબી નગરી તરફ આવવા માટે પ્રેરાયો નહિ.

આમ કેમ ?

આ પ્રશ્ન નગરજનો માટે ચર્ચાનો વિષય થઈ પડ્યો. રાજા ચંડપ્રદ્યોત પોતાના સૈન્ય સાથે પડાવમાં પડ્યો રહ્યો.

આ આશ્ચર્યજનક બાબત હતી. નગરજનો માટે વિચારણીય પ્રશ્ન હતો કે ચંડપ્રદ્યોતે નગરી પર હુમલો કેમ કર્યો નથી ? તે કોની પ્રતીક્ષા કરે છે ? તે સંગ્રામ કરે તો વિજયનું તિલક તેના મસ્તક પર જ લાગવાનું હતું. લોકોને શંકા પડી, લોકોના મનમાં શંકાનાં વાદળો ઘેરાઈ ગયાં.

કોઈ એમ કહેતું હતું કે પ્રદ્યોત અને મૃગાવતી અંદરથી મળી ગયા લાગે છે. નહિતર ગવિંષ્ઠ અને પાપી રાજા ચંડપ્રદ્યોત આ રીતે બેસી રહે ખરો ? એ તો વાસનાનો કીડો છે. મૃગાવતીને પ્રાપ્ત કરવા એક પલનોય વિલંબ કરે તેમ નથી. રાજા ચંડપ્રદ્યોતે કૌશાંબી પર હુમલો કર્યો નથી તેની પાછળ કોઈ ગૂઢ રહસ્ય છવાયેલું છે. એ રહસ્ય શું હશે ?

કોઈ વળી એમ કહેતું કે સ્ત્રીચરિત્રનો પાર કોઈ પામી શક્યું છે ? રાણી મૃગાવતીએ કોણ જાણે કેવું યે કામણ કર્યું હશે ? બિચારા રાજા ચંડપ્રદ્યોતને છતી આંખે અંધ કરી મૂક્યો લાગે છે.

કોઈ કહે : દિવસોનો દુકાળ ક્યાં છે...! બે દિવસ રહીને રાજા ચંડપ્રદ્યોત કૌશાંબી પર હુમલો કરશે. આ તો વિનાશ પહેલાંની શાંતિ છે. એનો હૂમલો એટલો આક્રમક હશે કે કૌશાંબીનું ધનોતપનોત નીકળી જશે.

આમ તરહતરહના પ્રશ્નો લોકોના હૈયામાં રમવા લાગ્યા.

ત્યાં તો નગરજનોએ જોયું કે કૌશાંબીને ફરતાં ગઢ માટેના પાયા ખોદાવાનું કાર્ય શરૂ થયું. સૌ આશ્ચર્ય પામી ઊઠયા એક તરફ રાજા ચંડપ્રદ્યોતનું સૈન્ય પડાવ નાખીને પડયું છે અને બીજી તરફ ગઢના પાયા માટેનું ખોદકામ શરૂ થયું છે. લોકો સ્તબ્ધ બનીને આ દૃશ્ય જોતા જ રહી ગયા. ચંડપ્રદ્યોત જેવો ક્રૂર રાજવી પોતાની નજર સામે કૌશાંબીનો ગઢ ચણાવા દે તે માનવામાં આવે તેવી વાત નહોતી.

લોકો એવું પણ વિચારતા હતા કે રાજા ચંડપ્રદ્યોત યુદ્ધ કરવા માટે આવ્યો છે કે લગનના માંડવે આવ્યો છે? કૌશાંબી પર વિજય મેળવવા તેનું વર્તન આટલું નરમ કેમ છે? તે વાત જ સમજાતી નથી.

લોકોના આશ્ચર્યનો પાર નહોતો કારણ કે મહારાજા ચંડપ્રદ્યોત પોતે ગઢના પાયા ખોદાવવામાં તેમજ તે માટેની તમામ જવાબદારીઓમાં પૂર્ણ રસ લેતો હતો. જાણે કૌશાંબી પોતાની રાજધાની હોય એમ માનીને તે ગઢ ચણાવવાની તડામાર તૈયારી કરી રહ્યો છે. ગઢ ચણાવવાનું કામ તીવ્ર ગતિએ ચાલું હતું. આઠેય પ્રહર ગઢના નિર્માણનું કાર્ય ચાલતું હતું.

સૌને એમ થતું હતું કે રાજા ચંડપ્રદ્યોતનો હૃદયપલટો થઈ ગયો હશે? લોકોને આમ થવા પાછળનો ભેદ સમજાતો નહોતો.

પણ સત્ય વાત તો એ હતી કે રાજા પ્રદ્યોતની નાગચૂડમાંથી છટકવા માટે રાણી મૃગાવતીએ જ આ પ્રપંચવ્યૂહ ગોઠવ્યો હતો.

ચંડપ્રદ્યોત રાજા, મૃગાવતી તથા મૃગાવતીનો અતિ વિશ્વાસુ અને અંગત દૂત કે જે સંદેશો લઈ ગયો હતો. એ ત્રણ સિવાય આ વાતને કોઈ જાણતું નહોતું.

મૃગાવતીએ પોતાના અંગત અને વિશ્વાસુ દૂત મારફત રાજા

ચંડપ્રદ્યોતને અગાઉ સંદેશો મોકલ્યો હતો. તેમાં જણાવેલું હતું કે 'રાજન્, મારા સ્વામી રાજા શતાનિક ચિંતાના ભાર હેઠળ મૃત્યુને આધીન થઈ જતાં મને આપના સિવાય કોઈ આશરો રહ્યો નથી. મારો પુત્ર હજુ પારણામાં ઝૂલે તેવડો છે. મારા પુત્રનું હિત અને ક્ષેમ-કુશળ આપને જ નિહાળવાનાં છે. આપ તો પાડોશી રાજ્યોનો સ્વભાવ અને વહેવારથી ક્યાં અપરિચિત છો ? જો હું મારા પુત્રને એકલો મૂકીને આપની પાસે આવું તો બીજે જ દિવસે તેઓ મારા કુંવરને નષ્ટ કરી મૂકે તેમજ કૌશાંબી પર પોતાનું આધિપત્ય સ્થાપી દે. આ બધા સંજોગોનો વિચાર કરતાં જો એકવાર કૌશાંબીને ફરતે ગઢ થઈ જાય તો ઉત્તમ. આપ સૌ પ્રથમ કૌશાંબીના ગઢના નિર્માણ કરવા અંગેનો વિચાર કરજો. કૌશાંબીના રાજભંડારો ધન-ધાન્યથી ભરપુર થઈ જાય પછી મને મારા કુંવર અને કૌશાંબીની લગીરે ચિંતા ન રહે. આ બધું નિશ્ચિંત બન્યા પછી હું આપની આજ્ઞાને આધીન બનીશ. આપનો પડ્યો બોલ ઝીલી લઈશ.'

કૌશાંબીની મહારાણી મૃગાવતી તરફથી આ સંદેશો જ્યારે રાજા ચંડપ્રદ્યોતના વાંચવામાં આવ્યો ત્યારે જાણે મૃગાવતી પોતાને હાથ લાગી ગઈ તેવો ભાવ તેના અંતરમનમાં રમવા લાગ્યો. રાજા ચંડપ્રદ્યોતને થયું કે જાણે સ્વર્ગનું રાજ્ય પોતાને મળી ગયું.

રાજા ચંડપ્રદ્યોતની ખુશાલીનો પાર નહોતો. તે ગર્વની વાણીમાં પણ બોલી ઊઠ્યો : 'અરે કોની તાકાત છે કે મારી ઉપ-સ્થિતિમાં મૃગાવતીના પુત્રનો કોઈ વાંકો વાળ કરે !'

મૃગાવતીના દૂતે ત્યારે જણાવ્યું : 'મહારાજ, મહારાણી મૃગાવતી દેવી પણ આવું જ કહેતાં હતાં. ચંડપ્રદ્યોત જેવા મહારાજાના આશ્રય હેઠળ મારા પુત્ર સામે કોઈ ઊંચી આંખ કરીને દૃષ્ટિ પણ ફેંકી શકે તેમ નથી. પણ મહારાજા કૌશાંબીને ફરતો ગઢ થઈ જાય તો નચિંત બની જવાય...'

રાજા ચંડપ્રદ્યોતે દૂતને કહ્યું : 'કૌશાંબીને ફરતો ગઢ જરૂર થઈ જશે. તાત્કાલિક થઈ જશે. કાલથી ગઢના નિર્માણનું કાર્ય શરૂ થઈ જશે. તું રાણી મૃગાવતીને કહેજે કે જ્યાં સુધી હું છું ત્યાં સુધી કોઈ ચિંતા ન કરે...ગઢનિર્માણના કાર્યમાં હું પોતે જ પૂર્ણ રસ લઈશ જેથી કાર્ય ત્વરિત સંપન્ન થઈ શકે !'

મૃગાવતીનો દૂત મહારાજા ચંડપ્રદ્યોતનો ઉત્તર મેળવીને રાણી મૃગાવતીની પાસે આવ્યો અને બધી વાત જણાવી.

મોહાંધ રાજા ચંડપ્રદ્યોત મૃગાવતીને પામવા માટે તેની દરેક વાત સ્વીકારવા તૈયાર થઈ ગયો હતો. મૃગાવતીએ ચંડપ્રદ્યોતના હૈયામાં મોહલાલસા પેટાવી હતી. જ્યારે મૃગાવતી કોઈ પણ રીતે એ આગ ઓલવવા અને રાજા ચંડપ્રદ્યોતના પંજામાંથી છૂટવા માગતી હતી.

ગઢનિર્માણના કાર્યમાં મહારાજા ચંડપ્રદ્યોતે પોતાની તમામ શક્તિ કામે લગાડી હતી. મૃગાવતીની ઇચ્છા જલ્દી પૂરી થઈ જાય પછી જ પોતાની લાલસા સાકાર થવાની હતી. આથી તે ગઢ નિર્માણનું કાર્ય ત્વરિત ચલાવતો હતો.

એક વર્ષ પસાર થઈ ગયું.

એમ કરતાં પાંચ વર્ષ પસાર થઈ ગયાં. રાજા ચંડપ્રદ્યોત ગઢનિર્માણના કાર્યથી જરા પણ શ્રમિત થયો નહોતો.

ગઢનું નિર્માણકાર્ય પૂર્ણતાના આરે પહોંચ્યું હતું. કૌશાંબી નગરીને સાધનસંપન્ન બનાવવાની યોજના પણ સાકાર બની હતી.

ત્યાં તો ખૂબ જ આનંદના સમાચાર કૌશાંબી નગરીના ચોરે-ચૌટે ચર્ચાવા લાગ્યા કે ભગવાન મહાવીર રાજગૃહીનું ચાતુર્માસ પૂર્ણ કરીને આલભિયા નગરી પ્રવેશ્યા છે. અને ત્યાંથી નીકળીને કૌશાંબી નગરીમાં આવશે. આ આનંદભર્યા સમાચાર નગરીમાં પ્રસરી જવાથી સૌ કોઈનાં હૈયાં પ્રસન્નતાથી નાચી ઊઠયાં. છેલ્લાં

કેટલાંક વર્ષોથી ચિંતા અને ઉદ્વેગે નગરીનું નૂર હણી લીધું હતું તેના સ્થાને નવપ્રાણનો સંચાર થયો.

ભગવાન મહાવીરના પગલા થાય એટલે પૃથ્વી પાવન બને... તીર્થરૂપે પરિણમે એટલું જ નહિ પરંતુ ત્યાં દુઃખ, પરિતાપ, સંતાપ કે વેરનો અગ્નિ ટકી ન શકે. સર્વત્ર આનંદ અને હર્ષનું વાતાવરણ સર્જાઈ જાય.

અને...

નગરી કૌશાંબીમાં લોકો હરખઘેલા બન્યા હતા.

સૌ કોઈના અંતર હર્ષના આવેગથી પુલકિત બન્યા હતા.

ભગવાન મહાવીરનું સ્વાગત કરવા સૌના હૈયા તલપાપડ બન્યા હતા. નગરજનોએ નગરીને સુશોભિત કરવા માંડી. ઠેરઠેર કમાનો બાંધવામાં આવી. ચારે તરફ ઉત્સાહ અને આનંદનું વાતાવરણ સર્જાઈ ગયું.

પરંતુ ભગવાન મહાવીર હંમેશા ઉદ્યાન કે ઉપવનમાં જ શિષ્ય સમુદાય સાથે સ્થિરતા ધારણ કરતા. આ પહેલાં જ્યારે ભગવાન મહાવીર કૌશાંબી પધારેલા ત્યારે ચંદ્રાવતરણ નામના ચૈત્યમાં જ રહ્યા હતા. પરંતુ ભક્તિની ભાવગંગામાં સ્નાન કરતા નગરજનો માટે તો ભગવાન મહાવીરનું આગમન જ હર્ષ પ્રેરે તેવું હતું. નગરીમાં જાણે મોટો ઉત્સવ રચાયો હોય તેવું વાતાવરણ સર્જાયું હતું.

મહારાણી મૃગાવતીએ પણ ભગવાન મહાવીરના આગમનના સમાચાર જાણી લીધા હતા. તેના હર્ષનો પાર નહોતો. જાણે અંધકારમાં પ્રકાશનો ઝબકારો થતો હોય તેવો ભાસ થવા લાગ્યો. રાજા ચંડપ્રદ્યોતના પાશમાંથી છૂટી જવાનો માર્ગ જાણે મળી ગયો હોય તેમ મૃગાવતીને થવા લાગ્યું.

ભગવાન મહાવીર પ્રભુ કૌશાંબીના ઉપવનમાં પધાર્યા.

મોટા જનસમુદાય સાથે મૃગાવતી પણ ભગવાનની પર્ષદામાં

આવીને બેસતી હતી. મહારાજા ચંડપ્રદ્યોત પણ તેના સાથીઓ, મંત્રીઓ તેમજ અનુચરો સાથે આવીને ભગવાનની દેશના સાંભળવા નમ્ર ભાવે બેસી જતા. ક્રૂર, નિષ્ઠુર અને ગર્વિષ્ઠ ચંડપ્રદ્યોત જ્યારે ભગવાન મહાવીરની પર્ષદામાં આવતો ત્યારે સાવ નરમ થઈ જતો. તેનો ગર્વ જાણે ઓગળી જતો. તેની ક્રૂરતા જાણે ગાયબ થઈ જતી.

ભગવાન મહાવીરે દેશના આપવી શરૂ કરી.

એકત્રિત જનસમુદાય ભગવાનની દેશના સાંભળવા તલપાપડ બન્યા હતા. ભગવાન મહાવીરે રાગ માલકૌંષમાં દેશના આપવી શરૂ કરી.

જ્યાં સુધી કર્મનાં બંધનો ન તૂટે ત્યાં સુધી ભવભ્રમણના વર્તુળમાંથી મુક્તિ મળતી નથી. આ બંધનો તોડયા વગર સંસારના ભ્રમણનો અંત આવતો નથી. જેને સુખ માનો છો તે સુખ નથી, પણ બંધન છે અને બંધન માત્ર દુઃખ છે. બંધન તોડયા વગર આત્મસુખની મસ્તી લાધતી નથી. આત્મચેતનાને જાગૃત કરવા માટે બંધનને દૂર કરવાં અત્યંત આવશ્યક છે. તપ, ત્યાગ, જ્ઞાન, દર્શન વગર બંધનોમાંથી મુક્તિ મળતી નથી.

માનવીને નષ્ટ અને નિર્બળ કરનારા શત્રુઓ બહાર કોઈ નથી. માનવીના અંતરમાં જ છૂપાયેલા છે. એ શત્રુઓ છે : કામ, ક્રોધ, લોભ અને માન. પરંતુ જેની આંખમાં અજ્ઞાનનું અંજન ભર્યું છે. તે પોતાના સાચા શત્રુને જોઈ શકતો નથી. જો જ્ઞાનનો પ્રકાશ લાધે તો આત્મજાગૃતિ દૂર નથી.

'ભદ્રે, સુખ અને દુઃખ બંને વિરોધી બાબત નથી. જ્યારે આપણે સુખને ઇચ્છીએ છીએ ત્યારે આપોઆપ દુઃખ ચાલ્યું જ આવે છે. આત્મિક સુખ પ્રાપ્ત કરવા માટે માનવીએ રાગથી પર બનવું જોઈએ. રાગમાંથી મુક્ત થવું સહેલું નથી. માનવીને ઝકડી રાખવા માટે રાગના અનેક સાધનો ઉપલબ્ધ છે. તેમાંથી મુક્તિ

મેળવવી કઠિન કાર્ય છે. એ કારણેજ રાગનાં બંધનો જન્મજન્માંતર સુધી વળગ્યા રહે છે. એ પ્રમાણે વિરાગની મસ્તી અનોખી અને અકલ્પ્ય સુખ આપનારી છે. પરંતુ આ માર્ગમાં જે માનવી જાગૃતિ ગુમાવે તે વળતી જ પળે ગબડી પડે છે.

'સંસારના પ્રત્યેક જીવ કર્મના બંધન વડે ઝકડાયેલા હોય છે. કર્મનાં બંધનો તોડીને આત્મસુખ પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન સૌ કોઈ જીવે કરવો જોઈએ.'

પ્રભુ મહાવીરદેવની અમૃતમય વાણીનો લાભ મેળવવો એ પૂરા પુણ્યની નિશાની ગણાતી. અસ્ખલિત મંગલમય વાણીના પ્રભાવથી સર્વ જીવોને શાતા વળી. અને સૌના હૈયામાં એમ જ થતું હતું કે આવી અનુપમ, અદ્વિતીય મંગલમય વાણીનો ક્યારેય અંત જ ન આવે. સર્વજ્ઞ ભગવંતની વાણી સાંભળ્યા જ કરીએ અને આત્મસુખ મેળવવા પ્રયત્ન કરીએ.

ભગવાન મહાવીરદેવે પોતાની દેશનામાં આસક્તિ વિષે છણાવટ કરી હતી.

દેશના પૂરી થઈ.

મૃગાવતી તરત જ ઊભી થઈ અને પ્રભુ મહાવીરદેવને વંદન કરીને અંતરની ભાવના રજૂ કરતાં કહ્યું : 'પ્રભુ, સંસાર અસાર છે. ત્યાગ વિના આ ભવભ્રમણના ફેરામાંથી મુક્ત થઈ શકાવાનું નથી. મારી ભાવના સંયમના માર્ગે જવાની છે. સંસારના કોઈ પણ પદાર્થ પ્રત્યે મને કોઈ પણ જાતનો રાગ નથી. આ સંસારનું કોઈ બંધન મને બાધારૂપ નથી. માત્ર એક અવંતિપતિ રાજા ચંડપ્રદ્યોત સાથે વચનથી બંધાયેલી છું. જો તેઓ અનુમતિ આપતા હોય તો અને મારા બાળકુંવરની તમામ જવાબદારીનો સ્વીકાર કરતા હોય તો મને આપ આપના સાધ્વીસંઘમાં સ્થાન આપવાની કૃપા કરો...'

મૃગાવતીની ભાવના જોઈને ત્યાં એકત્રિત થયેલો જનસમૂહ પ્રભાવિત થઈ ગયો. સૌની દૃષ્ટિ મહારાજ ચંડપ્રદ્યોત પર પડી. પ્રભુ મહાવીરદેવે આસક્તિ વિષે, મોહ વિષે, સંસારની અસારતાનું સાચું રૂપ રજૂ કરેલું તેની અસર રાજા ચંડપ્રદ્યોત પર હતી. હજુ એ અસર છવાયેલી હતી ત્યાં જ મૃગાવતીએ છોડેલું બાણ પોતાની છાતી પર આવતું હોવાનો ભાસ રાજા ચંડપ્રદ્યોતને થયો અને એ બાણથી પોતે ઘવાયો હોય તેવું પણ તેને લાગ્યું.

રાજા ચંડપ્રદ્યોતનું મસ્તક લજ્જાથી ઝૂકી પડ્યું. તેને શું કહેવું તેની સમજ ન પડી. ભગવાન મહાવીરદેવે રાજા ચંડપ્રદ્યોતના મૌનને સંમતિસૂચક માની.

અને પ્રભુ મહાવીરદેવે મૃગાવતીને દીક્ષા આપી.

મૃગાવતીએ સંસારનાં સંબંધો તોડીને દીક્ષા અંગીકાર કરી. પ્રભુએ મૃગાવતી સાધ્વીને સાધ્વી ચંદનબાળાને સુપ્રત કર્યાં.

રજકણ, વર્ષાના ઝંઝાવાત પછી ધરતી જેમ શાંત છતાં પ્રાણવાણ, સ્તબ્ધ છતાં વાત્સલ્યભરી લાગે તેમ રાજા પ્રદ્યોતને પણ અંતરમાં તેમજ આસપાસની દુનિયામાં સંવેગ અને સાત્વિકતાની લીલીછલ હરિયાળી લહેરાતી દેખાઈ. આસક્તિના દાવાનળે જ આ સ્નેહ અને વાત્સલ્યભરી દુનિયામાં ધગધગતા રણની જ્વાળા અને શુષ્કતા ઉપજાવી હતી અને પોતે તેમાં પળેપળે શેકાતો હતો એનું એને ભાન થયું.

પ્રભુ મહાવીરદેવની દેશના, મેઘધારાની જેમ રાજા ચંડપ્રદ્યોતના અંતરના એકેએક ખૂણાને પલાળતી અને પખાળતી અંનતતામાં ભળી ગઈ. પશ્ચાત્તાપના ભારથી ભારે બનેલી એની પાંપણો જ્યારે હળવી બની અને એકવાર તેણે મૃગાવતી સામે દૃષ્ટિ કરી ત્યારે પેલી ચિત્રાંકિત મૃગાવતી અને આજની તપસ્વિની મૃગાવતી વચ્ચે જાણે કે લાખો યોજનોનું અંતર હોય એમ લાગ્યા વિના ન રહ્યું.

રાજમાતા મૃગાવતીએ સાધ્વીનાં વસ્ત્રો ધારણ કરી લીધાં હતાં. રાજા ચંડપ્રદ્યોતને મૃગાવતીમાં સાત્વિકતાનાં દર્શન થયાં. તેણે જોયું કે મૃગાવતીના રોમેરોમમાં મૃદુતા અને પવિત્રતાની કિરણાવલી ફૂટે છે. મહારાજા ચંડપ્રદ્યોતનું અંતર જો કોઈ અત્યારે વાંચે તો ત્યાં મૃગાવતી માટે ભક્તિ અને શ્રદ્ધા સિવાય બીજું કંઈ જ ન જડે. પુણ્યક્ષણમાં પ્રકટેલા આવા નિર્મળ–સુકુમાર ભાવો લાંબો સમય નભતા નથી. સ્મશાન–વૈરાગ્યની જેમ એ અલ્પ આયુષ્ય ભોગવીને અદૃશ્ય થઈ જાય છે.

સાધ્વી મૃગાવતીને ચંદનબાળા સાધ્વીના સમુદાયમાં મૂકવામાં આવ્યાં.

કાળની ગતિ વણથંભી છે. દિવસોના દિવસો પસાર થતાં વાર લાગતી નથી ત્યાં વર્ષોને જતાં શી વાર લાગે ?

ચાર વર્ષનાં વહાણાં વાઈ ગયા.

પ્રભુ મહાવીરદેવ વૈશાલી, વાણિજ્યગ્રામ અને રાજગૃહીમાં અનુક્રમે ચાતુર્માસ ગાળીને વાણિજ્યગ્રામનું ૨૩મું ચાતુર્માસ પૂરું કરી તેઓ બ્રાહ્મણકુંડગ્રામ પધાર્યા.

પ્રભુ મહાવીરદેવ બ્રાહ્મણકુંડગ્રામ નજીક આવેલા દ્યુતિપલાશ ચૈત્યમાં ઉતર્યા.

એક દિવસે એક આશ્ચર્યજનક ઘટના બની.

સૂર્યાસ્તનો સમય હતો.

એ સમયે એક અતિ તેજસ્વી જ્યોતિ આકાશમાં ચમકી ઊઠી. રાત્રીનો અંધકાર શરૂ થાય તે પહેલાં જાણે દિવસનું અજવાળું થયું હોય તેવો ભાસ સૌ કોઈને થવા લાગ્યો.

એ વખતે ભગવાન મહાવીરદેવના સાધ્વીસંઘની અગ્રેસરી ચંદનબાળા તો રાત્રી પહેલાં જ પોતાના સમુદાય સાથે ઉપાશ્રયમાં

આવી ગયાં હતાં. આમ તો નિયમ પ્રમાણે દિવસ અસ્ત થતાં પહેલાં પોતપોતાના સ્થાને દરેક સાધુ-સાધ્વીએ પહોંચી જવું જોઈએ.

પરંતુ આ વાત મૃગાવતી સાધ્વીના ધ્યાન બહાર રહી. એણે તો પ્રકાશનો ઝળહળાટ જોઈને એમ માન્યું કે હજુ તો દિવસનો ભાગ છે. આથી તેણી નિશ્ચિંત બની હતી. પરંતુ જ્યારે આકાશમાં ઉદ્ભવેલી જ્યોતિ એકાએક વિલીન થઈ ત્યારે ધરતી પર અંધકાર પથરાયો.

સાધ્વી મૃગાવતીના હૈયામાં એકદમ ધ્રાસકો પડ્યો. તેને થયું કે પળ પહેલાં આકાશમાં તેજસ્વી પ્રકાશ હતો અને એકાએક અંધકારના ઓળા શી રીતે ટપકી પડ્યા હશે? મૃગાવતી સાધ્વીને થયું કે આજે પોતાનાથી મોટી ભૂલ થઈ ગઈ છે. પોતાનાથી નિયમ-ભંગ થયો છે. આ વાતનું સ્મરણ થતાં મૃગાવતી સાધ્વીને ગભરામણનો પાર ન રહ્યો.

સાધ્વી મૃગાવતી ત્વરિત ગતિથી ઉપાશ્રય ભણી ચાલવા લાગી.

## ૩ : : ઉપલબ્ધિ

સાધ્વી મૃગાવતી ઝડપભેર પગલાં પાડીને ઉપાશ્રય તરફ જવા નીકળી. રાત્રીનો અંધકાર શરૂ થઈ ચૂક્યો હતો.

સાધ્વી ચંદનબાળાના શિરે સાધ્વીસંઘની જવાબદારી હતી. તેઓ મૃગાવતીને ન આવેલાં જોઈને તેમજ નિયમભંગ જોઈને ક્યારનાં અકળાઈને બેઠાં હતાં. ત્યાં મૃગાવતી સાધ્વીએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો.

ચંદનબાળા સાધ્વીએ કહ્યું : 'તમારા જેવી કુલીન સ્ત્રીએ આમ મોડી રાત સુધી બહાર રહેવું ઉચિત નથી.'

ચંદનબાળા આમ તો મૃગાવતી પાસે બાલિકા જ ગણાય. પણ દીક્ષા પર્યાયમાં અને બીજી રીતે ચંદનબાળા મોટાં હતાં.

મૃગાવતીએ મૌન ધારણ કરી લીધું. એમણે ચંદનબાળાની વાતનો કશો ઉત્તર આપ્યો નહિ. મૃગાવતી ચતુર અને પરિસ્થિતિ સમજીને વર્તનારી સ્ત્રી હતી. તે સમજતી હતી કે પોતાનો દોષ હતો અને સાધ્વી તરીકે ચંદનબાળા જે કંઈ કહે તે સાંભળી લેવું જોઈએ. એમ સમજીને તે મૌન રહી.

મૃગાવતીની જિહ્વાએ મૌન જાળવી રાખ્યું. પરંતુ તેના અંતરમાં વિચારોનું મહાયુદ્ધ જામ્યું હતું.

મૃગાવતી ઉપાશ્રયના એક ખૂણામાં બેસીને વિચારવા લાગી કે આ ચંદનબાળા છે કોણ? સૌના સાંભળતાં મને એવા મર્મવેધક શબ્દો સંભળાવનાર એ ચંદનબાળા છે કોણ? મારાથી એવો કયો ભયંકર અપરાધ થઈ ગયો હતો? સૂર્ય-ચંદ્ર જેવી કોઈ જ્યોતિનાં વિમાન પોતે ઉતરી આવ્યાં અને નિરભ્રમાં પ્રકાશ પથરાઈ ગયો તેમાં હું શું કરું? મારો શો વાંક છે? જો હું આખી રાત બહાર રહી હોઉં અને ન આવી હોઉં તો દોષના પાત્ર ગણાઉં. પણ હજુ તો અંધકાર થોડીવાર પહેલાં થયો અને થોડું મોડું થઈ ગયું એમાં આટલી આકરી ભાષામાં ચંદનબાળાએ મને કેમ કહ્યું?

સાધ્વી મૃગાવતીના અંતરમાં વિચારધારાનો સ્રોત અવિરતપણે આગળ વધતો ગયો.

મૃગાવતી વિચારવા લાગી કે મારા અંતરમાં આવા વિચારોનો પ્રવેશ શી રીતે થયો? મારામાં ગર્વનો અંશ કેમ પેદા થયો? લાગે છે કે કૌશાંબી નરેશની મહારાણીનું પદ ધારણ કરેલું તેની આ ભાષા છે? હું છું કોણ? માત્ર કૌશાંબીની મહારાણી જ ને? ના.. ના...હવે હું ક્યાં મહારાણી હતી? સંસારના અસારતા જાણ્યા પછી તો મહારાણીપદના દિવસો કેમ યાદ રખાય? સંસારનાં સુખોનો ત્યાગ કર્યા પછી તેને અંતરમાં કેમ સ્થાન અપાય? સંસારનાં તમામ ભૌતિક સુખો, માયા-મરિચિકાનો ત્યાગ કરીને પ્રભુ મહાવીરદેવ પાસે સંયમનો માર્ગ ધારણ કરવાની આજ્ઞા માગી. કેવા વિચારો સાથે આ મુક્તિનો માર્ગ સ્વીકાર્યો હતો...ત્યાગ અને ચારિત્ર્યનો માર્ગ ધારણ કર્યા પછી પણ હજુ હું સંસારના સંબંધોને વાગોળી રહી છું! ધિક્કાર છે મને...! સાધ્વીને વળી માન શું કે સન્માન શું હોય? આ જીવને અપમાન કે અવગણના કઈ રીતે સ્પર્શી શકે? લૌકિક તેમજ આસુરી વિટંબણા માત્રનું સ્વાગત કરવા તૈયાર થયેલી મૃગાવતી આવાં મેણાં-ટોણાં ગણીને

ગાંઠે બાંધે તો પછી એની દીક્ષા, સંયમ, તપની બડાઈ માત્ર આત્મછલના સિવાય બીજું શું ગણાય ?

મૃગાવતી સાધ્વીના હૈયામાં વિચારોનો પ્રવાહ વહેતો જ રહ્યો. અને...આ ચંદનબાળાએ મારું હિત જોઈને જ બે આકરા શબ્દો કહ્યા ને! એવા તો અનેક, પાર વિનાના દોષો અંતરના ખૂણે-ખાંચરે જામેલા પડયા હશે. મારે અંતરમાં જામી ગયેલા દોષોનું સંશોધન કરવું જોઈએ તેના બદલે હું ચંદનબાળાનો દોષ જોવા લાગી...! ધિક્કાર છે મને...!

રાત્રી પસાર થતી હતી. ઉપાશ્રમમાં દરેક સાધ્વીઓ નિદ્રાધીન થઈ ચૂકયા હતા. આજુબાજુમાં રહેતા લોકો પણ નિદ્રાને આધીન થઈ ગયા હતા.

એકમાત્ર સાધ્વી મૃગાવતીની આંખમાં ઊંઘ નહોતી. તેના હૈયામાં તો વિચારોનું તોફાન જાગ્યું હતું.

ચંદનબાળા અને અન્ય સાધ્વીઓના સંથારા વચ્ચે મૌનભાવે બેસીને મૃગાવતી અંતરમાં ઊઠેલા ઝંઝાવાતને શમાવવા એકલા પંડે ઝઝૂમતી હતી.

મૃગાવતીનું લક્ષ્ય પરમ હતું. તે હજુ ધ્યેય અને સુકાન ભૂલી નહોતી. લોકકલ્યાણ અને આત્મકલ્યાણના સાધકોના કે સાધિકાઓના માર્ગ ફૂલોથી છવાયેલા હોતા નથી. ત્યાં તો કંટક જ બિછાયેલા હોય છે.

મૃગાવતી વિચારવા લાગી કે પગલે પગલે જયાં અન્યાય અને અપમાનનો પ્રસન્ન ચિત્તથી સત્કાર કરવાનો હોય ત્યાં એક મેણું કે એક ઉપાલંભનો હિસાબ શું હોય? જો આવો હિસાબ રાખવાનો હોય તો પછી ભગવાન મહાવીરદેવ સમક્ષ આત્માને વોસરાવવાનો તેમજ હર્ષભર્યા હૈયે સર્વસ્વનું બલિદાન ધરવાની પ્રતિજ્ઞાનો અર્થ જ શું હોઈ શકે ?

મૃગાવતીના અંતરમાં શુભ ભાવોના વિચારોનું તોફાન શરૂ થયું હતું. મૃગાવતી કોમળ છતાં કઠણ હૈયાની હતી. આત્મ સંશોધનમાં તે ક્રમે ક્રમે એટલે ઊંડે ઊતરી ગઈ કે જો એ સમયે એક કાળોતરો વિષધર ત્યાં થઈને નીકળ્યો ન હોત તો અને ચંદનબાળાના હાથની ખૂબ નજીક ન પહોંચ્યો હોત તો કોણ જાણે ક્યાં સુધી મૃગાવતી ધ્યાનમાં લીન બનીને બેસી રહેત.

કાળોતરા વિષધરને ચંદનબાળાની સમીપ આવતો જોઈને મૃગાવતીએ ચંદનબાળાનો હાથ સહેજ ઊંચકીને જાળવીને બીજે સ્થાને મૂક્યો. એટલામાં ચંદનબાળાની નિદ્રા ભંગ થઈ. ચંદનબાળા જાગૃત બની ગઈ.

ચંદનબાળાએ જોયું કે મૃગાવતી સાધ્વી સ્થિર આસને બેઠેલી છે. ચંદનબાળાને ભારે આશ્ચર્ય થયું.

ચંદનબાળાએ સ્વાભાવિક સ્વરે મૃગાવતી સાધ્વીને પૂછ્યું : 'અત્યારે તમે મારા હાથને કેમ અડચાં હતાં ?'

મૃગાવતી સાધ્વીએ મધુર સ્વરે કહ્યું : 'અહીંથી હમણાં જ એક વિષધરને પસાર થતાં જોયો. એ વિષધર આપના હાથની સમીપ હતો એટલે મેં આપનો હાથ ઊંચકીને બીજા સ્થાને મૂક્યો.'

'પણ...અહીં ઘોર અંધકારમાં તમે વિષધરને શી રીતે ભાળ્યો ?' ચંદનબાળાએ પ્રશ્ન કર્યો.

ચંદનબાળાને આશ્ચર્ય થયું હતું.

પરંતુ મૃગાવતીના અંતરમાં વિચારોનું જે તોફાન જાગૃત થયું હતું તે કેવળજ્ઞાનની નજીક પહોંચી ચૂક્યું હતું. જ્યાં સતત એકધારા અવિચ્છિન્ન અવિરત જ્ઞાનપ્રકાશની ધારા વહેતી હતી.

આ જ્ઞાનના પ્રકાશમાં ચક્ષુરિન્દ્રિય જેવી બાહ્ય ઇન્દ્રિયોની સહાય લેવી પડતી નથી.

જ્યાં સ્વયંજ્યોતિ સ્વરૂપ આત્માનો સ્વાભાવિક પ્રકાશ કદીય

આથમતો નથી કે અવરાતો નથી તે કેવળજ્ઞાનના સર્વોચ્ચ સ્થાને એક જ રાતમાં મૃગાવતી ચઢી ચૂકી હતી.

આ તરફ ચંદનબાળાને સમગ્ર પરિસ્થિતિ સમજાઈ ગઈ. તેમણે તરત જ ઊઠીને કેવળીની અવજ્ઞા સંબંધી 'મિચ્છામિ દુક્કડં' કર્યાં અને તે સાથે જ ચંદનબાળાને કેવળજ્ઞાન ઉપલબ્ધ થયું.

ભગવાન મહાવીરદેવના તીર્થમાં જેમ પહેલી સાધ્વી થયાનું માન કે ગૌરવ ચંદનબાળાને ઘટે છે તેમ સાધ્વીઓમાં પહેલું કેવળજ્ઞાન થયાનું માન મૃગાવતી સાધ્વીને ઘટે છે.

(સમાપ્ત)

નવયુગ પુસ્તક ભંડાર
રાજકોટ